અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ઠ
અગશી ...	...
આબુની સફર	૨૦–૨૧
આપણો પ્રયત્ન	૩૫–૩૭, ૭૨–૭૫
નામ પ્રત્યે	૧૫૭–૧૫૮
ઇલ્યુરિઅન દ્વીપ સમૂહ	૧૯૮–૧૯૯, ૨૪૬–૪૭, ૩૨૮.
કિનો દ્વાડા	૧૭૬–૭૯.
પાઠાળામાં શિક્ષણ સેનારી—	૮૧–૮૮
નીને શિક્ષકમંચ	
ગડા અને કોબરની વાર્તા...	૧૨૨–૧૨૩
ભની મહેર	૨૯–૩૦
ગવણીનો અર્થ	૫૨–૫૪
ળવણી બાતાની જાહેર બબરો.	૧૪૧–૧૪૫
રંધુભોડબાન છોટાલાલ ટેકનીકલ ઇન્સ્ટિટ્યુટ ...	૩૨૦
ઉ વિ ના. ઇ. સાહેબની (સરકારી ગેઝીટમા છપેની) નોટિસમાં સુધારો	૧૩૧
ઉર્દુ. ગુ ધોરણો	૨૮૫–૩૦૦
ઘ. ફા પસીદા મળેથી ફેરફાર ...	૧૩
ગુ વા. પુ પમાની એક કવિતા પાઠમાં ફેરફાર ...	૨૧૯
ગુજરાતી ઉર્દુ ધોરણો ...	૩૦૧–૩૧૫
જાહ પરીક્ષા પુસ્તકો વગેરે ... ૫૬, ૧૩૦	૨૧૭–૨૧૯
નવરોજજી પેસ્તનજી વકીલની ગ્રેચ્યુઇટી ...	૧૯૫
નીતિપાઠનો ચુવણુંએક જા ખ પા	
પેન્સિલની કિમતમાં વધારો ૩૧, ૭૭–૭૮, ૧૮૪	૧૯૧–૧૯૩, ૧૮૫, ૨૧૭, ૨૭૧

કેળવણીનો વિશેષ પ્રચાર કરવા માગે છે. માટે લોકોએ તે કામમાં [illegible] ને સંપૂર્ણ મદદ કરવી જોઈએ, અને તેમાં આગેવાની ભરેલો ભાગ લેવો જોઈએ. એમ થશે ત્યારેજ કેળવણીની વૃદ્ધિ ઝડપથી થશે અને સંતોષકારક પરિણામ આવશે.

શિક્ષકોને આ નવા વર્ષના આરંભમાં સ્મરણ કરાવીશું કે તેમણે સ્વીકારેલા ઉમદા ધંધામાં કર્તવ્યનિષ્ઠ થઈ પોતાની ફરજ યોગ્યરીતે બજાવવી, પોતાના જ્ઞાનની કક્ષા વધારતા જવી એ દરેક મનુષ્યની ફરજ છે અને શિક્ષકોની તો ખાસ ફરજ છે. જનકેળવણી એ આધુનિક બાળ કેળવણીનો સિદ્ધાંત શિક્ષકોને પણ લાગુ પડે છે. શિક્ષકો જનતેજ પોતાનું જ્ઞાન વધારી શકે અને પોતાની ઉમદા ફરજ બજાવવા વધારે અને વધારે યોગ્યતા પ્રાપ્ત કરી શકે. તેમને માર્ગદર્શી થઈ મદદ કરવી એ અમો અમારી ફરજ સમજીએ છીએ અને તે દૃષ્ટિબિંદુથી આ માસિકમાં લેખો પ્રસિદ્ધ થાય છે અને ગયા વર્ષમાં તેવા લેખો પ્રસિદ્ધ કર્યા છે જુદા જુદા વિષયો શીખવવા સંબંધી સૂચનાઓ, માર્ગો અને શિક્ષકોને અમૂલ્ય વચનો 'શિક્ષકની નિષ્ફળતાનાં કારણ', નીતિશિક્ષણ, 'પ્રાથમિક શિક્ષકની જિંદગી અને શાળાની વ્યવસ્થા' વગેરે લેખો વાંચી મનન કરવા યોગ્ય છે, અને તેમાંના મુદ્દાઓ યાદ રાખવાથી અને તે આધારે પોતાની શિક્ષણપદ્ધતિ રચવાથી શિક્ષકોને પોતાના કામમાં ઘણી સરલતા મળશે.

આ ઉપરાંત શિક્ષકોને સામાન્ય ઉપયોગી જ્ઞાન મળે અને વિજ્ઞાનના પાઠ શીખવવામાં ઉપયોગી થઈ પડે તેવા લેખો પ્રસિદ્ધ કરવા અમોએ કાળજી રાખી છે. 'કેસીન (દહીંની ભૂકી), 'મધપુડા,' 'રસરાજ,' 'બેરોમિટર,' 'દહન અને શ્વાસોચ્છ્વાસ,' 'મહાન દરિઆઈ નદી,' 'પર્વતો ઉપર ઠંડી શા કારણથી હોય છે,' 'આંચળવાળાં પ્રાણીઓ' વગેરે લેખો આ વિષયના છે.

'સતનું ચિત ચિન્તન રે કરવું', 'સત્ય છે જિંદગી', અને 'ભલી ભારતભૂમિ વિષે રોજ રે'તો'–એ મથાળાના લેખોમાં તે તે કાવ્યોનું મિ. માકરલાલ અમૃતલાલ દવેએ કરેલું વિવરણ શિક્ષકોને તે કાવ્યો તથા બીજાં કાવ્યો શીખવવામાં માર્ગદર્શી થશે.

'સ્ત્રી કેળવણી વિષે નિબંધ,' 'સ્ત્રીકેળવણી', 'ધનવાનોના ધર્મ' અને 'ચાલુ વિગ્રહમાં કેળવાએલી બહેનો કેવી રીતે ઉપયોગી થઈ શકે' એ સ્ત્રી લેખો છે. પહેલો લેખ એક પરદેશી અમેરિકન વિદુષી બાઇને હાથે લખાએલો છે અને તેમાં જણાવેલા વિચાર મનન કરવા યોગ્ય છે.

આ ઉપરાંત જુદા જુદા લેખકો તરફથી જુદા જુદા વિષય ઉપર ઉપયોગી લેખો અમોએ પ્રસિદ્ધ કર્યા છે; અને તેને માટે તેમનો તેમજ શાળાપત્ર માટે લખનાર અન્ય લેખકોનો અમો ઉપકાર માનીએ છીએ.

પ્રશ્નોત્તર શૈલી.

પાઠ ૧૩-મો.

વિષય-ભૂગોળ (પંચમહાલ જિલ્લો.) શિક્ષક.

હેતુ-કલ્પનાશક્તિ કેળવી આંકડાકિય જ્ઞાન આપવાનો. તા.

સાધનો-ભૂગોળ, નકશો, ગોઈન્ટર ઇત્યાદિ પગત

પાઠના વિભાગ.	મુદ્દા અને મુદ્દાકિલી.	પદ્ધતિ.
આરંભ.	પહેલા દિવસે શીખવેલી ભૂગોળ આવડ્યાની ખાતરી કરી	
નો મુખ્ય વિષય.		પ્ર૦ બોડા જિલ્લાની હદ બતાવો. પ્ર૦ એ જિલ્લામાં મોટી નદી કઈ છે? જ૦. મહી. પ્ર૦ કઈ દિશામાંથી કઈ દિશામાં વહે છે? જ૦. ઉત્તરેથી દક્ષિણે પ્ર૦ એ જિલ્લાનું મુખ્ય શહેર કયું છે? જ૦ બોડા. પ્ર૦ બોડા કઈ નદી પર આવેલું છે? જ૦ વાનક નદી અને ગેદી નદીના સંગમ પર આવેલું છે? ઇત્યાદિ. પછી જિજ્ઞાસા ઉત્પન્ન કરવા કહેવું કે આજે આપણે જે જિલ્લાની મુસાફરી કરવાની છે તે જિલ્લામાં ઘણું જોવાનું અને જાણવાનું છે, તે જિલ્લો બોડા જિલ્લાથી પૂર્વમાં આવેલો છે. તો તે જિલ્લો કયો હશે, તે કોઈ કહી શકશો? જ૦ દેશો. કદાચ નહિ

પાંચ મહાલ–૧ ગોધરા. ૨. કાલોલ. ૩. હાલોલ, ૪. ઝાલોદ, ૫. દાહોદ.

પ્ર. તાલુકા અને મહાલની સરખામણી.

પંચમહાલ નામ શા ઉપરથી પડયું?

પંચમહાલ જિલ્લો બે ભાગે વહેંચાઇ ગયો છે. પ્ર. ગોધરા, કાલોલ, હાલોલ.

કહો શક્ય તો તેના રંગની અગર એવી કોઇ સૂચના કરવી. પછી બતાવગાવવો. પ્ર૦ એવા જિલ્લામાંથી એ જિલ્લામાં જવાને કોઈ રસ્તો બાંધેલો બતાવશો? જ. રસ્તો બતાવે તો પ્ર. ચાલો ત્યારે આપણે આજે પંચમહાલની સફેલ કરવા રેલવે ગાડીમાં બેસી જઈએ. જુઓ આપણે તેની હદમાં આવી પહોંચ્યા. પ્ર. એ જિલ્લામાં કયા કયા વિભાગ છે તે તપાશો. જ. દેરો. જે જવાબ મળે તે બરોબર હોય તો પાટીઆ પર નોંધ કરી, અને પાંચે ભાગ બતાવરાવવા તે દરેકને મહાલ કહે છે, અને તેનો ઉપરી મહાલકારી કહેવાય છે. પ્ર. મહાલ અને તાલુકામાં શો તફાવત? જ. મહાલ તાલુકા કરતા નાનો એટલે તેના તાબામાં ગામ થોડાં હોય છે.

પ્ર. આ જિલ્લામાં મહાલ કેટલા છે? જ. પાંચ છે. પ્ર. ત્યારે જિલ્લાનું નામ પડવાનું કારણ શોધી કાઢશો? જ. ન દે તો પાંચ મહાલ આ શબ્દ લગી સૂચના કરવી, અને પાંચને બદલે કયો શબ્દ વપરાયો છે તે પૂછવું. અમુક ન્યાય કરવાને પાંચ માણસ ભેગા થયા હોય તો શું ભરાયું છે એમ કહે છે? જ. પંચ ભરાયું છે.

પ્ર. આ જિલ્લાની બધી જમીન એક સાથે છે? જ. દેરો. પ્ર. શાથી તેના વિભાગ પડે છે? નકશામાં જોઈને જવાબ દેશો. પ્ર. કેટલા ભાગ પડે છે? દરેક ભાગમાં કયા કયા મહાલ છે?

	૩. ઝાલોદ, દાહોદ.	
	ભૂમિ રચના.	પ્ર. પંચમહાલની ભૂમિ તપાસો. પ્ર. એમાં કાંઈ ડુંગર છે? જ. દેશે (પાવાગઢ) પ્ર. એ કેટલો ઉંચો હશે? જ. નહિ દે તો કહેલું કે તે ૨૫૦૦ ફુટ ઉંચો છે, તેના ઉપર કિલ્લા છે, વગેરે વાર્તા કહેવી. પછી પ્ર. ગોધરા તરફથી કઈ જાતનું લાકડું આ
	૩. ડુંગરવાળી,–ડુંગર પાવાગઢ.	
	૪. જંગલો ઘણાં છે.	
	૫. નૈઋૅત્ય ભાગ રમાણ	તરફ આવે છે? જ. નહિ દે તો પ્ર. ગોધરીઓ સાગ જોયો છે? જ. હા. કહે તો પ્ર. તે કયાંથી આવે છે? જ. ગોધરાથી. આ ઉપરથી તેમાં જંગલો ઘણાં છે તે તરફ ધ્યાન ખેચવું. મહુડાનાં ઝાડ ઘણાં છે, તે પણ કહેવું. ત્યાંનાં જંગલોમાં આજથી અઢીસો વર્ષ પર હાથી જોવામાં આવતા હતા, તે કહેવું.
	ખેદાશ.	મકાઈ ત્યાં ઘણી થાય છે તે શીખ્યા પછી પ્ર. ત્યાંના
	૩. ખેતીમાં–મકાઈ.	લોકોનો મુખ્ય ખોરાક શો હશે? જ. મકાઈ. પછી ત્યાંના ડુંગ-
	૪. ખનિજ–સીસું, લોખંડ, અને મેંગેનીઝ.	રોમાંથી ચેટામાં બતાવેલી ખનિજ નીકળે છે તે કહેવું, અને પાટીઆ પર નોંધ કરવી. ઇત્યાદિ.
પુનરાવર્તન.	શીખવેલામાંથી પ્રશ્નો.	પ્ર. પચમહાલ શાથી નામ પડ્યુ? પ્ર. એમાં કયા કયા મહાલ છે? ભૂમિ કેટલી જાતની છે? પ્ર. લોકોનો મુખ્ય ખોરાક શો છે?

પ્રાથમિક શાળા. કેળવણી અને ચારિત્ર્ય.

લેખક રા. રા. ભોગીલાલ કેશવલાલ બી. એ, એસ. ટી. સી. ડી.
આસિસ્ટંટ માસ્તર. મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજ—અમદાવાદ.

બાળકને પ્રાથમિક શાળામાં ફક્ત ગણતરીનાં વર્ષોજ રહેવાનું હોયછે તેથી તે અરસામાં ઘોરણો મુજબ તેને શીખવાનો દરેક વિષય કિંમતી છે. એમ શિક્ષકે પોતાના શિક્ષણથી તેને બતાવી આપવાનું છે. કોઈ પણ વિષયની કિંમત બેદરકારી ભરેલા શિક્ષણથી ઘણી ઘટી જાય છે. બાળકની કેળવણી તેને પોતાનેજ ઉપયોગી થવી જોઇએ એટલુંજ નહિ, પણ જેટલે દરજ્જે તે તેને સારો દેશજન બનાવી શકે તેટલે દરજ્જે તે સમાજને પણ ઉપયોગી થઈ શકે. નિર્બાધ્ય અને રૂઢ શિક્ષણથી આ બન્ને ઉદ્દેશ ઘણે બાતલ થઈ જાય છે. આટલા માટે શાળાનો હેતુ કેળવણી શબ્દનાં વિશાળ ભાવાર્થ મુજબનો સમજવાનો છે.

પ્રાથમિક શાળામાં બાળકની શક્તિઓ સંભાળપૂર્વક ક્રમે ક્રમે બીલવતા જવાની છે. શીખવવાના વિષયની અગત્ય કે શિક્ષણપદ્ધતિ ખૂબીથી અમલમાં મૂકવામાં કોઈ બાળકની કેળવણી સમાયલી નથી, પણ જે રીતે શિક્ષણ બાળકની સ્વાભાવિક ચપળતાને પોષે અને તેને સ્વાભાવિક શક્તિઓનું તથા ક્રમે ક્રમે શિક્ષણથી વધતી જતી શક્તિઓનું ભાન કરાવે તે રીતમાંજ ખરી કેળવણી સમાયેલી છે.

આટલા માટે પહેલી જરૂર એ છે કે શિક્ષકે બાળકોને બરાબર ઓળખવાં જોઈએ, તેમના મગજનો કેટલો વિકાસ થયો છે તે જાણવું જોઈએ, તેમનું હૃદય બરાબર ઓળખવું જોઈએ અને તેમના તરફ પ્રીતિ અને ભાવ રાખવો જોઈએ. કારણ શિક્ષણનું ખરૂ તત્વ એ છે કે શિક્ષકનું હૃદય બાળહૃદય સાથે એકતાન થવું જોઈએ–તેને સ્પર્શ કરતું હોવું જોઈએ; દરેક પગથીયે શિક્ષકે તેમનાં મન સાથે પોતાના મનને બંધબેસતું કરવાનો આશય રાખવો જોઈએ અને તેમના અનુભવમાંથી પોતાના અનુભવની પૂર્તિ કરવી જોઈએ; જાણે કે જ્ઞાન સંપાદન કરવામાં શિક્ષક બાળકોનો ભાગીદાર હોય.

જે બાબતમાં શિક્ષક બાળકનું ધ્યાન સ્થિર કરવા માગતો હોય તે કે બાબત ખુદી જવાથી નહિ પણ બાળકોના જૂના અનુભવના સંબંધમાંજ

રજુ કરવી જોઈએ. શિક્ષણમાં વાસ્તવિકતા હોવી જોઈએ જેથી બાળકને લાગે કે શીખવાનો અભ્યાસક્રમ મનુષ્યજીવન, તેના આદર્શો, અને જરૂરિઆતો સાથે સંબંધ ધરાવે છે.

આવી રીતે સંબંધપૂર્વક મળેલો અનુભવનો ભંડાર જ્ઞાન બને છે, અને તેનું પુનરાવર્તન અને વધારો કરવાનો હેતુ દરેક નવા પાઠનો હોવો જોઈએ જેથી છેવટે બાળકના મનમાં અજાણતાં એવું સત્ય ઠસે કે મનુષ્યજીવન એક ગહન પણ આનંદજનક ઘટના છે. આવી રીતે શાળામાંનું શિક્ષણ ઓઢકતરી રીતે મનુષ્યના ચારિત્ર્ય પર ઘણી અસર કરે છે.

શિક્ષકનું કર્તવ્ય બાળકને સારા દેશજનના જીવન માટે તૈયાર કરવાનું, પોતાની ફરજો બજાવવા માટેની અને પોતાના નવરાશના સમયનો બુદ્ધિપૂર્વક ઉપયોગ કરવા માટેની યોગ્યતા ઉત્પન્ન કરી તેને પોષવાનું અને ચારિત્ર્યની ઘટનામાં જે જે અંશો ઉપર શાળામાં ગાળવાના સમયમાં સહેલાઈથી અસર કરી શકાય તે તે અંશો પોતાના સાથીઓ તરફ પ્રીતિભાવ, સંસ્થા તરફ પ્રેમભાવ, નિસ્વાર્થપણું અને નિયમસર અને વ્યવસ્થા પૂર્વકની માનસિક ટેવો વગેરે ખીલવવાનું છે.

શિક્ષકની શાળામાંની રીતભાત બાળકોપર મોટી અસર કરે છે. કારણ શાળામાં **બાળકો અવલોકન કરતાં શીખે છે અને અવલોકનથી શીખે છે.** શિક્ષકનાં ધૈર્ય, માયાળુપણું, હુકમ પળાવવામાં દૃઢતા, સતત દેખરેખ, અને અડગ ન્યાય વૃત્તિથી બાળકોમાં પણ તેવાજ ગુણો અજાણતાં પ્રેરાશે અને પછી આવી બાબતોમાં તેની સૂચનાઓને ઘણું વજન અને કૃતેહ મળશે. શિક્ષકનું નિયમિતપણું, વ્યવસ્થા, સફાઈ, માયાળુ ભાષા અને એવી બીજી ઝીણી બાબતો ઉપર બાળકો ધ્યાન આપે છે, અને જે જુએ અને સાંભળે તેનું અનુકરણ કરે છે.

શિક્ષણ વિદ્યાર્થીઓની શક્તિને અનુકૂળ કરવું; કારણ જ્યારે જ્યારે કાંઈક બહુજ સહેલું અથવા બહુજ અઘરું તેની પાસેથી માગવામાં આવે ત્યારે આ બન્ને વખતે તેઓ આળસુ બની જાય છે. બાળકમાં રસવૃત્તિ સહેલાઈથી ઉત્પન્ન કરી શકાય. શાળામાંનાં ચિત્રો, કુદરતનું અવલોકન તેમજ ગદ્ય અને પદ્યના સુંદર નમૂના અને વૃત્તિ પોષવામાં સાધનરૂપ થઈ પડે.

બાળકોના વાલીઓને નિશાળે વારંવાર આમંત્રવા એ તેમનાં બાળ-

કેના અભ્યાસમાં તેમને રસ લેતા કરવાનો એક કિંમતી ઉપાય છે એટલું જ નહિ પણ શિક્ષક તેમના પિતા કે વાલીનો સ્નેહી છે એવું ભાન થવાથી બાળક શાળાની ચારિત્ર્યસુધારક અસરોને વધુ સહેલાઈથી વશ થશે. બાળકો ઘર આગળનો ઘણો ખરો વખત કોઈ પણ અંકુશ વગર મહોલ્લાઓમાં રમવા ભટકવામાંજ ગાળે છે. આથી શાળાના શુભ સંસ્કારો ઘણા ભાગે રદ થાય છે. માબાપ અને વાલીઓ સાથે સંબંધમાં આવવાથી આમ છૂટા મોડા સુધી ભટકવાનું તેમની મદદથી બંધ થાય તો એ ઘણો લાભ થઈ શકે તેમ છે.

ટુંકામાં પ્રાથમિક શાળાનું કર્તવ્ય વિદ્યાર્થીને સંસ્કારી મનુષ્યજીવન માટે કોઈક દરજ્જે તૈયાર કરવાનું છે. ચારિત્ર્ય અને જ્ઞાન મેળવવાની શક્તિ એ બંને, જીવનના ઉચ્ચ અને સામાન્ય આદર્શો માટે એકજ સરખાંજ કિંમતી છે અને દરેક શિક્ષક વિદ્યાર્થીઓના જીવનના ઘણાજ ટુંકા સમયપર અસર કરી શકે તેમ છે તોપણ તે ટુંકો સમય એવો છે કે જે વખતે મનુષ્ય સ્વભાવ સહેલાઈથી ધારેલે રસ્તે વાળી શકાય અને જે વખતે સારા સંસ્કારો ઘણા ફળદાયક નીવડી શકે. આ વખતે જો શિક્ષણ યોગ્ય રીતે આપવામાં આવે તો તે હમેશને માટે ચોક્કસ પરિણામ નીપજાવી શકે એમાં સંદેહ નથી.

શ્રુતલેખન સંબંધી કેટલીક સૂચનાઓ.

(લેખકઃ—મિ. નારણભાઈ વાઘજીભાઈ પટેલ, બી. એ. બી. ટી. રા. ટ્રે. કોલેજ અમદાવાદ.)

પ્રેક્ટિસિંગ સ્કૂલના કલાસોમાં શિક્ષણપદ્ધતિનો અનુભવ મેળવવા સારૂ આવતા સ્કોલરોના પાઠોમાં અને તેમની નોંધોમાં થતી ખામીઓ ઉપરથી શ્રુતલેખનના સંબંધમાં નીચે દર્શાવ્યા પ્રમાણે કેટલીક સૂચનાઓ કરવાની જરૂર લાગી છે. એ સૂચનાઓ, આશા છે કે સ્કોલરોને તેમજ અન્ય શિક્ષકબંધુઓને પણ કંઈક અંશે ઉપયોગી થશે.

૧. સાધારણ રીતે શ્રુતલેખન તરીકે શીખવવા માટે નક્કી કરેલા ભાગમાંના કઠણ શબ્દો વિદ્યાર્થીઓને શીખવવા માટે

અ. તે શબ્દોની જોડણી કરાવવામાં આવે છે,

બ. વિદ્યાર્થીઓ પાસે બોર્ડપર લખાવવામાં આવે છે, અને

ક. જરૂર પડે ત્યાં શિક્ષક પોતે લખી બતાવીને તે તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન ખેંચે છે.

આ ઉપરાંત અમુક અમુક કઠિન શબ્દોના સંસ્કાર દૃઢ પાડવા માટે તે તે શબ્દોને મળતી જોડણીવાળા જે જે શબ્દો વિદ્યાર્થીઓ શીખી ગયા હોય તેનું સ્મરણ કરાવવું, અને જરૂર પડે ત્યાં શિક્ષકે તેવા શબ્દો કહેવા. ત્યારપછી એ શબ્દોની જોડણીમાં શું ધ્યાનમાં રાખવા જેવું છે તે કહેવું. દાખલા તરીકે વસિષ્ઠ શબ્દની જોડણી શીખવતાં 'ષ' જોડાક્ષરવાળા શ્રેષ્ઠ, મેક્ષિષ્ઠ, ગર્વિષ્ઠ, પૃષ્ઠ, કોષ્ઠક, યુધિષ્ઠિર, વગેરે શબ્દોનું સ્મરણ કરાવવું. વળી એ પ્રકારના દાખલા આપતાં બાળકો અજ્ઞાનને લીધે 'ષ્ટ' જોડાક્ષરવાળા શબ્દો બોલે તો સુધરાવવું; અને વૃષ્ટિ, સૃષ્ટિ, પૌષ્ટિક, વગેરે શબ્દોમાં 'ષ' નહિ પણ 'ષ્ટ' જોડાક્ષર છે તે તરફ ખાસ ધ્યાન ખેંચવું. એજ પ્રમાણે 'ગૃહસ્થ' શબ્દની જોડણી શીખવતાં ઋકારવાળા સૃષ્ટિ, પૃથ્વી, વૃત્તિ, વૃત્તાંત, કૃત્ય, વગેરે અન્ય શબ્દોનું સ્મરણ કરાવવું; અને 'ક્રૂરતા'માંના 'ક્રૂ'નો અને 'કૃત્ય'માંના 'કૃ'ના ઉચ્ચારમાં અને તેની જોડણીમાં ભિન્નતા છે તે તરફ બાળકોનું ધ્યાન ખેંચવું.

૨. વ્યંજન સાથે સ્વરની કાનો, અન્જુ, વરુ વગેરે ચિહ્નો મળે છે. તેમાં સ્વર વ્યંજન સાથે જોડાયો એમ કહેવાતું નથી. જેમકે "પ્ ને હ્રસ્વ ઉ પુ" બોલાય છે. પણ "પ્ ને હ્રસ્વ ઉ જોડીને કંઈ નહિ પુ" એમ નથી બોલાતું. તેજ પ્રમાણે "પ્ ને હ્રસ્વ ઋ પૃ" કહેવું જોઈએ. તેને બદલે ઘણે ભાગે "પ્ ને ઋ જોડીને કંઈ નહિ પૃ" એવી હાસ્યકારક જોડણી કરવાનો પ્રચાર થઈ ગયો છે. ઋ સ્વર છે એ શિક્ષકો જાણે છે છતાં એ બાબત સુધારવા તરફ લક્ષ રાખતા નથી, એ ઘણું શોચનીય છે.

શિક્ષકે વિદ્યાર્થીઓને સમજાવવું જોઇએ કે અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, ૠ, ઌ, ૡ, એ, ઐ, ઓ અને ઔ એટલા સ્વરો છે. તેમાંનો ઋ (હ્રસ્વ) ઋષિ, ઋતુ, ઋણ, ઋગ્વેદ વગેરે શબ્દોમાં મૂળરૂપે અને સૃષ્ટિ, વૃષ્ટિ. પૃથ્વી, કૃતજ્ઞ વગેરે શબ્દોમાં વ્યંજન સાથે ભળીને વપરાય છે; અને ૠ (દીર્ઘ) અને ઌ નો ગુજરાતી ભાષામાં પ્રયોગ થતો નથી. એટલે વાસ્તવિક રીતે જોતાં સંસ્કૃત ભાષામાં ૧૩ અને ગુજરાતી ભાષામાં ૧૧ સ્વરો છે. બારાખડી (બારાક્ષરી) એ રૂઢ થઈ ગએલા શબ્દ ઉપરથી ૧૨ સ્વરો હોવાની વાત પ્રચલિત થઈ ગઈ છે, પણ તે ખોટી છે.

૩. અનુસ્વાર અને વિસર્ગ એ સ્વર નથી, એ બીના સંસ્કૃત જાણુના શિક્ષકોની અજાણી નજ હોવી જોઈએ. અનુકૂળતા સારૂ મૂળાક્ષરો પુઠામાં તેને (ં અને ઃ ને) સ્વર ભેગા મૂકી દેવામાં આવ્યા છે, પરંતુ તેનું પરિણામ એ થાય છે કે બાળકોનાં મગજ પર નાનપણથીજ તેના ખોટા સંસ્કાર પડી જાય છે, એટલુંજ નહિ પરંતુ ઘણાક શિક્ષકો પણ તેને સ્વર તરીકે ગણવાને ટેવાઈ ગયા છે.

વિસર્ગ પછી 'ક' કે 'ખ' વ્યંજન હોય તો તેનો ઉચ્ચાર હ જેવો થાય છે. ઉદા૦ દુઃખ, અંતઃકરણ વગેરે. વિસર્ગ પછી શ, ષ કે સ હોય તો વિસર્ગનો ઉચ્ચાર પછીના વર્ણ જેવો થાય છે. ઉદા૦ નિઃશેષ, નિઃસાર વગેરે.

અનુસ્વારનો ઉચ્ચાર તેની પછી આવનાર વ્યંજનના વર્ગના અનુનાસિક જેવો થાય છે. ઉદા૦ 'અંગ્રેજ'માં અનુસ્વારનો ઉચ્ચાર ઙ્ જેવો, 'કાંચન'માં ઞ્ જેવો, 'પાંડવ'માં ણ્ જેવો, 'અંત'માં ન્ જેવો અને 'અંબક'માં મ્ જેવો થાય છે. પણ આંબો, લાંબુ, આંકુ વગેરે શબ્દોમાં અનુસ્વારનો ઉચ્ચાર ભેળો પડી જએલો છે. ત્યાં ઉપરનો નિયમ જળવાતો નથી. આવી રીતે નિયમોમાંનો મુખ્ય મુખ્ય ભાગ વિદ્યાર્થીઓને સમજાવવો જોઈએ.

૪. 'પ્રશ્ન'ની જોડણી કરતાં "ઉભા શ્ ને ન જોડીને કંઈ નહિ" એમ નહિ કહેવરાવતાં "તાળુ શ્ને ન જોડીને કંઈ નહિ શ્ન" એમ કહેવરાવવું. તેજ પ્રમાણે 'કાર્ય'ની જોડણી કરતાં "ય ઉપર રેફ ર્ય" એમ નહિ કહેવરાવતાં "ર્ ને ય જોડીને કંઈ નહિ ર્ય" એમ કહેવરાવવું.

અક્ષરો એક બીજા સાથે જોડાતા તે અમુક રીતે જોડાય છે, એ પ્રસંગોપાત જણાવતા જવું; પરંતુ જોડણી કરતી વખતે બોલવામાં તો એક સરખોજ નિયમ રખાવવો. એમ એક સરખો નિયમ નહિ રાખેથી 'તદ્ભ'માં 'દ્ભ'માં પહેલો દ્ અને પછી ભ છે, અને 'તક્ષ'માંના 'ક્ષ'માં પહેલો ક્ અને પછી ષ છે એ વાત બાળકોના મગજમાં ઉતરી શકતી નથી.

૫. 'અ' સ્વરની નિશાની કઈ નથી. તેથી એ સ્વર વ્યંજનમાં ભળ્યા છતાં "અમુક વ્યંજનને કંઈ નહિ" કહેવામાં આવે છે. ઉદા૦ 'કર્યું'માંના 'ક'ની જોડણી કરતાં "ક્ ને કંઈ નહિ ક" કહેવામાં આવે છે તે બરાબર છે, પણ તેનો અર્થ ક્ માં અ ભળ્યો છે બરો પણ તેનું

ચિહ્ન કંઈ મળ્યું નથી એમ સમજવાનું છે. વળી 'અ' સિવાયના બીજા સ્વરોનાં જુદાં જુદાં ચિહ્નો છે, અને તે ચિહ્નો વ્યંજનો સાથે ભળે છે; પરંતુ "નૈર્ઋત્ય" એકલાજ શબ્દમાં ૨ વ્યંજનમાં ઋનું ૃ આવું ચિહ્ન મળ્યું નથી, પણ ઋ સ્વર મૂળરૂપેજ તેમાં ભળેલો છે. એમ એ શબ્દમાં ઋકાર મૂળરૂપે રહેવાનું કારણ લખવાની અનુકૂળતા સિવાય બીજું નથી.

૬. ૨ વ્યંજનમા ઉ (હ્રસ્વ) અને (દીર્ઘ) ભળતાં ૨ અને ૩ એવાં રૂપો થાય છે. ગુજરાતી ભાષામાં બહુધા તેમાંના ૩ (દીર્ઘરૂપ)નોજ પ્રયોગ પ્રચલિત છે, પરંતુ "શુદ્ધ સંસ્કૃત શબ્દોનીજોડણી મૂળરૂપે કાયમ રાખવી" એ નિયમ પ્રમાણે પુરુષ, રુચિ, તરુ, વગેરે શબ્દોમાં ઉકાર હ્રસ્વ દર્શાવવો; વળી પુરૂ, ખરૂ વગેરે શબ્દોમાં પણ જોડણીના નિયમ પ્રમાણે તો ઉકાર હ્રસ્વજ દર્શાવવો જોઈએ, પરંતુ એમ લખવાનું અદ્યાપિ સર્વત્ર સ્વીકારાયું નથી ત્યાંસુધી હાલ ચાલે છે તેમજ કાયમ રાખવું.

૭. વિદ્યા, ઉદ્યોગ–જેવા શબ્દોમાં દ્ય ને ય જોડાયલો છે, એમ શીખવવું ખમ નથી પરંતુ ત્ર લખવામાં દ્ અને ર ના ખડ તરફ પણ બાળકોનું ધ્યાન ખેંચવું જોઈએ. એજ પ્રમાણે 'દૃષ્ટિ'માંના દ્ના, 'સિદ્ધપુર' માંના દ્ના, 'સ્ત્રી'માંના ત્રના, 'બ્રાહ્મણ'માંના હ્મના જુદા જુદા ખડો તરફ ધ્યાન ખેંચવું જોઈએ.

૮. કોઇ અક્ષરને ૨ જોડતાં 'ર'નું / આવું પાંખડું પહેલા અક્ષર સાથે જોડાય છે. ઉદા૰ પ્રામાણિક, શ્રાવક, સહસ્રલિંગ, સમગ્ર, વગેરે. આમાં એ પાંખડું પ્રથમના અક્ષરના કોઈ આંચા આગળથી કે કાનામાં જોડાય છે એ માણત તરફ ધ્યાન ખેંચવું; અને જે અક્ષરોને એવી અનુકૂળતા નથી હોતી તેમાં નીચે / આવી લીટી દોરીને આંચા કરવા પડે છે. ઉદા૰ ટ્રેનિંગ કોલેજ, ક્રમિક, અનુક્રમ (ક્ર આમ પણ લખાય છે.) વગેરે શબ્દોમાંના ૃ અને ક્ર નીચે \ આવું પાંખડું કરેલું છે તે એજ કારણને લીધે છે; એ પાંખડાથી કંઈ એ અક્ષરો ઓડા છે એમ દર્શાવાતું નથી એ શિક્ષકોના ધ્યાન બહાર હેવું જોઈએ નહિ.

લડાઈનાં કારણો.

(રા. રા. હરરાય અ. દેસાઈ બી. એ.,)

યૂરોપી પ્રજાઓ વચ્ચે જે યુદ્ધ ચાલે છે, તેને શરૂ થયે આજે ચાર વર્ષ પૂરાં થઈ ગયાં છે. એની અસરથી મુધરેલી દુનીઆ ચગડોળે ચઢી છે નાનાં મોટાં, સ્ત્રી તેમજ પુરુષ એનીજ વાત કરે છે. કેટલાક છાપાં વાંચે અને મોટાં અનુમાન બાંધે છે; તો કેટલાક ગપગોળાજ સાંભળી ઉધાચત્ત વિચાર કરે છે. આ લડાઈનાં કારણો અને તે ક્યાં ચાલે છે તેની ટુંકમાં વાત કરવા મારો ઈરાદો છે.

લડાઈ ક્યાં ચાલે છે?

સામાન્ય વાત કરતાં આપણે એમ કહીએ છીએ કે લડાઈ ફ્રાંસમાં ચાલે છે. ફ્રાન્સ એ યુરોપખંડની પશ્ચિમે આવેલો એક મોટો દેશ છે; અને તે દેશના ઉત્તરના ભાગમાં લડાઈ ચાલે છે ખરી; પણ તે સિવાય યુરોપ ખંડના બીજા ભાગોમાં પણ તે ચાલે છે, એક બાજુએ જર્મનીને આસ્ટ્રીઆનાં બે મોટાં રાજ્યો છે, તથા તેમના પક્ષમાં ટર્કી તથા બલગેરિઆનાં બે નાનાં રાજ્યો છે; બીજી તરફ ફ્રાન્સ, ઈટાલી અને ઈંગ્લાંડ એ ત્રણ મોટાં રાજ્યો છે, અને તેમની સાથે બેલ્જિયમ, પોર્ટુગાલ, સર્વિઆ અને મોન્ટીનીગ્રો એ નાનાં રાજ્યો જોડાએલાં છે. રશિઆ અને રૂમાનિઆ બે આપણાં પક્ષમાં હતાં, પણ રશિઆમાં જર્મનોની ખટપટથી અને ત્યાં ચાલતી કેટલીક અંધાધુંધીથી બળવો થયો, અને તે ફાટફૂટથી રશીઆને લડાઈ બંધ કરવી પડી છે, અને રૂમાનીઆને ન છૂટકે સલાહ કરવી પડી છે. યૂરોપની બહારની પ્રજાઓ પૈકી જાપાન અને અમેરિકા પણ આ બીજા પક્ષમાં છે. તેઓ પણ હાલ જર્મનો સામે રણક્ષેત્રમાં ઘુમે છે. આ લડાઈ યૂરોપ ખંડમાં પશ્ચિમે બેલ્જિઅમ અને ફ્રાન્સના ભાગોમાં ચાલે છે; દક્ષિણે ઈટાલીની ઉત્તરે આવેલા આસ્ટ્રીઆના મુલકમાં તે ચાલે છે; પૂર્વે સહેજ સાજ સર્વિઆ વાળા ભાગમાં ચાલે છે, અને ઉત્તરે જ્યારે જ્યારે જર્મન પલ્ટણો તેમના બંદરોમાંથી કોઈક વખત બહાર આવે છે ત્યારે ઉત્તર સમુદ્રમાં ચાલે છે. તે ઉપરાંત જર્મનોનાં કેટલાંક સંસ્થાનો આફ્રિકામાં હતાં, તેમને કબજે કરવાના હેતુથી ઈંગ્લાંડ અને તેનાં મિત્રો જેમને હુવેથી મિત્ર રાજ્યો કહીશું તેમના લશ્કરે ત્યાં પણ લડાઈ ચલાવી છે. ઈંગ્લાંડનાં સંસ્થાનો તથા તેના તાબાના મુલકોનાં લશ્કરો ઈંગ્લાંડની મદદે આવી કટોકટીની

વખતે જઈ પહોંચેલાં હતાં. આવાં લશ્કરો પૈકી એક લશ્કર આપણાં દેશમાંથી પણ ગયું હતું, અને તેમાંનાં ઘણા માણસો તળ ફ્રાન્સના રણક્ષેત્રમાં રહી આપણા અંગ્રેજ અને ફ્રેન્ચ ભાઈઓની સાથે મળી જર્મનો સામે બહાદુરીથી લડયા હતા, અને એ લશ્કરના બીજા ભાગોએ એપીજ નામના આફ્રિકા અને મેસાપોટામિયામાં કાઢી છે. એશિઆખંડની પશ્ચિમે આવેલા અરબસ્તાનની ઉત્તરે જે ભાગ દરીને તાબે છે ત્યાં આગળ અંગ્રેજોનું લશ્કર અને તેમનાં સંસ્થાનોનાં લશ્કરો તેમજ આપણું હિંદી લશ્કર લડત ચલાવી રહ્યાં છે. આપણા ખંડની છેક પૂર્વે આવેલા ચીનના કિનારા પર જર્મનોએ ક્યાઓચૌ નામનું બંદર કબજે કરેલું હતું તે તેમની પાસેથી આપણા મિત્ર જપાને છીનવી લીધું છે. જર્મનોનાં કેટલાંક બારકસો તેનાં બંદરમાં ન ભરાતાં બહાર નાસી છુટેલાં જેમાંનું એક એમડન હિંદુસ્તાનનાં પૂર્વ કિનારા તરફ આવ્યું હતુ અને તેણે મદ્રાસ ઉપર ગોળા ફેંકયા હતા, પણ તે વહાણનો આસ્ટ્રેલિઆના બારકસ સિડનીએ નાશ કર્યો હતો. આજ દશા જર્મનોનાં બીજાં બારકસોની થઈ છે અને તે બધા પરથી જર્મનીના મોટા મોટા અમલદારોને પકડી કેદી તરીકે રાખ્યા છે. જર્મનીની ક્રૂર લડાયક નીતિ જોઈ અમેરિકાના યુનાઈટિડ સ્ટેટસ જેવો સ્વતંત્ર સુધરેલો ને કળાકૌશલ્યમાં આગળ વધેલો દેશ તેનાથી કંટાળી આપણા પક્ષમાં આવ્યો છે. ત્યાં મોટાં મોટા કારખાનાં છે, અને તેમાં હવાઈ વિમાનો, મોટી તોપો, તથા ગોળાઓ વગેરે બનાવી ફ્રાન્સમાં થોકબંધ મોકલવામાં આવે છે. ત્યાંથી વીસલાખથી વધારે માણસો લડાઈના મેદાનપર ઉતરી પણ ચૂક્યાં છે, અને દરમાસે ત્રણ ત્રણ લાખ મોકલવા તેમણે વચન આપ્યું છે. ત્યાંથી અનાજ, રૂ, ચામડાં વગેરે પુષ્કળ આવે જાય છે. આ ઉપરથી તમે જોઈ શકશો કે યુરોપ, એશિઆ, આફ્રિકા અમેરિકા અને ઓસ્ટ્રેલેશીઆ એ પાંચે ખંડોની મોટીમોટી પ્રજાઓ આ જબરજસ્ત લડાઈમાં પડી ચૂકી છે તેથી આ લડાઈને 'જંગે જબરજસ્ત' કહીએ તો એટલું કહેવાશે નહિ. ખરેખર આ લડાઈમાં આખી દુનિયા સંડોવાઈ છે.

લડાઈનાં ખરાં કારણો.

આવી મોટી લડાઈ થવાનાં કારણો પૈકી કેટલાંક છુપાં કારણો છે અને એક દેખાડવાનું બહાના રૂપ કારણ છે. છુપાં કારણો સમજવા સારૂ યુરોપખંડનો નકશો તપાસવાની જરૂર છે. જર્મનીની ત્રણ બાજુએ જમીન આવેલી છે; અને ફક્ત ઉત્તરેજ દરિઓ છે. જે જર્મન

વહાણોને બહાર જવું હોય તો તેમને ડેન્માર્કની ઉપર ફરીને જવું પડે છે. હોલમા તેમણે ડેન્માર્કની દક્ષિણે એક નાનો ચીચરવેરો કબજે કરી લીધો છે અને ત્યાં એક બાઈ બોદી છે જેમાંથી વહાણો બહાર કાઢી શકાય પણ તે તેનાં કામને માટે બસ નથી, જો બને તો પશ્ચિમે આવેલા હોલાંડ અને બેલ્જિઅમને સર કરી લઈ તેના તૈયાર બંદરો પોતાને કબજે કરી પોતાનો વેપાર વધારવાની તેની ઇચ્છા હતી, જો તેમ ન બને તો યુક્તિ પ્રયુક્તિથી તે બે દેશોને પોતાના હાથમાં રમકડાં જેવાં કરી લેવાની તેની ઇચ્છા હતી. વળી પૂર્વમાં બાલ્કનનો મુલક અને ટર્કીનું રાજ્ય પણ પોતાની પુરી યા અર્ધ સત્તા તાબે આણી પોતાના દેશમાંથી છેક બ્રિન્ડીસી સુધી, અને જો તો આગળ આગગાડીઓ બાંધી પોતાનો વેપાર–પોતાની લાગવગ–અને ધારેથી પોતાનું રાજ્ય ફેલાવવાની પણ તેની ઇચ્છા હતી. આસ્ટ્રિ-આનું રાજ્ય જે તેના કહેવા પ્રમાણેજ ચાલતુ હતું તે તેની યુક્તિમા સામેલ થયું. અંગ્રેજ લોકો તેને એશિઆમાં આમ વધવા દે તેમ નહોતું, કારણ કે તેમ થાય તો હિંદુસ્તાન તરફ તેઓ આવે અને આપણને તેઓ હેરાન કરે, તેમજ તેઓ તેને બેલ્જિઅમ કે હોલાંડ સર કરવા દે તેમ પણ ન હતું, કારણ કે તે પ્રજાઓને સ્વતંત્ર રાખવા તે બંધાએલા હતા. આ જર્મનો જાણતા હતા અને પોતાનો અર્થ સાધવા અંગ્રેજો સાથે ભવિષ્યમાં લડવા-નુજ છે એમ તે માનતા હતા, અને તેથી તેઓ પોતાનો કાફલો વધાર્યા જતા હતા, વળી આ બેલ્જિઅમને કબજે કરતાં પહેલાં પાડોશની મોટી ફ્રેન્ચ પ્રજાને મહાત કરવાનો પણ તેમનો પ્રયાસ હતો. તે ફ્રેન્ચ લોકોના ઉપર ડોળા ઘુરકાવતુંજ હતુ, અને તેની આવી ઇચ્છા કેમ હતી તે જાણવા સારૂ આ પહેલાનાં લગભગ ૧૦૦ વર્ષનો ટુંકો ઇતિહાસ હું તમને કહું છું.

૧૮૧૫ ની સાલ પહેલા જર્મનીમાં નાના નાનાં ઘણાં રાજ્યો હતાં, અને ૧૮૦૬ ની સાલમાં જ્યારે ફ્રેન્ચ સરદાર બહાદુર નેપોલિયને તેમને હરાવી નાખ્યાં ત્યારે તેઓને એકત્ર થવાની ઇચ્છા થઈ, તેથી તેમણે ૧૮૧૫ માં ઓસ્ટ્રીયાની સરદારી હેઠળ એકમંડી રાજ્ય સ્થાપ્યું આ વાત પ્રશીઆને ગમતી ન હતી. જર્મન રાજ્યોમાં તે મોટું રાજ્ય હતું અને તેની ઇચ્છા એ સરદારી પોતાને જોઈતી હતી. જર્મન સંસ્થાનોમા પોતે અગ્રેસર થાય તે સારૂ ૧૮૬૬ માં તે દેશમાં થએલા યુદ્ધમાજ પ્રધાન બિસ્માર્ક ઇટાલી સાથે

સંપી કરીને આસ્ટ્રિઆ સામે કારણો ખોળી લડાઈ કરી. આ લડાઈ લગભગ ૧૧ મહિનો ચાલી, જેમાં આસ્ટ્રિઆ હાર્યું અને તેણે જર્મન સંસ્થાનોનું ઉપરીપણું છોડયું અને ત્યારપછી પ્રશિઆની સરદારી હેઠળ બધાં જર્મન સંસ્થાનો ગોઠવાયાં. આ એકત્ર થએલા રાજ્યોમાં બરાબર જુસ્સો આણવો અને પ્રશિઆની સરદારી તળે પોતે બરાબર આગળ વધશે એમ મનાવવા ખાતર બધાના અસલના દુશ્મન ફ્રાન્સને હરાવવાની તે બિસ્માર્કને ઇચ્છા થઈ. ૧૮૬૬ ની હારનો બદલો લેવાથી જર્મન સંસ્થાનો રાજી થશે એ બિસ્માર્ક જાણતો હતો; પણ લડાઈ કરવાનાં કારણો તેને જડયાં નહિ. તેથી તેણે ૧૮૭૦ની સાલમાં એક દહાડો ફ્રાન્સના રાજા પર એવો ખોટો તાર મોકલ્યો કે પ્રશિઆના રાજાએ ફ્રેન્ચ એલચીને મળવાની ના પાડી છે જેથી ફ્રાન્સે લડાઈ જાહેર કરી, ફ્રાન્સની તૈયારી પ્રમાણસર નહિ હોવાથી ફ્રાન્સ હાર્યું અને તેને **આલસાસ** અને **લોરેન** નામનાં બે ફળદ્રુપ પ્રાંતો આપી દેવા પડયા, તથા નુકશાની બદલ-ભારે દંડ ભરવો પડયો. ફ્રાન્સ કચડાઈ જશે એમ બિસ્માર્ક માન્યું હતું પણ તે તો ચાર વરસ થયાં એટલામાં બધો દંડ ભરીને પાછું ટટ્ટાર થયું. ત્યાર પછી જર્મની તેની સાથે બીજી લડાઈ લડવાને બહાના ખોળતું હતું. બે ચાર વર્ષે કંઈક ધમકી આપ્યા કરતું પણ લડાઈ થવા પામી નહિ. સને ૧૯૦૪માં ફ્રાન્સે જોયું કે જર્મની તેની સાથે લડવાજ ઇરાદો રાખે છે ત્યારે તેણે રૂશિયા અને પાછળથી ઈંગ્લાંડ સાથે દોસ્તીના કરાર કર્યા. ૧૯૦૯ થી ૧૯૧૧ સુધીમાં લડાઈનું કાળું વાદળું ફ્રાન્સ ઉપર ઝઝુમતું હતું. ફ્રાન્સને નક્કી લાગ્યું હતું કે જર્મની તેને કચડી મારવા ઇચ્છતું હતું. તેથી ૧૯૧૪ ના અરસામાં તેણે લશ્કરી કાયદામાં ફેરફાર કર્યો જેથી ફ્રેન્ચ લશ્કરમાં એકદમ વધારો થઈ ગયો—આ જોઈ જર્મની ગભરાયું. ફ્રાન્સને કચડવું હોય તો આજ વખત હતો. ને પાછળથી તે મજબુત થાય તો તેનું ફાવશે નહિ એમ તે સમજતું હતું. બૉનહર્નહાર્ડી નામના એક લડાઈના વિષયના જર્મન લેખકે લખ્યું છે કે ને જર્મનીએ પોતાની મરજી પ્રમાણે યુરોપમાં વર્તવું હોય તો "પ્રથમ ડાઇપણ રીતે ફ્રાન્સની બબર લઈ નાખવી." વળી આ વખતે રૂશિઆમાં ફાટફુટ હતી અને નિકોલસના એકદમ મુલક આપરલાન્ડમાં બળવો જાગે એવું લાગતું હતું. આ તોફાનો જર્મનીની યુક્તિથી થયાં હતાં, તેઓ જો પોતાના કામમાં રોકાયેલાં રહે તો જર્મની ફ્રાન્સને નિશ્ચિંત કચડી નાખે અને પશ્ચિમના-નાનાં

રાજ્યોને પોતે ખાઈ જાય, અને પૂર્વના બાલ્કન રાજ્યોને આસ્ટ્રીઆ ખાઈ જાય આવી તેની ઇચ્છા હતી. વિલાયત આ લડાઈથી દૂર રહે એમ એની ખાસ ઇચ્છા હતી. કારણ કે વિલાયતના કાફલાથી તે ડરતું આ ઉપરાંત વ્યાપારની હરિફાઈ પણ લડાઇનું એક કારણ હતું, તે પોતાનો માલ બીજા દેશોના એવા માલ કરતાં ગમે તે યુક્તિ કરી ખૂબ હરીફ મુલકમા પણ સસ્તા ભાવે વેચવા પ્રયત્ન કરતુ, અને તેમ કરી પોતાના હરિફના તેવા કારખાનાં સુવાડી દેવાની તે કોશીશ કરતુ. આમ બધો વેપાર એક હાથ કરવાની તેની નીતિથી પોતે પાયમાલ થઈ જશે એ બીજા દેશો સમજવા લાગ્યા હતા; અને તેઓ આ તેની રીત સામે અંકુશ મૂકવા વિચાર કરતા હતા.

લડાઈનું દ્વિતીય કારણ.

યુદ્ધ કરી સર્વોપરી સત્તા મેળવવા સારૂ લડાઈનાં સર્વ સાધનોની તૈયારીઓ તેણે કરી રાખી હતી, અને ચેતી ગએલા યુરોપના દેશો જોખી તૈયારી કરી દેશે તો પાછળથી પોતાની નેમ પર નહિ આવે એમ તેને લાગ્યુ, તેથી તે બહાનુંજ ખોળતું હતું. એટલામા મને ૧૯૧૪ની સાલના તા. ૨૮મી જુનને રોજ ઓસ્ટ્રિઆના રાજપ્રવારસ આર્ચ ડ્યુક ફ્રાન્સિસ ફરડીનાન્ડ બર્ગ પાસેથી બોસ્ના વન્સ પર લઈ લીધેલા બોસ્નીયા પ્રાન્તની મુલાકાતે પોતાની પત્ની સાથે ગયા તે પ્રાન્ત ૧૯૦૯ની સાલમાં ઓસ્ટ્રિઆએ કબજે કરી લીધો હતો તેની પ્રજા અને સર્વિઆની પ્રજા એક જાતની હતી ત્યાં તે રાજપ્રકુમાર ગયા, તે પહેલા તેમને ચેતવણી મળી હતી કે ત્યાં જવુ સહિસલામત નથી. તેમ છતા પણ તે ગયા અને ત્યાં તેમનું અને તેમની પત્નીનુ ખુન થયુ આ ખુનને માટે ઓસ્ટ્રિઆના જ અમલદારો જવાબદાર હતા તેઓએ પૂરો બંદોબસ્ત રાખ્યો હોત તો આવુ ઘોર કૃત્ય થાત નહિ, પણ આ ખુનનો દોષ ઓસ્ટ્રિઆએ સર્વિઆપર મૂકયો, અને તેને ધમકી આપવા માંડી બીજા રાજ્યોએ વચમાં પડી પતાવટ કરવા માંડી પણ જર્મનીની શીખવણીથી કઈ વળ્યુ નહિ છેવટે જુલાઈની આખરમાં ઓસ્ટ્રિઆએ ધમકી આપી કે જો સર્વીઆ પોતાની બધી માગણીઓ કબુલ નહિ કરે તો તે તે રાજ્ય ઉપર હલ્લો કરશે. રૂશિઆની સલાહથી સર્વીઆએ પોતાનું માન જળવાઈ રહે એટલી સરતો કબુલ કરી અને બાકીની સરતો માટે કહાવ્યુ કે હેગ મુકામે બધા રાજ્યોની સુલેહની સભા મળે તેમાં તેઓ જે નક્કી કરે તે તેને કબુલ છે. પણ

ઓસ્ટ્રિઆને તો લડવું જ હતું; જર્મનીને પણ લડાઈ કરાવવી જ હતી, સર્વિઆ અને બાલ્કનનાં નાનાં રાજ્યો જે તેમના એશિઆ તરફ આવવાના સીધા રસ્તામાં આવેલાં હતાં તેમને એક યા બીજે બહાને ગળી જઈ તેમને એશિઆ તરફનો રસ્તો ખુલ્લો કરવો હતો; તેથી તારીખ ૨૮મી જુલાઈએ ઓસ્ટ્રિઆએ લડાઈ જાહેર કરી. સર્વિઆની સાથે મોન્ટીનીગ્રો નામનું નાનું રાજ્ય હતું તે સર્વિઆની મદદે દોડી આવ્યું. રૂશિઆની મદદથી આ બધાં રાજ્યો સ્વતંત્રતાને પામ્યાં હતાં અને જેમ નાનાં બાળકો વડીલ પિતાની તરફ મદદ માટે આશાભેર જુએ; તેમ આ વખતે સર્વિઆએ રૂશિઆની મદદ માટે ઇચ્છા કરી. રૂશિઆ પોતાની ફરજમાં ચૂકયું નહિ. તેણે લશ્કર જમા કરવા માંડયું. આ જોઈ જર્મનીએ રૂશિઆને ધમકી આપી કે જો તે લડાઈની તૈયારીઓ બંધ નહિ કરે, તો તે ઓસ્ટ્રિઆની સાથે જોડાશે. ફ્રાન્સને પણ ડર તો હતો જ કે જ્યારે ત્યારે જર્મની તેની સાથે લડાઈ કરશે અને જ્યાં રૂશિઆને આ ધમકી મળી અને કદાચ ત્યાં લડાઈ થઈ તો ખચીત તેના પર પણ જર્મની લશ્કર મોકલશે. તેણે પણ પોતાનું લશ્કર એકઠું કરવા માંડયું પણ પોતાની સરહદ ઉપર તે લશ્કર ન રાખતાં તે લશ્કરને સરહદથી ૭ માઈલ અંદર રાખ્યું કે લડાઈ શરૂ કરવાના વાંક તેનો ન ગણાય. આ દરમિઆન જર્મન પ્રધાને પોતાના રાજ્યમાં રહેતા અંગ્રેજ એલચીને પૂછયું કે જો કદાચ જર્મનીને ફ્રાન્સ સાથે યા બેલ્જોગમાં લડાઈ થાય તો અંગ્રેજો શાં પગલાં લેશે? અંગ્રેજો લડાઈમાં ન જોડાય તો સારૂં એમ જર્મનો ઇચ્છતા હતા; અને તેઓ ન જોડાઈ શકે, માટે આયરલાંડમાં તેમણે ખટપટ જગાવી મૂકી હતી. જર્મન પ્રધાને વચન આપ્યું કે ફ્રાન્સની એક પણ તસુ ભોંય જર્મની લેવા ઇચ્છા રાખતું નથી, પણ તેવીજ બાંહેધરી તેણે ફ્રાન્સનાં આફ્રિકાનાં સંસ્થાનો માટે આપવા ના કહી. વળી બેલ્જિઅમ માટે પૂછતાં પણ તેમણે બરાબર જવાબ આપ્યો નહિ બેલ્જિઅમનાં નાનાં રાજ્ય માટે યૂરોપનાં બધાં મોટાં રાજ્યોએ એવું લખાણ કર્યું હતું કે કદી પણ યૂરોપી પ્રજાઓ વચ્ચે લડાઈ થાય તો જ્યાં સુધી બેલ્જિઅમ એક પણ પક્ષમાં જોડાય નહિ, ત્યાં સુધી તે દેશમાં કોઈ પણ પ્રજાનું લશ્કર પેસી શકે નહિ. હવે જર્મનીની ઇચ્છા તો આ કરેલ કરાર તોડવાનીજ હતી. ફ્રાન્સે તો ઈંગ્લાંડના પૂછવાથી આ બાંહેધરી આપી. જર્મનીને ફ્રાન્સમાં

જવું હોય તો પૂર્વ અને ઉત્તર બેજ દિશાથી જવાય એમ હતું. પૂર્વ ફ્રાન્સના જબરજસ્ત કિલ્લાઓ હતા, જ્યાં તેઓ હલ્લુ પણ જર્મનીનાં લશ્કરને હંફાવે છે. પણ ઉત્તરે જો બેલ્જીઅમમાં થઈને જાય તો ત્યાં તેને એ કિલ્લા નડે એમ ન હતું, અને તે લડાઈ એકદમ જીતી શકશે એમ તેને લાગ્યું પોતાનો અર્થ સધાતો હોય તો કોલકરાર તોડવા અને જુઠી બટપટ કરવી એ જર્મન રાજ્યનીતિ હતી. જ્યારે અંગ્રેજ એલચીએ કહ્યું કે જો જર્મની બેલ્જીઅમ સંબંધી કબુલતો નહિ પાળે, તો ઈંગ્લાંડ બેસી રહેશે નહિ; અને જ્યારે ૧૯૧૪ની ૪થી ઓગસ્ટે બેલ્જીઅમની સરહદ ઓળંગી જર્મન લશ્કર અંદર ઘુસ્યુ ત્યારે તે એલચીએ પોતાને દેશ જવાની રજા માંગી એટલે ઈંગ્લાંડ પણ જર્મની સામે લડાઈમાં ઊતરી ચૂકયું છે એમ જાહેર થયુ. આ સાંભળી જર્મન પ્રધાન ઘણો ચીડવાયો અને બોલ્યો કે મારી બાજી બધી બગડી ગઈ છે, ને એક કાગળના ચીથરા માટે વિલાયત આ લડાઈ જાહેર કરે છે.

પવિત્ર કોલકરાર તોડવા એ જર્મન રાજ્યનીતિ આપણા રાજ્યકર્તાઓને પસંદ ન પડવાથી અને નાનાં અને સ્વતંત્ર રાજ્યોને દબાવવાને છુંદવા એ અન્યાયનું કામ ન ગમવાથી તેવાં રાજ્યોની મદદે જવાની ખાતર જ તેઓએ આ લડાઈમાં ઝંપલાવ્યુ. જો આવી વખતે તે તેવાં નબળાં રાજ્યોને મદદ ન કરે તો ફરીથી કોણ તેમનો ભરોસો કરે? લડાઈનું પરિણામ શું આવશે એ તો પાછળથી જોવાનું હતું પણ નાક જાય તેના કરતાં પ્રાણ જાય તો સારૂ એમ ઈંગ્લાંડને લાગ્યું. પોતાના દેશમાં તેમજ પોતાનાં મેસ્થાનોમાં પુરતુ લશ્કર નથી અને જર્મની પાસે ઘણુંજ લશ્કર છે; તેમજ ઓસ્ટ્રિયા પાસે પણ તેમજ છે તે તે જાણતુ હતુ. ફ્રાન્સનું લશ્કર હજુ તૈયાર નથી થયુ તેની તેને પૂરી ખબર હતી. રૂશિઆના લશ્કર પાસે પુરતો સરંજામ ન હતો તે પણ તે જાણતું હતું. પણ આ વખત ઇંગ્લાંડને વિચાર કરી મુગા બેસી રહેવાનો ન હતો. જે સાધનો પોતાની પાસે હોય તે સાધનો વતી લડાઈમાં ઊતરવું તેજ તેનો નિશ્ચય હતો. પોતાની પાસે જબરો કાફલો હતો તે તેણે ઉત્તર સમુદ્રમાં ગોઠવ્યો કે જર્મનીનાં વહાણો ઘેરાઈ ગયાં, અને જેટલું બન્યું તેટલુ લશ્કર પોતાને ત્યાંથી ફ્રાન્સમાં ઉતાર્યું કે ત્યાં થઈને જો બને તો તે બેલ્જીઅમમાં પણ જાય. આ બધી હકીકતની વાત તમને કહું તે પહેલાં આપણા અને જર્મનીના સિદ્ધાંતો શા હતા તેનો ટુંકમાં સાર આપી જાઉ.

બાળ-ગીત.

(યોજનાર–જગજીવન કાળિદાસ પાઠક, બ્રાન્ચ સ્કૂલમાસ્તર પોરબંદર)

ઘોડો.

(આવો આવો અહીં ગોકીયા ગાય પાસે—એ રાગ)

જુઓ જુઓ છે આ[૧] ઘોડો કેવો ?
નથી એનો પડયો દોકડો[૨] દેવો.
એને જીન કે ચોકડું[૩] નાં જોઈએ;
એને ચટ્ટી કે ચારો[૪] ના દઈએ.
નહિ કોઈને એ બચકાં[૫] ભરતો;
નહિ કોઈને એ લાતો[૬] ધરતો.
જુઓ જુઓ કરૂ એપર[૭] સ્વારી;
મને એમાં મજા[૮] પડતી ભારી.
જુઓ ચાબુક[૯] ચટ દઈ ફટકાવું;
જુઓ તબડક તબડક દોડાવું.[૧૦]
એને મારે નથી[૧૧] વેચી દેવો;
જો બનશે તો બીજો[૧૨] લેવો.

* પોતાના બે પગ વચ્ચે લાકડી રાખી, તેનો ઘોડો કરી, નાનાં બાળકોને રમતાં તો સૌએ જોયાં હશે, આ બાળગીતમાં એ રમત ગુંથેલી છે. આ બાળગીત બોલાવતી વખતે દરેક બાળકના હાથમાં એકએક લાકડી અને નાનકડી ચાબુક આપવી. પછી જે સ્થળે જે હાવભાવ કરાવવાના લખ્યા છે તે કરાવવા. ૧ ડાબા હાથમાં ઝાલેલી લાકડી બતાવે. ૨ રૂપિયો બખડાવતો હોય તેવી નિશાની જમણા હાથના અંગુઠા તથા તર્જનીથી કરે. ૩ ચોકડું તાણતો હોય તેવી જમણે હાથે નિશાની કરે. ૪ ચારાની ભારી બતાવતો હોય તેમ બે હાથ પહોળા કરે. ૫ જમણા હાથવડે બચકું ભરતો હોય તેવી (પોચો પહોળો કરી એકઠો કરવાની) નિશાની કરે. ૬ જમણો પગ ઉંચો કરી જોરે પછાડે. ૭ લાકડી બે પગ વચ્ચે રાખી ઘોડો પંપાળે. ૮ મોં મલકાવે. ૯ લાકડી ગાથે ચાબુક પછાડે. ૧૦ લાકડીને બે પગ વચે રાખી પોતાને પગે દોડે; આ વખતે તમામ વિદ્યાર્થીઓ કુંડાળામાં ફરે. ૧૧ ના પાડતો હોય તેમ જમણો હાથ હલાવે. ૧૨ બે આંગળીઓ ઉંચી કરી બતાવે.

અળશી.

(લેખક મિ. પોપટલાલ કેવળચંદ શાહ. રાજકોટ.)

અળસી એ શણની એક જાતના રોપાઓનાં બીયાં છે. એ બીયાં રંગે ચકચકિત, ભુરાં અને આકારે ગોળ હોય છે. ઉષ્ણ અને સમશીતોષ્ણ કટિબંધમાં એનું વાવેતર કરવામાં આવે છે. સમશીતોષ્ણ કટિબંધમાં થતી અળસીમાંથી તેલ વધારે સારૂં નીકળે છે. એના છોડ દોઢથી બે હાથ ઉંચા થાય છે. એનાં પાંદડાં લાંબાં અણીદાર થાય છે. તેનાં ફળમાંથી અળશી નીકળે છે. એક ફળમાં આશરે ૧૦ બીઆં હોય છે. અળસીનું વાવેતર ઘણા જુના કાળથી થાય છે. તેના બીયાં એટલે અળસીના દાણા અને તેના છોડમાંથી નીકળતા રેસા એ બે ને કામમાં આવે છે. બીયાંમાંથી તેલ કાઢવામાં આવે છે. તેને અળશી ેલ કહે છે. આ દેશમાં તેના રેસાઓને કામમાં લેતા નથી પણ યૂરોપના ાક દેશોમાં તો તેના રેસાનેજ કામમાં લેવા માટે તેનું વાવેતર થાય

હિંદુસ્તાનના ઉત્તરભાગમાં, બંગાળામાં મહાના કિનારાપર આવેલા પ્રાંતો અને નીલગિરિના પ્રદેશમાં અળશીનું ૩ વાવેતર થાય છે. તેમાં પણ મદ્રાસ અને જબલપુર તરફની અળ ી વધારે થાય છે. યૂરોપમાં તે ઘણે ઠેકાણે વવાય છે. પણ રૂશિયા, આયર્લાંડ ને બેલજીયમમાં ઉત્પન્ન થતા અળશીના છોડમાંથી સારા રેસા નીકળે છે.

ગ્રીક અને રોમન લોકો જૂના વખતમાં અળશીને ખોરાક તરીકે પણ ઉપયોગમાં લેતા, અને આજ આબિસિનિયામાં અળશીનાં બીઆંને ખુંજીને ખાય છે. રશિયા પોલાંડ ને હંગરીમાં તેન તેલ ખોરાક તરીકે વપરાય છે ૧૦ મણ અળસીએ લગભગ ૨૫ મણ ે નીકળે છે. તેનો વાસ તથા સ્વાદ તીક્ષ્ણ છે તેના તેલના રોગાન બને લીથોગ્રાફીક તથા છાપવાની બીજી શાહીઓ બનાવવામાં પણ અળસીન તેલનો વિશેષ ઉપયોગ થાય છે. હિંદમાંથી પરદેશ બાતે હજારો મણ અળશી જાય છે ને ત્યાંથી તેના તેલનો રોગાન બની આપણા દેશમાં આવે છે. હિંદના લોકો તેના રેસાને ઉપયોગમાં લેતાં શીખે અને અહીંજ તેના તેલ કાઢી રોગાન બનાવતાં શીખે તો દેશના ઉદ્યોગમાં વૃદ્ધિ થાય, આ બીયાંનાં તાજાં જીંડવાની દક્ષિણમાં કેટલેક ઠેકાણે ચટણી પણ બનાવે છે, દવામાં તેનો સારો ઉપયોગ થાય

છે. તેની રાખ જખમમાંથી નાકળતું લોહી બંધ કરે છે. સુંઘીવાના સોજા ઉપર તેની પોટીસ લગાડાય છે, છાતીના દરદમાં તેનું છાતી ઉપર બંધાણ કરવામાં આવે છે, તેનો ખોળ ઢોરોને ખવરાવાય છે. અળસીને કચરીને ને પીલીને તેમાંથી તેનું તેલ કાઢે છે. અળસીના રેસાનાં કપડાં બનાવવામાં આવે છે. એવા એક ટન રેસાની કિંમત ૪૦૦ થી ૭૦૦ રૂપિયા ઉપજે છે. અળસીના તેલમાં કપાશીઆનું તેલ, ભીંડીનું તેલ, બનિજ તેલ વગેરેનો ભેગ કરવામાં આવે છે, તે પારખી કહાડવાનું કામ મુશ્કેલી ભરેલું છે. વાસ અને વિશિષ્ટ ગુરુત્વ ઉપરથી તેનું મિશ્રણ પારખી શકાય છે.

ચીન અને ચીનાઓ વિષે કંઇક.

(લેખક—મિ. રામજી કુબેરદાસ ગણાત્રા, અમદાવાદ.)

ચીન એ ઘણો વિસ્તીર્ણ દેશ છે. ચીનાઓ ઉંદરડાને પણ મૂકતા નથી, એવી તેમના વિષેની દંતકથા આપણે સાંભળીએ છીએ. શિક્ષકોને ભૂગોળના વિષયમાં ચીન દેશની વિશેષ માહીતી ઉપયોગી થઈ પડે તેમ હોવાથી તેનું કેટલુંક વર્ણન નીચે આપવામાં આવ્યું છે.

'ચીન' શબ્દ—હિંદથી લગભગ ત્રણ ગણા ક્ષેત્રફળવાળો ચીન દેશ છે. ત્યાં નદ, નદી પર્વતો ઘણા છે. ત્યાંના નિવાસીઓની નજરમાં ચીન એક મધ્ય દેશ છે. ચીનનું પ્રાચીન નામ **'સીનીમ'** હતું. સીનીમનું અપભ્રંશ રૂપ 'ચીન' છે. 'ચીન' શબ્દનો અર્થ દેશનો સર્વપ્રધાન પરાક્રમશાળી શાસનકર્ત્તા એવો થાય છે.

આબોહવા પ્રાણીઓ, અને ઉપજ—ચીનમાં ઠંડી અને ગરમી બન્ને વિશેષ છે. ચીનના ઉત્તર પ્રદેશમાં શીતકાલમાં યુરોપની માફક અતિશય ટાઢ પડે છે, અને દક્ષિણ ભાગમાં બંગાળાથી પણ અધિક ગરમી પડે છે. ચીનાઓ કૃષિમાં ઘણી મહેનત કરે છે. ત્યાં મુખ્યત્વે મકઈ, ચોખા, ચા, તમાકુ, શણ વગેરે ઉત્પન્ન થાય છે. તે સિવાય વાંસ, કપૂર વગેરે પણ થાય છે. બનિજમાં સોનું, રૂપું, પારો, કોલસા એ મુખ્ય છે. ત્યાં ઘીચ વસ્તી હોવાના કારણથી પહાડી જગા સિવાય અન્ય સ્થળે હિંસક પ્રાણીઓ જોવામાં આવતાં નથી. ત્યાં ગાયો ઘણી ઓછી જોવામાં આવે છે. માછલીની પેદાશ વધારવા અને હંસાદિ પક્ષી પાળવા

માટે ચીનાઓ બહુ મહેનત કરે છે. લાલ, સફેદ અને બીજી રંગબેરંગી માછલીઓ પ્રથમ એ દેશમાંથી બીજે બધે સ્થળે લાવવામાં આવી હતી. તાતારોને ધસી આવતા અટકાવવાને માટે પ્રાચીન સમયમાં ચીનની ઉત્તરે જે મહાન્ દિવાલ બાંધવામાં આવી છે, તેને ચીનાઓ 'કહુકહુા' કહે છે.

ચીનાઓની ચોટલી—ચીનાઓના શરીરનો રંગ પીતગૌર અને આંખો બદામી હોય છે. તેઓ દાઢીમૂછ રાખતા નથી. લાંબી ચોટલીઓ તેઓની એક આદરણીય વસ્તુ છે. કોઈને વેણીહીન—ચોટલી વગરનો—એમ કહેવામાં આવે તો તે પોતાને કુવાક્ય કહેલુ સમજી અપમાનિત થયો સમજે છે. એ શબ્દ ત્યાં અપમાનજનક ગણાય છે. ચોટલીના વાળ નાના હોય તો તેઓ તેમાં રેશમી ફીત વગેરે લપેટી સુન્દર વેણી બનાવી લે છે. તેઓની એવી માન્યતા છે, કે માથાની ચારે બાજુએ ચોટલી વિંટાએલી ન હોય, તો કદાચિત્ ભૂત માથું કાપી જાય છે. ભૂતને દૂર કરવા માટે તેઓ કેટલીક વખત એક પ્રકારનું વાદ્ય વગાડે છે, અને રાત્રે ક્યાંઈ જવું પડે તો કેટલાક માણસો સાથે મળી હાથમા મસાલ સળગાવી તેના અજવાળે અજવાળે જાય છે. હાલમાં ભૂત વગેરેની માન્યતા દૂર કરવાને ચીનમાંની નવીન અસ્ત્રિકન કેળવણી કૃતેહમદ થતી જાય છે.

ચીનાઓનો સૌંદર્ય વધારવાનો પ્રયત્ન—સભ્ય અને અસભ્ય સર્વને પોતાની સુંદરતા વધારવાની લાલસા રહે છે. આથી બુદ્ધિમાન્ સભ્ય જનિ જ્યારે વસ્તુત: પોતાની સુંદરતા વધારી શકે છે, ત્યારે બુદ્ધિહીન અસભ્ય જનિ પોતાની સુંદરતા વધારવા જતાં ઉલટી હાસ્યપાત્ર નીવડે છે. ચીનાઓ પોતાના દેહમંદિરને શોભાવવા માટે બહુધા શરીરપર વિવિધ રંગનાં ચિત્રો ચીતરે છે. વળી શોભાવૃદ્ધિ માટે છુંદણાં પણ છુંદાવે છે. આ સિવાય ત્યાંની લલનાઓ પોતાના પગની પાટલીઓને ટૂંકી કરવામાં પોતાને નાજુક અને આકર્ષક થએલી સમજે છે. જેનું પગલું માત્ર ત્રણ ઇંચનું હોય, તેની એક સર્વોત્તમ સુંદરી તરીકે ગણના થાય છે. તે ત્યાં ઘણી આદરણીય ગણાય છે. એવા અતિશય નાનાં ચરણોને ચીનાઓ સુવર્ણ કમલ કહે છે. પોતાના પગની પાટલીઓ નાની બનાવવાને લોઢાના બૂટ પહેરવામાં પણ ત્યાંની સ્ત્રીઓ હરકત જેવું ગણતી નથી! ચીનાઓના પોતાના દેહમંદિરને શોભાવવાના આ સઘળા પ્રયત્નો બુદ્ધિમાન્ જનને હાસ્યપાત્ર ન લાગે?

ચીનાઓની ભોજનવિધિ—ચીનાઓ માછલી અને શાક ભાજીની

સાથે અનાહાર કરે છે. ભોજન સમયે યુરોપીઅનોની પેઠે તેઓ ખુરસી અને ટેબલનો ઉપયોગ કરે છે. કાળા કૂતરાનું અને બિલાડીનું માંસ ચીનાઓને બહુ પ્રિય છે. કોઈ કોઈ વાર તેઓ દેડકા અને ઉંદરડાનો પણ ભોજનમાં ઉપયોગ કરે છે. સમગ્ર ચીનમાં ચા પીવાનો રિવાજ છે. અફીણનું વ્યસન એ દેશમાં બહુ વળગેલું છે. પરન્તુ હાલમાં ત્યાંના નવીન કેલવણી પામેલાઓએ દેશમાંથી એ ભયંકર વ્યસનને દૂર કરવા માંડયુ છે. ચીનમાં હવે સુધારાનો પવન ફુંકાવા માંડયો છે. જે ચીનાઓને ધર્મભય છે, તેઓ માંસનો ઉપયોગ નથી કરતા. તેઓની એવી માન્યતા છે, કે આ જન્મમાં માંસ ખાવાથી પરજન્મમાં પોતાનું માંસ બીજાઓ ખાય છે.

ચીનાઓનો પોશાક—ચીનાઓનો પોશાક વિલક્ષણ છે. તેમનાં અંગરખાંની બાંયો બહુ લાંબી હોય છે. રાજપુરુષો બે પ્રકારના પોશાક પહેરે છે. જેઓ સિવિલ એટલે દિવાની વગેરે કામ કરે છે, તેઓના પોશાકપર ભિન્ન ભિન્ન જાતનાં પક્ષીઓનાં ચિત્ર પાડેલાં હોય છે અને જેઓ લશ્કરી કામ કરે છે, તેઓના પોશાકપર ભિન્ન ભિન્ન જાતના ભયંકર હિંસક પ્રાણીઓનાં ચિત્ર હોય છે.

ચીનાઓનો આચાર અને સ્વભાવ—ચીનાઓના આચાર અને વ્યવહાર સંસારની સર્વ સભ્ય જાતિઓના આચાર વ્યવહારથી ભિન્ન છે. ત્યાંના ગરીબ મજુરોને વિશ્રામ લેવાનો સમય નક્કી નથી. શેઠની અનુકૂલતાએ મોડો વહેલો એ સમય મળે છે. કોઈ પૂજ્ય અતિથિ કોઈના ઘેર જાય છે, તો ઘરનો મુખ્ય માણસ તેને પોતાની જગ્યા બાજુએ બેસાડે છે. ચીનાઓ જ્યારે કોઈના પર નારાજ થઈ ગુસ્સે થાય છે, ત્યારે પોતાના બન્ને હાથ વડે પોતાની બંધને બજવાળવા લાગે છે. નામ લખવામાં એ લોકો પ્રથમ પદવી અને પછી પોતાનું નામ લખે છે. ત્યાં બુઢ્ઢાઓ પતંગ ઉડાડે છે, ત્યારે બાલકો ઉભા ઉભા એ રમત જોયા કરે છે. એ લોકોની લેખનપદ્ધતિ ઉપરથી નીચેની તરફની છે. આપણી માફક આડી લીટીમાં નથી.

ચીનાઓનો અનાદરી સત્કાર—ચીનાઓ વાક્‌સૌજન્ય દેખાડવામાં લગાર પણ પાછી પાની નથી કરતા. પણ કર્ત્તવ્યમાં એ સૌજન્ય દેખાડતાં તેઓ પાછી પાની કરતાં લગાર પણ અચકાતા કે શરમાતા નથી. તેમનું આવું વક્ર વર્તન ત્યાં સભ્યતામાં ગણાય છે. તેમની આવી સભ્યતા દર્શાવનાર એક પ્રસંગની હકીકત રમુજની ખાતર અહીં આપવામાં આવી છે.

એક દેવ પાદરી ચીનમાં પ્રવાસ કરતો હતો, તે વેળા એક શહેરમાં કોઈ ગૃહસ્થને ઘેર ઉત્સવ હતો તેથી તે પાદરીને ત્યાં નિમંત્રણ થયું. જ્યારે પાદરી તે ગૃહસ્થને ત્યાં ગયો, ત્યારે ગૃહસ્થે ઘણાં આદરભાવથી તેને આસન આપ્યું. જ્યારે ઉત્સવ સમાપ્ત થયો, અને આવેલા બધા લોકો વિદાય થવા માંડ્યા, ત્યારે તે ગૃહસ્થે ઉભા થઈ કહ્યું:

"આજ પર્વનો દિવસ છે. આપ સજ્જનો જ્યારે મારાપર દયા કરી અત્રે પધારેલા છો, ત્યારે હું કોઇને પણ અહીંથી ભોજન કરાવ્યા વિના જવા દેવાનો નથી."

ગૃહસ્થે આ પ્રમાણે આગ્રહપૂર્વક જમાડવાનું કહ્યું ખરૂ, પરન્તુ આવેલા અતિથિઓ ભિન્ન ભિન્ન કારણ દર્શાવી વિદાય થઈ ગયા. તેના કુટુંબી જનો પણ ખાસ કારણો દર્શાવી જમ્યા વિના ચાલતા થયા. તે ગૃહસ્થનો નાનો બન્ધુ પણ બહાર ચાલતો થયો. તેને જતો જોઈ ગૃહસ્થ ઉતાવળે તેની પાસે ગયો, અને તેનો હાથ પકડી બહુ આગ્રહ કરી તેને અંદર લાવ્યો. પછી ગૃહસ્થે પોતાના બધુને કહ્યું:—

"આજ ઉત્સવના દિવસે જમ્યાવિના હું તને જવા નહિજ દઉં, કાંઈ નહિ તો થોડી ચા પી લે.'

નાના બંધુએ છેવટે એ કબુલ કર્યું. તેના મોટા બંધુએ પોતાના નોકરને સાદ પાડી કહ્યું, કે એક પ્યાલો ચા અને થોડી મિઠાઈ તું લઈ આવ. બન્ને ભાઇઓ બેસી ઘણો વખત સુધી વાતો કરતા રહ્યા, પરન્તુ ચા કે મિઠાઈ કશુ આવ્યુ નહિ. આથી નાના બંધુએ કહ્યું:—

"ભાઈ! હવે હું વિશેષ વખત બેસી શકતો નથી. મારે ઘણું કામ છે. ચાને કોણ જાણે કેટલી વાર હશે!"

મોટો ભાઇ ચોંકીને બોલી ઉઠ્યો:—

"અરે ભાઈ! તું શું નથી જાણતો, કે હું ચા નથી પીતો? અને મિઠાઈ તો રોગનું ઘર છે. તેને છોડી દીધાને મને બહુ વર્ષ થઈ ગયાં."

નાના બન્ધુએ કહ્યું.

"ત્યારે મને શા માટે બોટી કરી મારા કામથી અટકાવ્યો?"

આ સાંભળી મોટો ભાઈ ગુસ્સે થઈ દાંત પીસીને બોલ્યો:—

"અરે! તને ખબર ન પડી? એ તો મારી સભ્યતા દેખાડવા માટે મેં તને વચનમાં માત્ર ભોજન કરવાની માગણી કરી હતી. તને ઉચિત હતું, કે તારે પણ તેવીજ સભ્યતા બતાવવી જોઈતી હતી. હું નથી જાણતો, કે આવો અસભ્ય વ્યવહાર તું ક્યાંથી શીખી લાવ્યો છે!"

નાના ભાઈને પોતાની ભૂલની ખબર પડી. તે ક્ષમા માગી ત્યાંથી ચાલતો થયો. તેના ગયા પછી પેલા ફ્રેંચ પાદરીને ગૃહસ્થે કહ્યું.

"મહારાય! જોઈને તમોએ તે મૂર્ખની અસભ્યતા! જ્યારે કુટુંબી જનો આનંદપ્રસંગે આવે, ત્યારે તેમણે ગમે તે બહાનું કાઢી ભોજનની ના કહી પોતાની સુજ્ઞતા અને સભ્યતા બતાવવી જોઈએ સભ્ય લોકોને એમ કરવું એ ઉચિત છે હિન્દવાસી અસભ્ય (!) લોકોની વાતો અમે સાંભળી છે. એ લોકોને જ્યાં આમંત્રણ આપી ભોજનનો આગ્રહ કરવામાં આવે છે, ત્યારે ખરેખર, આમંત્રણ આપનારને ત્યાં જઈ તેઓ શરમ વગરના થઈ જાવા બેસે છે!"

વાચનાર! જે દેશમાં બન્ધુતા—આત્મીયતા—કેવલ વાણીમાંજ છે, તે દેશનું અધ પતન કેમ ન થાય? અને અધ પતનમાંથી તેનું પુનરુત્થાન પણ કેમ થાય?

ઉક્ત ફ્રેંચ પાદરી પછી ત્યાંથી તેમના આવા વ્યવહાર પર હસતો હસતો ચાલતો થયો

ચીનાઓનાં લગ્ન—ચીન દેશમાં લગ્નવિધિ કેટલેક અંશે હિંદુસ્તાનને મળતી આવે છે ત્યાના લોકોમા બહુ વિવાહની પદ્ધતિ બહુ નથી કેટલીક લક્ષ્મી વર્ગની વિધવા સ્ત્રીઓ પોતાના ભરણપોષણ અર્થે પોતાનો પતિ શોધી કાઢે છે. જ્યારે લગ્ન પછી કન્યા વરને ઘેર જાય, ત્યારે તે ઉપરીપણાથી બચવા માટે સાથે કુટુંબનું નામ લેતી જાય છે અને વર પોતાના સગા સાસુને અમાન્ય થાય, વ્યભિચારિણી, હિંસાપ્રધાણ, અને ચોર અને તો પતિ તેનો ત્યાગ કરી શકે છે ત્યાં સતી થવાનો ચાલ પણ જોવામાં છે. જે સ્ત્રી પોતાના પતિની સહગામિની થાય, તેના અન્ત્યેષ્ટિ-સંસ્કાર પર ચીનાઓ કાંઈક સમારંભ કરે છે.

ગત માતાપિતા માટે ચીનાઓનો અનહદ શોક—ચીનાઓ પોતાના ગત માતપિતાના સન્માનસૂચક કર્મથી વિમુખ નથી થતા કદાચિત્ કદાચિત્ પિતામાતાનું સન્માનસૂચક કાર્ય ન કરવાથી ત્યાં લોક રાજદંડ પણ પામે છે ત્યાંના લોકો પોતાના પિતામાતાના શબને ઉત્તમ પોશાકથી અષ્ટ કેટલાક દિવસ સુધી ઘરના ગણી મૂકે છે. પિતામાતાને માટે વિલાપ કરવામાં ચીનાઓ સર્વથી આગળ છે તેઓ પણ સમયપર્યંત પિતામાતા માટે રૂદન કર્યા કરે છે. શોક કરવાને અને રોવા માટે તેઓ જૈમા ભાડાની બાઈની શોક કરનારા અને રોનારા પણ બોલાવે છે આ રીતે તેઓ કુટુંબી જનના વિયોગનું દુઃખ પણ વખત સુધી પ્રકટ કરે છે.

ઇસ્વી સન ૧૯૧૯.

પંચાંગ.	જાન્યુઆરી.			ફેબ્રુઆરી.			માર્ચ.			એપ્રિલ.			મે.			જુન.		
આરી.																રમઝાન–		
લઅવ્વ	રબી.આખિ.			જમા.અવ્વ			જમા.અવ્વ			રજબ.શાબા.			રમઝાન–			શવાલ–		
આખિર	જમા.અવ્વ.			જમા.આખિ			જમા.આખિ			રજબ–								
ગશર–													વૈશાખ–			જેઠ–		
ોષ–	માહ–			માહ–			માહ–			ચૈત્ર–			જેઠ–			આષાઢ–		
વાર.	તિથિ.	વાર.	દીત્તા.	તિથિ.	વાર.	દીત્તા.	તિથિ.	વાર.	દીત્તા.	તિથિ.	વાર.	દીત્તા.	તિથિ.	વાર.	દીત્તા.	તિથિ.	વાર.	દીત્તા.
શુ.	૨૭	૧	શ.	૨૬	૧૪	શ.	૨૭	૧	મ.	૨૯	૧	ગુ.	૨૯	૩	૨.			
ગુ.	૨૮	૨	૨.	૨૭	૧૫	૨.	૨૮	૨	બુ.	૩૦	૨	શુ.		૪	સો.	૧	૪	સો.
શુ.	૨૯	૩	સો.	૨૮	૧	સો.	૨૯	૩	ગુ.		૩	શ.	૨	૫	મં.	૨	૫	મં.
શ.	૧	૪	મં.	૧	૨	મં.	૧	૪	શુ.	૧	૪	૨.	૩	૬	બુ.	૩	૬	બુ.
૨.	૨	૫	બુ.	૨	૩	બુ.	૨	૫	શ.	૨	૫	સો.	૪	૭	ગુ.	૪	૭	ગુ.
સો.	૩	૬	ગુ.	૩	૪	ગુ.	૩	૬	૨.	૩	૬	મં.	૫	૮	શુ.	૫	૮	શુ.
મં.	૪	૭	શુ.	૪	૫	શુ.	૪	૭	સો.	૪	૭	બુ.	૬	૯	શ.	૬	૯	શ.
બુ.	૫	૮	શ.	૫	૬	શ.	૫	૮	મં.	૫	૮	ગુ.	૭	૧૦	૨.	૭	૧૦	૨.
ગુ.	૬	૯	૨.	૬	૭	૨.	૬	૯	બુ.	૬	૯	શુ.	૮	૧૧	સો.	૮	૧૧	સો.
શુ.	૭	૧૦	સો.	૭	૮	સો.	૭	૧૦	ગુ.	૭	૧૦	શ.	૯	૧૨	મં.	૯	૧૨	મં.
શ.	૮	૧૧	મં.	૮	૯	મં.	૮	૧૧	શુ.	૮	૧૧	૨.	૧૦	૧૩	બુ.	૧૦	૧૩	બુ.
૨.	૯	૧૨	બુ.	૯	૧૦	બુ.	૯	૧૨	શ.	૯	૧૨	સો.	૧૧	૧૪	ગુ.	૧૧	૧૪	ગુ.
સો.	૧૦	૧૩	ગુ.	૧૦	૧૧	ગુ.	૧૦	૧૩	૨.	૧૦	૧૩	મં.	૧૨	૧૫	શુ.	૧૨	૧૫	શુ.
મં.	૧૧	૧૪	શુ.	૧૧	૧૨	શુ.	૧૧	૧૪	સો.	૧૧	૧૪	બુ.	૧૩	૧	શ.	૧૩	૧	શ.
બુ.	૧૨	૧૫	શ.	૧૨	૧૩	શ.	૧૨	૧૫	મં.	૧૨	૧૫	ગુ.	૧૪	૨	૨.	૧૪	૨	૨.
ગુ.	૧૩	૧	૨.	૧૩	૧૪	૨.	૧૩	૧	બુ.	૧૩	૧	શુ.	૧૫	૩	સો.	૧૫	૩	સો.
શુ.	૧૪	૨	સો.	૧૪	૧૫	સો.	૧૪	૨	ગુ.	૧૪	૨	શ.	૧૬	૪	મં.	૧૬	૪	મં.
શ.	૧૫	૩	મં.	૧૫	૧	મં.	૧૫	૩	શુ.	૧૫	૩	૨.	૧૭	૫	બુ.	૧૭	૫	બુ.
૨.	૧૬	૪	બુ.	૧૬	૨	બુ.	૧૬	૪	શ.	૧૬	૪	સો.	૧૮	૬	ગુ.	૧૮	૬	ગુ.
સો.	૧૭	૫	ગુ.	૧૭	૩	ગુ.	૧૭	૫	૨.	૧૭	૫	મં.	૧૯	૭	શુ.	૧૯	૭	શુ.
મં.	૧૮	૬	શુ.	૧૮	૪	શુ.	૧૮	૬	સો.	૧૮	૬	બુ.	૨૦	૮	શ.	૨૦	૮	શ.
બુ.	૧૯	૭	શ.	૧૯	૫	શ.	૧૯	૭	મં.	૧૯	૭	ગુ.	૨૧	૯	૨.	૨૧	૯	૨.
ગુ.	૨૦	૮	૨.	૨૦	૬	૨.	૨૦	૮	બુ.	૨૦	૮	શુ.	૨૨	૧૦	સો.	૨૨	૧૦	સો.
શુ.	૨૧	૯	સો.	૨૧	૭	સો.	૨૧	૯	ગુ.	૨૧	૯	શ.	૨૩	૧૧	મં.	૨૩	૧૧	મં.
શ.	૨૨	૧૦	મં.	૨૨	૮	મં.	૨૨	૧૦	શુ.	૨૨	૧૦	૨.	૨૪	૧૨	બુ.	૨૪	૧૨	બુ.
૨.	૨૩	૧૧	બુ.	૨૩	૯	બુ.	૨૩	૧૧	શ.	૨૩	૧૧	સો.	૨૫	૧૩	ગુ.	૨૫	૧૩	ગુ.
સો.	૨૪	૧૨	ગુ.	૨૪	૧૦	ગુ.	૨૪	૧૨	૨.	૨૪	૧૨	મં.	૨૬	૧૪	શુ.	૨૬	૧	શ.
મં.	૨૫	૧૩	શુ.	૨૫	૧૧	શુ.	૨૫	૧૩	સો.	૨૫	૧૩	બુ.	૨૭	૧૫	શ.	૨૭	૨	૨.
બુ.	૨૬	૧૪	શ.	૨૬	૧૨	શ.	૨૬	૧૪	મં.	૨૬	૧૪	ગુ.	૨૮	૧૬	૨.	૨૮	૩	સો.
ગુ.	૨૭	૧૫	૨.	૨૭	૧૩	૨.	૨૭	૧૫	બુ.	૨૭	૧૫	શુ.		૧૭	સો.	૨૯	૪	મં.
શુ.	૨૮	૧૬	સો.	૨૮	૧૪	સો.	૨૮	૧૬	ગુ.	૨૮	૧૬	શ.		૧૮	મં.	૩૦	૫	બુ.
શ.	૨૯	૧૭	મં.				૨૯	૧૭	શુ.	૨૯	૧૭	૨.		૧૯	બુ.			
૨.	૩૦	૧૮	બુ.				૩૦	૧૮	શ.	૩૦	૧૮	સો.		૨૦	ગુ.			
સો.	૩૧	૧૯	ગુ.				૩૧	૧૯	૨.		૧૯	મં.		૨૧	શુ.			
મં.		૨૦	શુ.					૨૦	સો.		૨૦	બુ.		૨૨	શ.			
બુ.		૨૧	શ.					૨૧	મં.		૨૧	ગુ.		૨૩	૨.			
ગુ.		૨૨	૨.					૨૨	બુ.		૨૨	શુ.		૨૪	સો.			
શુ.		૨૩	સો.					૨૩	ગુ.		૨૩	શ.		૨૫	મં.			
શ.		૨૪	મં.					૨૪	શુ.		૨૪	૨.		૨૬	બુ.			
૨.		૨૫	બુ.					૨૫	શ.		૨૫	સો.		૨૭	ગુ.			
સો.		૨૬	ગુ.					૨૬	૨.		૨૬	મં.		૨૮	શુ.			
મં.		૨૭	શુ.					૨૭	સો.		૨૭	બુ.						
બુ.		૨૮	શ.					૨૮	મં.		૨૮	ગુ.						

જુલાઈ.			ઑગસ્ટ.			સપ્ટેમ્બર.			ઑક્ટોબર.			નવેમ્બર.			ડીસેમ્બર.		
શવાલ– જિલ્કદ– આષાઢ– શ્રાવણ–			જિલ્કદ– જિલ્હજ– શ્રાવણ– ભાદરવો–			જિલ્હજ– મોહરમ– ભાદરવો– આસો–			મોહરમ– સફર– આસો– કાર્તિક–			સફર– રબી. અવ્વ કાર્તિક– માગશર–			રબી. આખિર. રબી. આખિર. માગશર. પોષ–		
તિથિ.	વાર.	દિ.ત્તા.	તિથિ.	વાર.	દિ.ત્તા.	તિથિ.	વાર.	દિ.ત્તા.	તિથિ.	વાર.	દિ.ત્તા.	તિથિ.	વાર.	દિ.ત્તા.	તિથિ.	વાર.	દિ.ત્તા.
૪	મ.	૨	૫	શુ.	૪	૭	સો.	૫	૭	બુ.	૬	૮	શ.	૭	૯	સો.	૭
૫	બુ.	૩	૬	શ.	૫	૮	મં.	૬	૮	ગુ.	૭	૯	ર.	૮	૧૦	મં.	૮
૬	ગુ.	૪	૭	ર.	૬	૮	બુ.	૭	૯	શુ.	૮	૧૦	સો.	૯	૧૧	બુ.	૯
૭	શુ.	૫	૮	સો.	૭	૯	ગુ.	૮	૧૦	શ.	૯	૧૧	મં.	૧૦	૧૨	ગુ.	૧૦
૮	શ.	૬	૯	મં.	૮	૧૦	શુ.	૯	૧૧	ર.	૧૦	૧૨	બુ.	૧૧	૧૩	શુ.	૧૧
૯	ર.	૭	૧૦	બુ.	૯	૧૧	શ.	૧૦	૧૨	સો.	૧૧	૧૩	ગુ.	૧૨	૧૪	શ.	૧૨
૧૦	સો.	૮	૧૧	ગુ.	૧૦	૧૨	ર.	૧૧	૧૩	મં.	૧૨	૧૪	શુ.	૧૩	૧૫	ર.	૧૩
૧૧	મં.	૯	૧૨	ગુ.	૧૧	૧૩	સો.	૧૨	૧૪	બુ.	૧૩	૧	શ.	૧૪	૧	સો.	૧૪
૧૨	બુ.	૧૦	૧૩	શ.	૧૨	૧૪	મં.	૧૩	૧૫	ગુ.	૧૪	૨	ર.	૧૫	૨	મં.	૧૫
૧૩	ગુ.	૧૧	૧૪	ર.	૧૩	૧૫	બુ.	૧૪	૧	શુ.	૧૫	૩	સો.	૧૬	૩	બુ.	૧૬
૧૪	શુ.	૧૨	૧૫	સો.	૧૪	૧	ગુ.	૧૫	૨	શ.	૧૬	૪	મં.	૧૭	૪	ગુ.	૧૭
૧૫	શ.	૧૩	૧	મં.	૧૫	૨	શુ.	૧૬	૩	ર.	૧૭	૫	બુ.	૧૮	૫	શુ.	૧૮
૧૬	ર.	૧૪	૨	બુ.	૧૬	૩	શ.	૧૭	૪	સો.	૧૮	૬	ગુ.	૧૯	૬	શ.	૧૯
૧	સો.	૧૫	૩	ગુ.	૧૭	૪	ર.	૧૮	૫	મં.	૧૯	૭	શુ.	૨૦	૭	ર.	૨૦
૨	મં.	૧૬	૪	શુ.	૧૮	૫	સો.	૧૯	૬	બુ.	૨૦	૮	શ.	૨૧	૮	સો.	૨૧
૩	બુ.	૧૭	૫	શ.	૧૯	૬	મં.	૨૦	૭	ગુ.	૨૧	૯	ર.	૨૨	૯	મં.	૨૨
૪	ગુ.	૧૮	૬	ર.	૨૦	૭	બુ.	૨૧	૮	શુ.	૨૨	૧૦	સો.	૨૩	૧૦	બુ.	૨૩
૫	શુ.	૧૯	૭	સો.	૨૧	૮	ગુ.	૨૨	૯	શ.	૨૩	૧૧	મં.	૨૪	૧૧	ગુ.	૨૪
૬	શ.	૨૦	૮	મં.	૨૨	૯	શુ.	૨૩	૧૦	ર.	૨૪	૧૨	બુ.	૨૫	૧૨	શુ.	૨૫
૭	ર.	૨૧	૯	બુ.	૨૩	૧૦	શ.	૨૪	૧૧	સો.	૨૫	૧૩	ગુ.	૨૬	૧૩	શ.	૨૬
૮	સો.	૨૨	૧૦	ગુ.	૨૪	૧૧	ર.	૨૫	૧૨	મં.	૨૬	૧૪	શુ.	૨૭	૧૪	ર.	૨૭
૯	મં.	૨૩	૧૧	શુ.	૨૫	૧૨	સો.	૨૬	૧૩	બુ.	૨૭	૧૫	શ.	૨૮	૧૫	સો.	૨૮
૧૦	બુ.	૨૪	૧૨	શ.	૨૬	૧૩	મં.	૨૭	૧૪	ગુ.	૨૮	૧	ર.	૨૯	૧	મં.	૨૯
૧૧	ગુ.	૨૫	૧૩	ર.	૨૭	૧૪	બુ.	૨૮	૧	શુ.	૨૯	૨	સો.	૩૦	૨	બુ.	૩૦
૧૨	શુ.	૨૬	૧૪	સો.	૨૮	૧૫	ગુ.	૨૯	૨	શ.	૩૦	૩	મં.	૧	૩	ગુ.	૧
૧૩	શ.	૨૭	૧૫	મં.	૨૯	૧	શુ.	૧	૩	ર.	૧	૪	બુ.	૨	૪	શુ.	૨
૧૪	ર.	૨૮	૧	બુ.	૩૦	૨	શ.	૨	૪	સો.	૨	૫	ગુ.	૩	૫	શ.	૩
૧૫	સો.	૨૯	૨	ગુ.	૧	૩	ર.	૩	૪	મં.	૩	૬	શુ.	૪	૬	ર.	૪
૧૬	મં.	૧	૩	શુ.	૨	૪	સો.	૪	૫	બુ.	૪	૭	શ.	૫	૭	સો.	૫
૧૭	બુ.	૨	૪	શ.	૩	૫	મં.	૫	૬	ગુ.	૫	૮	ર.	૬	૮	મં.	૬
૧૮	ગુ.	૩	૫	ર.	૪				૭	શુ.	૬				૯	બુ.	૭

બાળકોનાં માબાપને પૂછવાના થોડાક પ્રશ્નો.

(અનુવાદકઃ—રમણલાલ નાનાલાલ શાહ.)

(૧) તમે તમારા બાળકો સાથે રમવાને વખત મેળવી શકો છો? અને તેમને એકલા રમતા શીખવો છો?

(૨) તમે તેમની આગળ વાર્તાઓ વાંચો છો, અથવા કહો છો?

(૩) તેઓ શાળામાં શું શીખે છે, તે તમે જાણો છો?

(૪) તમારાં બાળકોને વધારે ડહાપણ ભરેલી રીતે કેળવવાને તમે સાર્વજનિક પુસ્તકાલયનો ઉપયોગ કરો છો?

(૫) તમારા ઘરમાં સારાં પુસ્તકો અને ચોપાનીયાંઓ આવે છે?

(૫) તમે તમારાં બાળકોની શાળાની અવારનવાર મુલાકાત લો છો?

(૭) તમે તેમના શિક્ષકોને તમારે ઘેર આવકાર આપો છો?

(૮) તમે (તમારા બાળકોની) યોગ્ય અભિલાષાઓને ઉત્તેજન આપોછો?

(૯) તેઓ કામ બરાબર કરશે, એવો તેમનામાં વિશ્વાસ રાખીને, તમે તેમનામાં સ્વાશ્રયનો સદ્‌ગુણ ખીલવો છો?

(૧૦) તેમની પોતાની ખીલવણી તેમના હાથે થાય તે માટે તમે તેમને તક આપો છો?

(૧૧) તમારાં બાળકોને તેમની હાથે પૈસા મેળવવાની તથા ખર્ચવાની તક આપી પૈસાની કિમ્મત શીખવો છો?

(૧૨) તમારી પુત્રીને તમે ગૃહશિક્ષણ આપો છો? અને તમારા બાળકોને તમે પ્રમાણિક મહેનતની ગંભિરતા વિષે શિક્ષણ આપો છો?

(૧૩) જિંદગીની (વિવિધ) વાતો તમે તમારાં બાળકોને કહી બતાવો છો?

(૧૪) તેમને શિક્ષણ આપવામાં તમને ઈશ્વરી મદદ મળે તે માટે તમે પ્રાર્થના કરો છો?

(૧૫) તમે બીજાં માબાપોને મદદ કરવાને પ્રયત્ન કરો છો?

માબાપોએ પોતાના પુત્રો પુત્રીઓ માટે અમુક નિશ્ચય નહિ કરતાં તેમને તેમની જોડેજ ડહાપણ ભરેલી રીતે નિશ્ચય કરતા શીખવાડવું જોઇએ. માબાપોએ એમ નહિ કહેવું જોઇએ કે "ગમે તે ભોગે આ બાળક પર હું સરસાઈ મેળવીશ," પણ ઉલટું એમ કહેવું જોઈએ કે "તેના ગમે તે ભોગે હું તેને મદદ કરીશ." જેવી રીતે તમે તરતાં શીખો છો, તેવી રીતે તમારી આત્મશક્તિ તેનો ઉપયોગ કરીને વાપરતાં શીખો.*

---

* "Child Welfare Magazine"માંથી અનુવાદ.

કાગડાને કાબરની વાતા.

(બાળકો માટે.)

(ઉદયસિંહ નારસિંહ મહીડા. સોરાબજી જે. જે. હાઈસ્કુલ. સુરત).

એક વખત એક કાબરે કાગડા સાથે ભાગીઆ ખેતર રાખ્યું. તે ખેતર (વાવવા) ઓરવાનો વખત થયો ત્યારે કાબરે કાગડાને કહ્યું કે ખેતર ઓરવા ચાલો. ત્યારે કાગડાએ કહ્યું.

હાલું છું, ચાલું છું,
ચાલો કાબરબાઈ આવું છું.

કાબરે ખેતરે જઈ સઘળું કામ પતાવ્યું તો પણ કાગડો ખેતરે ગયો નહિ. કાબર પછી ઘેર ગઈ.

હવે એ ખેતરમાં ઘાસ થવાથી કાબર નિંદવા માટે કાગડાને બોલાવવા ગઈ, ત્યારે કાગડાએ જવાબ આપ્યો.

હાલું છું, ચાલું છું, દાતરડી ઘડાવું છું;
ચાલો કાબરબાઈ આવું છું.

કાબરે ખેતરે જઈ બધું ઘાસ નિંદી કાઢી ખેતર ચોખ્ખું કરી ઘર તરફ વળી તો પણ કાગડો આવ્યો નહિ.

હવે ખેતર લણવાનો વખત થયો ત્યારે કાબર કાગડાને બોલાવવા ગઈ ત્યારે કાગડે કહ્યું,

હાલું છું, ચાલું છું, દાતરડી ઘડાવું છું
ચાલો કાબરબાઈ આવું છું.

કાબર ખેતરે જઈ આખું ખેતર લણી રહી તોપણ કાગડો ત્યાં ગયો નહિ તે પછી ઘેર ગઈ.

બીજે દિવસે કાબર દાણા છુટા પાડવાને કાગડાને બોલાવવા ગઈ ત્યારે જવાબ આપ્યો કે

હાલું છું; ચાલું છું,
ચાલો કાબરબાઈ આવું છું.

કાબરે બધા દાણા જુદા પાડી સાફ કર્યા તો પણ કાગડો આવ્યો નહિ. ત્યારે કાબરે ગોતરના ઢગ પર જુવાર વેરી વેરી પાથરી અને વેર ગઈ.

બીજે દિવસે સવારે કાગડાને ત્યા આવી કાબરે કહ્યું કે કાગડાભાઈ ભાગ લેવા ચાલો.

કાગડો તરતજ આગળ આગળ ચાલવા મંડ્યો. તે પોતાને ગોતર જઈ ઉભો.

કાબર બોલી, તમારે જે ભાગ જોઈએ તે લઈ લો.

કાગડાએ મોટો ભાગ જુવારનો ધારી તેનાપર ઉડીને બેઠો, અને કાબરને નાનો ભાગ આપ્યો નાનો ભાગ જુવારનો હતો, પણ મોટો ભાગ ગોતરનો હતો.

કાગડે ચાંચ મારી તો તેમાં ગોતર માલમ પડયુ ત્યારે કા, કા, કરવા લાગ્યો.

ત્યારે કાબર બોલી, કા, કા,...જે તેવુ થા.

સાર.

(૧) બાળકોને ખેતીનુ જ્ઞાન થાય છે, કે ખેતીમા (વાવવાનુ) ચોરવાનું, નિંદવાનુ, લણવાનું, ને દાણા ગોતરને જુદા પાડવાનુ એ મુખ્ય ભાગ છે.

(૨) જે માણસ જેવુ કરે તેવુ તે પામે.

મહેનત વિના સારૂં ખાવાનું મળતુ નથી.

શુદ્ધિ પત્ર.

પુસ્તક.	પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૪૭	૩૪૫	૩	બિટિશ	બ્રિટિશ.
,,	૩૫૦	૮	હન્દ	હિન્દ.
,,	,,	૧૧	આત્મોની	આત્મની.

કેળવણી ખાતાની જાહેર ખબરો.

(ઉ. ભા. ના મે. એ. ઇ. સાહેબના તા. ૧૮-૧૧-૧૮ નો હુકમ નં. ૯૩૨૮ ઉપરથી.)

'ગુજરાતી ભાષાનું વ્યાકરણ'—આ ચોપડીની કીંમત ૦-૨-૩ છે તે વધારી ૦-૩-૦ (ત્રણ આના) કરવા સુરતના મેસર્સ કરસનદાસ નારણદાસ અને સન્સને મે. ડિરેક્ટર સાહેબે રજા આપી છે. લડાઈના ગ્રેન્જેાને લીધે કિંમત ચાલચલાઉ વધારવાની રજા આપી છે.

જાહેર ખબર.

હંટર મેલ ટ્રેનિંગ કૉલેજની પ્રાવેશિક પરીક્ષા.

૧. આથી ખબર આપવામાં આવે છે, કે હંટર મેલ ટ્રેનિંગ કૉલેજની ચાલુ સાલની પ્રાવેશિક પરીક્ષા તા. ૧૬ માહે જાન્યુઆરી સન ૧૯૧૯ ગુરુવારે સવારના અગિયાર વાગે, અને તે પછીના દિવસોએ રાજકોટ, મેલ ટ્રેનિંગ કૉલેજના મકાનમાં લેવામાં આવશે. આ પરીક્ષા સાતમા ધોરણમાં થશે. માટે જેમણે સાતમા ધોરણનો અભ્યાસ કર્યો હોય, તેમના વિદ્યાર્થીઓએ હાજર થવું.

૨. સને ૧૮૮૦ ના સપ્ટેમ્બર માસના શાળાપત્રમાં નમુનો છપાયેા છે, તે મુજબ મેહેતાજીઓએ સર્ટિફિકેટ આપતાં જણાવવું કે ઉમેદવારની ઉંમર ૧૭ વર્ષથી વધારે, અને ૨૨ વર્ષથી ઓછી છે. તેમ કાંઇ ખોડખાંપણ નથી, ને ચાલચલગત સારી છે. ચાલચલગતની બાબતમાં ખાસ તપાસ કરી પોતાની ખાત્રી કરીનેજ મહેતાજીઓએ સર્ટિફિકેટ આપવું.

૩. સર્ટિફિકેટમાં ઉમ્મરનાં વર્ષ, માસ અને દિવસ લખવાની સાથે અંગ્રેજી અને ગુજરાતી જન્મતિથિ લખવા ચૂકવું નહિ.

૪. સત્તર વર્ષ કરતાં નાની ઉમ્મરના ઉમેદવારોને પરીક્ષા આપવા સારૂ મેળવી મેળવવાની જરૂર નથી. તે પાસ થશે તોપણ તેને કૉલેજમાં દાખલ કરવામાં નહિ આવે.

૫. બાવીશ વર્ષ કરતાં મોટી ઉમરના વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવા માટે, તેમ પાસ થયા પછી કૉલેજમાં દાખલ થવા સારૂ, કાઠિયાવાડ એજન્સિના મેહેરબાન એજ્યુકેશનલ ઓફિસર સાહેબ બહાદુરની ખાસ પરવાનગી મેળવવી પડશે.

૬. જે ઉમેદવારે પરીક્ષા પહેલાં બાર માસમાં એક કરતાં વધારે

મહેતાજી પાસે અભ્યાસ કર્યો હોય, તેમણે તે સઘળાનાં સર્ટિફિકેટ લાવવાં. ચાલચલગતની બાબતમાં તો પરીક્ષા પહેલાં એક માસ અગાઉનું સર્ટિફિકેટ આવી લાયક ગણાશે.

૭. પરીક્ષા થઇ રહ્યા બાદ લાયક જણાયેલા ઉમેદવારોને શરીર સમ્બન્ધી તપાસ માટે મેહેરબાન ડાક્તર સાહેબ પાસે મોકલવામાં આવશે, માટે તેઓને અહીં વધારે વખત રોકાવું પડશે.

૮. દર વર્ષે પ્રાવેશિક પરીક્ષાની જાહેર ખબર બનતાં સુધી શાળાપત્રમાં પ્રગટ કરવામાં આવશે, પણ પરીક્ષાની તારીખ ઉતાવળે જાણવાની જેની આતુરતા હશે, તેને રાજકોટમાં રહેતા તેના લાગતા વળગતા તરફથી અગર સ્કૉલરો તરફથી તે મળી શકશે; કારણ કે, તારીખ મુકરર થયેથી તુર્ત કૉલેજના નોટિસ બૉર્ડ ઉપર તે જાહેર કરવાનો રિવાજ છે.

રાજકોટ મેલ ટ્રેનિંગ કૉલેજ. }
તા. ૪ માહે નવેમ્બર સને ૧૯૧૮. }

B. H. Buch.
પ્રિન્સિપલ.
હંટર મેલ ટ્રેનિંગ કૉલેજ, રાજકોટ.

જાહેર ખબર.

વિનતી—ગુજરાત તથા કાઠિઆવાડના ગુજરાતી નિશાળોના મહેતાજીઓ, તથા માબાપોને વિનંતી જે તેમણે પોતાનાં અંધ છોકરાંઓને મુંબઇ, તારદેવમાં વિક્ટોરિઆ અંધશાળામાં ભણવા મોકલવાં, જ્યાં તેમને વાંચવા લખવાનું, હિસાબ, નેતર અને દરજી કામ તેમજ સંગીત મફત શીખવવામાં આવે છે. વળી ત્યાં રહેવાની, ખાવાની તથા કપડાંની પણ મફત ગોઠવણ સ્કૂલકમિટી કરે છે. વળી અંધ છોકરાઓને તેમના માબાપ અથવા વાલી પોતાનાં માણસો સાથે આ શાળામા દરરોજ ભણવા મોકલી શકશે.

નીલકંઠરાય ડાહ્યાભાઈ એલ. એમ. એન્ડ. એસ.,
પ્રિન્સિપલ.

સૂચનાઃ—

હવેથી શાળાપત્રનું વાર્ષિક લવાજમ અગાઉથી લેવાનું નક્કી કર્યું છે, (જુઓ સૂચના ૩). માટે અમારા સુજ્ઞ ગ્રાહકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ સને ૧૯૧૯નું લવાજમ તા. ૩૧ મી જાન્યુઆરી ૧૯૧૯ સુધીમાં મોકલી આપશે. **તંત્રી.**

ગુજરાત શાળાપત્ર.

પુસ્તક ૫૮ મું. ફેબ્રુઆરિ સને ૧૯૧૯. અંક ૨ જો.

નોંધ.

વિગ્રહનો અંત.

ગઇ સાલ યુરોપીય વિગ્રહરૂપી યજ્ઞની સમાપ્તિ થઈ છે. તેને અંગે ઘણા સૈનિકો તથા નિર્દોષ સ્ત્રી પુરુષો ભોગ થઈ પડ્યા છે. જર્મન પ્રજાએ કેટલોક સમય મેળવેલી જીતથી ઘણાક બહાદુર, બુદ્ધિશાળી, કાર્યકુશળ અધિકારીઓ તથા સૈનિકોનાં મન લડાઈનો અંત ક્યારે આવશે અને કોણ વિજયી થશે તેનો નિર્ણય કરતાં અટકાવ્યાં હતાં અબુનો સમયે અમેરિકા–યુનાઇટેડ સ્ટેટ્સ–તરફથી માણસ–તથા નાણાંની પુષ્કળ મદદ આવી મળી આ મદદને પરિણામે તેમજ બ્રિટિશ સરકારના પ્રધાન મિ. લોઇડ જ્યોર્જની કુશળ રાજનીતિથી અને ફ્રેંચ સેનાધિપતિ માર્શલ ફોશ જેને પાછળથી મિત્ર-રાજ્યનાં લશ્કરોનો સેનાધિપતિ નીમ્યો હતો, તેની કુશળ લડાયક શક્તિથી આપણી સરકાર તથા મિત્રરાજ્યોને વિજય પ્રાપ્ત થયો છે. તા. ૧૧મી નવેમ્બરે લડાઈ બંધ પડેલી જાહેર થઈ છે. બ્રિટિશ સરકારની હકુમત નીચેના દરેક દેશમાં વિજયની ખુશાલી તરીકે તહેવાર પાળવામાં પણ આવ્યા હતા; જર્મન પ્રજાને લડાઈમાં ઝંપલાવનાર કૈસર તથા તેના સેનાધિપતિઓ તેમજ લેખકોએ માનેલું નીતિસૂત્ર (તેમના મત પ્રમાણે) "બળ ત્યાં જય." આખરે અસત્ય તથા વ્યર્થ સિદ્ધ થયું છે. વિશ્વનિયંતાના વિશ્વમાં પ્રાચીન સમયથી મનાતું અને પુરસ્કાર થયેલું "ધર્મ ત્યાં જય" એજ નીતિસૂત્ર પુનઃ સ્થાપિત થયું છે. આશા છે કે ભવિષ્યમાં આવાં અનીતિના પોરણ ઉપરે આધાર રાખતાં યુદ્ધ તદ્દન નાબુદ થશે અને દરેક દેશની પ્રજા શાંતિ તથા આનન્દમાં પોતાનું નિત્ય જીવન ગાળે એવી યોજના સુસંવેદની પરિષદ જે ગયા માસમાં પારિસ ખાતે મળનાર હતી તે થશે.

વિક્ટોરિઆ ક્રોસ.

આ વિગ્રહની શરૂઆતથી હિંદુસ્તાનની પ્રજાએ પણ સારી વફાદારી બતાવી છે. તે વફાદારી હિંદુસ્તાનમાં રહીનેજ નહિ, પરંતુ ફ્રાન્સના રણક્ષેત્રમાં બ્રિટિશ તથા ફ્રેન્ચ સૈનિકોની સાથે ઉભા રહી જીવનભોગ આપીને, આ

આત્મભોગના બદલામાં અત્યારસુધી બ્રિટનના સૈનિકોને જ આપવામાં આવતો બહાદુરીના બક્ષારૂપી ચાંદ આપણી સરકારે હિંદી સિપાઈઓને પણ આપવો શરૂ કર્યો છે. આ ચાંદને "વિક્ટોરીઆ ક્રોસ" કહે છે.

આ ચાંદ ઈ. સ. ૧૮૫૬માં મહુમ મહારાણી વિક્ટોરીઆએ દાખલ કર્યો. તે ક્રાંસાનો બનાવેલો હોય છે, અને તેની ડિઝાઈન પણ બહુજ ખૂબ હોય છે. તેના ઉપર "બહાદુરી માટે" એવા શબ્દો કોતરેલા હોય છે. જે સૈનિક યુદ્ધક્ષેત્રમાં જોખમ વેઠી શૌર્યનાં કામ કરે છે તેનેજ તે આપવામાં આવે છે; માત્ર યુદ્ધમાં લડવા જનારને તે ઇનામત કરવામાં આવતો નથી. ઈ. સ. ૧૯૧૧ સુધી હિંદી સૈનિકને તે પ્રાપ્ત કરવાનું સુભાગ્ય ન હતું. ત્યારપછીથી તે અપવાદ દૂર થયો છે. આ ચાંદને લગતી બીજી એક જાણવા લાયક વાત એ છે કે ચાંદ મેળવનારને વાર્ષિક રૂ. ૧૫૦નું પેન્શન પણ આપવામાં આવે છે, ચાંદ મેળવનાર પુરૂષના અવસાન પછી તે પેન્શન તેની સ્ત્રીને જીવે ત્યાં સુધી અગર પુનર્લગ્ન કરતાં સુધી આપવું, એવો પણ નિયમ છે. બ્રિટિશ સરકાર સૈનિકોની અણીના સમયે મળેલી મદદની કેટલી બધી કદર કરે છે તેનો આ ઉત્તમ પુરાવો છે.

*બ્રિટનના વિજયમાટે પ્રાર્થના!

(રચનાર:—ગ. જનાર્દન નહાનાભાઈ પ્રભાકર)

રાગ—ધનાશ્રી.

બ્રિટનનો જયકાર, કર પ્રભુ બ્રિટનનો જયકાર;
કરી શત્રુ સંહાર, કર પ્રભુ બ્રિટનનો જયકાર! ટેક.

પશ્ચિમમાં રણયજ્ઞ મચ્યો છે, થાય યુદ્ધ ખુનખાર;
જાલિમ જર્મન જુલ્મગર્દા, ધર્યા દેશ ઘણેક ખુવાર! ૧.

મિત્રરાજ્યના રક્ષણમાટે, બ્રિટન ચઢ્યુ છે વ્હાર;
સ્વતંત્રતાના સંરક્ષણમાં, હિન્દ કરે સહકાર. ૨.

કૈસરની એ કરી કુટિલતા, પડવા નહિ દે પાર,
વિજય અપાવી દે બ્રિટનને—ને જર્મનને હાર! ૩.

સુખરેલી દુનિયા જર્મનનો, આજ કરે ધિક્કાર,
બ્રિટન કેરી રાજનીતિનો—જગ કરતુ સત્કાર. ૪.

ડગમગ ડોલે દરિયે નૌકા, ઉતારી દે પાર;
હિન્દજનોની વિનીત વિનતિનો પ્રભુ કર સ્વીકાર! ૫.

* યુદ્ધ પુરૂ થતા પહેલા મોકલી.

આંખની સહેલ.

(લેખક—રા. રા. સાકરલાલ અમૃતલાલ દવે બી. એ. એમ ટી. સી. ડી,
તેલંગ હાઇસ્કૂલ ગોધરા.

(ઘોરણ ૩ના બાળકો સારૂ સહેલું વાચન.)

૧

"ભાઈ રમેશ! ગયા ઉનાળામાં હું ચાર પાંચ દિવસ આંખુ ગયો હતો તે તને યાદ છે કે?"

"હા, મોટાભાઈ! યાદ કેમ ના હોય? પણ તમે એકલા એકલાજ ગયા હતા ને! અમને તેડી ગયા ન હતા ને!"

"ભાઈ, હું તમને બધાંને તેડી ગયો ન હતો, કેમકે ત્યાં ઉતરવાનું કેમણું સારૂં ના મળે, તો તમે બધાં હેરાન થાઓ; હું તો અઠવાડીયું વેડી લઉં. પણ ત્યાં ચોક ઘણું સારૂ દહેરૂં છે, તેમાં ઉતરવાની હું ગોઠવણ કરી આવ્યો છું, એટલે મારો વિચાર છે કે આંખુ ઉનાળાની રજામાં આપણે બધાં આંખની સહેલ કરવા જઈએ. કેમ તું આવીશ કે નહિ, રમેશ!"

"હા, હા, આવીશ, જરૂર આવીશ, મારી બા પણ સાથે આવશે. ખૂબ મજા પડશે, કેમ નહિ, મોટાભાઈ? પણ ત્યાં શું શું જોવાનું છે, તે તો જરા કહો. તમે કયે રસ્તે ગયા હતા? વચમાં કંઈ જોવા જેવું હતું ખરૂં કે?"

"હા, રમેશ, બધું કહીશ. પણ જો, જમતાં જમતાં સાડાદસ તો વાગ્યા. અગિયાર વાગે મારે કૉલેજમાં જવું છે. તું રાતે સંભારજે. વાળુ કર્યા પછી આપણે બધાં ઉપર છજામાં બેસીશું, ત્યારે બધી વાત હું તને નિરાંતે કહીશ; જરૂર સંભારજે, હોં."

રમેશ વાતનો રસિયો હતો એટલે રાતે વાળુ કરી પરવાર્યા પછી તેણે તરત વાત કાઢી.

"મોટાભાઈ, પેલી તમારી આંખની સહેલની વાત કહેશો કે?"

"હા, ભાઈ, છજામાં ગોતરંજ પાથરી છે?"

"સેતરંજી પાથરી છે, ને પાણીનો લોટો મૂક્યો પણ છે."

"વાહ, ચાલો, ત્યારે. રમેશ તું પેલા ડાક્તર કાકાને ઓળખે છે કે?"

"હા, મોટાભાઈ, એ તો બહુ ગમતી છે; જ્યારે મળે છે ત્યારે રમાડે છે."

"ખરેખર, રમેશ, આગે રસ્તે અમને એમને લીધે બહુ ગમત પડી, અને આબુ ઉપર પણ એમણે અમને ખૂબ ચક્કર કરાવી હતી.

"એ દાદર કાકા, એમનો મોટો છોકરો ઇન્દુ, અને હું—ચોમ અમારી મંડળીમાં અમે ત્રણ જણ હતા. અમે અમદાવાદના સ્ટેશને પહોંચ્યા, ત્યાં એક ઓળખીતો મળ્યો, તેણે અમારી ટિકિટો આણી આપી એટલે અમે સહેલાઈથી આબુની ગાડીમાં જઈ બેઠા.

"ગાડી બરાબર બાર વાગે ઉપડી. સવારના પહોરની પવનની લહેરો ખાતા ખાતા અને અમદાવાદથી ઉત્તરમાં આવ્યા બાદ એક છાપું વાંચ્યું હતું. તે વાંચતા વાચતા, અને ઘણી જાતની વાતો કરતા કરતા, અમે બાર તરફનો રસ્તો કાપવા માંડ્યો. રસ્તામાં બે ત્રણ મોટા સ્ટેશન આવ્યાં, મહેસાણા, પાટણ, સિદ્ધપુર, ને પછી પાલણપુર પાલણપુર આવ્યું ત્યારે તો મને કકડીને ભૂખ લાગી કેમકે સવારમાં મને બરાબર રુચિ ન હતી, તેથી મેં કશું ખાઈ લીધું ન હતું; માત્ર એક પ્યાલું દૂધ પીધું હતું, એટલે અમદાવાદથી ત્રણ પહોર થી તો હતાં તે કાપ્યાં, અને કાપીને ઉઠાવવા માંડ્યા પાંચેક મિનિટમાં તો અમે ત્રણે જણે ભેગા થઈ બધા ચવાઈ ગયા."

"પહોર તો મને બહુજ લાંબે છે."

"હા, પણ હજુ કાંઈ બજારમાં ચાકર લેવા જઈશું, ત્યારે તને તેટલો જણાશે. તને પસંદ પડે તેવું એક પહોર લેજે."

"પછી અમે પાલણપુર મૂક્યું, એટલે અમારી ગાડીની બેઉ બાજુએ ડુંગરાની લાંબી લાંબી હાર દેખાવા લાગી અમને એમ થયું કે ગાડી ડુંગરાની વચ્ચે થઈને જાય છે. આમપાસ નજર નાખતાં અમને બહુ આનંદ થયો, અને આબુ કેવો હશે તથા ત્યાં કેવી મોજ મઝા કરવી તેનો વિચાર આવવા લાગ્યો."

૩

"એમ કરતા બપોરના બારી વાગે આબુરોડ સ્ટેશન આવી પહોંચ્યું."

"એ સ્ટેશનને આબુરોડ કેમ કહેતા હશે, મોટાભાઈ?"

"ત્યાંથી આબુ પર્વત ઉપર જવાનો રસ્તો છે, માટે તેને આબુરોડ કહે છે.

"સ્ટેશનની પર્વતની તળેટીમાં થઈને ઉંચે ચઢવાનો રસ્તો છે. પાકી બાંધેલી સડક છે, અને તે ઉપર મોટર ગાડીઓ ચાલે છે. એક મોટી લાંબી

મોટર ગાડીમાં બેસીને અમે ઉપર ચઢવા માંડયુ. એ મોટરમાં બેઠા પછી અમને એમ થયુ. કે ચાલતા કરતાં પગે ચાલીને કે ઘોડાગાડીમાં બેસીને જવાનું હોય તો વધારે સારૂં. કારણ કે એક બાનામા બીચડાઈને અમને આઠ જણને બેસાડયા હતા. અમને ગભરાટો ઘણો આવ્યો, પણ મોટર ઉપર ચઢવા માંડી, એટલે અમને કઈક ઠીક લાગ્યું. જમણી બાજુએ ઘણાં ઝાડ હોવાને લીધે દેખાવ ઘણો સુન્દર હતો, અને તે જોતા જોતા અમે ચઢવા લાગ્યા. પવનને લીધે શાંતિ પણ જળતી ગઇ."

૪

"પછી ત્રણેક કલાકમાં અમે બધો રસ્તો ચઢી રહ્યા આબુરોડ સ્ટેશનથી ટેક ઉપર સુધીનો રસ્તો ૧૮ માઈલ લાંબો છે. પર્વત ઉપર ચઢવાનુ સહેલુ નથી, એટલે વાંકાચુકા રસ્તો લેવો પડયો છે. પણ તેથી શોભામા ઘણો વધારો થયો છે. એક બે જગાએ તો બેની ગમત થાય છે, કે આપણી ઉપર મોટર જવાનો એક રસ્તો હોય, આપણી મોટર ચાલતી હોય તે એક રસ્તો, અને આપણી નીચે વળી બીજો એક રસ્તો દેખાય. એમ વાંકને લીધે રસ્તાની શોભા ઘણી સારી લાગે છે.

"ઉપર ગયા પછી જેમને ત્યા અમારે ઉતરવાનુ હતુ તે ભાઈનું ઘર અમે શોધી કાઢયુ ત્યાં રહ્યા, અને સવારે અમદાવાદના એક મોટા માણસને બગલે ગયા. અમે તેમનુ સરનામુ જાણતા હતા, એટલે બંગલો શોધતાં અમને મહેનત પડી નહિ. ત્યાં તેમનુ આખુ કુટુંબ હતું. તેમણે અમને આવકાર દીધો અને બેસાડયા. પરંતુ ત્યા અમને એક ઘણા માઠા સમાચાર મળ્યા. અમારા એક મિત્ર મુંબઈમાં દરીઆમાં ડૂબી ગયા એની ખબર મળી તે સાભળી અમે ઘણા દિલગીર થયા."

"મુંબઈના દરીઓ, આપણે ખંભાત આગળ જોયો હતો તેથી મોટા હશે મોટાભાઈ?"

"હા, ભાઈ, ખંભાત આગળ છે તે તો અખાત કહેવાય. મુંબઈ આગળ ઘણો મોટો દરીઓ છે. તે તને કોઈ દિવસ જોવા મળી જશે."

"ત્યાર પછી આબુ ઉપર કઈ જગા પહેલી જોવી ને કઈ પછી જોવી તેનો અમે વિચાર કરવા માંડયો. આઠ વાગ્યા એટલે અમે જોવા નીકળ્યા. પહેલાં અમે એક ટેકરી પર ચઢયા. તે ટેકરી પર એક મોટો પત્થર છે. તેનો આકાર દૂરથી દેડકા જેવો દેખાય છે. તેને લોકો દેડકાની ટેકરી કહે છે. બીજી જગાએ એવો એક બીજો પત્થર છે; તેનો આકાર જોઈ આપણને એમ લાગે છે, કે કોઈ સાધુડી બેઠી બેઠી ચોપડી વાંચે છે. પછી એક બે ગુફાઓ જોઈ અમે ઘેર ગયા.

લડાઈનાં કારણો.

(ગયા અંકથી ચાલુ.)

આપણાં અને આપણા મિત્રરાજ્યો વિરૂદ્ધ જર્મની અને આસ્ટ્રિઆના સિદ્ધાંતો.

નાનાં રાજ્યોને મદદ કરવી, પોતે જે કોલકરાર કર્યો હોય તે પાળવો, પોતે સ્વતંત્ર રહેવું અને બીજા પણ ભલે સ્વતંત્ર થાય અને રહે એમ ઇચ્છવું, નાનાં અને નબળાં રાજ્યોને મદદ કરી ટેકવી રાખવાં, પોતાનું તેમજ અન્ય પ્રજાનું હનન ઉચ્ચ કરવા લડાઈ થતી અટકાવવી અને સર્વદ શાન્તિ રાખવા અને તેટલો પ્રયત્ન કરવો, અને છેલ્લે બને ન છુટકે લડાઈ કરવી પડે તો સામા પક્ષને હરાવવા પ્રયત્ન કરવો, પણ તે વખતે માણસ મટી રાક્ષસ ન થવું, એટલે સામા પક્ષમાં ત્રાસ વર્તાવવા ખાતર હારેલા, શરણે આવેલા એવા માણસો ઉપર જુલમ ન કરવો એ ઇંગ્લાંડના સિદ્ધાંત છે. ઇંગ્લેંડ અને તેમના મિત્રો આ નીતિથી ચાલે છે.

આ સિદ્ધાંતોની વિરૂદ્ધ જર્મનીના સિદ્ધાંતો છે. કોલકરાર કર્યા હોય તો પોતાની ઇચ્છામાં આવે ત્યારે તોડવા, જેમને પોતાના મિત્રો ગણ્યા હોય તેમની સાથે દગો કરવો, પોતે સ્વતંત્ર રહેવું. મજબુત થવું અને પડોશીઓને દબાવવા અને ખુદવા, લડાઈ કરવા હમેશાં તૈયાર રહેવું અને તક મળે લડાઈમાં ઝંપલાવવું, નાનાં રાજ્યોને ખાઈ જવાની દાનત રાખવી, લડાઈ કરી એટલે પોતાના દુશ્મનના મુલકમાં જવાય તો ત્યાં સ્ત્રી, પુરુષ, બાળક જે હાથમાં આવે તેમના ઉપર હરેક પ્રકારનો જુલમ કરવો, તેમને મારી નાખવાં, તેનાં ઘરબાર લુટવાં, અને બાળી મૂકવાં આ તેમના સિદ્ધાંતો છે. આ તેમની રાજ-નીતિ છે. જર્મનીની આ રાજનીતિ રાક્ષસી રાજનીતિ છે એમ કહીએ તો ચાલે.

જ્યારે બેલ્જિઅમમાં જર્મન લશ્કર ઘૂસી ગયું ત્યારે સ્વતંત્રતાની ખાતર બહાદુર બેલ્જિઅમના લશ્કરે તેમની સામે થઈ જર્મનોને ત્યાં અટકાવ્યા. આ ઉપરથી તેમણે બેલ્જિઅમના કિલ્લાઓ તોડયા અને તેનાં શહેરો લુટ્યાં તેની પ્રજાને કચડી, ખુંદી, રીબાવી, અને ઘણાંક નિર્દોષ બાળકો, વૃદ્ધ પુરુષો, અને સ્ત્રીઓને ક્રૂર રીતે માર્યા. સુધરેલા દેશોએ લડાઈના કેટલાક નિયમો ઘડયા છે. આ નિયમો કરવામાં જર્મનોનો ભાગ

હતો. આમાંનો એક નિયમ એ હતો કે લડતાં ન હોય એવા શહેરીઓ, સ્ત્રીઓ, બાળકો તથા લડનારા સિપાઈઓ હારીને શરણે આવે તેમના ઉપર જુલમ ગુજારવો નહિ, પણ જર્મનો તો તેમ વર્તવા તૈયાર ન હતા. બેલ્જિયમ, ફ્રાન્સના ઉત્તરનો ભાગ તથા રૂશિઆનો ઘોડો ભાગ તેના હાથમાં આવ્યો કે તે માહેલા સર્વેને તેનાં લશ્કરો હેરાન કરવા લાગ્યાં. નિર્દોષ કુમળાં બાળકો, સ્ત્રીઓ તથા નહિ લડનારા પુરુષો અને શરણે આવેલા સિપાઈઓ ઉપર હરેક જાતનો જુલમ કર્યો. આ શું તેમની બહાદુરી દેખાડે છે? તેનાં માણસોએ ગામો અને શહેરો બાળ્યાં લુટ્યાં. આ શું તેમની માણસાઈ દેખાડે છે? બસો વરસ પર આવું હેવાનીયતપણું દેખાડાતું, પણ હાલ તો તેમ ન કરવા તેઓ બધાએ મળી નક્કી કરેલું; કાયદા બાંધવા જનાર પણ તે અને તોડવાને આંચકો ન ખાનાર પણ તે. તેઓએ ઘણાં ફૂર કામો કર્યાં છે, અને તેઓ આવાં ખૂન કરીને શરમાવાને બદલે ઉલટા આનંદ માને છે. જાણસોને મારી અઘોરી આનંદ માને છે તેવો નીચ આનંદ તેમનો છે

જર્મન પ્રજા આટલી ભણેલી છે, આટલી કેળવાયલી છે, આટલી આગળ વધેલી છે તેમ છતાં–તેઓ આમ કેમ વર્તતા હશે? શું તેમનાં બધાનાં મેંજાં ચગડોળે ચઢ્યાં છે કે તેમને સારાસારનો વિચારજ નથી આવતો? પ્રશિઆની સરદારી હેઠળ જર્મનીનાં રાજ્યો આગળ વધવા લાગ્યાં અને મધ્ય યુરોપમાં એક મહાન બળવાન ઐક્ય રાજ્ય થયું ત્યારે ભવિષ્યમાં લડાઈઓ ઓછી થશે એમ બધાઓ માનતા હતા. ઐક્ય જર્મન પ્રજા કળાકૌશલ્ય અને ઉદ્યોગ હુનરમાં સપાટાબંધ આગળ વધી તેથી યુરોપની બીજી પ્રજાઓને ઉલટો આનંદ થયો. તે દેશમાં નવી શોધખોળો થવા માંડી, અને જો બીજે કોઈ ઠેકાણે એવી શોધખોળ થાય તો તેને બજારૂ રૂપ ત્યાં આપવામાં આવ્યું. વળી જર્મનીને તેના પોતાના મુલક કરતા બમણો મુલક આફ્રિકામાં મળ્યો. આ મુલકને તે આબાદ કરશે અને ત્યાં તે પોતાની અક્કલ હોશિયારી વાપરશે એમ બીજી પ્રજાઓ માનતી હતી, પણ જર્મનીનો આવો કોઈ વિચાર ન હતો; તેની ઇચ્છા તો બીજા પાડોશીઓને દાબી દબડી પોતાને તાબે કરી લેવાની અથવા પોતાથી હમેશાં ડરતા રાખવાની હતી.

બરાબર જોતાં બિસમર્કથી પ્રશિઆની આ રાજનીતિ હતી. પ્રશિઆના સૌથી જાણીતા મહાન ફ્રેડરીકની આજ રાજનીતિ હતી. ઘણાં વરસ ઉપર

જ્યારે આસ્ટ્રિઆનો રાજા મરણ પથારીએ પડયો, ત્યારે તેણે પોતાની કુંવરીને પોતાના પછી ગાદી આપવાનો વિચાર કર્યો. ફ્રેડરીક તેમાં મદદ કરવા વચન આપ્યું. તે રાજા મરી ગયો અને તેની કુંવરી મેરીઆ થરીસા હજુ તો બાપનો શોક પાળે છે એટલામાં તેને મદદ આપવાનું વચન આપનાર ફ્રેડરીકજ પોતે પોતાનું લશ્કર લઈ તેનો એક પ્રાન્ત સાઇલેશિઆ પચાવી પડયો. આ વચન પાળવાની તેની રીત સાથે હાલના જર્મનીની રીત સરખાવતાં કંઈ ફેર માલમ પડશે નહિ. બીજો દાખલો આપું. બોહેમનું પહેલું સ્વતંત્ર રાજ્ય હતું. પ્રશિઆની ઇચ્છા તેને ખાઈ જવાની થઈ. તેણે આસ્ટ્રિઆ અને રૂશિઆને પોતાના પક્ષમાં લીધા, અને ત્રણે મળી બોહેમને હરાવી તેના ટુકડા કરી તેઓ ખાઈ ગયા. બોહેમની સ્વતંત્ર પ્રજાએ સ્વતંત્રના જાળવવા ખાતર ઘણાં તરફડીઆં માર્યા, પણ સાણસામાં પકડાએલા સર્પના તરફડીઆ જેવાં તે તરફડીઆં હતાં.

ત્યાંના રાજ્યદ્વારી પુરુષોએ તેમના કાનમાં ઝેર રેડયું. તેમાંના મુખ્ય બિસ્માર્ક તેમને એમ સમજાવ્યુ કે બધાં જર્મન રાજ્યો એકત્ર થયાં છે, તે ફ્રાન્સ વગેરે દેશોને પસંદ નથી અને લાગ આવે તેઓ તેમને હેરાન કરશે. આ વાત રાજાઓએ ખરી માની. તેણે વળી સમજાવ્યુ કે જર્મનીના દરેક રાજ્યમાં પોતાના બચાવને વાસ્તે સારું લશ્કર હોવાની જરૂર છે. તેથી દરેક અઢાર વરસની ઉમ્મરના મરદોએ લશ્કરી તાલીમ લેવીજ જોઈએ. ભડકેલા જર્મન રાજાઓને આ ઉપાય વાજબી લાગ્યો. તેઓએ બધાએ મળીને આ કામને સંમતિ આપી અને ઘણું મોટું લશ્કર વિનાખર્ચે તેઓ રાખી શકયા. વળી જ્યારથી તેઓ ફ્રાન્સને હરાવી તે બે કળદ્રુપ મુલકો મેળવી શકયા ત્યારથી જર્મન પ્રજા મદ પર ચઢી. આ જીત મળી એટલે લોકો ફુલાયા, અને તેઓના મનમાં એમ નક્કી થયું કે પ્રજાજીવન ટકની રાખવા અને ઉન્ન કરવા લડાયક રાજનીતિ જેવી બીજી કોઈ રાજનીતિ નથી. પ્રશિઆના મોટા લેખકો ભલામણ કરે છે કે પડોશી સાથે લડવું, પોતે આગળ વધવું, બીજાને હલકા પાડવા, અને ગમે તેવા કોલકરારો ભૂતકાળમાં કર્યા હોય કે ભવિષ્યકાળમાં કરીએ તે બધા જ્યારે લાગ આવે ત્યારે તોડવા અને પોતાનો સ્વાર્થ સાધવો. જ્યારે લડાઈ જાહેર કરવી હોય ત્યારે તો તજ દુશ્મનના મુલકમાં સીધા અથવા વચ્ચે આવેલા મિત્રરાજ્યોના મુલકમાંથી સમજાવીને, કે ધમકી આપીને, કે

જ જરૂરતીથી પેમી જવુ, ને જો તે મિત્રરાજ્યે વગર સામે થયે રસ્તો ન આપ્યો હોય તો તેના તેમજ દુશ્મનના મુલકમાં પણ ત્રાસ વર્તાવી મૂકેલો. આના લેખકો પૈકી એકનું નામ તમને કદાચ માલમ હશે, તે બર્નહાર્ડી કરીને છે. આવા લેખકોએ પ્રજાના જીવનમાં ઝેર ભેળવ્યું. જર્મનીના બીજાં રાજ્યોના વિદ્વાન લેખકોએ આ અભિપ્રાય કબુલ નહિ પોતાનું સર્વે સારૂ છે એમ તેઓ માનતા અને પોતાના કહ્યા પ્રમાણે બીજાઓ પણ વર્તે એમ ઇચ્છતા હતા. બીજી પ્રજાઓને તે પોતાથી ઓછી કેળવાયેલી અને ઉતરતી ગણવા લાગ્યા. અહંકાર, લશ્કરી બળની ખુમારી, અને પારકાનું છીનવી લેવાની અને બીજાને છુંદી નાખવાની અધમ ઇચ્છા એ બધું ત્યાં એકઠું થયું, અને બળ એજ હકદાતા છે, એ સિદ્ધાંત માન્યતા કરી આપના તે તૈયાર થયું આસ્ટ્રિયામાં જર્મનીના સિદ્ધાંતો પ્રમાણેજ કામ થાય છે. તે પ્રજામાં જર્મન પ્રજા જેવો સંપ નથી. જુદી જુદી પ્રજાઓ તે રાજ્યોમાં છે, અને તે બધી પ્રજાઓમાં પૂરો સંપ ન હોવાથી તેઓનો પ્રસરવાનું કરવાથી તે રાજ્યને ફેદો નથી. હાલ તો તેઓ પોતાના જબરજસ્ત જર્મન મિત્રના દોરવ્યા દોરાયે ચલાયે દોરાય છે, પણ તે પ્રજાનું મન અસ્થિર છે, તે કેમમાં તેમજ જર્મનીમાં લડાઈનો અંત આવતા સુધીનાં કે તેમના વિરૂદ્ધ અંત આવ્યા બાદ તેની પ્રજાઓ ખરો વિચાર કરશે અને પછીથી પ્રજાના મનમાં ભરાયેલું ભૂત દૂર થશે તો તેઓ કદાચ ખરું ખોટું સમજશે. ખરો પ્રકાશ તેમની નજરે પડતા પોતાના રાજ્યકર્તાઓ તથા રાજ્યદ્વારી માણસોએ ખરું ખોટું શું કર્યું છે તે તેઓ તપાસશે, સત્યાસત્યની તપાસમાં જ્યારે અગત્યનું પગલું નીચું જશે, ત્યારે તેઓ શું કરે છે તે જોવાનું છે.

તે દિવસ આવશે ત્યારે ખરો, પણ હાલની સ્થિતિ શું છે તે તપાસીએ. જર્મની પાસે દારૂગોળો, તોપો, વગેરે સરંજામ ઘણો હતો, તથા એ બનાવવાના સાધનો તૈયાર હતાં, તેના કારખાનામાં સઘળી તૈયારીઓ હતી, ચાલીસ વર્ષથી તે લડાઇની તૈયારી રાખતુ હતુ, તે લડાઈનીજ રાહ જોઈને બેઠું હતું તેની પાસે લશ્કરને દોરવાને માટે કેળવાયેલા અમલદારો પુષ્કળ હતા આપણી સ્થિતિ જુદાજ પ્રકારની હતી. ઇંગ્લાંડનો ઇતિહાસ તપાસો તો તમને જોવા માલમ પડશે કે અંગ્રેજ લોકો મોટું લશ્કર દેશમાં રાખે તેની વિરૂદ્ધજ હતા. તેઓને બીનકુદરતી તે પસંદ નહતુ, તેમણે ફક્ત પોતાનો

કાફલો મોટો રાખેલો હતો. તે દેશ બેટ છે એટલે તેની પાસે મારો કાફલો હોય તો તેને કોઈ છેડીજ ન શકે એમ ત્યાંના લોકો માનતા હતા; અને પોતાની સ્વતંત્રતા જળવાઈ રહેવા નવાં વહાણો બનાવ્યા જતા હતા. દુનિયાના કોઈપણ બે દેશના વહાણોનો સરવાળો બ્રિટાનિયાના વહાણોની સંખ્યાથી વધી જતો નથી. હાલ પણ આપણને અને આપણા મિત્રોને આ કાફલો ઘણો ઉપયોગી થઈ પડયો છે. જર્મની અને આસ્ટ્રિઆનાં વહાણો તેનાં બંદરોમાં કેદ થઈ પડયાં છે, અને આપણો દરિયાઈ માર્ગ ખુલ્લોજ છે. આ કાફલાને લીધેજ આપણે એક રણક્ષેત્રમાંથી બીજા રણક્ષેત્રમાં માણસો લઈ જઈ શકીએ છીએ અને સંસ્થાનોનાં લશ્કરને પણ ક્યાં મોકલી શકયા છીએ. લગભગ દોઢ કરોડ સિપાઈઓને તેની મદદથી આમ લઈ ગયા છીએ, વળી દુશ્મનનાં રાજ્યોનો બહારનો વેપાર બંધ કરી નાંખ્યો છે. આ જમીન પરનાં લશ્કર અને દરિયાઈ કાફલા ઉપરાંત લડાઈમાં હવાઈ વિમાનો જોઈએ છે. પ્રથમ આપણી પાસે બચાવને માટે પૂરતાં વિમાનો ન હતાં. આપણા લશ્કરની અને આપણા કાફલા વગેરેની માહીતી જર્મનીને પૂરી હતી, અને તેથી કદાચ આપણે લડાઈમાં ઉતરીશું તોએ જમીન પર બહુ અસર નહિ કરી શકીશું એમ તેઓ માનતા હતા. બધી ગણતરી કરીનેજ તેણે લડાઈ શરૂ કરી. તેની પાસે લશ્કર સરંજામ વગેરે પુષ્કળ હતા, પણ તેના પક્ષમાં ફક્ત ન્યાય ન હતો કદાચ અન્યાયીને પ્રથમ વિજય મળે છે તોપણ પાછળથી તે પટકાય છે એવો ઈશ્વરી નિયમ છે. ઈશ્વર તેને શિક્ષા કરવા સારૂ પ્રથમ તે ફુલાય, ફાલે, આનંદે કૂદે એમ થવા દે છે, પણ પછીથી એની સ્થિતિ આણી મૂકે છે કે આનંદ અને સત્તાની ટોચ ઉપરથી ગબડીને દુઃખના અગાધ ખાડામાં જઈ ને તે પડે.

આસનના પ્રતિદાવો તપાસો. નેપોલીઅન જેવો મહાન સરદાર બીજો કોણ થયો છે? તેણે આખા યુરોપને ધ્રુજાવ્યુ. પોતાનાં સગા વહાલાઓ ઘણે ઠેકાણે ગાદીએ પણ બેસાડયાં, પણ ક્યાં તેની જરૂરિઆતથી અને ક્યાં તેનો અંત! સત્તાના શિખરે તે પહોંચ્યો. ફક્ત ઇંગ્લાંડ જો હારી જાય આ તેની દરિયાઈ સત્તાને તે તોડે તો તે આખી દુનિયાને કબજે કરી એવો પખત આવી પહોંચ્યો. તેણે બધી ગણતરી કરી મૂકી હતી, પણ ઈશ્વરી બળને ગણતરીમાં લીધું ન હતું. તે બળ તેને નડયું. તે હાર્યો ને છે આખરે થઈ કેદખાનામાં પડયો, અને ફરી આવેલા નેપોલીઓના ટા

કેટલી તરીકે તેના છેલ્લા દહાડા તેણે ગાળ્યા. ક્યાં ચક્રવર્તી રાજ્ય મળવાની તૈયારી અને ક્યાં આ કેદખાનું ! બીજો દાખલો લ્યો. મહાભારતમાં દુર્યોધનનું વૃત્તાંત વાંચતાં આપણી ખાત્રી થાય છે કે તેની પાસે લશ્કર જબરું હતું, તેની પાસે સરદારો ઘણા હતા, તેની પાસે રિદ્ધિસિદ્ધિ ઘણી હતી, પણ તેની પાસેથી ધર્મ દૂર હતો. પાંડવો પાસે એકલોજ ધર્મ હતો, અને તે તેનેજ વળગીને રહેતા. કૃષ્ણ પરમાત્મા જેવા પાંડવની તરફથી દુર્યોધનને વીનવવા ગયા કે તેમને થોડાં ગામો પણ આપે, પણ મદોન્મત્ત થયેલા દુષ્ટ દુર્યોધને તેમજ તેના નવાણું ભાઈઓ અને તેના, તેનાજ જેવા, દુષ્ટ સલાહકારોએ કૃષ્ણજીનું અપમાન કર્યું. ભીષ્મ, દ્રોણાચાર્ય વગેરે તેના હિતેચ્છુઓએ વાંધો ઉઠાવ્યો પણ તેમની ખરી સલાહ ન સંભળાઈ. છેવટે લડાઈ થઈ. ઘણા દહાડા કૌરવો ટક્યા પણ અંતે તેમનો સદંતર નાશ થયો. છેવટે ધર્મનો જય થયો. રામાયણ વાંચનારાને ખબર હશે કે રાવણ અને તેના અતિ બળવાન સગાઓ રણમાં કેમ પડ્યા. સીતા-પવિત્ર સીતાનું હરણ કરી લાવનાર રાવણના પક્ષમાં ન્યાય ન હતો અને તેથી તે રામનો સામાન્ય લશ્કરથી પણ હાર્યો ને મરાયો. યાદ રાખો કે આ યુદ્ધમાં પણ એમજ થવાનું. કહ્યું છે કે "सत्यमेव जयते" આપણે સત્યને માર્ગે ચાલીએ છીએ એટલે આપણોજ જય થવાનો. એ જયનાં ચણગાં અત્યારથી ફુંકાવા લાગ્યાં છે. ફ્રાન્સમાંથી જર્મનો પાછા હટતા જાય છે. તુર્કો પાછા પડે છે અને બલ્ગેરીઆ પડ્યું છે.

લડાઈ ચાલી ત્યારથી-આપણી સરકાર નવું લશ્કર ઉભું કરવા જબરજસ્ત પ્રયત્ન કરી રહી છે. નવા માણસોની ભરતી થવાથી ઈગ્લાંડનું લશ્કર પણ લાખ ઉપરાંત પચાસ લાખ જેટલું થયું છે. અંગ્રેજી મુલકો કેનેડા, આફ્રિકા તથા આસ્ટ્રેલિઆમાંથી ગોરા તેમજ કાળા માણસો લડવાને ત્યાં ચાલ્યાજ આવે છે. બીજાં અંગ્રેજી સંસ્થાનોમાંથી પણ હારબંધ લોકો સામ્રાજ્યને મદદ કરવા અને તેની કીર્તિને કલંક ન લાગે તેટલા સારૂ ચાલ્યાજ આવે છે. હિંદુસ્તાનમાંથી શીખ લોકો, જાટ લોકો, ગુરખા લોકો, મરાઠા, પંજાબી, મુસલમાન વગેરે લોકો આપણી હિંદ માતાના નામને અમર કરવા યુરોપ ખંડના મેદાનમાં તેમજ બીજા ભાગોમાં જુદી રહ્યા છે. એકલા જૂન માસમાંજ હિંદુસ્તાનમાંથી પચાસ હજાર માણસો લડાઈના કામ સારૂ ગયા છે. હથિયાર અને દારૂગોળો બનાવવાનાં નવાં

બુધી બાબતોમાં એક તો સ્કૂલની વ્યવસ્થા અને સામાન્ય નૈતિક વાતાવરણ છે. તે ઉપરાંત વસતિગૃહ (બોર્ડિંગ)માં જે બાળકોને યોગ્ય છૂટ સાથે યોગ્ય જવાબદારી સમજાવાય તો તેઓ પોતાની જવાબદારી શીખે છે. તેની સાથે શાળાના નામની સાથેજ અમુક ભાવના જોડાયલી હોવી જોઈએ, જેમકે આર્ય ગુરુકુળમાં બ્રહ્મચર્યની ભાવના અને આનંદાશ્રમ સ્ત્રી સાથે પ્રેમથી ચારિત્ર ઘડવાની ભાવના જેમ એકદમ સ્ફૂરે છે તેવી ભાવનાઓ સ્ફૂરવી જોઈએ.

ચારિત્ર બાંધવામાં શિક્ષકના પવિત્ર જીવનથી પડતી પ્રતિભા ઘણી ઉપયોગી છે. શિક્ષક બાળકને યોગ્ય રીતે મદદ કરી શકે તે માટે બાળક તેના ખરા સ્વરૂપમાં બીજી નીકળવું જોઈએ, અને તે પ્રસંગ રમતમાં આવે છે. તેથી બાળકનું વર્તણુક જાણવા માટે શિક્ષકે બાળકની સાથે રમતમાં ભાગ લઈ દ્રષ્ટા તરીકે રહેવું જોઈએ. શિક્ષક પરત્વે માનની દૃષ્ટિએ બાળક જુએ તે માટે શાળાની વ્યવસ્થામાં તેમજ લૌકિક સંસ્થાઓમાં તેમને ભાગ આપી તેમનું માન સાચવવું. તેની સાથે તે યોગ્ય રીતે ભરણપોષણ કરી, શકે તેટલા પગારથી, રાજ્યના બીજા નોકરો સાથે પોતાનો દરજ્જો સાચવી રાખે એમ સવડ કરવી જોઈએ.

ચારિત્ર બાંધવામાં બીજું સાધન સ્કૂલમાં વ્યવસ્થા રાખવાનું છે. વિદ્યાર્થીનું નિયમન બે રીતે થઈ શકે છે. એક તો પ્રેમથી, બગર ભયથી. બીજી રીત અમુક વખત માટે, તેમજ અમુક વ્યક્તિની હાજરી સુધી અસરકારક હોય છે, તેની સાથે તેની અસર માનસશાસ્ત્રની દૃષ્ટિએ બહુજ બગડે થાય છે, તો શિક્ષકે વ્યવસ્થા રાખવા માટે દંડતા સાથે પ્રેમનો ઉપયોગ કરવો જોઈએ. શોડોએક વખત કામ મુશ્કેલ લાગશે પણ પછીથી તે લાંબા વખત માટે કેતેહમદ નીવડશે, જેનો પ્રત્યક્ષ અનુભવ ડૉ. આનંદે પોતાના કામથી બતાવી આપ્યો છે.

અમેરિકામાં બાળકમાં પોતાની જવાબદારી સમજવા માટે વિદ્યાર્થીઓની સંસ્થાઓ ચલાવામા આવે છે, જ્યાં તે બીજા વિદ્યાર્થીઓને મદદ કરે છે અને ન્યાય ચુકાવે છે. આ સંસ્થા વિદ્યાર્થીની જરૂરિઆતો પુરી પાડે છે અને એક નાના સ્વરાજની ભાવના બીલવે છે. તેવું જો કઈક અંશે બની શકે તો ચારિત્ર બાંધવામાં એ મંગીન સાધન થઈ પડશે.

ભાષા અને ઇતિહાસ જેવા વિષયો જો યોગ્ય રીતે શીખવવામાં આવે તો ભાષાના વિષયદ્વારા મહાન પુરુષોનાં જીવનચરિત્રોથી ઉચ્ચ આદર્શ બાંધી શકાય છે, અને મનુષ્યસ્વભાવનું દિગ્દર્શન કરાવનારાં અન્ય પુસ્તકોથી વિદ્યાર્થીની કલ્પનાશક્તિ અને હૃદયની ખીલવણી થાય છે. ઇતિહાસ જેવા વિષયો અને તેમાં પ્રજાસ્વાતંત્ર્યની વાતોથી વિદ્યાર્થીના હૃદયમાં દેશ માટે પ્રેમ અને સ્વતંત્રતાના હિમાયતી થવાના સંસ્કાર સાથે જનસેવા માટે આત્મભોગ આપવાના વિચારો થાય છે. તેની સાથે તેનામાં સરકાર તથા પ્રજા વચ્ચેનો સંબન્ધ સમજી એક લોકમાન્ય આગેવાન શહેરી થવાની ઇચ્છાના અંકુરો રોપાય છે.

શાળામાં નીતિ તથા ધર્મનું શિક્ષણ આપવા સંબન્ધે ચર્ચા થાય છે, તેમજ, તે શિક્ષણ પરોક્ષ રીતે કે અપરોક્ષ રીતે આપવું એ વિષે વિચાર ચાલે છે. નીતિની ભાવના અને આદર્શ દેશ દેશ પરત્વે જુદાં જુદાં હોય છે. ફ્રાન્સમાં વ્યક્તિસ્વાતંત્ર્ય સાથે શહેરીની જવાબદારી ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે. જ્યારે જપાનમાં દરેક મનુષ્યની પોતપોતાની ફરજ બજાવવા ઉપર વધારે ધ્યાન આપવામાં આવે છે. આવી વસ્તુસ્થિતિ છતાં અને તેમાં ન ગુંચવાતાં નીતિના સામાન્ય પાઠો આપણે આપી શકીએ એમ છીએ. એ પાઠો જો વાર્તારૂપે આપવામાં આવે અને તે સાથે ધાર્મિક તત્ત્વો જોડવામાં આવે તો શિક્ષણ વધારે અસરકારક થશે.

ધાર્મિક શિક્ષણ વિષે બોલતાં હિંદમાં જુદા જુદા ધર્મો અને પંથો હોવાથી ધાર્મિક શિક્ષણ આપવું કઠિન લાગે છે, એમ છતાં દરેક ધર્મનાં સામાન્ય તત્ત્વો કોઈ પણ જાતની હરકત વિના આપી શકાય એમ છે.

દુકમાં જો વિદ્યાર્થીએ પોતાના ભવિષ્યના જીવનમાં કુશલ મેળવવી હોય તો પવિત્રતા, કરકસર, સત્ય, ખંત, હિંમત, હૃદયની શુદ્ધિ સાથે સ્વમાન, આત્માવલંબન, કર્તવ્યપરાયણતા, અને વિદ્યા માટે પ્રેમ મોટે ભાગે ખીલવવા જોઈએ, તેની સાથે શિક્ષકે વિદ્યાર્થીમાં સ્વદેશપ્રેમ, આત્મભોગની લાગણી સાથે માતૃભૂમિના કલ્યાણ માટે સ્વાર્થત્યાગની વૃત્તિ ખીલવવી જોઈએ.

The line of thought followed is Mr. P. K. Iyer's.
શ્રી. પી. કે. આયર્સના વિચારોનો અનુવાદ.

વર્તમાન વિગ્રહનું જમે પાસું.

(લેખકઃ–ભોગીલાલ કેશવલાલ પટવા. બી. એ., એલ. ટી. સી. ડી.
આ. મા. મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજ–અમદાવાદ.)

મહાન યુદ્ધનો અંત આવ્યો છે, અને છેલ્લા ત્રણ માસથી જગતમાં પાછી શાન્તિ ફેલાઈ છે. આ યુદ્ધમા લાખો શરીરોની આહુતિ અપાઈ છે, કરોડો મનુષ્યો નિરાધાર તથા અપંગ બન્યા છે, ઘણા પ્રદેશો ઉજ્જડ અને વેરાન થયા છે, અબજો રૂપીયાનો વ્યય થયો છે, જનસમાજને ઉપયોગી ઘણી વસ્તુઓનાં બલિદાન અપાયાં છે, અને એવી રીતે દુનિયાને કદી પણ પૂરી ન શકાય એવી મોટી ખોટ ગઈ છે. આ વિગ્રહનું આવી રીતનુ ઉધાર પાસુ જગ જાહેર છે અને તે વિષે આપણે રોજ સાંભળીએ છીએ અને તેનો સરવાળો જોઈને આપણને કમકમાટ ઉપજે છે. પણ દરેકને બે બાજુઓ હોય છે તેમ આ વિગ્રહનુ પણ ચોકકસ જમે પાસું* છે: પણ વિગ્રહ ચાલતો હતો તે વખતે અને ત્યારપછી પણ આપણું ધ્યાન યુદ્ધના બનાવો તરફ હમેશાં ખેંચાયેલુ રહેવાથી આ જમે પાસું આપણાં લક્ષની બહાર રહી ગયું છે, જોકે તે વિષે પણ છૂટક છૂટક આપણે કોઈકવાર વાંચતા હતા.

હવે યુદ્ધ બંધ થયુ છે અને હાલ દુનિયાના કુશળમાં કુશળ રાજ્યદ્વારીઓ એક પરિષદના રૂપમાં બેગા મળી ભવિષ્યને માટે રાજ્યભક્તા, વ્યવહાર, વેપાર અને દેશપરદેશના પરસ્પર સંબંધ વિષે ચોકકસ નિર્ણય કરવા અને ભૂગોળની નવીન રચના કરવા મથન કરે છે, અને આ તેમની મસલતને અંતે સુલેહના સંબંધમાં લાંબા વિચાર પછી કોઈ કોઈ શરતો થાય છે તે આપણે હજુ ત્રણ ચાર માસ પછી જાણીશું. પણ તે અરસામાં આપણે હવે ઉપરે સૂચિત યુદ્ધના જમા પાસા તરફ સહેજ નજર કરી જઈશું.

છેલ્લા કેટલાંક વર્ષથી જોહુકમી અને અશાન્તિનાં બીજ જગતમ રોપાયાં હતાં તે આ વિગ્રહને પરિણામે નિર્મૂળ થયાં છે. સત્યનોજ જય થાય છે અને પ્રજાકીય સ્વાતંત્ર્યના નિયમ ઉપર દરેક પ્રજાનો રાજ વહીવટ ચાલવો જોઈએ અને તેને પોતાના વહીવટ માટે સ્વાત્મનિર્ણયં હક્ક મળવો જોઈએ એ મત હવે સર્વમાન્ય થયું છે. હવે જગત લાંબા વખત સુધી જે સક્રાહશાન્તિ ફેલાશે તેનો સદ્‌ઉપયોગજ થશે. ને

પ્રજાઓનું પણ પ્રજાકીય છુટાપણું સ્વીકારશે અને તેનો ભંગ કરવાની કોઈ ગમે તેવી પણ મહાન સત્તા હિંમત કરશે નહિ. તેથી દરેક પ્રજાને ઉન્નતિ કરવાનો અવકાશ મળશે.

અત્યાર સુધી ચાલતી વ્યવસ્થામાં શી શી ખામીઓ હતી તે ચોક્કસ રીતે આ વિગ્રહ વખતે જાણવામાં આવી, અને તે સુધારવાનાં ઉપાયો લેવાવા મંડાયા. આપણા સામ્રાજ્યને દવાઓ, રંગો તથા બીજી રસાયણી પદાર્થો માટે પરદેશ ઉપર આધાર રાખવો પડતો હતો તે બાબતની મુશ્કેલીઓ પુરી રીતે સમજાયાથી આ બધી વસ્તુઓ માટે શોધન કરી તે આપણા સામ્રાજ્યમાંજ તૈયાર કરવાના ઉપાયો ચાલુ થઈ ગયા છે એટલુજ નહિ પણ આપણો હિંદુસ્તાન દેશ હુન્નરઉદ્યોગમાં કેટલો બધો પછાત છે અને તેથી પરદેશ પર કેટલો બધો તેને આધાર રાખવો પડે છે અને તેનાં પરિણામ દેશને કેટલાં બધાં નુકસાનકારક થઈ પડે છે એ સંબંધી સંપૂર્ણ તપાસ કરવા અને ભવિષ્યમાં અત્રે હુન્નર ઉદ્યોગમાં વધારો શી રીતે થાય તે સંબંધી યોજના તૈયાર કરવા આ વિષયના અનુભવી પુરુષોનું એક કમીશન સરકારે નીમ્યું. આ કમીશનનો રિપોર્ટ બહાર પડી ગયો છે અને સરકારે આ વિષયમાં પગલાં લેવા પણ માંડ્યાં છે કે જેથી દેશમાં હુન્નર ઉદ્યોગનો વધારો થઈ પોતાને જરૂરી દરેક ચીજ હિંદ પોતેજ પેદા કરી શકે.

વિગ્રહમાં ખોરાકીની ઘણી મોટી જરૂર પડવાથી ઘણા મોટા વિસ્તારમાં અનાજનાં વાવેતર થવા માંડ્યાં અને ઘણા પહાડી અને જંગલી ભાગોને રમાળ બનાવવામાં આવ્યા. મેસેપોટેમીઆ જેવા વેરાન મુલકનું તો સ્વરૂપજ ફરી ગયું. ત્યાં નવી નહેરો, પૂલ, રસ્તા, રેલ્વે વગેરેની એટલી બધી સગવડ થઈ ગઈ છે કે જો દૈવયોગે લડાઈ આગળ લંબાઈ હોત તો મેસેપોટેમીઆ બીજા ભાગોને ખોરાકી પુરી પાડનારૂ મોટું મથક થઈ પડત. એટલા મોટા પ્રમાણમાં ત્યાં ખેતી થવા માંડી છે. આ પ્રાન્તની પ્રજા ઘણી સુખી થઈ છે, અને હિંદુસ્તાનની પ્રજાને તો મેસેપોટેમીઆમાં વેપાર, ઉદ્યોગ અને વસવાટ માટે નવું ક્ષેત્ર ઉઘડ્યું છે. આ પ્રમાણે લડાઈમાં જે કેટલીક જગાઓ ઉજ્જડ થઈ છે તેના બદલામાં બીજી ઘણીકે ફળદ્રુપ બની તેનો બદલો વાળ્યો. વળી ખોરાકીનું ઉત્પન્ન અપાટાબંધ અને વધુ કામ થઈ શકે તે વિષે નવી શોધો થઈ અને તેથી હમેશને માટે દુનિયાને ફાયદો થશે.

લશ્કરી જરૂરિઆતોને માટે ઘણાં જંગલો અને ટેકરીઓ સાફ કરી નાંખવામાં આવ્યાં. નવા રાજ્યમાર્ગો, રેલ્વેઓ, પૂલો, બુગદાઓ, બોયરાંઓ તથા બીજાં લશ્કરી બાંધકામો અને સુખ સગવડ તથા વહેવારનાં સાધનો જે કદી પણ થયાં ન હોત તે તૈયાર કરવામાં આવ્યાં. આ બધાં હવે કાયમ રહેશે અને તેનો લાભ ભવિષ્યની પ્રજાને મળશે. ઇંગ્લિશ ચેનલ તળેથી એક મોટો બુગદો ફ્રાન્સ સાથે સળંગ વહેવાર માટે બાંધવાના સવાલે હવે ગંભીર સ્વરૂપ લેવા માંડ્યું છે, અને તે પાર પડે તેટલામાં ઇંગ્લાંડથી આખી ને આખી રેલવે ટ્રેન પાટા મારફતે સ્ટીમર પર ચઢાવી ફ્રાન્સ પાટા પર ઉતારી સળંગ લઈ જવા શરૂ થઈ ગયુ છે. આથી બેવાર માલ ચઢાવવા ઉતારવાની મહેનત અને વખતનો મોટો બચાવ થાય છે. આ રીતે વહેવારનાં સાધનોમાં ઘણો સુધારો થયો. યુદ્ધને લીધે સામાન્ય જનસમાજનું ભૂગોળનું જ્ઞાન ઘણું વધ્યું અને બીજા દેશના લોકોમાં અને તેમના વહેવાર ઉદ્યોગ, રીતરિવાજો વગેરેમાં રસ લેતા થયા તેથી બેશક ભવિષ્યમાં બેપાર ઘણોજ આગળ વધશે.

લડાઈ પહેલાં હવાઈ વિમાનોની કળા ઘણીજ બચપણમાં હતી. ધારેલી દિશામાં વિમાન બરાબર લઈ જઈ શકાતું ન હતુ.

લડાઈ દરમિયાન હરિફાઈ અને જરૂરિઆતને લીધે તેમાં ઘણોજ વધારો થયો. મોટા કદનાં, ઝડપી, ચોક્કસ, ધાર્યા પ્રમાણેજ કામ આપનારા અસંખ્ય વિમાનો બાંધવામા આવ્યાં, અને તેમના સાંચા કામમાં નવીન શોધો કરી તે બુજબ સુધારા થયા. આ બધાં વિમાનો લડાઈ પુરી થવાથી નવરા પડ્યાં છે. તેમનો ઉપયોગ સુલેહના વખતમાં હવે વહેવાર માટે થશે. એક વર્ષમાં તો ઇંગ્લાંડથી, હિંદ, ઓસ્ટ્રેલિઆ ટપાલ અને મુસાફરોને હવાઈ વિમાનો મારફતે લાવવાની ચોક્કસ ગોઠવણ થઈ જશે. વિમાનો સાધારણ રીતે કલાકના ૧૦૦ માઇલની ઝડપે ચાલશે અને પાંચ દિવસમાં વિલાયતથી હિંદ આવી પહોંચશે. વિગ્રહ ન થયો હોત તો આ દિશામાં આટલો બધો વધારો થાતજ નહિ. હવે તો ભવિષ્યમા ઉનાળામાં નામદાર ગવર્નર ધારશે તો મહાબલેશ્વરમાં રહી મુંબઈ રોજ પોતાના એરોપ્લેનમાં સવારે આવી સાંજે પાછા જઈ શકશે.

અડચણ વખતે નવા રસ્તા સૂઝે છે એ નિયમે લડાઈને લીધે આખી દુનિયાના મહાન શોધકોને લડાઈ આતાં તરફથી ઘણુ ઉત્તેજન મળવાથી

તેમની શોધકવૃત્તિ ઘણી તેજ થઈ અને આમ લડાઈના કામ માટે ઘણી નવી અને અજાયબી ભરેલી શોધો થઈ. રસાયણશાસ્ત્ર આગળ વધ્યું તે લડાઈનાં શાસ્ત્રો અને દારૂગોળાને વધુ અસરકારક બનાવવાના પ્રયત્નથીજ. વુલ્ફ્રામ જેવી નવી ધાતુના ઉપયોગની તપાસ થઈ તે લડાઈને લીધે ઉભી થયેલી જરૂરિયાતને લીધેજ. વૈદકશાસ્ત્રમા, આમ કરીને શસ્ત્રક્રિયામાં અગાઉ કરતા ઘણો સુધારો થયો તે લાગેા ઘાયલ થયેલા સિપાઈઓના પર વહાડકાપ કરવાના પ્રસગો ઓછી વખતે આવ્યા તેથીજ દરદીને ઝટ રાહત મળે અને દરદ તુરત કમી થાય તે માટે સર વિલ્સ્ટર હોમની જેવા વિદ્વાન ડાકટરોએ અથાગ પરિશ્રમ લઈ નવી રીતેા શોધી કહાડી. દુ ખનાણા ભાગ પર અમુક હવાની પીચકારી (laughing gas) મારતા તુરત દરદી દુઃખ વીસરી જઈ, હસવા માંડે, તથા ગમે તેવુ વહાડકાપનું કામ કરે તોપણ તેને મુદ્રજ લાગે નહિ. જો કે આખેા વખત તે પુરેપુરેા શુદ્ધ સાનમા હોય, ધા પાટે નહિ, તેમાં ધનુર્વાના જતુ પડે નહિ, અને તુરત રૂઝાઈ જાય તેને માટે નવીન ઉપાયેા અજમાવવામા આવ્યા આવી રીતે ઘણી ઘણી નવીન શોધો થઈ અને તેથી મનુષ્યજાતનુ જ્ઞાન ઘણુજ વૃદ્ધિ પામ્યુ આ શોધોનેા ઉપયોગ હવે શાન્તિના વખતમા મનુષ્યજાતના ભલા માટે થઈ શકશે.

મજુરવર્ગ દેશની ઉન્નતિ માટે કેટલેા ઉપયોગી છે, અને તેની શક્તિ અને આબાદી ઉપર દેશની ચઢતીનેા કેટલેા બધેા આધાર છે એ બાબત વિગ્રહ દરમિયાન સારી રીતે દરયગાન થઈ. આ વર્ગમાથીજ લસ્કરમાં ભરતી થઈ આ વર્ગમાંથીજ લસ્કરને જો�ઈતી બીજી મદદ પૂરી પડી. આ વર્ગજ દારૂગોળા બનાવવા, સ્ટીમરેા બાધવા વગેરે કામમાં ઉપયોગમાં આવ્યેા, અને તેથી તેની કદર થઈ અને જેમ તે વર્ગ વધુ તદુરસ્ત અને વધુ કેળવાયેલેા અને ચતુર બને તેમ દેશ આગળ વધે એમ પિછાનવામાં આવ્યાથી મજુરપક્ષ ઘણેાજ આગળ પડતેા અને બળવાન થયેા અને ખરા પ્રજાજન તરીકેનેા પેાતાનેા હક સમજ્યેા આથી હવે તેમનુ ભવિષ્ય સુધારવા માટે ચેાક્કસ યેાજનાઓ થશે અને ઉપાયેા લેવારો.

લડાઈના વખતમાં સ્ત્રી જાતિને પુરુષેાની ગેરહાજરીમા પેાતાની શક્તિઓ બતાવવાનેા અવકાશ મળ્યેા અને તેમણે નમેાં તરીકે, સંકટ નિવારણના કાર્યોમાં, દારૂગોળાનાં કારખાનામાં, તથા બીજાં જે જે ક્ષેત્રેા તેમને સોંપવામા આવ્યાં તેમાં ઓની સરસ રીતે કામ કરીને બતાવ્યુ કે તેમના

હક હવે વગર આનાકાનીએ એકદમ સ્વીકારાયા, સ્ત્રી જાતિ તરફ આધક માનવૃત્તિ ઉત્પન્ન થઈ, અને આવી રીતે સ્ત્રીઓને ઘણા લાંબા કાળથી ચતો અન્યાય કાંઈક દરજ્જે હવે ઓછો થશે.

કેળવણીની પદ્ધતિ અને પ્રકાર સંબંધી ઘણી ચર્ચા થઈ અને તેમાં મહાન ફેરફારો ભવિષ્ય માટે સૂચવાયા છે કે જેનું પરિણામ દુનિયાના ભલા-માંજ આવશે એમ આપણે આશા રાખીએ.

સામાન્ય ભયને લીધે આખું બ્રિટિશ સામ્રાજ્ય જાગૃત થયું અને તેનું ઐક્ય બંધાયું. દરેક ભાગ બીજા ભાગોના ઘાડા સંબંધમાં આવ્યો અને સંપ અને બંધુભાવ આખા સામ્રાજ્યમા ફેલાયો. બધા મતભેદ ઝપાટામાં દૂર થઈ ગયા, તેથી સામ્રાજ્ય મજબુત થયું; અને દુનિયાને પોતાના સામર્થ્યથી ચકિત કરી નાંખી લડાઈમાં હિંદી સિપાઈઓ, ઓસ્ટ્રેલિઆ, દક્ષિણ આફ્રિકા, કેનેડા તથા ન્યુઝીલેન્ડના વીરોની સાથે રહીને દુશ્મનની સામે લડ્યા અને તેથી એવો બંધુભાવ બંધાયો કે હિંદીઓ માટે સંસ્થા-નોમાં માનવૃત્તિ અને મદ્‌ભાવ પ્રેરાયાં અને પરિણામે ભૂતકાળની મુશ્કે-લીઓ જે કદી દૂર થાત નહિ તે સહજમાં દૂર થઈ ગઈ.

આ પ્રમાણે જોઈ શકાશે કે લડાઈનું જમે પાસું પણ કાંઈ જેવું તેવું નથી. આપણે આશાવાદી છીએ અને પરમકૃપાળુ ઈશ્વરમાં શ્રદ્ધા રાખીએ છીએ કે તે જે કરે છે તે જગતના ભલાને માટેજ કરે છે. તેની અકળ લીલાનો પાર આપણે પામી શકતા નથી એટલે પછી હાલ તો નબળુ થાય તે સારાને માટેજ એમ માની લઈ આ લેખ સમાપ્ત કરીશું.

કીલની નહેર.

(સંપાદક—મિ. શેઠ લાજરસ, ચોટાણુ.)

વિજ્ઞાનશાસ્ત્રના ઉંડા અભ્યાસથી પાશ્ચાત્ય પ્રજા, દુનિયાની સ્થિતિમાં કેવા ફેરફાર કરે છે તેનુ સાક્ષરવર્ગથી ભાગ્યેજ અજ્ઞાત હશે! બાંધકામ અને વિજ્ઞાનના પ્રત્યક્ષ પુરાવા માટે અનેક ભવ્યતાઓ વિદ્યમાન છે. તે પૈકી, આધુનિક વિશ્વમાં અનેક રીતે પ્રખ્યાત થએલી કીલ નહેર, પ્રથમ દૃષ્ટિ-એજ ઇતિહાસકારને દૃષ્ટિગોચર થવા સમર્થ નીવડી છે. યાવ તત્સંબંધે વિદ્યાર્થીઓને પણ કેટલુક જ્ઞાન આવશ્યક હોવાથી અત્ર પ્રકાશિત કરૂં છું.

* ઇ. સ. ૧૮૬૪ના દ્વિતીય ડેનિશ વિગ્રહ પછી કીલ પ્રશિયાને હસ્તગત થયું, ને ત્યારથી ત્યાં જર્મન સરકારે, સ્વરક્ષણાર્થે એક કાફલો રાખવાનો આરંભ કર્યો. રાજ્યતંત્રના વાહક અને મહાન રાજ્યનીતિ-નિષ્ણાત પ્રિન્સ બિસ્માર્કે કેટલોક અગત્યનો ભાગ કાયજે કરી, બાલ્ટીકને ઉત્તર સમુદ્ર જોડવાને માટે કીલની કેનાલ બાંધવાની ભગીરથ યોજનાનો નિર્ણય કર્યો. આ નહેરની કુલ લંબાઈ ૬૧ માઇલ છે. નહેર બાંધ્યાની શરૂઆત ઇ. સ. ૧૮૮૭માં થઈ હતી, અને આઠ વર્ષ પછી ઇ. સ. ૧૮૯૫માં તમામ બાંધકામ પુરું થયું હતું. ઉક્ત નહેરની સર્વ વ્યવસ્થા જર્મન સરકારને આધીન છે અને બાંધકામ પાછળ થયેલા ખર્ચનો રૂ જર્મન મહારાજ્યમાંથી અને રૂ પ્રશિયા પાસેથી લેવામાં આવ્યો હતો. કેનાલ બાંધતા પૌંડ ૮૦,૦૦,૦૦૦ ખર્ચ થયો હતો.

ઇ. સ. ૧૯૦૮માં કેનાલ નિરુપયોગી થઈ પડવાથી જર્મન સરકારે પુન: મેમારકામ કરી વિસ્તાર વધારવા માટે પૌન્ડ ૧,૧૧,૫૦,૦૦૦ કાઢયા હતા. જે ઇ. સ. ૧૯૧૫ના જાન્યુઆરિમાં સાત વર્ષે કામ પૂર્ણ થયું. લંબાઈ, પહોળાઈ તથા ઉંડાઈમાં વધારો કર્યો. તેમજ જળદ્વાર પણ નિર્ભય પ્રચંડ બનાવ્યાં. વળી ઘોડે ઘોડે છેટે સ્ટીમરો તથા કુઝરોને આરામ લેવા આશ્રય સ્થાનો બનાવ્યાં. વળી નહેર પર અનેક રેલવે નાંખેલી છે, તેમજ અનેક રસ્તા બાંધેલા છે પ્રથમની અને આધુનિક નહેરનો તફાવત નીચે પ્રમાણે.—

		લંબાઈ	પહોળાઈ	ઉંડાઈ	પાણીની સપાટી પરની પહોળાઈ
જુનાં જળદ્વાર	ફીટ	૪૬૨	૮૨	૩૨	—
નવાં ,,	ફીટ	૧૧૫૦	૧૪૮	૪૬	—
જુની નહેર	ફીટ	—	૭૨	૨૯	૨૨૦
નવી નહેર	ફીટ	—	૧૪૪	૪૦	૩૩૪

ગમે તેટલી મોટી કુઝરો ને ડ્રેડનોટ સહેલાઈથી પસાર થઈ શકે છે, ને આશ્રય પણ લઈ શકે છે. કિનારે કાફલો પણ રહી શકે છે. નહેર ઉપર એકંદર બે જવા આવવાના પૂલ, પાંચ રેલવેના પૂલ, અને બોળ સરદારી રસ્તા છે. આ તમામ બાંધકામ મજબુત પોલાદથી કર્યું છે. કેટલાક પૂલની

* અનુવાદ.

ઉંચાઈ તો ૧૫૦ ફીટ જેટલી છે. વળી પ્રત્યેક પૂલ પર વીજળીના દીવાની ગોઠવણ કરેલ હોવાથી, અંધારી રાત્રે પણ ઉત્તમ પ્રકાશ પડે છે.

કીલ નહેરના બાંધકામથી જર્મન સરકારને બે પ્રકારનો ફાયદો થયો છે. (૧) આત્મરક્ષણ અને (૨) વ્યાપારને બીજીને અઢળક દ્રવ્યની આવક કરવી. જ્યારે પ્રથમ નહેર ખુલ્લી મૂકવામાં આવી ત્યારે માત્ર પૌંડ ૪૫,૦૦૦નીજ આવક થઈ હતી. આ પ્રમાણે ૧૮૯૫થી તે છેક ઈ. સ. ૧૯૦૨ સુધી કંઈજ વિશેષ લાભ થયો નહિ. પરંતુ ૧૯૦૪ની સાલથી વસ્તુસ્થિતિ બદલાઈને તે વર્ષ દરમિઆન પૌંડ ૨૮૫૦ ચોકખો નફો થયો. તથૈવ પ્રતિવર્ષ નફાની રકમ વધતી ગઈ, ને ઈ. સ. ૧૯૧૨માં પૌંડ ૬૦,૦૦૦ નફો થયો. વળી ઈ. સ. ૧૯૧૩ ની સાલમાં ૩૯,૦૦૦ નાની મોટી આગ-બોટો તથા વહાણો તેમાથી પસાર થયાં હતાં. સુયેઝના પ્રસંગે દરેક પ્રજા આ નહેરનો લાભ લઈ શકતી હતી. કિન્તુ હા ! તો એકલી જર્મન સરકારજ તેનો લાભ બહોળા ને એકલા હાથે લેતી દેખાય છે. સાધારણ ઝડપથી ચાલનારી સ્ટીમર ફક્ત ૬ કલાકમા આ કેનાલને પસાર કરી જાય છે. વળી સ્ટીમરોનો માર્ગ પણ સુગમ થયો છે કેન્માર્કના કિનારા પરથી ઉકર મારીને જતાં જે વખત લાગતો તે કરતા આ કીલની નહેર મારફતે જતાં ૧½ દિવસ ઓછા લાગે છે. લંડનથી પેટ્રોગ્રેડ-જતા જેટલા માઇલ થતા તે કરતા, આ રસ્તે ૨૩૮ માઇલ ઓછી વાટ (રસ્તો) કાપવી પડે છે તેમજ હેમ્બર્ગ ને પેટ્રોગ્રેડ વચ્ચેનુ અંતર પણ ૪૨૪ માઇલ જેટલુ ઓછુ થઈ ગયુ છે.

આની રીતે આ નહેરનું સામાન્ય વર્ણન છે

મરાઠા એટલે કોણ ?

(લેખક —રા. પોપટલાલ કેવળચંદ શાહ.)

મેવાડના મહારાણાનો એક કુંવર દક્ષિણમાં જઈ વસેલો તેના વંશજ હાલના મરાઠા ક્ષત્રિયમાં હોવાનું ભાટ લોકો કહે છે. મેવાડના રાજવંશના મૂળ પુરુષ મહા હારીત પરથી મતાંધ નામ પડવાની એક અટકળ છે પણ તે અસંભવિત લાગે છે.

---

* "क्षत्रियजाणि त्यांचे अस्तित्व" નામના પુસ્તકને આધારે લખ્યું છે.

વિશ્વામિત્રના પુત્ર મહારથના વંશના મરાઠા કહેવાયા એવું કેટલાક કહે છે. રાષ્ટ્રોઢ-મહારાષ્ટ્રોઢ (મહારાષ્ટ્રકૂટ) પરથી પણ કદાચ મરાઠા નામ પડ્યું હોય યુદ્ધમાં મરે ત્યારેજ પાછા હઠે (મર્યે-હઠે) એવા ક્ષત્રિયો પરથી મરાઠા નામ પડ્યાની કેટલાક અટકળ કરે છે. મરાઠા ક્ષત્રિયમાં ચૌહાણ, જાધવ કે જાદવ, પ્રતિહાર કે પુડિહાર, પરમાર કે પંવાર, રાષ્ટ્રોઢ, સાળુંખે કે સોલંકી વગેરે વીરત્વ દાખવનારી રજપૂતોના નામવાળી શાખાઓ છે.

કેટલાક કહે છે કે મહારાષ્ટ્રના રહેવાસીઓ મરાઠા કહેવાયા. પરંતુ મરાઠા પરથી મહારાષ્ટ્ર નામ પડ્યાની પણ કેટલાક અટકળ કરે છે. Mr. H. &. Dewrth C. S. લખે છે કે "In ancient copper plate grants as well as inscriptions we often meet the word Maharattha (મહારઠ) and I am inclined to think that the derivation (of મહારાષ્ટ્ર) from Maharattha is correct A race is sometimes named after a Country, Sometimes a Country after a race."

મહારથી (મોટા લડવૈયા) એ શબ્દ પરથી મરાઠા શબ્દ બન્યાનું અનુમાન વધારે બરૂ જણાય છે. મહારથી એ શબ્દ દક્ષિણના ક્ષત્રીયો માટે જુના વખતથી વપરાતો જણાય છે. કાર્લાની ગુફા પાસે પાણીની જુની બે, ટાંકી છે તે મહારથી વિષ્ણુદત્તે બંધાવ્યાનો લેખ છે. એ લેખ ઇ. સ. પૂ. ૩૦૦ વર્ષ પહેલાંનો છે.

જૈનોના સૂત્રકૃતમાં અને પ્રજ્ઞાપના (પન્નવણા) સૂત્રમાં તેમજ વરરૂચિના પ્રાકૃતપ્રકાશમાં પણ "મહારાષ્ટ્ર" શબ્દનો ઉલ્લેખ છે.

કેળવણીખાતાની જાહેર બબરો.

(ઉ. ભાગના મે. એ. ઇ. સાહેબના તા. ૨૬-૧૨-૧૮ના હુકમ નં. ૧૧૫૫૪ ઉપરથી.)

"મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ" બુકસેલર તથા પ્રકાશક સુરતનાને તેમના તા. ૨-૧૨-૧૮ના પત્રના જવાબમા જણાવવામાં આવે છે કે મે ડિરેક્ટર સાહેબે તેમના તા. ૧૯-૧૨-૧૮ના હુકમ નં. ૧૧૬૦૬થી સૌરકોકૃત કેમિસ્ટ્રિ (રસાયનશાસ્ત્ર)ની ગુજરાતી આવૃત્તિ મંજુર કરી છે. જેથી તે દોકાને તથા શાળાને વેચવાની છૂટ છે.

જપ્ત થએલાં પુસ્તકો.

(ઉ. વિ. મે. ઓ. ઇ. સાહેબના તા. ૨૫–૧૨–૧૯૧૮ના હુકમ નં. ૧૦૬૧૪ ઉપરથી)

મુંબઈ સરકારના જાહેર ખાતા તરફથી નીચેના હુકમો ઉપરથી સર્વને જાહેર કરવામાં આવે છે કે નીચે લખેલાં પુસ્તકો અને ચોપાનીઆંની બધી નકલો જ્યાં મળી આવે ત્યાં, સને ૧૯૧૦ ના ઇન્ડિયન પ્રેસ એક્ટની ૨૪ મી નામદાર શહેનશાહ તરફથી જપ્ત થએલી જાહેર થઈ છે; કારણ કે બ્રિટિશ હિંદની સરકાર સામે દ્વિતુર કરવા તેમજ ખૂની કૃત્યો કરવા અને બ્રિટિશ સરકારને દ્વેષ અને તિરસ્કારને પાત્ર બનાવવાનું તેમાં લખાણ છે.

(૧) 'Young India' (યંગ ઇન્ડિયા) લેખક લાલા લજપતરાય, પ્રકાશક 'ધી ઇન્ડિયન હોમરૂલ લીગ' લન્ડન. આ પુસ્તકનું કોઈ-પણ ભાષામા થએલું ભાષાન્તર પણ જપ્ત થએલું જાહેર કરવામાં આવે છે.

(કિલ્લે મુંબઈ જ્યુ. ડિ. તા ૩૧–૧૨–૧૭ના હુકમ નં. ૮૨૦૫)

(૨) "अमेरिकाको स्वाधीनता कैसे मीली" આ નામનું હિંદી ભાષામાં લખેલું પુસ્તક નામદાર આગ્રા અને આઉધના સંયુક્ત પ્રાંતોની સરકારે જપ્ત કર્યુ છે.

(કિલ્લે મુંબઈ. જ્યુ ડિ તા. ૬–૧૧–૧૮નો હુકમ ન ૭૨૧૮)

(૩) 'माकी पुकार' એ નામનુ રત્નાકર પ્રેસ, મુઝફ્ફરપુરમાં હિંદીમાં છાપેલુ ચોપાનીઉં નામદાર બિહાર અને ઓરિસાની સરકારે જપ્ત કર્યુ છે કારણ કે તેના કેટલાક શબ્દો સીધી અથવા આડકતરી રીતે સર-કાર સામે દ્વેષ અને તિરસ્કાર ઉત્પન્ન કરે તેવા છે.

(કિલ્લે મુંબઈ, જ્યુ. ડિ. તા. ૨૧–૧૧–૧૮ નો હુકમ ન. ૭૫૭૮)

(૪) " The Finished Mystery " (અન્તયણ ભેદ) આ પુસ્તક મદ્રાસની સરકારે જપ્ત કર્યું છે.

(કિલ્લે મુંબઈ તા. ૨૭–૮–૧૮ ના હુકમ નં. ૫૫૫૩ ઉપરથી.)

સૂચનાઃ—

હવેથી શાળાપત્રનું વાર્ષિક લવાજમ અગાઉથી લેવાનુ નક્કી કર્યું છે, (જુઓ સૂચના ૩). માટે અમારા મુત્ર ગ્રાહકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ સને ૧૯૧૯નું લવાજમ તા ૩૧ મી જાન્યુઆરી ૧૯૧૯ સુધીમાં મોકલી આપશે. તંત્રી.

ગુજરાત શાળાપત્ર.

પુસ્તક ૫૮ મું. માર્ચ સને ૧૯૨૬. અંક ૩ જો.

નોંધ.

મુંબઇમાં ભરાયેલી વજ્ઞાનિક કોંગ્રેસ (પરિષદ)

ગયા જાન્યુઆરિ માસની અધવચમાં મુંબઇમાં ભારાયલી વિજ્ઞાનવિદ્યાની હિંદી કોંગ્રેસમાં જે જુદા જુદા વિષયો પર નિબંધ વાચવામાં આવ્યા હતા તથા તે પર વિવેચન થયાં હતાં તે ઘણાં મનન કરવા યોગ્ય છે. એ વિદ્યાના જુદા જુદા વિભાગો જેવા કે ખેતી, વનસ્પતીશાસ્ત્ર, તબીબીવિદ્યા, પદાર્થવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૂસ્તરવિદ્યા વગેરે પર ઘણો પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આજે દુનિયાના નાના મોટા સઘળા વહેવારમાં, ઉદ્યોગ હુનરમાં, અને આરોગ્યના બંદોબસ્તમાં વિજ્ઞાન અને રસાયનનો ઉપયોગ ઘણુંખા જોવામાં આવે છે, અને જે દેશો એ વિદ્યામાં પ્રવીણ છે તે વેપાર વણજમાં, દ્રવ્યબળમાં અને આરોગ્યમાં પણ આબાદ માલમ પડે છે.

ઉપર કહેલા જે વિભાગો ઉપર નિબંધો વાંચવામાં આવ્યા હતા તેમાં સર્વનું ધ્યાન ખેંચે એવો વિષય 'મનુષ્ય નિરૂદ્ધ જીવજંતુ' નો હતો અને તે તબીબી વિજ્ઞાનની શોધખોળના પ્રમુખ નિસ્ટન સાહેબે વાંચ્યો હતો. જુદાં જુદાં જીવજંતુઓની ઉત્પત્તિબંધના પ્રદેશોમાં કેટલી ઝડપથી વૃદ્ધિ થાય છે, તથા કેવી રીતે લાખો માણસો જંતુદ્વારા જુદા જુદા રોગના ભોગ થઈ પડે છે તેનું ચિત્તાકર્ષક દિગ્દર્શન તેમાં કર્યું હતું ઇંગ્લાંડમાં સર પેરી લેન્સટન નામનો એક વિદ્વાન તો એટલે સુધી આગળ વધીને કહે છે કે સઘળી કેળવણીની સંસ્થાઓનો અભ્યાસક્રમ ફેરવી નાખવો જોઈએ અને યુક્તિઓની માયાજાળને બદલે જંતુવિદ્યાનું જ્ઞાન અપાવું જોઈએ, અને બીજગણિતના ગુંચવણીઆ પ્રશ્નો ઉકેલવાને બદલે છોકરા છોકરીઓને પ્રાણીવિદ્યા, વનસ્પતીવિદ્યા, અને રસાયણના મૂળતત્વોનું જ્ઞાન અપાવું

જોઈએ. લિસ્ટન સાહેબ ઉપલા મતને તદ્દન મળતા આવતા નથી, પરંતુ એઓ બાર દઈને જણાવે છે કે હિન્દુસ્તાનના વતનીઓને જંતુવિદ્યાનું જ્ઞાન અવશ્ય હોવું જોઈએ.

લિસ્ટન સાહેબ પોતાના વિવેચનના ટેકામાં જે પુરાવા અને માહીતી આપે છે તે અર્થસૂચક અને જાણવાજોગ છે. છેલ્લાં આર વર્ષ સુધી જે દારૂણ યુદ્ધ યુરોપમાં ચાલ્યું અને જેમાં હિંદી લશ્કરે કીર્તિવંત ભાગ ભજવ્યો હતો તેમાં ચાલીસ હજાર હિંદીઓ દુશ્મનનાં શસ્ત્રોના ભોગ થઈ પડ્યા હતા; પરંતુ તેજ મુદત દરમિયાન હિંદુસ્તાનમાં લાખો માણસો જીવજંતુદ્વારા દાખલ થયેલા રોગોના ભોગ થઈ પડ્યાં હતાં. દાખલા તરીકે મેલેરિઆ નામનો જેરી તાવ જે એક જાતના મચ્છરના કરડવાથી શરીરમાં દાખલ થાય છે તે વર્ષ દહાડે લાખોના પ્રાણ લે છે. પ્લેગ જેવો દુષ્ટ રોગ જે સાધારણ સાવચેતીના ઉપાયો લીધાથી ઘણે ભાગે દૂર કરી શકાય એવો છે તે ઉંદર પરના ચાંચડ મારફતે મનુષ્યમાં દાખલ થાય છે અને અત્યાર સુધીમાં તેણે એક કરોડ કરતાં વધારે હિંદીઓનો ભોગ લીધો છે. છેલ્લાં ચાર વર્ષમાં એકલા એ રોગના સપાટામાં વીસ લાખ માણસો આવી ગયાં છે. હિંદુસ્તાનમાં આસામ પ્રાંતમાં જંતુદ્વારા દાખલ થતા 'કાળો તાવ' નામના રોગથી ત્યાંની વસ્તીનો નાશ થયો છે. માંકડ અને જૂને લીધે ટાઈફસ નામનો અને ઉથલા આતો તાવ આવે છે અને તે ઘણીવાર પ્રાણઘાતક નીવડે છે. છેલ્લા યુરોપીય વિગ્રહમાં સર્વિઆ દેશ મોટ કારણ હતો, અને ત્યાંની નાની વસ્તીના ઘણા માણસો લડતાં માર્યા ગયા છે, પરંતુ એટલું તો સિદ્ધ થયું છે કે ઓસ્ત્રિઆ અને બલગેરીઆ સાથે લડતાં જેટલાં સર્વિઅનો માર્યા ગયા તેના કરતાં અતિ વધારે સંખ્યામાં તેઓ માંદાના ભોગ થઈ પડ્યા હતા. લશ્કરીઓને પુરાં પાડવામાં આવેલાં વસ્ત્રો અને ઘાણીઓ આ જંતુઓથી ઉભરાઈ જતાં હતાં અને તેનું બહુ હાનિકારક પરિણામ આવ્યું હતું. પગ ઉપર સોજા આવે છે અને 'હાથીપગ' (એલિફન્ટીઆસિસ) નો રોગ થાય છે તે એક જાતના જીવડાંથી થાય છે, જે મચ્છરદ્વારા શરીરમાં પ્રવેશ કરે છે.

આપણા ઘરમાં ઉડતી નિર્દોષ જણાતી માખીઓથી હિંદુસ્તાનમાં વર્ષ દહાડે હજારો પ્રાણ લેવાય છે. એક અમેરીકન લખનાર વાજબી રીતે

કરે છે કે એક માખી બહુકની એક ગોળી કરતા વધારે નાશનજક નીવડે છે કોઈ પણ રોગના જંતુની અસરવાળા મળમૂત્ર ઉપર માખીઓ બેસે છે અને પછી આપણા ખાવાના પદાર્થો પર બેસીને પોતાના પગે અથવા શરીરે ચોટેલા ચેપી જંતુઓ તે પદાર્થમાં દાખલ કરે છે. કૉલેરા, અતિસાર, ક્ષય વગેરે કૂર રોગોપણ માખીથીજ ફેલાય છે; આપણી બજારોમા વેચાતી મિઠાઈ અને એના બીજા પદાર્થો જે ગુમડીઆની દુકાનેથી વેચાતા લાવીએ છીએ તેમાં અસંખ્ય જીવનેણુ જંતુઓ ઘરમાં લાવીને આપણે તેનું પોષણ કરીએ છીએ એ વાત આ ઉપરથી સ્પષ્ટ સમજાય એવી છે. કંદોઈની દુકાને મિઠાઈ ઉપર બેઠેલી માખીના ટોળા સર્વેએ જોયા હશે. યુરોપના બેટવાક દેશોમા જેમ મિઠાઈ વેચનારાઓને એની ચીજો પારદર્શક બરણી-ઓમાંજ રાખવાની ફરજ પાડવામાં આવે છે તેવુંજ કાંઈક આપણે ત્યાં પણ થવાની જરૂર છે.

જંતુઓની વૃદ્ધિ થોડાજ સમયમાં ઘણી ઝડપથી અને મોટા જથ્થામાં થાય છે. એવો અડસટ્ટો કાઢવામા આવ્યો છે કે મેલેરીઆ તાવ ફેલાવનારા મચ્છરના એકજ ઈંડામાંથી, તેના વિનાશને કોઈ પણ પ્રતિકૂળ સંજોગ ન હોય તો એક વરસમાં કરોડો નહિ પણ અબજો જીવડા પેદા થાય છે. માલ્થસ નામના એક અંગ્રેજ વિદ્વાને સમજાવી સિદ્ધ કર્યું છે કે સુખ-શાંતિથી રહેવાની અને ખાવાપીવાની સગવડ હોય તો દરેક દેશની જન સંખ્યા દર પચીસ વર્ષે બમણી થાય. મનુષ્ય કરતાં પશુપક્ષી અને જીવ જંતુઓની વૃદ્ધિ ન કલ્પી શકાય એટલી ઝડપથી થાય છે. જગપ્રસિદ્ધ નાર્ટમ ડાર્વિન પોતાના એક પુસ્તકમા લખે છે કે પશુપક્ષીઓની વૃદ્ધિ પ્રતિકૂળ સંજોગોથી રોકી શકાતી ન હોય તો એક જોડ બચ્ચાંમાંથી આખુ જગત ઉભરાઈ જાય જેમ મચ્છરનું તેમ માખીનુ જાણવુ નિર્દોષ જણાતા મચ્છર, માખી, માકડ અને ચાંચડ, જે આપણા ઘરોમા સમયે સમયે અનુકૂળ સંજોગોમા ઉભરાઈ જાય છે તે કેટલા હાનિકર્તા છે, અને મનુષ્ય જીવના કેટલા કટ્ટા દુશ્મનો છે તે આ ઉપરથી સહેજમા સમજાશે; મા આપણા હિંદુસ્તાન જેવા ઉષ્ણકટિબંધવાળા પ્રદેશની હવા એ જંતુઓની વૃદ્ધિ કરવામા ઘણી અનુકૂળ થઈ પડે છે ઇંગ્લાંડ જેવા ઠંડા મુલકમાં એક માખીના ઈંડાને સેવતાં બાર કે તેર દિવસ જોઈએ છીએ ત્યારે હિંદુસ્તાનની ગરમ હવામા તેને જે કે ત્રણજ દિવસ લાગે છે. યુરોપના ઠંડા દેશોમા

પ્લેગ, કોલેરા, મેલેરીઆ વગેરે જુદી જુદી જાતના તાવ જાજીવાર ટકતા નથી તેનું એક મળ કારણ ત્યાંની ઠંડી હવા છે. આ લખાણનું તાત્પર્ય એ છે કે ઉપર કહેલાં જંતુઓની વૃદ્ધિ કેવા સંજોગો વચ્ચે થાય છે, તે કેટલાં હાનિકર્તા-ઇવેજણુ-છે, તેથી આપણને શાં શાં નુકસાન થાય છે, જે જે દુષ્ટ રોગો તે ફેલાવે છે તેને માટે આપણે શાં શા સાવચેતીના ઉપાયો યોજવા, તે જંતુઓનો શી રીતે નાશ કરવો, અને તે સર્વને અંગે એક નાગરિક તરીકે ઘરની અને પાડોશની સ્વચ્છતા અને સફાઈ શી રીતે જાળવવી–એ સઘળી બાબતોનું જ્ઞાન આપણી શાળાઓમાં ભણતા છોકરાંઓને પ્રયોગ દ્વારા આપવું એ દરેક શિક્ષકનું કર્તવ્ય છે. આ વિષય જેટલો રસિક તેટલો મહત્વનો છે, અને તેથી કરીને ઘરમાં માબાપો અને શાળાનાં શિક્ષકો એ વિષયનું જ્ઞાન ક્રમે ક્રમે બાળકોને નાનપણથીજ આપે તો રહેણી કરણીમાં, બોલા ચીલામાં, તથા સ્વચ્છતા જાળવવામાં સાવચેતીઓ રાખવાની તેમને સારી ટેવ પડે અને ભવિષ્યમાં એકંદરે દેશને ઘણો ફાયદો થાય એ નિર્વિવાદ છે.

કરેલ
રોગનો

(૨) નવું પ્રધાન મંડળ. કેટલાક અધિકારીઓ.

(૧)	પ્રધાન.	મિ. લોઈડ જ્યોર્જ.
(૨)	ઉમરાવની સભાનો નેતા અને અધ્યક્ષ...	લોર્ડ કર્ઝન.
(૩)	પરદેશ ખાતાનો મંત્રી.	મિ ઓ. જે. બાલ્ફુર.
(૪)	સંસ્થાન ખાતાનો મંત્રી.	લોર્ડ મિલ્નર.
(૫)	આમની સભાનો ઉપરી.	મિ. બોનર લો.
(૬)	સેક્રેટરી ઓફ સ્ટેટ, હિન્દુસ્તાનનો. ...	મિ. ઈ એસ મોન્ટેગુ.
(૭)	અન્ડર સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયા.	લોર્ડ સત્યેન્દ્રપ્રસન્ન સિંહ.
(૮)	નાણાં ખાતાનો ઉપરી	મિ. ઓસ્ટિન ચેમ્બરલેન.
(૯)	લડાઈ તથા વિમાન ખાતું.... ...	મિ. વિન્સ્ટન ચર્ચીલ.

અમદાવાદ, પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કોલેજનો સને ૧૯૧૬નો અભ્યાસક્રમ.

(૧) ભાષા.

બીજું વર્ષઃ—

પાઠ્ય પુસ્તક "મુદ્રારાક્ષસ કિંવા મેળની મુદ્રિકા" સને ૧૯૧૫ની ચોથી આવૃત્તિ, અનુવાદક, કેશવલાલ હર્ષદરામ ધ્રુવ.

આ નાટકના પહેલા પાંચ અંક પૃ. ૧ થી ૯૦.

ત્રીજું વર્ષઃ—

પાઠ્ય પુસ્તક "સાહિત્ય રત્ન" સને ૧૯૧૬ની ૬ઠ્ઠી આવૃત્તિ, ગંધો-ળકે ઈ. પ્રા, ખાન સાહેબ, બી. એ., અને નરહરિ ગંગાકલાલ, એમ. એ. એલ. એલ. બી.

આ પુસ્તકમાંથી પસંદ કરેલાં નીચેના પદ્ય તથા નાટ્ય તથા ગદ્યના ટુકડા.

પદ્યઃ—

નરસિંહ મહેતા—પ્રભાતિયું ૮મું, ૯મું અને ૧૦મું.
અખો—માયા વિષે. (લીટી-૧ થી ૩૨)
શામળભટ—બાહ્મ કર્મ.
દયારામ—પહેલું પદ.
મીરા ભક્ત—પહેલું પદ.
નર્મદાશંકર—સાહસ.
દલપતરામ—લક્ષ્મી.
ગોવર્ધનરામ—હિંદુ લગ્નની કૃત્રિમતા.
નરસિંહરાવ—ઉત્તરા અને અભિમન્યુ તથા મધ્ય રાત્રિએ કોયલ.
કલાપી—શિકારીને
ખબરદાર—ગુણવંતી ગુજરાત.
સ્નેહ—અનેરી આશા.

કવિતાના મુખપાઠઃ—

નરસિંહ મહેતા—પ્રભાતિયું ૮ મું.
દયારામ—પદ પહેલું.
મીરા ભક્ત—પદ પહેલું.

નર્મદાશંકર—સાહસ.
નરસિંહરાવ—ઉત્તરા અને અભિમન્યુ તથા ગૌરવ રાત્રિએ દોવલ.
કવાપી—શિકારીને.
અમરદાસ—ગુણવતી ગુજરાત.
લલિત—અનેરી આશા.

નાટય વગેરે—

પ્રેમાનન્દ—શ્રીદામાની સફળ યુક્તિ.
નંદશંકર—સંસાર સાગર.
મણિલાલ નભુભાઇ—ચારિત્ર બળ, પ્રમદા પ્રકૃતિ તથા જીવન ચરિત્ર.
દોલતરામ—અભિમાન
મનઃસુખરામ—અસ્ત અને ઉદયનું દ્વન્દ્વ.
ગોવર્ધનરામ—સરસ્વતીચંદ્રનો ગૃહત્યાગ, કુમુદાસને મણિમુદ્રાનીભેટ,
" સરસ્વતીચંદ્ર ને બાવાઓ, તથા કુવારી કુસુમ.

(૨) સંસ્કૃતનો અભ્યાસક્રમ.

૩ જું વર્ષ.

શાકુન્તલ.	૪ થો અંક
શિક્ષિકા	પાઠ ૨૬ થી ૩૩

૨ જું વર્ષ.

શિક્ષિકા.	પાઠ ૧૭ થી ૨૬
વાર્તા.	૪ ને ૬

૧ લું વર્ષ.

શિક્ષિકા.	પાઠ ૧ થી ૨૦
નીતિના	શ્લોક ૧૫

સૃષ્ટિજ્ઞાન.

વર્ષ ૧ લું.

વનસ્પતિ —

મૂળ, થડ અને પાન અને તે નાં કર્તવ્ય. ફૂલના ભાગ અને કર્તવ્ય. ફળ. બીની રચના. બીજોદ્ભવ ક્રિયા.

પ્રાણી:—

પહેલી ગુજરાતી ચાર ચોપડીઓના સૃષ્ટિજ્ઞાનના પાઠમાં આવતાં પ્રાણીઓ સંબંધી વિશેષ જ્ઞાન. દેહકની જીવનદશાનું અવલોકન.

આકાશ અને હવા:—

પવનની દિશા પારખવી. આકાશમાં સૂર્યના સ્થાન ઉપરથી આશરે વખત જાણવો. તડકામાં લાકડીના પડછાયા પરથી દિવસનો સમય જાણવાની રીત, અને તેનો સૂર્યઘટીયંત્ર સાથે સંબંધ.

થર્મોમીટર, બેરોમીટર તથા વરસાદના એક આઠવાડીઆના માપનો નકશો.

વર્ષ બીજું.

વનસ્પતિ:—

ચોકળા અને દ્વિદળ વનસ્પતિનાં મૂળ, ગડ, પાન અને ફુલમાં તફાવત. ફેળીકરણ, બીનો ફેલાવો, અપુષ્પ-વનસ્પતિનું અવલોકન. વનસ્પતિનો દેશ અને આબોહવા સાથે સંબંધ, મનુષ્યને ઉપયોગી વનસ્પતિનું નિરીક્ષણ. (ઘઉં, બાજરી, ડાંગર, મકાઈ, જુવાર, ચોળા, વાલ, ચણા, તલ, એરંડા, કપાસ, ભીંડા, રીંગણી, બટાકા, કુંગળી વગેરે સ્થાનિક છોડ).

પ્રાણી:—

મરઘીના ઈંડાનું નિરીક્ષણ. પક્ષીની ચાંચ અને પગ.

ચળસીઉં, વંદો, માખી, મધમાખ, અને મચ્છરનું નિરીક્ષણ.

એરંડીના રેશમનો કીડાની જીવનદશાનું અવલોકન.

આકાશ અને હવા:—

જુદી જુદી ઋતુમાં સૂર્યના સ્થાનની ફેરફારીનું નિરીક્ષણ.

ચંદ્રની કળાઓનું નિરીક્ષણ.

બાગ કામ:—

શાળોપયોગી બગીચાના ઉદ્દેશ, તેની વ્યવસ્થા અને રચના.

વર્ષ ત્રીજું.

વનસ્પતિ:—

કઠોળ, દુધી, કપાસ, રીંગણી, બાવળતર, રાઈ, સુવરી અને કુળના વર્ગના સ્થાનિક છોડનું નિરીક્ષણ.

પ્રાણી:—

આખી ગુજરાતી વાચનમાળાના સૃષ્ટિજ્ઞાનના પાઠમાં આવતાં પ્રાણી-ઓનું વર્ગીકરણ.

બાગમાં થતાં નાશકારક જંતુઓનું નિરીક્ષણ અને તેમને અટકાવવાના ઉપાય (તીક્ષ્ણ, ઉધાઈ, કાતરા વગેરે.)

આકાશ અને હવા:—

ખુલ્લી આંખે દેખી શકાય એવાં નક્ષત્રોનું અવલોકન.

બાગ કામ:—

ક્યારા બનાવવી. છોડને એકથી બીજી જગાએ રોપવા.

તા. ક.—બીજા વિષયોનો અભ્યાસક્રમ ગઈ સાલ મુજબ.

વાણી-વિનોદ.

વિષય-પાણી—

(લખનાર-મિ. ગીરજાશંકર કરુણાશંકર ભટ્ટ, તાલુકા સ્કૂલમાસ્તર-વન્છેગામ.)

અર્વાચીન શિક્ષણપદ્ધતિમો, પેસ્ટેલોઝી, ફ્રોએલ, મોન્ટેસોરીની અને સ્લોઈડ એ પદ્ધતિઓ દાખલ થઈ છે, પરન્તુ તેનો સાર એ નીકળે છે કે:—

જે હોંશથી કામ કરનાર ઉદ્યોગી શિક્ષક હોય તોજ એ દરેક પદ્ધતિનું પરિણામ ફળદાયક નીવડે છે, અને એમ થવાથી વિદ્યાર્થીઓની સહાજીક બુદ્ધિ ખીલે છે, શોધક વૃત્તિ વધે છે, પૃચ્છા સતેજ થાય છે અને શિષ્ય શિક્ષકમાં ગાઢો સંબંધ જોડાય છે.

બાળકને ગમે તે શિક્ષણમાં આનંદ અને સમ્મત આપવી એ એક શિક્ષકની અદ્‌ભુત-બુદ્ધિનું કાર્ય છે.

મહેતાજી—છોકરાઓ, તમે પાણી વિષે નિબંધ લખી લાવ્યા હતા, ત્યારે આપણે ઠરાવ્યું હતું કે, એ વિષે થોડી વધારે વાત હવે પછી કરીશું. તો ચાલો, આજે એ વિષે તમને થોડો આનંદ આપીએ:—

વિનોદભાઇ, તમે પાણી વિષે ટુંકામાં બોલી જશો ?

જી, હા, સાહેબ—કુદરતે દુનિયા પર પાણીને બે ભાગમાં વહેંચ્યું છે.
(૧) ખારૂં અને (૨) મીઠું.
ખારા પાણીનો મોટો જથ્થો (ભંડાર) પૃથ્વીપર છે.

(મહા સાગરો.)

(૧) તેની વરાળ એજ વરસાદનું સાધન.
(૨) તેનાથી દૂરના દેશો સાથે વ્યાપારી સંબંધ.
(૩) મીઠાનો મોટો ભંડાર.

ચ. મીઠું પાણી નદી, તળાવ, ને સરોવરમાં હોય છે.

(૧) નદીદ્વારા કુદરતે મીઠા પાણીને બધા પ્રદેશમાં પુરૂં પાડ્યું છે તેથી તે રાંધવા, ખાવા પીવાના, ને નહાવા ધોવાના કામમાં વાપરવા મળી શકે છે.
(૨) કેટલાક પ્રદેશોને તે રસાળ કરે છે, તેમ ખેતીવાડીને તે બહુજ ઉપયોગી છે.
(૩) તેની વરાળ થવાથી અને એ વરાળને ઉપયોગમાં લેવાનું સાધન બુદ્ધિમાન અને સતત ઉદ્યોગી મરદાન પુરષોએ કરી આપ્યાથી, જબરજસ્ત મોટો, અને અનેક જાતના સાંચાઓ તેનાથી ચાલે છે. તેમજ
(૪) પાણીના વેગની ગતિથી પણ અનેક સંચાઓ ચાલે છે.

ફ. વૈદ્ય-વિદ્યામાં પાણીનો નીચે પ્રમાણે ઉપયોગ થાય છે.

(૧) જખમ પર ભીનો પાટો બાંધી રાખવાથી જખમ રૂઝાઈ જાય છે.
(૨) પગાદ ઉપર પાણીની ધોડી મિનિટ સુધી ધાર કરવાથી શાંતિ મળે છે, ને બેભાન થયેલ માણસ શુદ્ધિમાં આવે છે.
(૩) ઊનું પાણી ઠારીને પીવાથી ઔષધરૂપ ગણાય છે.
(૪) કલેરા પેદાશીયે ઊકાળીને ચોખું ટાઢું પાણી પિનારને અમુક વ્યાધિ મટે છે.
(૫) જન્મથી ટાઢે પાણીએ નહાવાની ટેવવાળો માણસ ઘણું કરી નીરોગી હોય છે.
(૬) સમુદ્રના જળમાં નહાવાથી ગંધિવા જેવા વ્યાધિ મટે છે.

પાણી વિષે ચોડા વિનોદ.

ઓહગાઓ,-પાણી શબ્દનો અર્થ, જળ, જૂ, નીર, આપ ઈત્યાદિ છે. પણ કેટલાંક વાક્ય આપણી ગુજરાતી ભાષામાં એવાં છે કે ત્યાં પાણી શબ્દનો અર્થ જુદે જુદે વાકયે જુદો જુદો થાય છે.

૧ કુવામાં પાણી ખૂટ્યું છે. (જળ)
૨ બેડામાં 'પાણીવાળો' છે. (તેજવાળો)
૩ મોતી 'પાણી વગરનું' છે. (કિંમત વિનાનું)
૪ છોકરો 'પાણીવાળો' છે. (ચંચળ)
૫ આજથી આ લાઈનમાં 'ઉતરતા પાણી' છે. (ઉતરતી સ્થિતિ)
૬ ગજવેતને 'પાણી પાયું' (પાનુ કે ધાર આણી.)
૭ ગમે તેમ કહો, પણ આ ઈસમમાં નક્કી 'પાણી મુઉં' છે. (દોષવાળો)
૮ અરે ભલા માણસ મોટા થયો, પણ 'સાઠમાં વરસ પાણીમાં મર્યા લાગે છે.' (મૂર્ખ છે)
૯ 'ડાંકણીમાં પાણી લઈ ખુડી મર' (તુચ્છકાર)
૧૦ 'દુઃખના દુઃખમાં, ને પાણીના પાણીમાં' (યોગ્ય થયું.)
૧૧ અરે આતો 'નેવનાં પાણી મોભે ગયા.' (ઉલટું થયું.)
૧૨ શું! 'પાણીમાં મોં જોયું છે.' (શરાતનનો અર્થ)
૧૩ તે ઉતાવળે ગયો, પણ જ્યાં ચાર આંખ ભેળી થઈ ત્યાંતો 'પાણી પાણી થઈ ગયો.' (નરમ પડયો.)
૧૪ 'આંખોમાં પાણી ભરાઈ આવ્યાં.' (આસું)
૧૫ અરે ભાઈ શું કહીયે? આ માલ તો 'પાણીને મૂલે કાઢવો પડે છે' (ઓછી કિંમતે)
૧૬ જોવાં કામને ગાટે રામજીએ તો હવે પાણી મૂક્યું છે. (પ્રતિજ્ઞા લીધી.)
૧૭ શીદ ફિકર કરો છો? એ છોકરો એને પાણી પાય એવો થશે. (હરાવશે–કે પકડશે)

ગદ્યખંડમાં

૧૮ ઠીક છે "ટાઢે પાણીએ ખસ જાય છે" (ખસેડવાના અર્થમાં)
૧૯ અરે, આ, "પાણીથી પણ પાતળો છે" (હલકા મનનો)
૨૦ મહેનત પર "પાણી ફેરવ્યું" (બગાડયું એ અર્થમાં)

સામાન્ય પ્રસંગ જયઘોષને આશીર્વચન.

(યોજના રા. રા. ૨. કે અજાગીઆ.)

અંતર્લાપિકા

દોહરા

ધર્મો ઊંડે નભમંડળે, ચમર ઢળે શિરતાજ,
મધપુડે મધુરસ ઝરે, જ્યોત ઝગે રવિરાજ; ૧.
રઘુપતિ રામ હૃદે ધરે, જન્મ મરણ દુખ જાય;
વહેંકા ન કદિ ગર્વથી, હુંકમ હરિ એ થાય, ૨.
જોમે હરિરસ ચાખવો, ધોરી જ્ઞાન વિશેષ,
દશ પદ અક્ષર આદિના, દે આશીષ નરેશ. ૩.

બ્રિટિશ સામ્રાજ્યને વિજય ધન્યવાદ.

હરિગીત છંદ.

જયવિજયે જય જયકારને, રાજેંદ્ર રાજ્યે ગાજિયો,
ગૂમાવી જર્યજ ગાંઠનો હારી અરિ બહુ લાજિયો,
બેઠો ભરાઈ પરહદે, કંપી જઈ સિંહનાદથી,
કેડે પડે શિદ કેશરી, અનગો રહું ફરી વાદથી, ૧.
બહાડ લેવુ બાયમાં, ને ગગન કિલા બાંધવા,
નવ તૃપ્ત તૃષ્ણા તે થશે, જનમ ત્રાગ કાચા સાધના,
તકો વિતર્યો કે કરે, ક્રમ સિંહ બ્રિટિશ છોડશે,
બોચ્યા વિના બહુ બોલકા, બેરી હવે શિર ફોડશે ૨.
ધન માત બેગી પત્નીને સુત 'તિ ધન રણ પાઠવ્યા,
નિજ ભૂપ જેવા ને હવી, અરિના હડાવ્યા ના હડયા,
છે ધન્ય અંગન દેશને, સામાજ હિંદુસ્તાનને,
સામ્રાજ્યનો જય બોલતા, છે ધિક અરિ નાદાનને; ૩.
ધન મિત્ર બ્રિટિશ રાજ્યના, સુટેક ખતે જાળવી;
ધન પ્રજા ચૂરી સર્વને, ઉર ધરી આજ્ઞા પાળવી;
વૈમાનિકા ધન નાવિકા, ઝીલનાર ગોળા બોબના,
છે ધન્ય રણ સેના ચડી, કરતી ધનિ યારોમના, ૪
લઈ પક્ષ સાચે દયાનો, જયવિજય આપ્યો ઈશ્વરે,
જય તો સદા છે સત્યનો, એ વાત નિશ્ચય તો ઠરે,

બહુ હર્ષ થાયો સર્વને, યુરોપીં યુદ્ધ વિરામતાં;
ઉજવ્યો વિજય દૃઢ ભાવથી, જયદીપ યશ જગ જમતાં; ૫.
બ્રિટિશ સામ્રાજ્યે રહો, ન્યાયી ધ્વજા નિત ઊડતી;
જમો અધિક યશ જગ વિષે, સમ્રાટ્ જયોર્જ જીવો અતિ;
શમશેર શસ્ત્ર સાધનો. ધન વીર શૂર સરદારને;
વળી ધન્ય બ્રિટિશ રાજ્યને, જય વિજય જય જયકારને. ૬.

લડાઈની મુખ્ય હકીકત.

(રા. રા. હરરામ અમુલખરામ દેસાઈ બી. એ.)

ઓસ્ટ્રિઆએ સર્વિઆ સામે લડાઈ જાહેર કરી તેના પર ધસારો કર્યો, અને સર્વિઆની મદદે જવા રશિઆ તૈયાર થયું, એટલે જર્મનિએ તેને ધમકી આપી ફ્રાન્સને કચડવાના ઈરાદાથી બેલ્જિયમના મુલકમાં ઘુસી જઈ પોતાનું લશ્કર આગળ પાડ્યુ, ત્યારે મહાન યુદ્ધની શરૂઆત થઈ એમ સઘળી દુનિયાને લાગ્યું આમ બેલ્જિઅમનું અલગપણું જર્મનિએ તોડ્યું એટલે ઇંગ્લાંડે જર્મન સામે લડાઈ જાહેર કરી. ૧૯૧૪ના જૂનની ૨૮મીને રોજ ઓસ્ટ્રિઆના રાજકુંમારનું ખૂન થયુ ત્યારથી ૪થી ઓગસ્ટ સુધીમાંજ આ બનાવ બન્યો લડાઈ અટકાવવાના ઉપાયો યોજવાના રાજદ્વારી પુરુષોના સઘળા પ્રયત્નો નિષ્ફળ ગયા.

નાના યેસુ કદુ	૨૦૦
*અબ્દુલ્લીન બરેમીઆં ફકીર ઉર્દુ	૩૧૦

* ઉર્દુ.

અમદાવાદ. (સહી.) D. S. Sawarkar.
તા. ૩૦મી જાન્યુઆરિ ૧૯૧૯. એજ્યુકેશનલ ઇન્સ્પેકટર, ઉત્તર ભાગ.

તા. ક.—આ નામ માર્કના અનુક્રમ મુજબ સમજવાં.

જુદી નોંધ લીધી છે. આ ખાતે કુલ રૂ ૧૪૬ લાખનું ખર્ચ થશે એમ સરકાર ધારે છે. વેર એલાયન્સ ઈંટર્વ્યુ લડાઈને લીધે મંળતુ ભથ્થું-પણ મંજુર કર્યું છે. તેનું કુલ ખરચ રૂપીઆ ૧૫ લાખ જેટલું થવાનો સભવ છે, અને તેજ ખાતે ૧૬ લાખ રૂપીઆ દર વર્ષે ખરચ થવાનો સંભવ છે

ગયા સરકારી વર્ષમાં જે ટ્રેનિંગ કલાસો પહેલા વર્ષના શિલકે માટે ઉઘાડવામાં આવી છે તેમાં બીજી કેટલીક તાલીમો આ વર્ષમાં પુરું થશે; જેનું ખર્ચ રૂ ૧૫૦,૦ નવા વર્ષના અંદાજપત્રમાં દાખલ કર્યું છે. આથી સહજ જણાશે કે સરકાર કેળવણી પાછળ પુરતુ ખરચ કરવા તૈયાર છે

માધ્યમિક કેળવણી તથા કોલેજોને લગતા કેટલાક સુધારાનું ખર્ચ નવા અંદાજ પત્રમાં આવેલ કર્યું છે. સ્ત્રી કેળવણીનો વધારો પ્રાથમિક કરવાનો રિપોર્ટ નામદાર ડિરેક્ટર સાહેબ પાસેથી સરકાર માગે છે. એક જણના વાર્ષિક ફેરફાર એ બાબતે હવેથી ગુજરાતી નિશાળોના પાંચમાંથી સાતના ધોરણના વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવવાની યોજના પણ નવા અંદાજપત્રમાં દાખલ કરી છે. નામદાર સરકાર ઇચ્છે છે કે ધીમે ધીમે પ્રાથમિક કેળવણી એવા પુરા સ્વરૂપમાં વધારવી કે જેથી ગામડાના દરેક માણસની નિરક્ષરતા દૂર થાય.

ચ. મુંબઈના નામદાર ગવર્નર સાહેબ સર જ્યોર્જ લોઈડ તારીખ ૧૬ તથા ૨૭ મી માર્ચ ૧૯૧૯ ના રોજ આ શહેરની પહેલવહેલી મુલાકાતે પધાર્યા હતા. પોતાનો અત્રે પધારવાનો ખાસ ઉદ્દેશ દુકાળની સ્થિતિનો પ્રત્યક્ષ મુલાકાત લઈ ખ્યાલ લેવાનો હતો. તે કામ ઉપરાંત પોતે આ શહેરના કેટલાક સ્થળો તથા કેળવણીની સંસ્થાઓની મુલાકાત લીધી હતી. તા ૨૭ મીએ સાંજે અત્રેની ગુજરાત કોલેજની મુલાકાત લઈ અમારી સંસ્થા જોવાને સાંજના સાડા પાંચ વાગે પધાર્યા હતા. કોલેજના પ્રિન્સિપલની સાથે પોતે દરેક કલાસમાં ફરી તેમજ લાયબ્રેરી, સ્કોલરોને રહેવાની ઓરડીઓ, રસોડું વગેરે અંતર્ગ ગ્રેજ્યુએટસિંગ સ્કૂલના ઓફરાઓની ઝિલ તપાસી કેટલાક ખુલાસા તથા વાતચીત કર્યા બાદ સુમારે ૬ વાગે મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજની મુલાકાતે જવા વિદાય થયા હતા.

પાઠની ટુંકી નોંધ.

ધોરણ ત્રીજું.

(રા. ચકલાલ પુરુષોત્તમ શુક્લ.)

વિષય-કવિતા (પાઠ ૬ ઠ્ઠો. ગ્રીષ્મ ઋતુનો મેઘો.)

આરંભઃ— વરસી ઋતુઓ કેટલી છે? કયા કયા? ઉનાળાના મહીના ગણાવો એ ત્રણ ઋતુમાની દરેકે બબ્બે ઋતુ ગેમ છે એ રીતે ગણતા વરસી કેટલા ઋતુ થાય? ઉનાળાની એ ઋતુમાંની બબ્બે વિષે બીજા ચોપડીમા શીખી ગયા છે તે દરેકનવું અને બીજી ગ્રીષ્મ ઋતુ વિષે નવાજ શીખવાનું છે, એમ કહી મુખ્ય વિષય ઉપર આવવું.

પાઠનો મુખ્ય વિષય —૧ રાગ શીખવવો—

'નીરખી', ઝાડની' આ દરેક શબ્દના 'ની' અક્ષર ઉપર જે નિશાની કરી છે ને તરફ લક્ષ ખેંચીને તે અક્ષર દીર્ઘ છે ઉના હ્રસ્વ કોરવાનો છે તે સમજાવવું.

બીજી ચોપડીના 'રે મહુવા તુ ખરે' એ રેાળાવૃત શીખી ગયા છે તે યાદ કરાવીને આ કવિતાનો રાગ શીખવવો નમુનો આપવા વગેરે.

૨ સમજુતી —

અ. શબ્દાર્થ—મદિરાગ, નીરખી, શીતળ, ઝરખી વગેરે શબ્દોના અર્થ શીખવવા.

મદિરા શબ્દનો અર્થ બીજી ચોપડીમાં શીખી ગયા છે, તે સંભારી લેાકોને કહાવવો.

નીરખી 'મ ખરે પાણીમાં નીરખ્યુ' એ વાકયમાં વાપરીને નીરખી શબ્દનો અર્થ કહાવવો વગેરે.

બ. અન્વય —પદેા જોડીને બનાવેલ વાકયમાં ગોઠવાવવી. 'ઝાકરાએ નહેરા લીધે મ' એ વાકયસરખા છે? કેમ રીતે બોલવું જોઈએ? શું બોલ્યો તે 'ઝાકરા' કહાવે' વગેરે પ્રશ્નો પૂછી અન્વય કરાવવો.

ક. સમજુતી —કોઈ ઠેકાણે અર્થમાં અટકતું વિવેચન કરવું. જેમકે બીજી ચોપડીમાં ઈશ્વરનો ત્રિભંગ ઉભા રહેવામા આવે છે વગેરે કહાવવા ગ્રીષ્મમાં ઝાડની છાયા કરે તેનું કેટલી શાન્તિ આપે છે, વગેરે વિવેચન કરવું.

પુનરાવર્તનઃ—શીખવેલું આવડવાની ખાતરી માટે કેટલાક પ્રશ્નો પૂછવા જેમ કે જોડણી કેમ ગૂમે છે? ગ્રીષ્મમાં આપણે શાથી રાજી થઈએ છીએ? વગેરે.

લડાઇની મુખ્ય હકીકત.

(ગયા અંકથી ચાલુ)

(ગ. ગ. હરરાય અમુલખરાય દેશાઈ, બી. એ.)

જર્મનિઓએ બેલ્જીયમમાં કરેલા જુલમથી, દરીઆ પર વેપારી અને રાહદારી વહાણે ને તોડવાની તેમની નીતિથી, ઝેરી વાયુ વગેરે વાપરવાથી અને છેવટે તે બે દવાઈ વિમાનો મારફતે દરોગ પાડી નિર્દોષ બાળકો, સ્ત્રીઓ અને મરદોનાં ખૂન કરવાથી અમેરિકા છેડાયું, અને તે આપણા પક્ષમાં જોડાયું. આથી આપણા પગ જોરમેર છે. આજે અમેરિકના ૨૩ લાખ માણસો આપણા તરફથી લડે છે, જર્મનોને પાછા વળી હઠવું પડયું છે, તેથી તે સલાહ કરવાની વાત કરવા માંડે છે પણ જર્મનિનાં સલાહનાં કહેણ છેતરનારાં છે. તેના પુરાવા રૂપે રશિઆ સાથેની તેની વર્તણુકનું સહેજ વર્ણન બસ થઈ પડશે. જ્યારે રશિઆમાં બળવો થયો ત્યારે જર્મનિએ પોતાના પ્રધાન બેથમેન હોલવેગની મારફતે કહાવ્યું કે જે સલાહ થશે તેમાં કોઈ બીજાનો મુલક લઈ લેવાની યા લડાઈની નુકશાની આપવાની સરતજ નહિ થાય. લારણાઈ તેના નવા પ્રધાન ડૉ. માઈકેલીસે પણ તેને મળતાજ ઉદ્‌ગારો કહાડયા. જ્યારે સલાહની વાત ચાલતી હતી તે દરમિઆન જર્મન લશ્કર આડુ ગવળું ફરી વળ્યું કે રશિઆ પાછળથી કદાચ લડે તો પણ તરત મહાત થઈ જાય. ૧૯૧૭ની ૧ લી ડિસેમ્બરથી બ્રેસ્ટલીટોસ્ક ખાતે સલાહનો વિચાર ચાલવા માંડયો એટલામાં જર્મનિએ રશિઆના તાબાના પ્રાંત યુક્રેનીઆ સાથે ૧૯૧૮ ના ફેબ્રુઆરિમા જુદી સલાહ કરી અને પાછળથી પોતાના જાસુસોની ખટપટથી રશિઆની અંદર પુરી ફાટફુટ થઈ ગઈ, ત્યારે પોતાનું ખરૂ સ્વરૂપ પ્રકાશી રશિઆનો પશ્ચિમનો અને દક્ષિણનો દરીઆને લગતો ભાગ પોતાને કબજે કરી લીધો, અને એ પોતાનાજ કબજામાં રહે એવી સલાહ કરવાની તેણે રશિઆને ફરજ પાડી.

આ લડાઈ ઘણી ભારે છે, અને તે અસની તરવારો કે તીરથી લડાતી લડાઈ જેવી નથી, કે પાછળથી લડાતી નાની બદુકો અને તોપોથી લડાતી લડાઈ જેવી નથી. એનો ખ્યાલ આપવા સારૂ ત્યાં શાં શાં સાધનો વપરાય છે તે જઈએ. માણસે જાતે પોતાની અક્કલ હોશિયારીનો ઉપયોગ કરી મોટાં મોટાં જબરજસ્ત હથિયારો બનાવ્યાં છે, તે હથિયારો આ લડાઈમાં

વપરાય છે. આજની તોપો જુના વખતની તોપો જેવી નાની નથી. આમાંની કેટલીક તો બહુજ મોટી છે, અને તેને ખેંચવા સારૂ મોટર ગાડીઓ અથવા ઈન્જીનો જોઈએ છે. આવી તોપોમાંથી જે ગોળા છૂટે છે તેનું વજન લગભગ ૬૦ મણ હોય છે, અને તે આઠ દશ માઈલ દૂર જઈ શકે છે. એક આવો ગોળો જમીન પર પડી ફાટે તો ત્યાં સાત આઠ ઘોડા દટાઈ જાય એવો મોટો ખાડો પડે છે. વળી બીજી તોપો હમણાં વાપરવામાં આવે છે, તેમાંથી નાના ગોળા છૂટે છે પણ તે ૬૦ થી ૭૦ માઈલ દૂર જાય છે. દરીઆ પર જે આગબોટો હોય છે તે આગબોટોમાં જે લડાઈની આગબોટો હોય છે તે હવે ઘણી મોટી અને લોખંડનાં પતરાંની બાંધેલી હોય છે. મોટામાં મોટી આગબોટની આસપાસ લોખંડનું પતરૂં ૧૫ ઇંચ એટલે એક હાથ જેટલું જાડું હોય છે. આવી આગબોટોમાં મોટી તોપો હોય છે. જેમાંથી માણસ જેટલા ઉંચા ગોળા છૂટે છે. આ ગોળા બંદુકમાં આવી રહે એટલા મોટા હોય છે. આવા ગોળા વહાણથી પંદર માઈલ ફેંકવા હોય તો સહેલાઈથી ફેંકી શકાય એવી એ તોપ મજબુત હોય છે. ને ઉપરાંત ઝડપથી ચાલતાં નાનાં બારકસો—કુજરો હોય છે, જેમાં સપાટાબંધ પુરે એવી નાની તોપો હોય છે. વળી એવાં કેટલાંક બીજાં બારકસા હોય છે કે જે દરીઆ પર તરે પણ ખરાં, અને દરીઆમાં કુબકી મારીને ચાલે પણ ખરાં. અને સબમરીન કહે છે. આવા સબમરીનોમાંથી જે ગોળા છૂટે તેને ટોરપીડો કહે છે. આ ટોરપીડોમા રૂની બનાવટનો દારૂગોળો હોય છે જ્યારે આ ટોરપીડો સામા વહાણને વાગે છે ત્યારે તે ફટ છે, અને તે વહાણનાં બાજાં પતરાંને પણ તોડી નાખે છે. હાલ જે હાથથી ફોડવાની બંદુકો વપરાય છે તે પણ આપણી જુની બંદુકો કરતાં જુદી જાતની હોય છે. હાલની બંદુકો ઝડપથી ફટી શકે છે, વળી તે ઉપરાંત યાંત્રિક બંદુકો વપરાય છે, જેમાંથી એક મિનિટમાં લગભગ ૬૦૦ ગોળીઓ છૂટે છે. આવી યાંત્રિક બંદુકોથી ગોળીઓનો વરસાદ વરસાવી શકાય. આવી જાતની હાથની બંદુકો, યાંત્રિક બંદુકો, અને તોપો રોજ વપરાય છે. તેને માટે જર્મનીમાં અને ફ્રાન્સમાં ઘમધોકાર કામ ચાલે છે, અને હવે વળી ને ગાલ અમેરિકાથી પણ આવતો થયો છે એટલે આપણે ઘણો સખત માર ચલાવી શકીએ છીએ. આ ઉપરાંત વળી હવાઈ વિમાનોથી પણ લડાઈ ચાલે છે. સારાં બલુનો જે એક જાતની જોવા હોય છે

અને જેમાં હલકો વાયુ ભરે છે તે ઉડાડવામાં આવે છે. આવા સત્તર સત્તર સારા બલુનોને એકઠાં રાખી એક ઝેપેલીન નામનું મોટું બલુન બનાવાય છે. જે વડે હવામાં મરજીમાં આવે ત્યાં જઈ શકાય છે. એ ઝેપેલીન આપણા દુશ્મનો વાપરે છે પણ એથી સસ્તાં અને ઝડપમાં ચાલે એવા એરોપ્લેન એટલે હવાઈ વિમાનો વપરાય છે. આ એરોપ્લેન મંચાકામની બહુથીજ ઉંચે ઉડે છે, તે કલાકના ૭૫ માઈલની ઝડપે ચાલે છે. આ બન્નેમાંથી બોમ્બ ગોળા ફેંકી શકાય છે.

જે લડાઈના આવા ભયાનક શસ્ત્રો વપરાય છે તે લડાઈની ખાસર રણક્ષેત્રમાં રહેલા સિપાઈઓના મન ઉપર કમજ તેની કેવી કેવી સાબણી આપણા મન ઉપર પડી થાય છે. આવા સંજોગો જર્મનો પાસે ઘટતાં જાય છે શાન્તિના વખતમાં જર્મનિમાં યુનાઈટેડ સ્ટેટ માંથી, હિંદુસ્તાનમાંથી અને બીજા દેશોમાંથી ખોરાકની વસ્તુઓ તથા તાણુ વગેરે ગોળાં અને બીજા સંજોગોમાં આવતી ચીજો અને ચામડા વગે જતા હતા, પણ તે આવતા હવે બંધ થયા છે જર્મનોના પોતાના દેશમાં આવો માલ ઘણો થોડો થતો હતો પોતાને ત્યાં થોડા ઘણો જથ્થો ભેગો કરી મૂકેલો તે અને પોતાના દેશમાં દર વરસ પેદા થાય તેમાંથી સાચવીને વાપરતા પણ હવે તે બધુ યા ખૂટી જવા માંડયુ છે, અને જેમ બનતું જાય છે તેમ તે દુઃખ અનુભવ થઈ જશે ત્યાંની વસ્તીમાંના ૧૮ વરસના ઉપરના અને ઘરડા બધા લડાઈમાં રોકેલા અને તે પૈકી અડધા મરી ગયા છે, યા પેલા ઘવાયેલા છે કે જે લડાઈ માટે નકામા છે લાખો આપણા હાથમાં અને આપણા મિત્રોના હાથમાં કેદી તરીકે છે જુવાન માણસો અને ૧૭ વરસના છોકરાઓ હવે તે લશ્કરમાં ભરતી થાય છે આમ બાળકો સુધી લડાઈ લડતા નથી. તે થાકયુ છે તે ઉપરાંત ઓસ્ટ્રિયામાં કાપડનું ખેંચ છે. તેથી જર્મની ને વધારે ચિંતા થાય છે ઓસ્ટ્રિયાને લગભગ બેઠા લડયે મારી હટાવ્યુ છે આપણા લશ્કરમાં તો ઈંગ્લાંડ, ફ્રાન્સ, કેનેડા, ઓસ્ટ્રેલિઆ, આફ્રિકા વગેરે મુલકમાંથી મોટી ઉમરના માણસો આવ્યાજ જતા હતા. હિંદુસ્તાનમાંથી પણ આપણા દેશની આબરૂ બચાવી રાખવા સારૂ હજારો માણસો લશ્કરમાં જોડાતા જાય છે. હવે વળી અમેરિકા લડાઈમાં ઉતર્યું એટલે ત્યાંથી માણસોની રેલમછેલ થવા માંડી છે આજે ૨૦ લાખ ઉપરાંત અમેરિકનો લડાઈમાં ઘુસી રહ્યા છે. બોરાક તો કેનેડા, અમેરિકા, હિંદુસ્તાન,

ઓસ્ટ્રેલિઆ અને દક્ષિણ આફ્રિકામાંથી જેટલો જોઈએ તેટલો આગ્રેજ જાય છે આમ જ્યારે જર્મનોને દરેક ચીજની તાણ છે ત્યારે આપણે ત્યાં અને આપણા મિત્રોને ત્યાં તે પુષ્કળ છે. લડાઈ શરૂ થઈ ત્યારે ફ્રાન્સમાં તો દારૂગોળો અને બીજા સામાન પુષ્કળ હતો; પણ આપણી પાસે તેમ ન હતું, કારણ કે આપણે તો દુનિયા સલાહશાન્તિમાં રહે એમ ઇચ્છતા હતા, અને તેથી લડાઈની તૈયારીજ નહિ રાખેલી, પણ ઇંગ્લાંડમાં ઉદ્યટ, હોંસ, ઉત્સાહ અને જોઈએ તેવાં હથિયાર બનાવવાનાં સાધનો હતાં વરદો અને સ્ત્રીઓએ રાત દવસ મહેનત કરી ધીમે ધીમે જેટલો બધો સરંજામ બનાવ્યો કે પોતાના લશ્કરને તો શું પણ તેણે પોતાના મિત્રોને પણ ઘણે દરજ્જે સામાન મોકલવા માંડયો. લશ્કર સારૂ માણસો ઉત્સાહપૂર્વક આવવા માંડયાં, અને છેવટે ત્યાં ફરેજીયાત લશ્કરી નોકરી થવાથી આજે માણસો ઉભરાઈ જવા મંડયાં છે. હવે આપણા તરફ માણસો પુષ્કળ છે, અને બીજાનું પણ પુષ્કળ છે. આ ઉપરાંત આપણામાં ઉત્સાહ અને ઉમંગ પણ છે એટલે હવે જે વખત જાય છે તે વખતમાં આપણે જીતવાજ જોઈએ, જીતીએ. ગયા ચાર માસમાં તેમના લગભગ ૧૦ લાખ માણસનો ઘાણ નીકળી ગયો છે. તેમના લશ્કરી અમલદારોએ આ વરસમાં જીત મેળવવા ઘણો પ્રયત્ન કર્યો, અને આપણા લશ્કરને પાછું હઠાવેલું, પણ પાછળથી તેમને આપણે મારી હઠાવ્યા છે; અને આજે તેઓ રોજરોજ ચોંડા ગાઉ પાછા પડે છે. લડાઈની શરૂઆતમાં તેમણે પોતાના લશ્કરને બેલ્જિઅમ અને ફ્રેન્ચને એકદમ કચડી હરાવી જીત મેળવી તરત પાછા આવવાનો હુકમ આપેલો, પણ આજે ચાર વરસ થયાં બેલ્જ અંગ્રેજ અને ફ્રેન્ચો તેમને હંફાવે છે. રશિયા પડી ભાંગ્યું છે, પણ ત્યાંના એક પક્ષે પાછું માથું ઉંચકયું છે, અને તેને આપણા મિત્ર જાપાનનું લશ્કર મદદ કરે છે. આમ થવાથી પાછા પૂર્વમાં જર્મનના લશ્કરને દોડવું પડશે, તેથી આપણા વધતા જતા લશ્કર સામે તે ઓછું લશ્કર રાખી શકશે, પણ આ જર્મનો રણસંગ્રામમાં ઘણી ચીવટાઈથી અને હિંમતથી લડે છે તે કંઈ એકદમ નાશી જાય એવા નથી. હજુ ઘણી સખત લડાઈ લડવાની છે. વળી જ્યારે તેઓ હારી પોતાના દેશ તરફ હઠશે ત્યારે પોતાના દેશનાં રક્ષણ સારૂ ઝનુનથી લડશે અને તે વખતે પોતાથી બનતો પ્રયત્ન કરી આપણા લશ્કરની સામે ટક્કર લેશે. આવી વખતે આપણે ઘણો સખત

અયત્ન કરવો પડશે, લશ્કરની ટ્રેજેડીમાં તેમના ઉપર બોજાઓ પડશે, રાત-દિવસ તોપો અને બંદુકોનો મારો ચલાવવો પડશે. આ માટે વધારે માણસોની બહુ જરૂર છે. જેમ માણસો અને વધારે દારૂગોળો તેમ જીત પહેલી; દારૂ-ગોળો પુષ્કળ જોઈશે તે બનાવવા માટે પણ માણસો જોઈશે, અને પૈસા જોઈશે. જો વહેલી લડાઈ પૂરી કરવી હોય, વહેલી જીત મેળવવી હોય, અને આપણી કીર્તિને ઝળહળતી કરવી હોય તો આપણા દેશમાંથી બળવાળા માણસોએ લશ્કરમાં જોડાવું જોઈએ, અને પગારદાર તથા ગરીબ દરેકે પોતાની પાસે તેટલા પૈસા સરકારને ધીરવા જોઈએ. અત્યાર સુધી હિંદુસ્તાને પણ ઘણું કામ કર્યું છે બેગીડોનાઆમાં જીત ખરી આપણાજ લશ્કરની થઈ છે, પણ તેટલેથી બસ નથી આપણા પવિત્ર દેશપર આવી જર્મન જેવી પરદેશી પ્રજા યા તેમના મિત્રો ચઢી ન આવે માટે આપણે જબરો પ્રયત્ન કરવાનો છે. આપણને વળી હથિયાર વાપરતા શીખવાની ગાજે તક આવવામા આવી છે. આપણા મોટા માગણો જેવી તક આપવા દેશેશ રાજ્યકર્તાઓને વીનવતા આવ્યા છે. આજે રાજ્યકર્તાઓએ આ માગણી કબુલ કરી છે. આપણા હજારો ભાઈઓ પોતાના વતનથી દૂર જઈ આપણા દેશની આબરૂ સાચવતા અને આપણી કીર્તિ વધારવા લડે છે, અને ત્યાં મરણ પામે છે, તેમના બદલાદૂર કામોને યાદ કરો, જ્યારે અમેરિકા જેવા દૂર આવેલા દેશો, અને જાપાન જેવા દેશો ન્યાય અને સત્યને ખાતર આપણા રાજ્યકર્તાની પક્ષમાં જોડાયા છે, તો શું આપણે ઈંગ્લાંડ સાથે આવો ગાઢ સંબંધ ધરાવતા હોવા છતાં પણ વધુ પ્રયત્ન નહિ કરીએ? આપણે આપણા દેશની આબરૂ વધારવાની છે, આપણા કુળની આબરૂ વધારવાની છે, આપણા રાજ્યકર્તા તરફના અને આપણા દેશ તરફની આપણી પવિત્ર ફરજો અજવાવાની છે અને જો તેમ આપણે પછાત પડીશું તો આપણા જે ભાઈઓ રણક્ષેત્રમાં પડયા છે તેમના અમર આત્માઓ આપણા તરફ તિરસ્કારથી જોશે, અન્ય દેશના લોક આપણને નીચ, કીચ-કાચા, બાયલા, દેશદ્રોહી, રાજદ્રોહી ગણશે; આપણા પૂર્વજો લાજશે. નાનાં તેમજ મોટાં—સ્ત્રી તેમજ પુરૂષ—દરેકે આજે સખત પ્રયત્ન કરવાનો છે, અને તેમ કરી આપણે આપણી ખરી ફરજ અદા કરવાની છે.

વિગ્રહને લીધે પ્રસિદ્ધિમાં આવેલાં ભવિષ્યમાં યાદ રાખવા લાયક સ્થળો.

(ગયા અંકથી ચાલુ.)

(રા. બી. કે. પટવા. બી. એ. એસ. ટી. સી. ડી.)

બેલ્જીયમ.

લીજ—જર્મનિથી બેલ્જીયમમાં થઈને ફ્રાન્સ જવાના માર્ગ ઉપર કિલ્લો. વિગ્રહની શરૂઆતમાં ૧૯૧૪ના ઓગષ્ટની ૪ થી તારીખથી આ કિલ્લા આગળ બહાદુર બેલ્જીયન સરદાર જનરલ લીમને ફક્ત ૩૦ હજાર માણસોથી આખા જર્મન લશ્કરને સાત દિવસ રોકી રાખ્યું હતું, અને તેથી ફ્રાન્સને તૈયારીનો સમય મળી ગયો હતો, અને એ રીતે એકદમ ફ્રાન્સપર હુમલો કરી પારિસ કબજે કરી ફ્રાન્સને ફટકો મારવાની જર્મન આજ્ઞા રદ થઈ હતી.

મૂર—લીજથી આગળ બીજે મહ. લીજ પછી અત્રે પણ જર્મનોને ૧૯૧૪ના ઓગષ્ટમાં ચ ૨ દિવસ અટકાવ થયો હતો.

શારલેરોય—નામૂરની દક્ષિણે ગામ. બેલ્જીયનોની મદદે જતા ફ્રેન્ચ લશ્કરપર નામૂર જીતીને આગળ વધેલા આખા જર્મન લશ્કરે ૧૯૧૪ ના ઓગસ્ટની ૨૧મી એ અત્રે ઓચિંતો હુમલો કર્યો હતો. વિગ્રહની આ પહેલી લડાઈમાં ફ્રેન્ચોને પાછા હઠવાની ફરજ પડી હતી.

મોન્સ—શાર્લરોયની પાસે ગામ ઉપરની લડાઈ પછી બ્રિટિશ લશ્કર અત્રે ઓચીંતું ખપડાઈ ગયું હતું, પણ જનરલ સોરીમને કુનેહથી લશ્કરને જર્મન ઝટકામાંથી કટાકટીના સમયે બચાવી સહીસલામત ફ્રાન્સમાં પાછું લીધું હતું, અને પછી ઉપર જણાવ્યા મુજબ માર્ન આગળ સપ્ટેમ્બર માસમાં મિત્રલશ્કરે જર્મનોને સખત માર આપી હતી.

યપ્રેસ—બેલ્જીયમની દક્ષિણે ફ્રાન્સની સરહદ પાસે શહેર. આ વિગ્રહમાં સૌથી વધુ મનુષ્યોનો ભોગ લેનારું રણક્ષેત્ર. યપ્રને હંફાવવા માટે જર્મનોને ફ્રાન્સના ઉત્તર કિનારાનો (બાગ કરી। કેલેનો) કબજો મેળવવા માટે આ મથક સર કરવાની જરૂર હતી બ્રિટિશ લશ્કરે તેનો મજબુતીથી બચાવ કર્યો હતો. અત્રે ત્રણ મોટી લડાઈઓ થઈ હતી જે દરેક મહીના સુધી ચાલી હતી. બંનેબાજુએ લાખો જનોના

૧૧૮ વિગ્રહને લીધે પ્રસિદ્ધિમાં આવેલાં ભવિષ્યમાં યાદ રાખવા લાયક સ્થળો.

બોગે મારેલ ટેગના વડાપણા હેઠળ પોતાથી ઘણું મોટું લશ્કર સામે આ મથક છેક સુધી ટકાવી રાખી નામના મેળવી છે. બેલ્જીયન સરકારે આ શહેરનાં ખંડેરો અંગ્રેજ વીરોની યાદગીરી તરીકે બળતી રાખી બીજી જગાપર નવું શહેર વસાવવાનો ઠરાવ કર્યો છે.

ઝીબ્રુગ—આ બંદરને જર્મનોએ બેલ્જીયમ કબજે કર્યા પછી પોતાનું મુખ્ય લશ્કરી મથક બનાવ્યું હતું. બ્રિટિશ દરિઆઈ અને વિમાની કાફલાએ ઘણીવાર આ બંદરમાં બહાદુરીથી ઘસી જઈ દરોડો પાડી લશ્કરી અસબાબને વારંવાર સખ્ત નુકસાન કરી જર્મનોને ઘણા હેરાન કર્યા હતા.

ઉપરનાં સ્થળો ઉપરાંત, ઍંટવર્પનો દરીઆ કિનારાનો કિલ્લો, ઘ્રેસ પાસેનું ડિકસમુડ તથા ઓસ્ટેંડ બંદરને પણ આ વિગ્રહ સાથે સંબંધ છે.

રશિઆ.

વોર્સો—રશિઅન પોલાન્ડની રાજધાની. ત્રણવાર નિષ્ફળ થયા પછી ૧૯૧૬-માં જર્મનોએ તે કબજે કર્યું. ફ્રેંસરની પારિસ, કેલે તથા વોર્સો યોદ્ધા વખતમાં કબજે કરવાની મહત્વાકાંક્ષાઓમાંથી ફક્ત આ એકજ શહેર તે લઈ શક્યો હતો.

પેટ્રોગ્રાડ—યુરોપી રશિઆની રાજધાની. લડાઈ પહેલાંનું જર્મન નામ સેન્ટ પીટર્સબર્ગ બદલીને પેટ્રોગ્રાડ નામ ૧૯૧૪થી થયું છે. આ શહેર તરફ વધવા માટે જર્મનોએ જમીન તથા દરિઆમાર્ગે રાઘગામાં લશ્કર ઉતાર્યું હતું, પણ તે ત્યાંથી આગળ વધી શક્યું ન હતું.

વ્લાડીવોસ્ટોક—સાઇબીરિઆમાં જપાન સામે પીળા સમુદ્ર કાંઠે બંદર. ટ્રાન્સ-સાઇબીરિઅન રેલ્વેનું છેલ્લું સ્ટેશન. રશોજપાન વિગ્રહમાં પ્રખ્યાત થયેલું શહેર. આ વિગ્રહ દરમિઆન મિત્રરાજ્યો અને ખાસ કરીને જપાન આ બંદર મારફતે રશિઆને મદદ મોકલતાં હતાં.

આ સિવાય વહેપાર માટે શ્વેતમમુદ્રમાંનું આર્ખેન્જલ તથા કાળા સમુદ્રમાંનું ઓડીસા બંદર નારંગોળાના કારખાનાં માટે મોસ્કો તથા કીફ, અને કોકેસસ પર્વતની તળેટીના મુલકમાંનાં બાકુ અને બાતુમ બંદરો પણ હવે વધુ જાણીતાં થયાં છે.

બાલ્કન દ્વીપકલ્પ.

ગેલીપોલી—યુરોપી તુર્કીની દક્ષિણે નાનો પહાડી દ્વીપકલ્પ. અત્રે ૧૯૧૫ માં બ્રિટિશ લશ્કર ઉતારી તુર્કીને ચાલુ યુરતીમાં રાખી બીજા રણક્ષેત્રો ઉપર દબાણ ઓછું કરવામાં આવ્યું હતું. પાછળથી મેસેોનિકાનું મથક નક્કી થતા અને અત્રે પુરતી કુતેહ નહિ મળવાથી કેટલીક નુકસાની સહી બ્રિટિશ લશ્કર અત્રેથી પાછુ બોલાવી લેવામાં આવ્યું હતુ.

સેલોનિકા—ગ્રીસની દક્ષિણે બંદર. લડાઈ દરમિયાન આ બંદર કબજે કરી મિત્રરાજ્યોએ પોતાના બાલ્કન લશ્કરનું મુખ્ય મથક અત્રે કર્યું હતુ. સેલોનિકાથી આગળ વધી ધમારો કરી ૧૯૧૮ના સપ્ટેમ્બરમાં બલગેરિઅનોને મહાત કરવામાં આવ્યા પછી દુશ્મન રાજ્યોની પડતી શરૂ થઈ હતી.

નીશ—સર્વિઆની અસલની રાજધાની બલ્કાન-આગ્રેન્ટાઈન (ઈસ્તમ્બુલ) બગદાદ લાઈન પરનું શહેર લડાઈ શરૂ થયા પછી બેલગ્રેડથી ચોથા વખત રાજધાની અત્રે રહી. અને પછી મોનેસ્ટીર લઈ જવામાં આવી. મોનેસ્ટીરનો બચાવ ઘણો વખત કર્યા પછી નિરુપાયે તે કિલ્લો પણ સર્વિઅનોને છોડવો પડયો હતો.

ઉસ્કુબ—સર્વિઆની દક્ષિણે શહેર. અત્રે મિત્રલશ્કરે સેલોનીકાથી ધસી આવી બલગેરિઅન લશ્કરને ઘેરી બલગેરિઆને બીનશરતે શરણે થવાની ૧૯૧૮ના સપ્ટેમ્બરમાં ફરજ પાડી.

ગારીબા—આલ્બિઆનો આલ્પ્સ પર્વતમાંનો ઈટાલી તરફનો પહાડી દુર્ગ. ઈટાલીએ ૧૯૧૭ માં અદ્‌ભુત રીતે પહાડોમાં સુરંગો મૂકી દુશ્મને કબ્જે કર્યો હતો.

ગ્રીસ—મેસેોપોટેમીઆ.

કેસીફોન—બગદાદથી વીસ માઈલ દક્ષિણે એક પ્રાચીન પ્રખ્યાત શહેરના ખંડીએરો. જનરલ ટાઉન્સેન્ડની સરદારી નીચે અત્રે મોટા તુર્કીશ લશ્કરને નાના બ્રિટિશ લશ્કરે સખત હાર આપી હતી.

કુટ-અલ-અમારા—બસરાથી અઢીસો માઈલ ઉત્તરે ટાઈગ્રિસ નદીપર કિલ્લો. અંગ્રેજો તે લીધા બાદ, આગળ વધી રેમાડીનની લડાઈમાં તુર્કોને

હરાવી પાછા ફરતાં અત્રે ઘેરાઈ ગયા હતા. ત્રણ માસ ટકાવ કર્યો પછી તેમને તુર્કોને શરણ થવાની ફરજ પાડી હતી. સાર પછી જનરલ બોડે બ્રિટિશ લશ્કરની સરદારી લઈ કુટ પાછું જીતી લીધું હતું, અને આગળ વધી બગદાદ પણ કબજે કર્યું હતું. પછીથી જનરલ માર્શલ છેક મોસલ સુધી આગળ વધ્યો હતો, અને તેજ વખતે જનરલ એલનબીએ પેલેસ્ટાઈનમાં તુર્કોને સખત શિક્ષા આપી હતી જેથી તુર્કી શરણે આવ્યું હતું.

આસ્ટ્રિઆ-હુંગરી.

સારાજેવો—બોઝનીયા પ્રાંતની રાજધાની. આસ્ટ્રિઆના પાટવી કુમારનું ખૂન અત્રે કોઈ સર્વિઅને ૧૯૧૪ના જૂનમાં કર્યું, અને તે બહાનું લઈ આસ્ટ્રિયાએ સર્વિઆ સાથે લડાઈ જાહેર કરી, અને પછી જર્મનિના કાવત્રાંથી આખું જગત તેમાં ખેંડાવાયું.

લેઇપઝિ—ગેલીસિયા પ્રાંતનું મુખ્ય કિલ્લેબંધી શહેર. લડાઈ દરમિઆન બે વાર આ કિલ્લાને ઘેરો ઘાલી રશિઆએ કબજે કર્યો અને બે વાર આસ્ટ્રિઆએ પાછો જીતી લીધો.

ટ્રીએસ્ટ—આડ્રિઆટિક સમુદ્રમાં આસ્ટ્રિઆનું મુખ્ય બંદર અને હરીઆઇ કાફલાનું મથક આ બંદરપર ઈટાલીએ પોતાનો હક છે એમ જણાવી તેની માગણી કરી જે આસ્ટ્રિઆએ કબુલ નહિ રાખવાથી ઈટાલીએ આસ્ટ્રિઆ સામે લડાઈ જાહેર કરી.

જર્મનિ.

ટેનનબર્ગ—પૂર્વ પ્રશિયામાં શહેર. ૧૯૧૪ માં અહિં આગળ જર્મન જનરલ હીન્ડનબર્ગે રશિઅનોને હરાવ્યા હતા.

ઍસેન—પ્રશિયાના રહાઇન નદીના પ્રદેશમાં શહેર. અત્રે પ્રખ્યાત ક્રપ કંપનિનાં દુનિઆમાંનાં મોટામાં મોટાં તોપો તથા દારૂગોળાનાં કારખાનાં છે.

કીલ—ઉત્તર સમુદ્રમાં પડતું બંદર. આ બંદરથી બીજી બાજુએ બાલ્ટિક સમુદ્ર સુધી આરપાર ડેનમાર્કની દક્ષિણેથી એક નહેર બાંધવામાં આવી છે તેને કીલકિનાલ કહે છે તે ઉત્તર અને બાલ્ટિક સમુદ્રને જોડે છે. આ નહેર જર્મન નૌકાસૈન્યનું મુખ્ય મથક છે, અને આ જર્મન નૌકાબળ સુરક્ષિત નિર્ભયપણે રહી શકે છે.

દરિઆઈ મથકો.

ફોકલેન્ડએટો—દક્ષિણ અમેરિકાની દક્ષિણે. ૧૯૧૪ના ડિસેમ્બરમાં અત્રે થયેલી પહેલી દરિઆઇ લડાઈમા જર્મનીનાં પાંચ વહાણો નાશ પામ્યાં હતા અને બાકીનાને નુકસાન ખમી નાંમવુ પડયુ હતું

હેલીગોલાંઠ—જર્મનિની વાયવ્યમા ટાપુ ૧૯૧૬ માં બીજું દરિઆઈ યુદ્ધ આ જગા પાસે થતાં ફરીથી જર્મન નૌકાસૈન્યને સખત હાર ખમી હતી

જટલાંડ—ડેન્માર્કના કિનારા આગળ આ વગ્રહનું નિર્ણયાત્મક મોટામા મોટુ અને છેલ્લું દરિઆઈ યુદ્ધ થયુ હતું તેમાં જર્મનિને ૨૦ વહાણોના ભયકર નુકસાન સાથે સખત હાર ખમવી પડી હતી અને તેનું આખુ નૌકાદળ નષ્ટ થતાં ધુમસને લીધે સહજમાં બચી ગયું હતુ ત્યાર પછી જર્મન નૌકાઓએ દરિઆમાં આવવાની હિંમત લડાઈ દરમિયાન કરી નથી

કયાઉચાઉ—ચીનમાં પીળા સમુદ્ર ઉપર લડાઈ પહેલાનું જર્મન તાબાનું બદર ૧૯૧૪ ના ડિસેમ્બરમા જપાને તેને ઘેરો ઘાલી કબજે કર્યું છે.

ક્રોકોમ—અથવા કી ીગ ટાપુઓ હિંદીમહાસાગરમાં સિલોનથી આસ્ટ્રેલિયા જતા મધ્યમા દક્ષિણ પરવાળાના બેટ હિન્દુસ્તાનમા ૧૯૧૪ મા પ્રખ્યાત થયેલી ઓમડન નામની કુજરને અત્રે સપડાવી પકડવામાં આવી હતી

સ્વોધ્ય શિક્ષણનાં સત્યો.

(ખરૂ–ગ પી ડી બ્યાસ, બી એ, એસ ટી સી ડી)

નૈસર્ગિક પ્રવૃત્તિઓને સાધનરૂપ સ્વીકારી શૈશવાસ્થામાંથીજ ચારિત્ર ઘડવું, શરીર કેળવવુ, અને મનનો વિકાસ કરવો, એ શિક્ષણનો હેતુમા હેતુ ઉદ્દેશ છે

શિક્ષકને સુવિદિત હશેજ કે બાળકને શિક્ષણ આપવામાં જેટલો ભાગ ક્રિયાત્મક હશે તેટલો ભાગ શિક્ષણની દૃષ્ટિએ વધારે લાભદાયી થશે,

કારણ ક્રિયાદ્વારા બાળકોનું જ્ઞાન, દૃઢ થાય છે, અને એ દૃઢ થએલું જ્ઞાન સચવાઈ રહે છે.

બરી રીતે જોતાં બાળકમાં શક્તિઓનો વિકાસ થતો જોવામાં આવે છે તે બાળકના સ્વપ્રયત્ન વડેજ, અને એ સ્વપ્રયાસની રેવ બાળકમાં વધારે ને વધારે આવતી જાય એ શિક્ષકે જોવાનું છે; બાળકમાં ક્રિયાશક્તિ ઉદ્ભવતી એ શિક્ષકનું કર્તવ્ય છે. શિક્ષક માત્ર માર્ગ સૂચવવો પણ બાળકનું કામ જાતે કરી દેવું નહિ.

બાલ્યાવસ્થાથીજ શુભ સંજોગોનો લાભ લઈ, તેવા સંજોગો ઉભા કરી બાળકને ઉત્તમ તાલીમ આપવી, અને તેનું ઉત્તમ ચારિત્ર ઘડવું, એ માબાપ તેમજ શિક્ષકનું કર્તવ્ય છે; એ ઉત્તમ શિક્ષણવડે યોગ્ય વયે પોતાની ફરજને બરાબર અદા કરી શકશે; અને એજ જીવનનું સાફલ્ય.

કરેણી કરતાં રહેણી કે કરણી માનવ જાતને વધારે લાભદાયી છે.

શું એ જણાવી વાત નથી કે શિક્ષણશાસ્ત્રનાં પાનાંઓની હજારવાર હેરફેર કર્યા છતાં શિક્ષકને પોતાના ધંધાનું જ્ઞાન તો શીખવવાથીજ મળે છે! એજ પ્રમાણે ક્રિયાશક્તિનો વિકાસ ક્રિયાવડેજ થઈ શકે છે; જેમ અવયવોની વપરાશ અવયવોને બળવાન બનાવે છે.

પુસ્તકો વાંચીને કે બીજાઓને સાંભળીને જે શિક્ષણ મળે છે તેના કરતાં શુભ આત્મપ્રયાસવ મળેલુ શિક્ષણ વધારે દૃઢ, વધારે લાભદાયી અને શક્તિઓના વિકાસના કારણરૂપ છે.

વિચારોને સ્વરૂપ આપવું, એ શિક્ષણની ચાવી છે. આવું શિક્ષણ આપવાના સાધનરૂપ ગણાતા વિષયોમાં ફ્રોબેલની ગણના છે.

* કાગળનું કામ.

જુદી જુદી જાતના અને જુદા જુદા રંગના કાગળોના ઘાટ ઘડી ક્રિયાશક્તિનો વિકાસ કરવો એ ફ્રોબેલ શિક્ષણનો હેતુ.

---

* વિશેષ વીગત માટે મારા મિત્ર મિ. દેવકરનો લેખ જુઓ વસન્ત. માઘ. સંવત્ ૧૯૭૪. અંક ૧.

પ્રાથમિક સ્લોઈડ પાઠની નોંધ.

નીચેના પાઠની નોંધ માત્ર "બાહ્યલેખા" રૂપે સમજવી. શિક્ષકની શક્તિ (અનુભવ, જ્ઞાન, સમયસૂચકતા વગેરે ગુણો) પ્રમાણે પાઠની ખૂબી વધે છે.

પ્રસ્તાવના.

ઈ. સ: ૧૯૧૯ ની સાલથી પ્રાથમિક શાળાઓ માટે સ્લોઈડનો અભ્યાસક્રમ ગોઠવવામાં આવ્યો છે, તે પ્રમાણે ધો. ૪થામાં અભ્યાસક્રમ શરૂ કરતાં પહેલાં, સ્લોઈડ શિક્ષણમાં વપરાતાં સાધનો અને એ શિક્ષણને અંગે બીજી કેટલીક બાબતો તરફ લક્ષ આપવાની જરૂર છે.

સામાન્ય રીતે ત્રીજા ધોરણ સુધીમાં સ્લોઈડમાં વપરાતાં સાધનો જેવાં કે સેટસ્કવેર, કમ્પાસ, ફૂટપટ્ટી, વગેરેથી બાળકો અજાણ્યા હોય છે; તો અભ્યાસક્રમ પ્રમાણે પ્રથમથીજ કામ શરૂ કરી દેવામાં ઘણી ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે. આ મુશ્કેલીઓ દૂર કરવા માટે કેટલાક પ્રાથમિક પાઠો આપવાની જરૂર છે.

પાઠ સંબંધી કેટલીએક સૂચનાઓ. (બધી સૂચનાઓ આપવી એ અશક્ય છે.

પાઠ શરૂ કર્યા પહેલાં:—

(૧) સારી હવા અને પ્રકાશવાળો ઓરડો.

(૨) વિદ્યાર્થીઓને યોગ્ય બેઠકો આપવી, ને તે કાયમ માટે બેઠક આપવામાં આંખના દોષો, ઉંચાઈ નિચાઈ વગેરે જોવાં; તેમજ હાથ આમ તેમ વગર અડચણે ફેરવી શકાય એટલે દૂર વિદ્યાર્થીઓને એક બીજાથી બેસાડવા.

(વિદ્યાર્થી દીઠ એક ટેબલ અને એક સ્ટૂલ બેઠક હોય તો ઉત્તમ.)

(૩) પાટીઉ સ્વચ્છ અને યોગ્ય જગાએ રોવું જોઈએ.

(૪) શિક્ષકનું મેજ બહુ દૂર ન જોઈએ; (વિદ્યાર્થીઓ મેજ ઉપરની વસ્તુઓ બરાબર જોઈ શકે તેટલે દૂર.)

સાધનો. (શરૂઆતના બોડમાં.)

(૧) પુઠપટ્ટી. "૧૨" ની 'લંબાઈની' બાજુ છે-તેટલી. (બહેરખમગરવાળી પૂઠપટ્ટી ન લેવી.)

(૨) કાગળની પટ્ટીની જોડ. દરેક પટ્ટી ૧૨ "× ૧" આ પટ્ટીઓ રંગીન પાતળા કાગળની હોય તો વધારે સારું, નહિ તો ધોળા ચિનાઈ કાગળની પટ્ટીઓ ચાલશે.

(૩) વિદ્યાર્થીઓ માટેની પટ્ટીની જોડ અને એક જોડ શિક્ષક માટે, એવી રીતે જોડેની કાગળની પટ્ટીઓ પોતાના મેજ ઉપર શિક્ષકે વ્યવસ્થાપૂર્વક મૂકવી.

સૂચના—પુઠપટ્ટી અને આ પટ્ટીઓ મેજ ઉપર સમાન્તરે આડી ગોઠવવી.

(અપૂર્ણ.)

"ખ્રિસ્તી તહેવારો."

(શેષ લાજરસ, ચોટાણુ)

પ્રસ્તાવના—રાજકિય ફેર તથા ધર્મક્રાન્તિના પ્રભાવે પણ ભાષામાં નવીન શબ્દો પ્રવેશ પામી શકે છે. આપણા દેશ પર નામદાર અંગ્રેજ સરકારની સત્તા પ્રવર્ત્તમાન છે, ને તેઓ ખ્રિસ્તી ધર્મના અનુયાયી છે, જેથી આપણી શાળાઓ તથા બીજી સરકારી સંસ્થાઓમાં ખ્રિસ્તી તહેવારો (Holidays) ફરજીયાત રીતે પાળવામાં આવે છે. કિન્તુ કેટલાકો તે તહેવારોની ઉત્પત્તિ તથા તે દિવસો શા માટે પવિત્ર ગણાય છે, વગેરે બાબતોથી અજાણ માલમ પડે છે. અત્રે તેનું ટુંક વર્ણન આપવું ઉપયોગી ધારું છું.

દરેક પ્રજામાં અમુક અમુક તહેવારો પાળવાનો વહીવટ અતિ પ્રાચીનકાળથી ચાલ્યો આવે છે. ખ્રિસ્તી લોકો ફક્ત બેજ જોડ તહેવારો પાળે છે. એટલે (૧) નાતાલ અને (૨) ગુડફ્રાઈડે તથા ઈસ્ટર.

(૧) નાતાલ—નાતાલ શબ્દ પોર્ટુગીઝ ભાષાનો છે. જે રોમન કેથોલિક ખ્રિસ્તીઓની મારફતે આપણા દેશમાં આવ્યો છે. લાટિન Natus (=Born) 'નાટસ' શબ્દ પરથી નાતાલ શબ્દ વ્યુત્પન્ન થયો છે. જેનો

અર્થ ફક્ત જન્મતિથિ—વર્ષગ્રંથિ એટલોજ થાય છે. પણ આમઃ ભગવાન્ ઈસુખ્રિસ્તની જન્મતિથિ માટેજ તે રૂઢ શબ્દ થઈ ગયો છે. અંગ્રેજીમાં એને Christmas કહે છે. જેનો અર્થ "ખ્રિસ્તી મહ" એવો થાય છે. આ તહેવાર ડિસેમ્બરની તા. ૨૫ મીએ પાળવામાં આવે છે. કારણ, ખ્રિસ્તી લોકોની માન્યતા પ્રમાણે ઉક્ત તારીખે ભગવાન્ ઇસુખ્રિસ્તનો જન્મ (અવતાર) થયો હતો. સદર્હુ દિવસે ખ્રિસ્તી લોકો સારાં સારાં કપડાં પહેરી દેવળોમાં પ્રાર્થના કરવા જાય છે. ગાયનો ગાય છે, વાજંત્રો વગા છે, ને એક બીજાને સારી સારી ભેટો આપે છે, જેમાં "ક્રીસ્ટમસ કેક" તથા 'ક્રિસ્ટમસ કાર્ડ' પ્રધાનત્વ ભોગવે છે. વસ્તુતઃ દુનિયાના દરેક ધર્મવાળાઓ પોતાના પવિત્ર પેગમ્બરો તથા મહાન્ ભગવાનોની જયંતી ઉજવે છે; આ પ્રચાર કંઈ નવીન નથી.

નાતાલનું અસલ નામ Yule (યુલ) છે. અંગ્રેજીમાં વળી no e (નોએલ) શબ્દ પણ નાતાલને માટે વપરાય છે.

(૨) ગુડફ્રાઇડે અને ઈસ્ટર—સદર્હુ બન્ને અંગ્રેજી શબ્દ છે. Good Friday =શુભ શુક્રવાર એને સારૂ કહેવાનું કારણ એવું છે કે, ભગવાન્ ઇસુખ્રિસ્તે જગતના ઉદ્ધારાર્થે ઉક્ત દિવસે પોતાના મુલ્યવાન દેહનું અર્પણ કર્યું હતું—વધસ્થભ (Cross) પર દેહાન્ત દુઃખની સજા ભોગવી પોતાનો પ્રાણ અર્પણ કર્યો હતો ને ભવિષ્યવાદ પ્રમાણે ત્રીજે દીવસે એટલે રવિવારે કબરમાંથી પુનરુત્થાન (resurrection) પામીને તેજ શરીરથી સ્વર્ગે ગમન—પ્રયાણ કર્યું હતું તે દિવસને ઈસ્ટર કહે છે.

ઈસ્ટર એ શબ્દ East (ગ્રીક Eas=)The dawn એટલે પૂર્વ દિશા, શબ્દ પરથી અને સંસ્કૃત ઉષસ્ પરથી વ્યુત્પન્ન થયો છે Ostara પ્રકાશ કે વસંતઋતુની દેવી માટે, એપ્રિલ માસમાં એક તહેવાર પાળવામાં આવતો હતો. અને તેથી આખા મહિનાનું નામ Easter month કહેવાતું હતું. એપ્રિલ શબ્દ લાટિન Aprieus = Summer પરથી ઉપન્યો છે.

યાહુદી લોકો તેમના યાહુદી વર્ષની શરૂઆત થયા પછી જે માસની ૧૪ મી તારીખ પહેલી આવે તે દિવસે તે તહેવાર પાળતા હતા. આ તારીખે ચંદ્ર કરીને પૂર્ણચંદ્ર (પુનેમ) હોય. વસ્તુતઃ સૂર્ય મેષ રાશિમાં આવે અને વસંતઋતુ શરૂ થાય, ત્યાર પછી પહેલીજ પુનમે આ તહેવાર કરવો એવો

બેમનો ધારો હતો. કેટલાકે એવો મત ઉઠાવ્યો કે ૧૪ મી તારીખેજ નહિ રવિવારેજ આ તહેવાર પાળવો જોઈએ, તકરાર વધી પડી. જેથી છેવટ ઈ. સ. ૩૨૫ માં નીસ શહેરમાં ખ્રિસ્તી ધર્મગુરુઓની મહાન સભા ભરવામાં આવી તેમણે ઠરાવ્યુ કેઃ—

(અ) ઈસ્ટરનો તહેવાર રવિવારેજ પાળવો.

(બ) પાસ્કલ મહિનાની ૧૪ તારીખ પછી આવતો પ્રથમ રવિવાર લેવો

(ક) જે ચાંદ્ર માસની ૧૪ મી તારીખ સૂર્યને વિષુવબિંદુમાં આવવાને દિવસે કે તે પછી પહેલીજ આવે તેને પાસ્કલ માસ સમજવો.

(ડ) સૂર્ય માર્ચ માસની ૨૧ મી તારીખે વિષુવબિંદુમાં આવે છે એમ સમજવું.

આ ઉપરથી જણાશે કે નાતાલની પેઠે ઈસ્ટરની નક્કી તારીખ નથી. ફક્ત "એપ્રીલ મહિનો" એટલુજ નક્કી છે. પણ તે તારીખ ઠરાવવામાં ગોષબિંદુની તારીખ, ચાંદ્ર માસની તારીખ, વાર અને સૌર વર્ષની શરૂઆત, વગેરે બાબતોની ચોકસ ગણતરી પર ધ્યાન આપવું પડે છે. તેટલા માટે અંગ્રેજી કેલેન્ડરોમાં તેનો નિર્ણય થાય છે. આપણા પંચાંગ પરથી ઈસ્ટરનો તહેવાર નક્કી કરવાની સરળ રીત એ છે કે, ૨૧ મી માર્ચ (વિષુવબિંદુના ચંદ્ર) પછી, જે પ્રથમજ પુનેમ આવે તે પુનેમ પછીનો રવિવાર તે ઈસ્ટર, અને તે સપ્તાહનો શુક્રવાર તે ગુડફ્રાઈડે સમજવો.

કન્યાશાળામાં શિક્ષણ લેનારી બહેનોને શિખામણ.

(લેખક—સૌ. કૃષ્ણાગૌરી હિરાલાલ વિદ્યારામ રાવળ. મુખ્ય શિક્ષક–વિક્ટોરિયા જુબિલિ કન્યાશાળા. ગુધ-રામપુર–રેવાકાંઠા.)

૧ સવારમાં વહેલાં ઊઠવું, અને સારી રીતે દાતણ કરવુ.

૨ હાથે પગે નખ વધવા ન દેતાં યોગ્ય સમયે નખ લેવડાવતાં રહેવું.

૩ શરીરના તમામ ભાગો ઉપરથી મેલ ઉતારી નિત્ય નહાવું, તથા ગરમીના દિવસોમાં બની શકે તો બે વખત નહાવું.

૪ માથાના વાળ મેલા થવા ન દેવા, ચોટલો ચોળતાં રહેવું તથા હમેશાં સવારમાં ચોટલો વાળવો. અને હિન્દુ બહેનોએ કપાળે ચાંલ્લો કરવો.

૫ રજના દિવસોમાં લૂગડાં ફાટયાં તુટયાં હોય તે સાંધીને દુરસ્ત કરવાં, તથા સાબુથી ધોઈને સ્વચ્છ રાખવાં.

૬ પ્રાતઃકાળે નહાયા પછી સ્વચ્છ વસ્ત્રો પહેરી થોડીવાર પ્રભુ પ્રાર્થના (ઈશ્વરભક્તિ) કરવી.

૭ હંમેશાં નિશાળના વખત પહેલાં પા કલાક પહેલાં હાજર થઈ જવું. અને બહુ જરૂરના કામ સિવાય ગેરહાજર રહેવું નહિ. જ્યારે ગેરહાજર રહેવાની જરૂર પડે ત્યારે બનતા સુધી અગાઉથી શિક્ષકની રજા મેળવવી.

૮ દરેક શનિવારે (અથવા આઠઆઠિઆમાં એક દિવસ) પોતાના ઘરનું નવું અથવા જુનું સોયકામ લાવી તે કામનો વિશેષ અનુભવ મેળવવો. અને એ રીતે ઘરનું કામ કરી માબાપનો પોતાના પ્રત્યે તેમજ શાળા તરફનો પ્રેમ વધારવો,

૯ શિક્ષણ લેનારી બહેનોએ બનતાં સુધી કાંચળી કે ચોળી ના પહેરતાં હંમેશાં કબજા અથવા પોલકાં પહેરવા નિયમ રાખવો. પોલ્કાની બાંહો ટુંકી ન રાખતાં ઘટિત રીતે લાંબી રાખવી એ સભ્યતા ભરેલું છે. શાળાના વખત બહાર માબાપને હંમેશાં ઘર કામમાં તથા નાનાં ભાઈબહેનને સાચવવામાં મદદ આપવી; કે જેથી તેઓ ખુશી થઈને કન્યાઓને વખતસર નિશાળે મોકલે.

૧૦ શાળાનો અને ઘરનો વખત આળસમાં કે નકામી વાતોમાં ન ગુમાવતાં દરેક કન્યાએ પોતાનો અભ્યાસ પાકો કરવા તરફ વિશેષ ધ્યાન આપવું.

૧૧ શાળાના શિક્ષકો તરફ પૂજ્યભાવ અને પ્રેમ રાખી તેમની દરેક આજ્ઞા પાળી તેમને માન આપવું.

૧૨ પોતાના શિક્ષક કે માબાપ બોલાવે ત્યારે કેળવાએલાં પારસી કુટુંબોનાં બાળકોની માફક 'જી' શબ્દનો ઉચ્ચાર કરી "હા, જી" "ના જી" કહી ધીમેથી મિઠાશથી વાત કરવાની ટેવ પાડવી.

૧૩ શિક્ષણ લેનારી મોટી વયની બહેનોએ સારી રીતે યાદ રાખવું કે હીરા, મોતી અને સુવર્ણ આદિના અલંકારોથી શરીર શણગારવું તેના કરતાં વિદ્યા અને સદ્‌ગુણ રૂપી અલંકારથી સુશોભિત થવું એ વિશેષ ઉત્તમ છે.

ચૈત્રી વર્ષ અને ચક્રવર્તી રાજા શાલિવાહન.

(લેખક–સૌ. માણેકબાઈ કલ્યાણજી કવિ–રાજકોટ.)

ગુડી પડવો, હુજદ કંકુ અને ત્રણ મહાવ્રત.

હાલ આપણે સંવત્સરનાં* મુખ્ય ત્રણ વર્ષ ગણીએ છીએ. ખ્રિસ્તીનું, વિક્રમનું, અને શાલિવાહનનું. ખ્રિસ્તી જનુઆરિથી, વિક્રમ કાર્તિકથી અને શાલિવાહન ચૈત્ર માસના આરંભથી શરૂ થાય છે. શાલિવાહન અથવા ચૈત્રી વર્ષનો મહિમા આપણી ભણી (ગુજરાત કાઠિઆવાડમાં) બહુ ઓછો છે, પરંતુ ૯ જનવર્ષના ઘણા ભાગમાં તે એક મ્હોટા ઉત્સવ અથવા પર્વ તરીકે ઉજવાતા.

શાલિવાહન અને વિક્રમના શકમાં ૧૩૫ નો અંતર છે, એટલે આપણો તરફ ચાલતો વિક્રમ સંવત્ ૧૯૭૫ છે. ત્યારે દક્ષિણ ભણી અથવા દક્ષિણી રાજ્યમાં ચાલતા શાલિવાહન શકનું આજે ૧૮૩૬ મું વર્ષ ઉતરી ૧૮૪૦ મુ બેસે છે. આ બેસતા શકના આરંભથીજ (ચૈત્ર પ્રતિપદાથીજ) પ્રથમ કલ્પ, યુગ, વર્ષ ચાને માસની ગણત્રી થઈ એવું વિદ્વાનોનું માનવું છે.

પુરાણકાર જણાવે છે કે શ્રી રામચંદ્રજીએ ચૌદ વર્ષ વનવાસ ભોગવી આજે સીતાજી સહિત પોતાની રાજધાનીમા પ્રવેશ કર્યો ને અયોધ્યાની પ્રજાએ તેની ખુશાલીમા મોટો ઉત્સવ કરવાથી એ દિવસ વર્ષનો પ્રથમ દિવસ ગણાયો વળી બ્રહ્માએ આજેજ સૃષ્ટિ નિર્માણ કરી. વસુ નામનો રાજા તપ કરી આજે ઈંદ્રપદ પામ્યો, ને નગર બ્રહ્મે વસ્ત્રાલંકારના દાન દીધાં, તેથી આ દિવસ સર્વોત્તમ છે.

આ વર્ષની પ્રતિપદાને સાડાત્રણ મુહૂર્તમાંનું એક ગણવામાં આવ્યું છે, પણ તેમાં કાંઈક મતભેદ છે કેમકે કેટલાકો પ્રથમપદે પુનેમને પડવો એટલે હોળીનો પડવો મુખ્ય ગણે છે ને કેટલાકો ગુડી પડવો મુખ્ય માને છે. તે સંબંધી વળી આમ્ય લોકોમાં કહેવાય છે કે,—

---

* જૈનોનું સંવત્સર પર્વ, પર્યુષણ અથવા પજુસન નામે પ્રસિદ્ધ છે. તે ભાદરવા સુદિ ચોથ પાચમથી શરૂ કરી પુનમ સુધી ચાલે છે, એટલે તે દિવસ પ્રતિક્રમણ કરી, પાછલા વર્ષમાં થયેલા કાયિક, વાચિક, માનસિક દોષો સંબંધી જનોને ભેટી ક્ષમા માગે છે. પ્રાંતભેદે આ ચાલ કેટલાકો વિક્રમ વર્ષ કાર્તિક સુદિ એકમે ને કેટલાકો ચૈત્રી પ્રતિપદા પાછી એકબીજાને હળીમળી છે, તેને ખમાવવું કહે છે.

પુનેમનો પડવો, અમાસની બીજ;
વણ પુછ્યું મુરત, તેરસ ને ત્રીજ.

ભાવાર્થ:—પડવો હોળીનો અથવા ચૈત્રી (ગુડી પડવા) કાર્તિકની એટલે ભાઈબીજ ધનતેરશ અને અખાત્રીજ એ સર્વે મુહૂર્તમાં શ્રેષ્ઠ જાણવાં.

હોળીના પડવે ચાલતી ધિંગામસ્તી જોતાં તેને શુભ મુહૂર્ત ગણવાને બદલે ગુડી પડવાને તે સ્થાન આપવું ઉચિત છે કેમકે દક્ષિણી લોકો તે દિવસ પોતાના ઘરો સન્મુખ ધજા, કળશ બાંધી મોટો ઉત્સવ કરે છે, સવારમાં વહેલાં ઊઠી, ન્હાઈ ધોઈ સારાં વસ્ત્ર પહેરી દેવદર્શન જાય છે. એકમેકને હળે મળે છે ને મિષ્ટાન્ન જમે છે. એ ઉપરાંત વળી પુષ્પગુચ્છ એટલે લીમડાનાં કુણાં પાંદડાં તથા અશોકની કળી ખાવાનો ચાલ છે કેટલાકો લિંબડાનાં કુણાં પાંદડામાં મરી, ગોળ, હિંગ તથા સુવા એકઠાં કરી ખાય છે અને એ પણ એક ધર્મવિધિ ગણાય છે. પણ જુના કાળમાં અને ખાસ કરી વૈદક ગ્રંથમાં લિંબડાનું વર્ણન કરતાં કહ્યું છે કે પૂર્વે મોટા ઋષિ મુનિઓ લિંબ ભક્ષણથી નીરોગી રહી યોગાભ્યાસ કરતા. આરોગ્ય, બળ બુદ્ધિ અને તેજ વૃદ્ધિ તેથીજ થાય છે. એ સુંદર તેમજ ગુણકારી વૃક્ષ, આ વસંત ઋતુમાંજ નવપલ્લવ બને છે ને કુદરતી રચનામાં મોટો ફેરફાર થાય છે.

નવી કેળવણી અથવા નવી પ્રવૃત્તિને લીધે જેકેટલા પ્રાચીન વિધિઓનો ભાવાર્થ આપણે સમજતાં નથી, અને કેટલીક તો તેથી નષ્ટપ્રાય થઈ ગઈ છે. તેમ છતાં ગુડી પડવા જેવી પવિત્ર તિથિઓ અને તે સંબંધી જે વિધિ અદ્યાપિ જળવાઈ રહી છે તેનું માન વાજબી રીતે રાખીએજ ઘટે છે. આ ચૈત્ર માસમા ખાસ પ્રતિપદાને દિવસેજ નહિ પણ આખા મહિનામાં ચાલતી "દક્ષિણી લોકોની હળદ કુંકુની વિધિ આપણું ખાસ ધ્યાન ખેંચે તેવી છે. હળદ કુકુ એટલે હળદર કુંકુ, ટોપરૂં તથા દ્રાક્ષ મેળવી તૈયાર કરેલી પ્રસાદી. આ પદાર્થ સંતાન પ્રાપ્તિ અર્થે દેવને નૈવેદ્ય દાખલ અર્પણ કરવામાં આવે છે. જે દિવસે એ ક્રિયા કરવાની હોય તે દિવસે સાંજે સ્ત્રીઓ પોતાના સગાંને ઘેર જાય છે અને તેમને ત્યાં પણ એ વિધિ કરતાં ગૌરીનાં ગીતો ગાવામાં આવે છે. કોઈ તેને ગૌરીપૂજન+ પણ કહે છે. આ પ્રસંગે જે

+ ભાદરવા મહિનામાં જે ગૌરીપુજન થાય છે તે તમામ કુમારિકાઓ કરે છે એટલે આ ગૌરીપૂજન તેથી જુદુંજ છે.

કુમારિકાઓ વ્રત કરતી હોય તેની કને તેના પતિનું નામ બધી સ્ત્રીઓ વારા ફરતી બોલાવે છે આ બીના અર્થ સૂચક લાગે છે, કેમકે આપણી પેઠે દક્ષિણીઓમાં પણ વરનું નામ નહિ લેવાની મર્યાદા હોવાથી તે નામ ઉખાણામા ગોઠવી બોલે છે, જેમકે —

कोणाला मिळला माणक, कोणाला मिळला मोती!
शंकर सारखा रत्न, पार्वती चे हाती.

ધર્મશાસ્ત્રમા મુખ્ય જે સર્વમાન્ય ત્રણ વ્રત કરવાના કહ્યા છે, તેમાં (૧) આરોગ્ય પ્રતિપદ—શરીર સભાળવાનું, (૨) વિદ્યાવ્રત—વિદ્યાકળા શીખવાનુ તથા (૩) તિથવ્રત ઈશ્વરપ્રાપ્તિનુ સૂચન કરે છે માટે શરીર સાચવી વિદ્યા શીખીએ તો ઇચ્છિત સંપત્તિ પ્રાપ્ત થાય આરોગ્ય વિષયમાં આપણે અતિ અજ્ઞાન અને બેદરકાર હોવાથી જ્યાં ત્યા માંદગી અને નબળાઈની ફરિયાદ ચાલુ છે, અને આપણી પ્રજા અલ્પાયુષી બની ગઈ છે. આ વિષયમા વાચકવર્ગે ખાસ લક્ષ આપી બાળલગ્ન અટકાવી ઘરગથ્થુ વૈદું શીખવાની તથા ખાનપાનમા નિયમિત રહી તબીયતને અનુકૂળ ઋતુ ઋતુના ખોરાક ખાવાની તથા બ્રહ્મચર્ય પાળવાની ખરીજ જરૂર છે બીજુ વિદ્યાવ્રત કહ્યું તેમાં તો સર્વ વ્રતોનો સમાવેશ થાય છે, કેમકે વિદ્યાહીન મનુષ્ય જ્ઞાનચક્ષુ વિના કેવળ ચર્મચક્ષુથી વિશ્વનુ યથાસ્થિત અવલોકન કરી શકતો નથી, તેથી અધોગતિને પામે છે. માટે એ સદ્વિદ્યાવ્રત પાળવા સર્વેએ યથાશક્તિ શાસ્ત્ર અને સત્સંગનું સેવન કરવુ આવશ્યક છે હાલ કેળવણીનો પ્રસાર થયેલો છે, પણ આપણને જે કેળવણીની જરૂર છે, તે મળશે ત્યારેજ આપણા કહેવાતા કેળવાયના કુટુંબોની સ્થિતિ સુધરશે, ખલી ટાપટીપ અથવા ફેશનમાં પડવાથી કેળવણી વગોવાય છે, કેમકે એવા ફેશનેબલ લોકોનો મોટો ભાગ અપ્રમાણિક, આળસુ, અને બીજાનુ બગાડી પોતાની ઉન્નતિ ઇચ્છનારો જણાય છે ત્યારે તેથી અત્યંત દુઃખ ઉપજે છે માટે સાદાઈ અંગીકાર કરી સંપત્તિના પ્રમાણમા સંસાર ચલાવી ને યથાશક્તિ લોકોપકાર કરવો, એજ ઇષ્ટ છે આ ઉપરાંત ત્રીજુ તિથવ્રત, બળ, પરાક્રમ અથવા ઐશ્વર્યની પ્રાપ્તિ સૂચવે છે, પણ તે વ્રત ન્યાયે ઉપર કહેલા આરોગ્ય અને વિદ્યાવ્રત પ્રાપ્ત થાય ત્યારેજ બની શકે. વાસ્તે સત્ય સુખ મેળવવાની ઇચ્છા રાખનારે સારી રીતે તનમનનું રક્ષણ કરી એવી વિદ્યા શીખવી કે જેથી પ્રમાણિકપણે મનોરથ પરિપૂર્ણ થાય

આ બધુ મનના આરંભનો નવીન શક સંવત્સર એ સારો સમય છે. ગમે તે હેતુથી એ મુકરર કરવામાં આવ્યો હોય, પરંતુ મહત્વનો છે, એમા તો શક નથી. એકમેકને પ્રેમપૂર્વક મળવું, ગત વર્ષમાં જે સારાં કૃત્ય થયાં હોય તે સંભારી તેમાં વૃદ્ધિ કરવી, નઠારાથી દૂર રહેવું, અને નવા વર્ષની આબાદી માટે ઈશ્વરપ્રાર્થના કરવી એ શુ થોડી અગત્યની બાબત છે? કેવળ જીવનકળા અથવા વયના વધારાથી સચવાતુ નથી પણ જે દિવસ આપણે હાથે કે આપણી મારફત એક પણ સુકૃત્ય થયું હોય તેજ દિવસ અને તેજ ઘડી સફળ જાણવી, અને છેવટ તેનીજ ગણના કરવાનો નિયમ બાંધીએ તો વારંવાર આપણને તેનો ખ્યાલ આવે. અને છેવટ એમજ સમજાય કે ગત વર્ષનો આપણે જેટલો એ તેવો સદુપયોગ કર્યો નથી. કહેવાનું તાત્પર્ય એજ કે આજેજ શાલિવાહનનું નવુ વર્ષ શરૂ થાય છે, તો ચાલો યથાશક્તિ તન મન ધનની કોઈ પણ શુભ કામનો પ્રારંભ કરીએ.

દરેક બેસતા વર્ષને પ્રભવ, વિભવ, શુકન વગેરે ૬૦ નામો આપ્યાં છે. કાકતાલીય ન્યાય પ્રમાણે કેટલીકવાર જ્યારે તે પોતાના નામ પ્રમાણે ભાવ ભજવે છે, ત્યારે જોષીઓનુ કથન સત્ય પડે છે પણ કેટલીકવાર તેથી ઉલટુ સ્વરૂપ દેખાય છે, ત્યારે જ્યોતિશ અથવા ફળાદેશની શ્રદ્ધા બિલકુલ રહેતી નથી. દાખલા તરીકે શાકે ૧૮૩૪ ના શકનુ નામ આનંદ હતુ પણ એજ વર્ષમાં યુરોપનો ઘોર વિગ્રહ સળગી ઊઠતા આનંદને સ્થળે અફસોસ ફેલાયો હતો. (અપૂર્ણ.)

બાળકોના આરોગ્ય માટે નિત્ય નિયમ.

(યુનાઇટિડ સ્ટેટ્સમાં પિટ્સબર્ગની જાહેર નિશાળો માટે આરોગ્ય-ખાતાએ ઘડેલા ધારાગ્રંથ ઉપરથી.)

(અનુવાદક રા. રા. મણિલાલ શામળભાઇ દ્વિવેદી
એમ. ઓ., એસ. ટી. સી. ડી.)

હવા—ઘરમાંની હવા કદી બહારની હવા જેવી સારી હોતી નથી. બની શકે તે દરેક વખતે બહારની ખુલ્લી હવામાં રહો.

તડકો—સૂર્યનો તાપ રોગના જંતુઓને વધતા અટકાવે છે. તમારા ઘરમાં અને કપડાં ઉપર સૂર્યનો તાપ પડવા દો.

ઉંઘ—દરેક રાત્રિએ બાળકોને ઓછામાં ઓછી દશ કલાકની ઉંઘ જરૂરની છે. ઉંઘવાના ઓરડાની બારી નીચેથી અને ઉપરથી ઉઘાડી રાખી ઉંઘો.

સ્નાન—દરરોજ ઓછામાં ઓછું એક વખત નહાઓ.

રમત—શિયાળામાં તેમજ ઉનાળામાં દરરોજ રમો, અને બને ત્યાં સુધી મેદાન ઘરની બહાર રમો.

દૂધ—ઉછરતાં બાળકો માટે દૂધ ઘણોજ ઉત્તમ ખોરાક છે. મળી શકે તો દરરોજ ત્રણ કે ચાર પ્યાલા દૂધ પીઓ.

પોશાક—સુખ પડે તેવો અને આછો પોશાક પહેરો. કસરત, રમત, અને દીર્ઘ શ્વાસોચ્છ્વાસ વડે શરીર ગરમ રાખો.

પાણી—દરરોજ ત્રણ કે ચાર મોટા પ્યાલા પાણી પીઓ.

ખોરાક—ખાવા બેસતા પહેલાં દરરોજ તમારા હાથ ધોઈને સાફ કરો. ખોરાક બરાબર ચાવીને ધીમે ધીમે ખાઓ.

મોઢું, દાંત, અને નાક—આ બધાં સાફ રાખો. કારણ કે રોગના જંતુઓને શરીરમા દાખલ થવાનાં તે બારીબારણાં છે.

મુંબઈ સરકારના નામદાર ગવર્નર સાહેબે પ્રાથમિક શાળાના ટ્રેન્ડ શિક્ષકોના પગારમાં નીચેનો ટાઈમ સ્કેલ-અમુક મુદતે મળતો વધારો મંજુર કર્યો છે.

પહેલા વર્ષના શિક્ષકો.

	૩ મુંબઈ ઇલાકો.	સિંધ.
(૧) સામાન્ય રીતનો	૩. ૧૫–૧ (બે વર્ષે) વધી ૩. ૨૫, ૨૮–૧ (બે વર્ષે) ૩ ૩૦ વધારો.	૩ ૨૫–૧ (૬૨ વર્ષે) વધી ૩. ૩૦, ૩૦–૧ (૬૨ વર્ષે) ૩ ૩૫
(૨) ખાસ પસદગીની ગ્રેડો.	૩. ૪૦	૩ ૪૦

આ જગાઓ ઉપરની નીમણુંકો ૧૦ ટકા જેટલી થશે.

બીજા વર્ષના ટ્રેન્ડ શિક્ષકો.

	મુંબઈ ઇલાકો.	સિંધ
(૧) સામાન્ય સ્વરૂપનું	રૂ. ૨૦–૧ (બે વર્ષે) વધી રૂ. ૨૫, રૂ. ૨૫–૧ (બે વર્ષે) વધીને રૂ ૩	
ટાઈમ સ્કેલ.	રૂ. ૨૫–૧ (દર વર્ષે) વધી રૂ. ૪૦, રૂ. ૩૦–૧ (દર વર્ષે) વધીને રૂ. ૪૫	
(૨) ખાસ પસંદગીની જગ્યાઓ.	રૂ. ૫૫	રૂ. ૫૫

આ જગ્યાઓ ઉપરની નીમણુંકો ૧૦ ટકા જેટલી થશે.

ત્રીજા વર્ષના ટ્રેન્ડ શિક્ષકો.

	મુંબઈ ઇલાકો.	સિંધ
(૧) સામાન્ય સ્વરૂપનું	રૂ ૨૫–૧(દર વર્ષે)વધી રૂ ૪૦, ૩૦–૧(વાર્ષિક રૂ.૫૦ સુધી	
ટાઈમ સ્કેલ.	રૂ. ૪૦–૨ (વાર્ષિક) રૂ. ૬૦, રૂ. ૫૦–૨ (વાર્ષિક) રૂ. ૬૦	
(૨) ખાસ પસંદગીની જગ્યાઓ.	રૂ. ૭૫	રૂ. ૭૫

આ નીમણુંકો ૧૦ ટકા જેટલી થશે

ઉપરનુ ટાઇમ સ્કેલ (ધોરણ) ઇલાકા તથા સિંધ બન્નેને લાગુ પાડવામાં આવશે. આ ટ્રેન્ડ પુરુષ તથા સ્ત્રી શિક્ષકો જે સરકારની હકુમત નીચેની એટલે કે સરકારી, લોકલબોર્ડ તથા મ્યુનિસિપલ શાળામાં કામ કરતાં હશે તે આ વધારો મેળવવા હકદાર ગણાશે; અને તા. ૧–૩–૧૯ થી (એટલે ફેબ્રુઆરિ ૧૯૧૯ના પગાર બાદ થી) આ વધારો અમલમાં મૂકવામાં આવ્યો છે.

તા ૧–૧–૧૯થી નામદાર મુંબઇ સરકારે ઇલાકા ખાતેની ટ્રેનિંગ કોલેજોમા અભ્યાસ કરતા સ્કોલરોની માસિક સ્કોલરશીપમાં રૂ. ૭–૦–૦નો વધારો જોગવાઈ ખાતે આપવાનું ઠરાવ્યુ છે. આ વધારો જોગવાઈ આરજી છે, કાયમનો નથી.

નોંધ.

તા. ૧–૪–૧૯૧૯ થી પ્રે સ ટ્રે. કોલેજના સંસ્કૃત શિક્ષક મિ. લક્ષ્મીરામ આદિત્યરામ વ્યાસ સરકારી નોકરીમાથી વાનપ્રસ્થ થયા છે. એજ સંસ્થાના બે ડ્રો.ઇંગ માસ્તરોમાંના એક મિ. રાજેન્દ્રરાય રતિ સુરઠાયાની બદલી સુરત થઈ છે.

કેળવણી ખાતાંની જાહેર ખબર.

જપ્ત થએલાં પુસ્તકો

(મુબઇ સરકારના જ્યુ. ડિ૦ ના નીચેના હુકમો ઉપરથી નીચે લખેલાં પુસ્તકો અને ચોપાનીઆંની બધી નકલો જ્યા મળી આવે ત્યા સને ૧૯૧૦ ના ઈન્ડિયન પ્રેસ ઍકટની કલમ ૪ નામદાર શહેનશાહ તરફથી જપ્ત થઈ ઓલી જાહેર થઈ છેઃ કારણ કે બ્રિટિશ હિંદી સરકાર સામે ધિક્કાર કરવા તેમજ ખૂની કૃત્યો કરવા અને બ્રિટિશ સરકારને દ્વેષ અને તિરસ્કાર ને પાત્ર કરવાનુ તેમાં લખાણ છે.

(૧) " ગઝુની મરીગોલીમા, " ઉર્દુમાં લખેલા આ પુસ્તકની બધી નકલો દિલ્હીના ચીફ કમીશનરે જપ્ત કરેલી જાહેર કરવામાં આવે છે. (કિલ્લે મુંબઈ જ્યુ. ડિ. તા ૧૮-૨-૧૯ ના હુકમ નં. ૧૩૫૪)

(૨) ૧૯૧૮ ના ડિસેમ્બરમા દિલ્હીમાં મળેલી અગીઆરમી ઓલ ઇન્ડિઆ મેહમેદ લીગના સ્વાગત કમીટીના પ્રમુખતરીકે ડૉ. એમ. એ. અનસારીએ કરેલા ભાષણની અંગ્રેજીમાં અને વર્નાક્યુલરમા ભાષણના તેજ તે ઉતારા અથવા નકલો જેમાં હોય તેવા દરેક સાધનોની જ્યાં જડી આવે ત્યાં તેની બધી નકલો બંબઇની સરકારે જપ્ત કરેલી જાહેર કરી છે. (કિલ્લે મુંબઈ. જ્યુ ડિ તા. ૨૫-૨-૧૯ના હુકમ નં. ૧૫૩૨)

"નોટીસ" યાને "જાહેર ખબર' એ નામની અન્જુમન ફીદૈયાની ઈસ્લામ ઈન્ડિઆ તરફથી મુસલમાનો આંખો ઉઘાડો નિદ્રામાથી જગો ઇ૦ થી, શરૂ થતી અને બિસ્મલ્લા એવો (એટલે શરૂ કરી) અલ્લાહો અકબર (ખુદા સઉથી મોટા છે) એમ પોકારો તથા છેવટના નિર્ણય માટે તૈયાર થાઓ એ શબ્દો જેના અંદરમા છે તે પ્રકટ થએલી પત્રિકાને બંગાળાની સરકારે જપ્ત થએલી જાહેર કરે છે. (કિલ્લે મુંબઈ. જ્યુ. ડિ. તા. ૨૬-૨-૧૯ ના હુકમ નં. ૧૬૨૫)

(મહેરબાન ઉ. ભાગના. એ. ઈ. સાહેબના તા. ૮–૪–૧૯
હુકમે નં. ૩૯૨ ઉપરની)

ભૂગોળ બીજા ધોરણ માટે.

આ ચોપડીની કિંમત રૂ. ૦–૪–૦ છે તે વધારી રૂ. ૦–૬–૦ છ આના કરવા મુંબઇની મેસર્સ. એન એમ ત્રિપાઠીની કંપનીને તેમનો તા. ૧–૪–૧૯ નો નં. ૧૬૦૦ ના કાગળના જવાબમાં મેં એ. ઈ. સાહેબે રજા આપી છે.

જે નવી આવૃત્તિ કાઢવાની છે તેનીજ કિંમતમાં વધારો કરવાની રજા આપવામાં આવી છે સામાન્ય વખતમાં છપેલી ચોપડીની નકલોની કિંમતમાં વધારો કરવાનો નથી.

મે. ઉ. ભાગના એ ઈ સાહેબના તા. ૨૨–૪–૧૯ ના
નંબર ૫૪૭ના હુકમથી.

જાહેર બબર.

તા. ૧૦–૪–૧૯ ના મુંબઇ સરકારી ગેઝેટના ભાગ બીજાનાં ૫૦૬ મે પાને છપેલી તા. ૧–૪–૧૯ના નં. ૭૨ ની ઉ ભા. ના ઇનસ્પેકટર સાહેબની નોટીસ.

તા. ૧૬–૭–૧૯ ના મુંબઇ સરકારી ગેઝેટના ભાગ બીજાના ૨૪૭ મે પાને છપેલી તા. ૩૦–૧–૧૯ ની એ ઓર્ડરની છપેલી યાદીમાં છ-જુભાઈ રસાભાઇ રાણાને બદલે જીજીભાઈ જસાભાઇ રાણા એમ વાંચવું.

ઉ ભાગના
એજ્યુકેશનલ ઇન્સ્પેકટરની
ઓફીસ—અમદાવાદ,
તા. ૧–૪–૧૯૧૯

(સહી) ટી. એસ. સાવરકર.
એજ્યુકેશનલ ઈન્સ્પેકટર
ઉત્તરભાગ.

જાહેર ખબર.

મે. ઉ. ભા. ના એ. ઇ. સાહેબના તા. ૧૬–૪–૧૯ ના નં. ૭૨૯ ના હુકમને આધારે.)

મેસર્સ ગોકળીસન કંપનિ મુંબઈનાને તેમના તા. ૧૦–૨–૧૯ ના નં. ૧૭૯ ના પત્રના જવાબમાં ખબર આપવામાં આવે છે કે (૧) માર્શ્મન કૃત ઇતિહાસના પ્રાય મેક પ્રોઠો તથા (૨) માર્શ્મનકૃત બ્રિટિસ સામ્રાજ્ય નો ટુંક ઇતિહાસ એ બન્ને પુસ્તકોના મરાઠી, ગુજરાતી, કનારીઝ તથા સિંધા ભાષાંતરો આ ઇલાકાની પ્રાથમિક શાળાઓના ઉપયોગ માટે ઇનામ તથા લાયબ્રેરી તરીકે મંજુર કરવામાં આવે છે.

પુના
તા. ૫–૩–૧૯

સહી. કે. એસ. દીક્ષિત
ડાયરેક્ટર ઓવ પબ્લીક ઈન્સ્ટ્રક્શન
પતી.

મે. ઉ. ભાગના તા. ૨૧–૨–૧૯ ના નં ૧૭૬૧ ના હુકમને આધારે.

જાહેર ખબર.

મેસર્સ કરસનદાસ નારણદાસ અને સન્સ ઠે. નાણાપટ સુરત.

તમોના તા. ૧૯–૧૨–૧૮ ના પત્રના જવાબમાં ખબર આપવામાં આવે છે કે લાલશંકરકૃત મોટું અંકગણિતની કિંમત રૂ. ૦–૧૨–૬ છે તે વધારી રૂ. ૧–૨–૦ કરવાની મંજુરી આપવામા આવે છે. આ કિંમતનો વધારો કામ ચલાઉ છે અને કબુલાતની કિમતની સાથે તેને સંબંધ નથી.

કપડાને બદલે કાગળના પુંઠાની બાંધણી કામચલાઉ મંજુર કરવામાં આવે છે.

પુના
તા. ૧૩–૨–૧

સહી. જે. જી. કાવર્ટન.
ડાયરેક્ટર ઓવ પબ્લીક
ઈન્સ્ટ્રક્શન.

એ. ડિરેક્ટર ઓવ્ પબ્લિક ઈન્સ્ટ્રક્શનના હુકમ નં. ૧૪૬૧ તા. ૨૬-૨-૧૬
તથા મે. એ. ઇ. સાહેબના હુકમ નં. ૧૪૧૬૧ તા. ૪-૩-૧૬ ઉપરથી)

જાહેર ખબર.

પ્રાથમિક નિશાળો માટે મંજુર કરેલી ચોપડીઓની નીચેની યાદી સર્વની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

નંબર.	ચોપડીનુ નામ.	જે ભાષા માં છપાયેલી હોય તે	શાને માટે મંજુર કરી તે.	કિંમત. રૂ. આ. પૈ.
	ધનજીભાઈ, બી એ નિશાળોના આસિસ્ટંટ ઈન્સ્પેક્ટર, ભરત			
૧	' ઉર્દુ "પ્રાથમિક અંકગણિત	ઉર્દુ.	ઉર્દુ નિશાળોમાં ટેક્સ્ટબુક	
	ભાગ ૧ લો	,,	તરીકે.	૦—૨—૬
૨	,, ભાગ ૨ જો.	,,	,,	૦—૨—૬
૩	,, ભાગ ૩ જો	,,	,,	૦—૩—૦
૪	,, ભાગ ૪ થો	,,	,,	૦—૪—૦
૫	' ઉર્દુ કોપીબુક' નં. ૧ લો	,,	,,	૦—૧—૬
૬	,, નં. ૩ જો	,,	,,	૦—૧—૬
૭	,, નં. ૪ થો	,,	,,	૦—૧—૬
૮	"ઉર્દુ કોપી રસીપ" નં. ૧ લો	,,	,,	૦—૦—૨
૯	,, નં. ૨ જો,	,,	,,	૦—૦—૩
૧૦	,, નં. ૩ જો	,,	,,	૦—૦—૬
૧૧	,, નં. ૪ થો.	,,	,,	૦—૧—૬
૧૨	" ઉર્દુ વાચનમાળા નં ૧ લો.	,,	,,	૦—૧—૬
૧૩	" વર્નાક્યુલર ફાઇનલ માટે અંકગણિત, ઉર્દુમાં."	,,	,,	૦—૧૨—૦

	દિવાન જે ગોપાળ, મુદ્રા "ગવુક્ત પ્રાંતો.			
૪	"આઠને ચુરીદને શસ્તનતે ઇંગ્લાંડીયા."	ઉર્દુ.	કર્દુ નિશાળોમાં ટેકસ્ટબુક તરીકે.	૦—૫—૦
	'રાનુમાયે તાલીમ' બુકડીપોના બાબીક, હું.			
૧૫	કબ્બિતેદર્ઝ મઝમુનદીગરી' શેખ નાસીમ મોહમ્મદ્દીન બીએ	,,	કર્દુ પ્રાથમિક નિશાળોમાં ટેકસ્ટબુક તરીકે	૦—૮—૦

ડિરેક્ટર આર્ કર્મિક ઇન્સ્ટ્રક્શન ઓફીસ, પૂના, તા ૨૬-૨ ૧૯૧૯

(સહી) K S Dikshit.
ડિરેક્ટર ઓફ્ પબ્લિક ઇન્સ્ટ્રક્શનબ્રતી.

(મે ઉ. ભા.ના એ. ઈ સાહેબના તા. ૬-૩-૧૯ ના હુકમ નં. ૧૪૩ ૫ ઉપરથી.)

જાહેર બબર.

પ્રાથમિક અને માધ્યમિક નિશાળો તથા ટ્રેનિંગ કોલેજો માટે મે. ઉ. ભા. એ. ઇ સાહેબે મંજુર કરેલી ચોપડીઓની યાદી સર્વની જાણ માટે પ્રસિદ્ધ કરવામા આવે છેઃ—

નંબર	ચોપડીનું તથા તેના લેખકનુ નામ	જે ભાષા માં ચોપડી પ્રકાશિત થઇ છે	શાને માટે મંજુર થઈ તે.	કિમત. રૂ આ. પા.
૧	મિસીસ હીનાલ નિભોવનદાસ પારેખ, આસિસ્ટંટ સેક્રેટરી ગુજરાત વર્કિંગ વુમન્સ સોસાયટી, અમદાવાદ. "આપણા સાચવવાની ઉપાય." બીજી આવૃત્તિ.	ગુજરાતી	બધી નિશાળોમાં ઇનામ માટે અને પ્રાથમિક નિશાળોમાં લાયબ્રેરી માટે.	૦—૧—૩

૩	"બાળ ગરબો" પહેલી આવૃત્તિ.	ગુજરાતી	બધી નિશાળો અને ટ્રેનિંગ કોલેજોમાં લાયબ્રેરી માટે અને બધી નિશાળોમાં ઇનામ માટે.	૦—૧—૬
૪	"હિંદુસામ્રાજ્યનો ચૌ. ૪થો ભાગ રજો" પહેલી આવૃત્તિ.	"	પ્રાથમિક અને માધ્યમિક નિશાળો અને ટ્રેનિંગ કોલેજોમાં લાયબ્રેરી માટે	૧—૦—૦
૫	"યુરોપીય પ્રજાના આદ્ય વંશનો ઇતિહાસ" પ્રથમ આવૃત્તિ. પ્રો. બી. બી. દેવકૃત ગુજરાતી ભાષાંતર કર્યો મિ. બ્રજ-બ્યારામ વૈકુંઠરામ મેહ્ર પ્રકાશક ગુજરાત વર્નાકુલર સોસાયટી, અમદાવાદ.	"	સર્વ નિશાળો તથા ટ્રેનિંગ કોલેજોના લાયબ્રેરી માટે.	૧—૦—૦
૬	"ગેરાડની જાદુગરશાની" છઠ્ઠી આવૃત્તિ. મિ. નિથુભાઇસ ધનજીભાઇ અમદાવાદ.	"	માધ્યમિક નિશાળો અને ટ્રેનિંગ કોલેજોમાં લાયબ્રેરી માટે અને સર્વ નિશાળોમાં ઇનામ માટે.	૦—૧૨—૦
૭	"સ્ત્રીઓને બોધ". પહેલી આવૃત્તિ. મિસીસ દેવકી બાઇ મુળજી લેદ. નરસિંદ હિંદુલોજ, લાયબ્રેરિયન, ફીફ્થ આર્મેદ મુંબાઇ.	"	છોકરીઓની બધી નિશાળો અને ટ્રેનિંગ કોલેજોમાં લાયબ્રેરી માટે તથા છોકરીઓની નિશાળોમાં ઇનામ માટે.	૧—૮—૦
૮	"રીતિસ્તાન" ૧૯૧૭ની આવૃત્તિ મી. હોરમસ તેદમુરાસ, એકસેસરીઝ નં. ૧ ચારસી બન્દર સ્ટ્રીટ, મુંબાઇ.	"	સર્વ નિશાળો તથા ટ્રેનિંગ કોલેજોમાં લાયબ્રેરી માટે.	૬—૦—૦

૯	"બાપાપને બે બોલ." બીજી આવૃત્તિ. મિ. એમ સી. કોઠારી, બુકસેલર અને પ્રકાશક, રાવપરા. કાપડી ચોળ, વડોદરા.	ગુજરાતી	સર્વ નિશાળો તથા ટ્રેનિંગ કોલેજોમાં લાયબ્રેરી માટે.	૦—૪—૦ ટપાળની પહોંચવાળી. ૦—૬—૦ કપડાના પુઠાંવાળી.
૧૦	"ધર્મસૂત્રનું અનુકરણ" પહેલી આવૃત્તિ. મિ. જીવણલાલ અમરસી મહેતા, મેનેજર જ્ઞાનવર્ધક પુસ્તકમાળા. પીરમસા ગેડ, અમદાવાદ	,,	,,	૦—૮—૦
૧૧	"ગેટરલીંકના નિબંધો." પ્રથમ આવૃત્તિ. મિ. ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા. દુબાશનો બંગલો, સાન્તાક્રુઝ, મુંબઈ	,,	સર્વ નિશાળો તથા ટ્રેનિંગ કોલેજોમાં લાયબ્રેરી માટે અને ટ્રેનિંગ કોલેજો તથા પ્રાથમિક તેમજ માધ્યમિક નિશાળોના ઉપલા વર્ગના છોકરાઓને ઇનામ માટે.	૦—૬—૦

ઉત્તર ભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરની ઓફિસ.
૬ ઠ્ઠી માર્ચ ૧૯૧૯ અમદાવાદ.

(સહી.) D. S. Sawarkar.
એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર ઉત્તર ભાગ.

શારીરિક માનસિક અને નૈતિક

એ ત્રણે પ્રકારની કેળવણી આપી તમારાં વહાલાં સંતાનોને સાચા હિન્દ હિતૈષી નાગરિક બનાવવા હોય તો કોઈ પણ પ્રકારનાં શિક્ષણ સાહિત્યો હિન્દની આર્થિક પરિસ્થિતિને અનુકુળ મંગાવવા સારૂ એકવાર અમારી સલાહ લેવા જવાબણ છે.

* કમાટર્લોગ મફત.

ધી બરોડા આર્ટ પ્રેસ્ટરી લિમિટેડ—વડોદરા.

એપ્રિલનો અંક અમદાવાદમાં થયેલા અણધાર્યા તોફાનથી વહેલો રવાના થઈ શકયો નથી તે માટે ગ્રાહકો દરગુજર કરશે.

ગુજરાત શાળાપત્ર.

પુસ્તક ૫૮ મું. જૂન-જુલાઈ સને ૧૯૨૬. અંક ૬-૭ મો.

વાચનના પાઠને લગતી કેટલીક સામાન્ય સૂચનાઓ.

શિક્ષણને લગતા ઘણાખરા વિષયોમાં વિદ્યાર્થીઓમાં જે દોષો નજરે પડે છે તેનું મુખ્ય કારણ શિક્ષકો છે. અભ્યાસની શરૂઆતમાં બાળકો પાસે કેવી રીતે કામ લેવું તથા તેમને કઈ બેટેવોમાંથી મુક્ત રાખવાં તથા કરવાં તે બાબત આપણા શિક્ષકવર્ગમાંનો મોટો ભાગ દુર્લક્ષ બતાવે છે. આ એક દોષનીય વાત છે.

વાચન એ એક અગત્યનો વિષય છે, તે શીખવવામાં ઘણા માત્ર બાહ્યો વધારી સમજુતીના કેટલાક શબ્દો પ્રશ્નદ્વારા સમજાવી કર્તવ્યવિમુક્ત થયેલા પોતાની જાતને માની લે છે. વિદ્યાર્થીઓ વાંચતી વખતે કેમ ઉભા રહે છે, ઉચ્ચાર સ્પષ્ટ કરે છે કે નહિ, ચોપડી કેમ અને કેટલે અંતરે ઝાલે છે, એવી કેટલીક મુખ્ય બાબતો ગૌણ હોય એમ માની તેને લગતા દોષો સુધારવા કાળજી રાખતા નથી. માત્ર વાચનપરત્વે આમ નથી. લખવાના વિષયોમાં પણ જેટલું ધ્યાન વિદ્યાર્થીએ શું લખ્યું તે ઉપર, અપાય છે તેટલું ધ્યાન બીજી કેટલીક બાબતો જેવી કે વિદ્યાર્થીઓની બેસવાની સ્થિતિ કેવી જોઈએ, કલમ કેમ પકડવી એ તરફ અપાતું નથી. આથી શિક્ષણનો ઉચ્ચ આશય લુપ્ત થઈ વિદ્યાર્થીને નુકસાન ઘણું થાય છે. તેથી વાચન સંબંધે કેટલીક સૂચના અત્રે કરવી આવશ્યક લાગી છે.

વાચનના પાઠમાં વર્ગની સંખ્યા તથા ઓરડાની રચના એવી હોય, કે પાટલીઓ ઉપર બેસાડી શીખવી શકાય, તો પુસ્તકો ડેસ્ક ઉપર મૂકાવવા. વર્ગ નાનો હોય તો વિદ્યાર્થીઓને અર્ધચંદ્રાકારમાં ગોઠવવા—ઉભા રાખવાની સ્થિતિ વધારે પસંદ કરવા જોગ છે. શિક્ષકે એવી જગાએ ઉભા રહેવું કે જ્યાંથી પોતાની નજર ફાવી અગર જમણી ફેરવી શકે.

ચોપડીઓ ઉઘડાવ્યા પછી ડાબા હાથમાં ઝાલવા કહેવું. ચોપડી એવી રીતે ઝલાવવી કે તેમની નજર પાનાં ઉપર પડે, અરધ વળી ન જાય,

અને તેમના ચહેરાને શિક્ષક જોઈ શકે. આ બાબત સામાન્ય રીતે ઓછું ધ્યાન અપાય છે. પરંતુ સારૂ વાચન તથા સામાન્ય તંદુરસ્તી માટે આ ઘણી ઉપયોગી બાબત છે. પાઠ લેતી વખતે શિક્ષકે જોતાં રહેવું કે કોઈ વિદ્યાર્થીની નજર ચોપડીની બહાર ફરતી ન હોવી જોઈએ. કોઈ એવો નજરે પડે તો તેને તરત વાંચવા કહેવું. કેટલીક વખત તૈયારીની ખામી અગર અંગત કારણોને લીધે શિક્ષકનું જ વાચન નમૂનાદાર હોતું નથી.

વાચનને લગતી આ કેટલીક પ્રાથમિક સૂચનાનું વર્ણન કરી હવે આપણે વાચનપાઠ વિષે કેટલીક અગત્યની બાબતોનો વિચાર કરીએ. આને અંગે પણ ઘણાક સામાન્ય દોષો નજરે પડે છે. કાંતો માત્ર વંચાવવા તરફ લક્ષ અપાય છે (જે કેટક નુકસાનકારક નથી), અગર તો વાચન થોડીક વાર વચ્ચાવી સમજુતી શીખવવામાં સમય વ્યતીત થાય છે. ધોરણ પરત્વે આ બાબતોના શિક્ષણનો આધાર હોય છે, એ સ્મરણમાં રાખ્યા વિનાજ પાઠ અપાય છે. આથી સામાન્ય ભૂલોથી દૂર રહેવા નીચેની સૂચનાઓ ઉપયોગી થશે એમ માની અમે અત્રે વર્ણવી છે.—

ખાસ કરીને નીચલાં ધોરણોમાં વાચનની શરૂઆત નીચે મુજબ કરવી. શિક્ષકે પ્રથમ ફકરો સ્પષ્ટ તથા સમજાય તેવા ઉચ્ચાર અને અવાજથી વાંચવો. જ્યાં વિરામની જરૂર હોય ત્યાં વિરામ લઈને વાંચવું. આ કાર્ય-સિદ્ધિને અર્થે શરૂથી શિક્ષકે તેનું મનન પણ કરવું જોઈએ. પછી વિદ્યાર્થી પાસે સમગ્ર વાચન કરાવવું. શિક્ષકના વાચનનું અનુકરણ કરાવવું; શિક્ષકે આ વખતે, વિદ્યાર્થીઓના ઉચ્ચાર, અવાજ વગેરે બરાબર છે કે નહિ તે જોતા રહેવું. અનુકરણ દુષિત માલમ પડે તો તરતજ તે સુધારવા પ્રયત્ન કરવો. વિચારો કે કેટલા શિક્ષકો આ બાબત અગત્યની માની ળ ને બદલે ર, શ ને બદલે ષ કે સ કે જેવી ઉલટા ક્રમના દોષો સુધારવાની ખાસ ફરજ માનતા હશે? દરેક શબ્દનો ઉચ્ચાર સ્પષ્ટ થાય અને શબ્દનો છેલ્લો અક્ષર સ્પષ્ટ સંભળાય એવું વાચન જોઈએ. આવી ભૂલો સુધારી કે ન સુધારી એટલામાં તો આગળ વંચે છે, અગર બીજા પાસે વચાવે છે, માટે આશા છે કે શિક્ષકો ઉચ્ચારની શુદ્ધતા તથા સ્પષ્ટતા તરફ શરૂઆતથીજ લક્ષ આપતા રહેશે, કે જેથી હાલ નજરે પડતા દોષોમાંના ઘણા નાબુદ થશે.

પછી ફરીથી શિક્ષકે ફકરો એક વાર વાંચી બતાવવો. વિદ્યાર્થીઓને તેનો ઠપકો વધારે કાળજીપૂર્વક અનુકરણ કરાવવું. હવે જે થોડાક વિદ્યાર્થી

બરાબર ન વાંચી શકતા હોય તેમની ભૂલો સુધરાવવી. એમ માની લઈએ કે આ પાઠ ૩૦ થી ૪૫ મિનિટ સુધીનો છે તો ઉપર વર્ણવેલી બાબત માટે ૧૦થી ૧૫ મિનિટ એટલે કુલ નિર્મિત સમયનો ½ ભાગ આ રીતના વાચનના અનુકરણ તથા ભૂલો સુધારવામાં ગાળવો. પછીથી છુટક વિદ્યાર્થી પાસે વંચાવવાની શરૂઆત કરવી.

ભૂલો વિદ્યાર્થીઓ પાસેજ સુધરાવવી. સારૂં વાંચે તેનાં વખાણ કરવાનું અને ખરાબ વાંચે તેમને પોતાની ભૂલ તરફ ધ્યાન દોરવાનું પણ ભૂલવું નહિ. આ કામ ૧૦ થી ૨૦ મિનિટ સુધી ચલાવવું. પછીની દસ મિનિટ શિક્ષકે પાઠને લગતી હકીકત અથવા સમજુતી માટે ગાળવી.

આને અંગે થતો એક બીજો દોષ પણ છે. શિક્ષકોમાંનો મોટો ભાગ અઘરા શબ્દોની જોડણી શીખવવામાં અતિશય વખત ગુમાવે છે, જેથી વાચનના મુખ્ય વિષયના શિક્ષણને પુરતો વખત આપી શકાતો નથી. માત્ર વાચન શીખવવાથી કદાચ વિષય નીરસ કે એકજ તરેહનો માલમ પડવાની દહેશત લાગે તો શિક્ષકે પાઠમાં આવતાં કોઈ સ્થળ કે પુરુષોને લગતી હકીકત પ્રશ્નદ્વારા શીખવવી. ઉપલાં ધોરણોમાં વચ્ચે વચ્ચે વ્યાકરણને લગતા પ્રશ્નો પણ પૂછવા, જેથી વિષયમાં ભિન્નતા આવવાથી રસની સ્થિતિનો સંભવ દૂર રહેશે.

સમજુતીને અંગે એટલું સૂચન કરવાની જરૂર પડે છે કે તૈયારી બહુજ ઝીણવટથી કરવામાં આવે છે. પાઠની તૈયારી વિના પાઠ આપવો એના જેવું બીજું સાહસ શું હોઈ શકે? શિક્ષકે જે પાઠ વાચનને અંગે શીખવવાનો હોય તેમાં આવતા શબ્દના ખરા અને બંધબેસતા અર્થનો અગાઉથી વિચાર કરવો જોઈએ. આમ તૈયારી સંપૂર્ણ હશે તો પાઠ ગમે તે વિષયનો હશે તો પણ કર્તવ્યપરાયણ શિક્ષક પોતાનું કાર્ય ઉત્તમ રીતે બજાવી શકશે.

ધોરણ ત્રીજું.

શિક્ષકઃ—(સ્વ. મોહનલાલ નાગરદાસ મહેતા.)

વિષયઃ—પદાર્થપાઠ. (ગંધક.)

સાધનઃ—ગંધક, સળગતા કોલસાથી ભરેલી સગડી, સાણસી, પાણી, ત્રણ ચાર પ્યાલા, સભ્ય દીવાસળીની પેટી, ગુલાબનું ફૂલ, ગોળ, રંગીત કાગળ, ને રંગીન ચુગદું.

હેતુ:—તંદુરસ્તિ કેળવી ગધકે સંબંધી પ્રત્યક્ષ જ્ઞાન આપવાનો.
સમયઃ—૫૦ મિનિટ.

સંક્ષિપ્ત બોધ.

રંગઃ—પીળો છે. (પ્રત્યક્ષ બતાવીને ખાતરી કરાવવી.)

ગુણઃ—(૧) કડવું છે. (ચખાડીને ખાતરી કરાવવી.)
(૨) બરડ છે. (જમીન ઉપર પછાડીને ખાતરી કરાવવી.)
(૩) અગળાઉ છે. (પાણીમાં થોડી વાર રહેવા દઈને ખાતરી કરાવવી.)
(૪) ગરમીને લીધે પીગળે છે. (પ્યાલામાં ગંધકનો કકડો નાખી પછી પ્યાલાને દેવતા ઉપર મૂકીને આ બાબત સિદ્ધ કરી બતાવવી.)
(૫) પીગળવાથી જે રસ બને છે, તે રંગે રતાશ પડતો હોય છે (પ્રત્યક્ષ અવલોકન કરાવીને ખાતરી કરાવવી.)
(૬) રસનો પાણી સાથે સંયોગ થવાથી તે નરમ મીણ જેવો થાય છે. (રસવાળા પ્યાલામાં પાણી રેડીને આ પ્રયોગ કરી બતાવવો.)
(૭) રસને કરવા દીધાથી પાછો મૂળ રંગ પકડે છે. (ઉપર લખ્યા પ્રમાણે ગંધકને ઓગાળીને જે રસ થાય તેને કરવા દઈને આ બાબત સિદ્ધ કરી બતાવવી)
(૮) રસને વધારે તાપ આપવાથી તેમાંથી લિસોટા પડતો રાતા રંગનો ધુમાડો નીકળે છે, ને પછી એ ધુમાડો એકદમ સળગી ઊઠે છે. ભડકાનો રંગ આસમાની હોય છે. (કરી ગએલા રસને ફરી ખૂબ તપાવીને આ પ્રયોગ કરી બતાવવો.)
(૯) તેની ઝાળથી ફુલનો, રંગીત લુગડાનો, ને રંગીત કાગળનો રંગ ઊડી જાય છે. (ગંધકના કકડાને દેવતા ઉપર મૂકીને તે સળગવા લાગે એટલે તેની ઝાળમાં રંગવાળું ફુલ, વસ્ત્ર કે કાગળ ધરીને આ બાબત સિદ્ધ કરી બતાવવી.)

ઉપયોગઃ—અ-દીવાસળી ઝટ સળગે, માટે તેના ઉપર ચોપડવામાં આવે છે.
બ-દવાના કામમાં વપરાય છે.

ક–તેનો તેજાબ બનાવવામાં આવે છે, ને ગંધકના તેજાબના નામથી અનેક પ્રયોગોમાં વપરાય છે.

ડ–તેના ધુમાડાથી ઝેરી જંતુઓ મરી જાય છે.

સૂચના:—(૧) ગંધકને બાળતી વખતે તેનો ધુમાડો શ્વાસ વાટે ગળામાં ન જાય તેની સાવચેતી રાખવી, કારણ કે તે ઘણો ઝેરી છે. એનાથી માથું દુઃખવા આવે છે, ને ગળામાં જવાથી ઉધરસ થાય છે.

(૨) ગંધક પીગળીને રસ થયા પછી તરતજ તેમાં પાણી રેડવાથી તે પોચો પડતો નથી. રસને જરા વધારે તાપ આપવાની જરૂર પડે છે. પુસ્તકમાં લખ્યા પ્રમાણે કરવાથી પ્રયોગ સિદ્ધ થતો નથી.

(૩) ગંધકની ઝાળથી ઉડી ગએલ ગુલાબના ફૂલનો રંગ તે ફૂલને ગોળનો ધુમાડો આપવાથી ફરી ઉત્પન્ન થાય છે.

(૪) ઉપર લખેલી બધી હકીકત આમલસારા ગંધક વિષે છે. આમલસારા સિવાય બીજો એક જાતનો ગંધક બજારમાં વેચાય છે, તેને લાકડીઓ ગંધક કહે છે. આ ગંધક મલમ બનાવવાના કામમાં આવે છે. તેનો રંગ પોળો હોય છે. આ સિવાય કાળા ને રાતા રંગના ગંધક વિષે પણ વૈદકના ગ્રંથોમાં વર્ણન કરેલ છે. કાળો ગંધક મળતો નથી.

કેળવણીનો અર્થ.

(રા. મુળજીભાઇ હીરાલાલ ચોકસી એમ. એ, એલ. ટી. સી., નડિઆદ.)

સાધારણ રીતે એમ સમજવામાં આવે છે કે જો શિક્ષક વર્ગની અંદર બહુ બોલ્યા કરે, છોકરાઓ શાંત રીતે સાંભળ્યા કરે, વર્ગમાં તેઓ જરૂ જોવા બેસી રહે અને શિક્ષક પૂછે ત્યારે કડકડાટ જવાબ આપી શકે, તો તેનું શિક્ષણ સારૂં; પણ આ ધારવું ભૂલભરેલું છે. કેળવણીનો ખરો અર્થ એ છે કે બાળકની સર્વ શક્તિઓને બરાબર કસરત મળતી જોઈએ; અને તેથી ચોગ્ય કામ કરવાને તે મજબુત બનતી જોઈએ. બધા

શિક્ષકો એમ માને છે કે બાળકને તેનો પાઠ પરીક્ષા વખતે સારી રીતે યાદ રહે, તો તેને સારી કેળવણી મળી છે, અને તેથી સાધારણ સમજ એવી છે કે બાળકને જેમ વધારે યાદ રહે, અને તે અટક્યા સિવાય જવાબ આપી શકે તો તેને સારું શિક્ષણ મળ્યું છે એમ ગણવામાં આવે છે; પણ આ ધોરણ ખામીભરેલું છે, કારણ કે યાદશક્તિ એ મનની ઘણી શક્તિનો એકજ ભાગ છે. કોઈ પણ વસ્તુનું જ્ઞાન આપણને નીચેની રીત પ્રમાણે મળે છે.

આપણા મનનું સ્વાભાવિક વલણ એવું છે કે પ્રથમ આપણે પ્રત્યક્ષ વસ્તુનું જ્ઞાન ગ્રહણ કરી શકીએ છીએ. જે વસ્તુનો આપણને અનુભવ હોતો નથી તેને બીજા જ્ઞાનની મદદથી કલ્પવી પડે છે. દા. જ્યારે આપણે બાળકોને રણનો ખ્યાલ આપવો હોય છે, ત્યારે રેતી અને તાપના જ્ઞાનથી તે સંબંધી ખ્યાલ આપી શકીએ છીએ; પણ જો રેતીનું કંઈપણ જ્ઞાન હોય નહિ તો રણ એ શું છે તે જાણી શકાતું નથી. આ કારણને લીધે સારું જ્ઞાન મેળવવાનો યોગ્ય રસ્તો એ છે કે બાળકે જેમ બને તેમ વસ્તુ-જ્ઞાન વિશેષ મેળવવું જોઈએ. વસ્તુજ્ઞાનને પદાર્થપાઠ કહે છે. પ્રથમ તો કોઈ વસ્તુનું અવલોકન બાળકે કરવું જોઈએ, અને તેના જુદા જુદા ગુણ નિહાળ્યા પછી તેને મળતી બીજી વસ્તુ સાથે મુકાબલો કરવો જોઈએ. મુખ્ય ગુણ ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવે તો ત્રીજી બાબત ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂર રહેતી નથી મુદ્દાની બાબત બરાબર મનમાં ગોઠવ્યા પછી જો તેનો ઉપયોગ વહેવારમાં થઈ શકે તો તે બાબત વધારે યાદ રહી શકે છે. દાખલા તરીકે નારંગીનો પાઠ આપતી વખતે તે બાળકના હાથમા આપવાની જરૂર છે. તેનો રંગ, આકાર, કદ, સ્વાદ વગેરે ગુણો જો બાળક જાતે અનુભવે તો તે બૂલી જતુ નથી; વળી નારંગીને લીંબુ સાથે સરખાવવામાં આવે તો તેનુ જ્ઞાન વધારે સ્પષ્ટ થાય છે; છેવટે જો નારંગીનું ચિત્ર દોરવામાં આવે, અને તેનો આકાર માટીથી બનાવવામાં આવે તો તે છાપ મનમાં લાંબા વખત સુધી રહી શકે છે. આવી રીતે પ્રથમ વસ્તુનું અવલોકન, બીજું તેનો વિચાર, અને છેવટે તેની યાદદાસ્ત એવો જ્ઞાનનો ક્રમ છે. સાધારણ રીતે શિક્ષકવર્ગમાં એવું માનવામાં આવે છે કે કેળવણી એટલે બાળકને જુદી જુદી બાબતની હકીકતનું જ્ઞાન આપવું તે છે. આ વિચાર બરોબર ભૂલભરેલો છે, કારણ કે બાળકનું મન જડ નથી

કે જેમાં મરજી માફક જ્ઞાન મૂકી શકાય. બાળકનું મન એ ઘણી ચંચળ વસ્તુ છે. જો તેની વૃત્તિને અનુકૂળ જ્ઞાન આપવામાં આવે તોજ તે ગ્રહણ કરી શકે છે; નહિ તો તે અપચેલા ખોરાકની માફક બહાર નાખી દે છે; માટે શિક્ષકે હંમેશાં બાળકની વૃત્તિનો અભ્યાસ કરવો જોઈએ; અને તેના સ્વભાવ અનુસાર શિક્ષણ આપવામાં આવે તોજ તે ફળદાયક નીવડે છે; નહિ તો ફક્ત પાઠના શબ્દજ તે મોંએ કરે છે; અને થોડા વખત પછી તે ભૂલી જાય છે. આ કારણને લીધે શિક્ષણમાં મુખ્ય બાબત ધ્યાનમાં એ રાખવાની છે કે બાળકનું મન હંમેશાં શીખવતી વખતે જાગૃત રહેવું જોઈએ. જો તેનું મન ચંચળ સ્થિતિમાં નહિ હોય તો વસ્તુની છાપ તેના ઉપર ઝાંખી પડશે; અને તે જલદીથી ભૂંસાઈ જશે. બાળકને કોઈ વિષય મારો આવડતો હોય તો એટલાથી શિક્ષકે સંતોષ પામવાનો નથી પણ કેવી રીતે બાળકને તેનું જ્ઞાન મળ્યું છે, તે બહુ ઉપયોગી બાબત ધ્યાનમાં રાખવાની છે. ઘણું શીખવાને બદલે જો થોડું શીખવવામાં આવે પણ તેથી બાળકને વિચાર કરવાની તક મળે, અને અવલોકન કરવાનું મન થાય, અને વિચાર અમલમાં મુકવાની તેનામા શક્તિ આવે, તોજ તે સારું શિક્ષણ છે એમ કહી શકાય. જ્યાં સુધી બાળક પાઠનો ખરો અર્થ સમજે નહિ ત્યાંસુધી પાઠનું સારું જ્ઞાન થયું છે એમ કહેવાય નહિ. દરેક શિક્ષકે બહુ શીખવવા કરતાં બાળમન કેળવવા તરફ વધારે લોભ રાખવો જોઈએ. કોઈ પણ બાબત ફક્ત જાણવાથી આપણને તેનું ખરૂ જ્ઞાન મળતું નથી, પણ તે ઉપર સારો વિચાર કરવાથી ખરી કેળવણી મળે છે. બાળકના મનની શક્તિની કેળવણી એજ શિક્ષણનો ખાસ હેતુ છે.

અમુક અમુક વિષયનું ઘણું છુટું છવાયું જ્ઞાન બાળકને હોય, તેના કરતાં થોડું પણ કારણ સહિત જ્ઞાન વધારે ઉપયોગી નીવડે છે. ભણતર અને કેળવણીમાં આવો ભેદ છે. ભણેલો માણસ ભણ્યો પણ ગણ્યો હોતો નથી. કેળવાયલો માણસ જાણીતા જ્ઞાન ઉપરથી નવી નવી બાબત શોધી કાઢે છે, અને સ્થિતિને અનુસરી પોતે ફેરફાર કરી શકે છે. ભણેલો માણસ અમુક સ્થિતિમાંજ ચાલ્યાં કરે છે, પણ કેળવાયલો માણસ મુશ્કેલી આવતાં નવો માર્ગ કાઢી શકે છે. ખરી કેળવણી અમુક ચોપડી વાંચવાથી પ્રાપ્ત થતી નથી, પણ તે ઉપર મનન કરવાથીજ મન કેળવાય છે. જેમ શરીર કેળવવાને મગદળ, ડમ્બેલ વગેરે સાધન જરૂરનાં છે, પણ શરીરને કસરત

મળ્યા પછી તેમની જરૂર રહેતી નથી, તેમ પુસ્તકનું જ્ઞાન મનની શક્તિને કસરત આપવાને માટે સારૂં સાધન છે; પણ મન કેળવાયા પછી તે ચોપડીઓ બહુ ઉપયોગી થઈ પડતી નથી. શરીરને કસરત મળ્યા પછી જો માણસ પોતાની તંદુરસ્તી અને બળનો આધાર ડમ્બેલ ઉપર રાખે તો તે અયોગ્ય છે, તેવીજ રીતે જે માણસનું મન કેળવાયલું છે તે ચોપડીઓના જ્ઞાનના ભંડારને પોતાનું બેંક સમજતો નથી. આ પ્રમાણે કોઈપણ વસ્તુનું જ્ઞાન મનને કેળવવાનું સાધન છે.

પણ ખરી કેળવણી તો શક્તિની કસરત છે.

કેળવાયલા માણસનું મન ચાલાક હોય છે, અને તે જલદીથી વિચાર કરી શકે છે. નવા નવા પ્રસંગે શું કરવું તેની સમજ તેને તરત પડે છે. માણસનું મન કેળવાયલું હોય તે છતાં પણ તેને જુદા જુદા વિષયના જ્ઞાનની જરૂર છે. મન ગમે તેટલું કેળવાયલું હોય તો પણ જ્યાં સુધી જ્ઞાન હોતું નથી ત્યાંસુધી તેની ક્રિયા સફળ નીવડતી નથી. હાલમાં શિક્ષણની પદ્ધતિ ઉપર વધારે ભાર મુકાય છે. એકની પદ્ધતિના જ્ઞાનથી સારૂં શિક્ષણ આપી શકાય નહિ તેને માટે તો પદ્ધતિ અને વિષયના જ્ઞાનની જરૂર છે. દા. પતંગીઆનો પાઠ આપવાનો હોય અને શિક્ષક શીખવવામાં ભલે તેટલો હોશિયાર હોય તો પણ પતંગીઆના જ્ઞાન સિવાય તે બિલકુલ શિક્ષણ આપી શકશે નહિ, તેથી મનને કેળવવાની સાથે ઉપયોગી જ્ઞાનની પણ જરૂર છે. મન અને શરીરને ગાઢો સંબંધ છે. માંદા માણસનું મગજ કોઈ ઉત્તમ કામ કરી શકતું નથી, તેમજ નબળા મગજવાળો માણસ ગમે તેટલો તંદુરસ્ત હોય તો પણ તે દુનિઆમાં આગળ વધી શકતો નથી. વળી મનની કેળવણી સાથે શરીરની કેળવણી પણ ખાસ જરૂરની છે. હાલમાં શરીરની કેળવણી તરફ ઘણું ઓછું ધ્યાન અપાય છે, તેથી કેળવાયલા માણસો ચેતનાપ્રેરક કામ કરી શકતાં નથી. મગજની બધી ક્રિયાનો આધાર શરીરમાં ફરતા લોહી ઉપર છે. મગજને પુરતું પોષણ ન મળે તો તે બરાબર કામ કરી શકતું નથી. નિર્બળ મનુષ્યમાં ઓછી શક્તિ હોવાથી તેઓ આનંદપૂર્વક લાંબો વખત કામ કરી શકતા નથી, તેમજ નિર્બળ બાળકો લાંબો વખત વર્ગમાં ધ્યાન આપી શકતા નથી. શરીરમાં જોઈતા પ્રમાણમાં લોહી હોય તોજ કામ કરવાનો ઉત્સાહ થાય છે. ધ્યાનપૂર્વક લાંબો વખત મગજનું કામ કરવાને સારી તંદુરસ્તી ખાસ જરૂરની છે. નિર્બળ શરીરમાં

મચ્યીવાર મંદ બુદ્ધિ માલમ પડે છે, તેથી શરીરના આરોગ્ય ઉપર મનની ઉંચી શક્તિનો આધાર છે. શરીર અતમસ્ત હોય, બુદ્ધિ તીવ્ર અને કસાએલી હોય તોપણ તેથી ખરી કેળવણી પુરી થતી નથી, કારણ કે જ્યાં સુધી મનુષ્યને પારકાનું ભલું કરવાની અને પોતાનો સ્વાર્થ તજી કરવાની વૃત્તિ થતી નથી, ત્યાં સુધી શરીર અને મનની સારી કેળવણીથી ધારેલો ફાયદો મળતો નથી. બુદ્ધિશાળી પણ સ્વાર્થી માણસ બીજાને નુકસાન કરવાના રસ્તા સહેલાઈથી શોધી શકે છે. જ્યાં સુધી આપણા મનોવિકારોને દબાવી તેમને ઈષ્ટ હેતુ સાધવાને યોજવામાં આવતા નથી, ત્યાં સુધી તે શત્રુની ગરજ સારે છે. આ કારણને લીધે ઘણી વખત આપણે સાક્ષરને રાક્ષસના રૂપમાં જોઈએ છીએ. ધર્મ અને નીતિની કેળવણી તન અને મનની ખીલવટમાં એક આવશ્યક અંગ છે. 'એંજીન' ની ગતિને તેનો હાંકનાર નિયમમાં રાખતો નથી તો તેનાથી સુખને બદલે દુઃખ ઉત્પન્ન થાય છે; તેવીજ રીતે જ્યાંસુધી મનુષ્યમાં જે જે પ્રેરણા, વેગ અને ઇચ્છાઓ છે, તેને નિયમિત કરવામાં આવી નથી, ત્યાં સુધી વ્યક્તિ તેમજ સમષ્ટિનું કલ્યાણ સાધી શકાતું નથી. મનની વૃત્તિને અંકુશમાં રાખી અન્ય વ્યક્તિના કલ્યાણને માટે તેના વેગનો ઉપયોગ કરવો તેને નીતિની કેળવણી કહી શકાય. ધર્મના બંધન કે ફરજની ઉંચી લાગણી સિવાય કોઈપણ સારું કામ થઈ શકતું નથી. આવી રીતે બુદ્ધિને સારે રસ્તે દોરવાને નિભાવવાની જરૂર છે. કેટલીક વખત દોઢિયાર શિક્ષક ખરા અંતઃકરણથી કામ કરતા નથી, પણ અણુપડ શિક્ષક તન દઈને કામ કરે છે તેની અસર વિદ્યાર્થી ઉપર સારી પડે છે; તેથી હરબાર્ટે કહ્યું છે તેમ કેળવણીનો ખરો હેતુ સદાચાર છે. આવી રીતે તન અને મનની કેળવણીને નીતિની કેળવણીના એક સાધન તરીકે ગણી શકાય.

શાળાઓમાં કલ્પનાશક્તિની ખીલવટ.

(લેખક. રા. માણેકલાલ કાળીદાસ ભટ્ટ.)

સુકુમાર બાળકોની કેળવણીના સંબંધમાં કલ્પનાશક્તિ બહુ અગત્યનો ભાગ ભજવે છે. વિજ્ઞાન, સંગીત, કાવ્ય, ચિત્રકામ, ઇત્યાદિ વિષયોમાં નિષ્ણાત પુરુષો બહુ કરીને ઊંચા પ્રકારની કલ્પનાશક્તિ ધરાવતા હોય છે;

અને જગતે એવા પુરુષો પાસેથી જે કંઈ અમોલું મેળવ્યું છે, તે કલ્પનાના મનોહર પ્રદેશનીજ પ્રસાદી હોવાનું જણાયલું છે. વિજ્ઞાન, સંગીત, કાવ્ય, ચિત્રકામ, એ વગેરે વિષયોમાં સાફલ્ય સાધવાને આવશ્યક એવા કલ્પનાશક્તિની ખીલવટના વિષય ઉપર જેમના શિક્ષણ–સમયે યોગ્ય લક્ષ આપવામાં આવ્યું હોય, ને જેમની એ શક્તિ કેળવાઈ, કાબુમાં રહેતી થઈ, વિકાસ પામી હોય, એવાં બાળકોમાંથી કોઈ ભવિષ્યનો મહાન વિજ્ઞાનશાસ્ત્રી, કવિકુલભૂષણ, કે ચિત્રવિદ્યાવિશારદ નહિજ નીવડે, એમ કહેવાની કોણ શિક્ષક ધૃષ્ટતા કરશે?

કલ્પનાશક્તિવિહોણું આ જગત કેવું સુનસામ લાગત! નિરસ, રસભર્યું બાલ્ય, જીવનની નવનવીન ભાવનાઓથી અંકુરાતું અણમોલું યૌવન, અને કહો કે સારૂં જીવન કલ્પનાશક્તિ વિના તો વાસ્તવિક રીતે અસહ્યજ થઈ પડે; કારણ કે કલ્પના વડેજ ભાવનાઓ ઘડાય છે, ને ભૂત, વર્તમાન, કે ભવિષ્યના પ્રસંગો દૃષ્ટિ સમક્ષ આબેહુબ આવીને ખડા થઈ જાય છે. નાનાં નાનાં બાળકો રમતાં હોય, અને પાસ ફરીને ઘર આગળ રમતાં હોય, ત્યારે તેમની રમતોનું અવલોકન કરનારને સહજે જણાશે કે તેમાં કલ્પના શું કાર્ય કરી રહી છે. હાથમાં સોટી ધારણ કરી બેઠેલો બાળક તે બનશે વાસ્તવિક શિક્ષકપદજ ધારણ કરી બેઠો છે! ઉંચે આસને બેસી ગંભીરતાથી ઈન્સાફ આપતો બાળક તે બનશે ખરેખરો ન્યાયાધીશજ છે! ઢીંગલા ઢીંગલીનાં લગ્નમાં મહાલતી બાળાઓ તો બનશે ભવિષ્યની માતાઓના અનેરા ઉલ્લાસની મૂર્તિઓ છે! આ સઘળું શાને લીધે? નાનાં બાળકોની ભવ્ય કલ્પનાશક્તિનો એ વિલાસ છે. નાની કે મોટી એવી કોઈ રમત ભાગ્યેજ હશે, કે જેમાં કલ્પના વિલાસી રહી નહિ હોય. હવે જ્યારે એ શક્તિ બાલ—જીવનને આમ રસભર્યું કરે છે, ઉલ્લાસભર્યું બનાવે છે, ત્યારે સારા શિક્ષકનું લક્ષ તેના પ્રતિ આકર્ષાવુજ જોઈએ. કારણ કે તેમને એ શક્તિ વિશેષ લાભપ્રદ થઈ પડે તે માટે તેના વિકાસનું, તેના સંચયનનું, અને સંયમનનું કાર્ય કરવાની શક્તિ અને અધિકાર શિક્ષક સાંગોપાંગ ભજવે છે.

શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપર ઘણી વાર આક્ષેપ કરવામાં આવે છે, કે તેમનામાં પુરતો આત્મ—વિશ્વાસ હોતો નથી. તેમની સ્મરણ શક્તિ તીવ્ર હોય છે: પરંતુ સ્મરણના સંસ્કારો એકત્રિ કરી તેમને બાકત

કરવાની શક્તિ, એટલે કલ્પનાશક્તિની બહુધા તેમનામાં ઊણપ હોય છે, એ શક્તિનો યથાયોગ્ય વિકાસ શિશુઅવસ્થામાંજ જો થાય, તો ઉપરનો આક્ષેપ સહેજ નિર્મૂળ થઈ જાય અને જીવનવ્યવહારની પારાવાર મુશ્કેલી;-ઓને બાળક—ભવિષ્યનો મર્દ—સફળતાથી તરી પાર ઉતરી શકે એ સ્પષ્ટ છે.

હવે પ્રશ્ન એ ઊઠે છે, કે એ શક્તિનો વિકાસ થઈ શકે શી રીતે? અને શિક્ષક તેમાં શું કરી શકે? કલ્પનાશક્તિનો વિકાસ કરવા માટે શિક્ષકને પોતાનો નિત્યનો કાર્યક્રમ બદલવાની કશીએ જરૂર નથી; કારણ કે નિત્યના પાઠોમાં એ શક્તિનો યોગ્ય વિકાસ કરી શકાય એવા પ્રસંગો તેને ઘણા મળી શકે એમ હોય છે. નિત્યના પાઠો ચાલતા હોય, તે દરમિઆન કલ્પનાશક્તિના વિકાસને માટે શિક્ષકે બાળકોને પુષ્કળ તકો આપવી જોઈએ; પણ સાથે સાથે અણપલોટયા આખલા જેમ ગાડું ગમે તેમ ખેંચી જઈ કદાચ ખાડામાં પધરાવી દે છે, તેમ નિયમનને વશવર્તી રહેવાને ન ટેવાએલી બાળકલ્પનાના ઘોડા ન કરી બેસે, તે ઉપર તેણે સંપૂર્ણ લક્ષ રાખવું જોઈએ. એ ઘોડા આજ્ઞાધીન રહેવાજ જોઈએ; આજ્ઞાધીન રહે, તોજ એમના બળનો લાભ મેળવી શકાય. નહિ તો લાભ કરતાં હાનિ થવાનો સંભવ વિશેષ છે, એ નિર્વિવાદ વાત છે.

કલ્પનાશક્તિની બે શાખા છે; એક પુનરુદ્ભવાત્મક ને બીજી રચનાત્મક. પહેલી શાખા ભૂતકાળમાં જોએલા પદાર્થો કે પ્રસંગોને દૃષ્ટિ સમક્ષ યથાસ્થિત ખડા કરી દે છે; અને બીજી ભૂતના અનુભવને આધારે કેવળ નૂતન સૃષ્ટિ ઉત્પન્ન કરે છે, એમનાં કાર્ય ઉપરથી સહજ જણાય એવું છે કે રચનાત્મક શાખા વિશેષ અગત્યની છે. એના પ્રભાવથીજ જગતમાં મહાન ગણાતી વસ્તુઓ અસ્તિત્વમાં આવી શકી છે.

કલ્પનાશક્તિનો મુખ્ય આધાર સ્મરણશક્તિ ઉપર છે. સ્મરણપટ ઉપરનાં ચિત્રો ઉપરથીજ કલ્પના નવાં ચિત્રો, રચનાઓ ઉપજાવી શકે છે; માટે સ્મરણશક્તિ વિશેષ કેળવાએલી હોવી જોઈએ. સંસ્કાર જેમ ઊંડા પડે છે, તેમ સ્મરણશક્તિ પ્રબળ બને છે; તેથી શિક્ષકે જેમ બને તેમ ઊંડા સંસ્કાર પાડવા યત્ન કરવો જોઈએ. કોઈ પણ વિષયની છાપ એક કરતાં વધુ ઇન્દ્રિયદ્વારા પાડવાનો પ્રયત્ન થાય, તો એ હેતુ સરળતાથી સાધી શકાય.

વિષયના સાક્ષાત્કારને માટે શિક્ષકે બધી ઇન્દ્રિયોનો લાભ અને તેટલો લેવો જોઈએ અને ચક્ષુરિન્દ્રિયનો લાભ તો પુષ્કળજ લેવો જોઈએ; કારણ કે ચક્ષુને કે આંખને મનનું દ્વાર કહેલું છે. ઘરમાં જેમ દ્વારવાટે સહેલાઈથી પ્રવેશ કરી શકાય છે, તેમ જ્ઞાન એ દ્વારવાટે મનમાં સહેલાઇથી પ્રવેશી શકે છે.

કલ્પનાશક્તિનો વિકાસ કરવાને શક્તિમાન થવા માટે શિક્ષકમાં નીચેના ગુણો ખાસ આવશ્યક છે:—

(અ) બાળકની દૃષ્ટિએ વસ્તુ કે વસ્તુસ્થિતિનું અવલોકન કરવાની તેનામાં શક્તિ હોવી જોઈએ; અને બાળકો સહજે સમજી શકે એવી સાદી, સરળ ભાષામાં એ અવલોકનનું વર્ણનચિત્ર આલેખવાની તેનામાં શક્તિ જોઈએ. આનો અર્થ એજ કે ભાષા ઉપર તેનું સંપૂર્ણ પ્રભુત્વ હોવું જોઈએ.

(બ) મનોગતોને યથાયોગ્ય ચઢતા ક્રમમાં યોજવાની તેનામાં શક્તિ જોઈએ; અને બાળકનુ મન વિકાસ પામતું જાય, તેમ તેમ વધુ ને વધુ સુંદર ચિત્રો રજુ કરવાને તે શક્તિમાન હોવો જોઈએ. વળી પોતાના પાઠોમાં વિવિધ ઇંદ્રિયને કસરત મળે એવી રચના કરવાની તેનામાં શક્તિ જોઈએ.

(ક) શિક્ષક બાળકના મન ઉપર કોઈ પણ સુંદર ચિત્રની છાપ પાડવા યત્ન કરે, તે પહેલાં તે ચિત્રને પોતાની દૃષ્ટિ આગળ આબેહુબ ખડું કરી શકવાને તે શક્તિમાન હોવો જોઈએ; અર્થાત્ તેને વિષયનો સાક્ષાત્કાર થયો જોઈએ. જો આમ તે નહિ કરી શકતો હોય, તો બાળકના મન ઉપર તે જે છાપ પાડી શકશે, તે અસ્પષ્ટ ને અચોકસ હોવાની.

હવે કેટલાક વિષયો લઈએ. વિજ્ઞાનમાં કલ્પનાને પોષણ મળે એવા પુષ્કળ પ્રસંગો શિક્ષકને પ્રાપ્ત થાય છે. હિંદના જગદ્વિખ્યાત વિજ્ઞાનશાસ્ત્રી જગદીશચંદ્ર બોઝની મહાન શોધો એમની ભવ્ય કલ્પનાશક્તિનું ફળ છે. આખી સૃષ્ટિ પ્રભુની સૃષ્ટિ છે, તો પછી તેમાં જડ ને ચેતન સર્વમાં એક સરખા નિયમો પ્રવર્તી રહેલા હોવા જોઈએ; એવી એમણે વિજ્ઞાનના પ્રદેશમાં નવીન ને ભવ્ય કલ્પના કરી, અને તેની સિદ્ધતા માટે પ્રયોગો આરંભ્યા. પરિણામે જે માત્ર કલ્પનાજ હતી, તેણે સિદ્ધાંતનું રૂપ ગ્રહણ કર્યું, અને આર્યોને સુપરિચિત સિદ્ધાંતનું આધુનિક વિજ્ઞાનશાસ્ત્રાનુસાર મંડન થઈ ચૂક્યું. શિક્ષક આ ઉદાહરણમાંથી પણ લાભ ઉઠાવી શકે. બાળકોને વિજ્ઞાનનું જે સાદું જ્ઞાન હોય, તે ઉપરથી કલ્પના ચલાવી નવા નિયમો

શોધવાની તે તેમને તક આપી શકે; અને એવી કલ્પનાની સત્યતા પ્રયોગોથી તપાસાવી શકે. આ રીતે બાળકોમાં વિજ્ઞાન પ્રતિ પ્રેમ ઉત્પન્ન કરી શકાય; આપણી શાળાઓમાં વિજ્ઞાનનું વાતાવરણ ઉત્પન્ન કરી શકાય.

સંગીતના વિષયમાં પણ કલ્પનાશક્તિની ખીલવટના પ્રસંગો બહુ મળી શકે. બાળકોને કાવ્યોના રાગ શીખવ્યા પછી વાદિત્ર ઉપર માત્ર તે રાગ વગાડવામાં આવે અને કયો રાગ કે કયું કાવ્ય વાગે છે, તે તેમની પાસેથી શોધી કઢાવાય તો કલ્પનાને ઠીક કસરત મળે. વળી અમુક કાવ્યની પંક્તિઓ કાળા પાટીઆ ઉપર લખી તે કયા રાગે-પરિચિત રાગે-ગાઈ શકાશે, એ વિદ્યાર્થીઓ પાસેજ શોધી કઢાવવાના યત્ન કરવાથી પણ તેમની કલ્પનાને પુરતી કસરત મળશે.

વાદિત્રની મદદથી કાવ્યોનું વાચન શિક્ષક કરી બતાવે, કવિતાઓ સુંદર રાગે ગાઈ બતાવે, અને સાથે કાવ્યના ભાવને અનુકૂળ ચેષ્ટા કે ઇંગિત પણ થયાં જાય, તો કાવ્યરસની મઝા ઓર જાગે છે. એ રીતે ગવાએલું કાવ્ય દીર્ઘ કાળપર્યંત સ્મૃતિની તંત્રીમાંથી સરી પડતું નથી, એટલુંજ નહિ પણ પ્રથમ સાંભળતી વખતના સંગીતના વાતાવરણની કલ્પનામાં જ્યારે ફરી એ કાવ્ય ગાવામાં આવે છે, ત્યારે ગાનાર પોતે મૂળનોજ આનંદ બહુધા અનુભવી શકે છે.

ઇતિહાસનું શિક્ષણ કલ્પનાશક્તિની ખીલવટને માટે બહુ સુંદર ક્ષેત્ર છે; કારણ કે તેમાં ભૂતકાળમાં થઈ ગએલા મનુષ્યો અને બનાવો બાળકોને પોતાની દૃષ્ટિ સમક્ષ ખડાં કરવાના હોય છે. એ કાલ્પનિક ચિત્રોમાં તેઓ અર્વાચીન સમયના વિચારોનો રંગ પણ પૂરી દીધા વિના રહેતા નથી. આ વલણને સત્ય માર્ગે વાળવા માટે ઇતિહાસના શિક્ષણ પ્રસંગે સારાં ચિત્રોનોજ ઉપયોગ થવો જોઈએ. ઇતિહાસનું પ્રાથમિક શિક્ષણ વાર્તાદ્વારાજ અપાય છે. આથી શિક્ષકને બાળકોની કલ્પનાને પોષી, માર્ગ દર્શાવી, ને નિયમને વશ રહેતી કરવાની સુંદર સુંદર સંધિઓ મળે છે, એટલુંજ નહિ પણ તેઓ બાળકોને ભૂતકાળની મહાન વ્યક્તિઓ, પ્રજાઓ, અને બનાવોમાં આતુરતાપૂર્વક રસ લેતાં કરી શકે છે. પરીઓને લગતી વાતો, મજાવારોપણની વાતો ઇત્યાદિ પ્રકારની બાળવાર્તાઓ પણ કલ્પનાશક્તિને બહુ પૌષ્ટિક ખોરાક પુરો પાડે છે.

નિબંધના વિષયમાં પણ કલ્પનાને પોષણ મળે એવું શિક્ષક પસંદ કરી શકે. 'સત્ય,' 'દયા,' 'પરોપકાર,' ઇત્યાદિ ભાવાત્મક વિષયો ઉપર નિબંધો લખાવવાનું આપણી પ્રાથમિક શાળાઓમાં બંધ થાય એ ધન્યજા-નેય છે; કારણ કે એ ઉંમરના વિદ્યાર્થીઓને માટે એ વિષયો બહુ ભારે છે. એવા વિષયો ઉપર સ્વતંત્ર વિચાર કરવા જેટલી, અને તે વિચાર યોગ્ય ભાષામાં દર્શાવવા જેટલી શક્તિ હજુ તેમનામાં આવેલી હોતી નથી. એમને બદલે કાલ્પનિક સંવાદો, યાત્રા, આનંદપર્યટન, પત્રો, વાદવિવાદો, ભાષણો એ વગેરે વિષયો ઉપર નિબંધ લખાવાય એ ઈષ્ટ છે. આથી બાળકો વિષ-યને લગતી માહી કકાકતોજ માત્ર આપીને બેસી રહેશે નહિ; પણ ધીમે ધીમે સંબંધ રાખતી બીજી વાતો જોડીને વર્ણન આપતાં થશે. આમ વર્ણન વૈવિધ્યભર્યું થતું જશે; અને વૈવિધ્યભર્યું વર્ણન તે વૈવિધ્યભરી કલ્પનાનું પરિણામ છે, એની કોઈથી ના પાડી શકાશે નહિ

ચિત્રકામના વિષયમાં પણ કલ્પનાશક્તિ મોટો ભાગ ભજવતી જણાય છે. સ્મૃતિ-ચિત્ર એ કલ્પનાની ઉત્તમ કસોટી છે; કારણ કે ચિત્ર દોરી રહેતા સુધી આકૃતિ સતત માનસિક નેત્ર સમક્ષ રાખ્યા વિના બાળકો કદાપિ સારું સ્મૃતિ-ચિત્ર દોરી શકતાં નથી. ઇતિહાસ, ભૂગોળ, સાહિત્ય ઇત્યાદિમાં આવતા સુંદર વર્ણનાત્મક અનુચ્છેદો-ફકરાઓ-શિક્ષકે બાળકોના સમક્ષ મૂકી તેમને લગતાં ચિત્ર દોરાવવાથી કલ્પનાને બહુ પોષણ ને કસરત મળી રહે, નાની નાની વાર્તાઓ કહી તેને લગતા દેખાવો દોરાવવાથી પણ કલ્પના-શક્તિને સારી રીતે ખીલવી શકાશે.

આ ઉપરથી જણાશે કે શાળાઓમાં કલ્પનાશક્તિની ખીલવટને સારું લાઈથી પુરતું સ્થાન મળી શકે તેમ છે. શિક્ષકે કલ્પનાની ખીલવટને માટે પુરતી તકો આપવી; પણ તેને નિયમમાં રાખવાનું કદી ચૂકવું નહિ. આપણી શાળાઓમાં કલ્પનાશક્તિને યથાયોગ્ય પોષણ મળે, અને તે યોગ્ય માર્ગે ગતિ કરતી થાય, તો કેટલું ભવિષ્ય ઉજ્જવળ બની રહે એમાં કશી શંકા રાખવા જેવું નથી. પ્રભુ એ દહાડો સત્વર દેખાડે. અસ્તુ

ગુજરાતી ભાષામાં વપરાતા ફારસી અરબી શબ્દો.

(લેખક–મિ. અમીરમીઆં.)

(અનુસંધાન જુઓ શાળાપત્ર પુસ્તક ૫૭ પૃષ્ઠ ૩૭૨).

મિમર (અ). મિસ્ર. શહેર આફ્રિકાની ઉત્તરમાં મુલક છે.

મિમરી (અ). મિસ્રી. સાકર. પ્રથમ મિસરથી આવતી હતી માટે.

મિસરો (અ). મિસ્રા. ફારસી અરબી વગેરે કવિતાની ટુંક, પદ.

મિસલ (અ), મિસ્લ સમાન.

મિસાલ (અ). ના જેવો. છબી, સમાન, બાદશાહનો હુકમ, કાજીનું હુકમનામુ, રજાચિઠ્ઠી વગેરે.

મીનહુન (અ). મિન્હ. તેમાંથી, તેજ, એજ. તારીખ ફલાણી માહે મીનહુન (સરકારી કાગળમા લખાય છે) એટલે ચાલુ મહીનો.

મીના (અ). મિના મક્કામા એક ડુગર છે જ્યાં કુર્બાની કરે છે.

મીર (ફા). અમીર (અરબી.) નું ટુંક રૂપ. હાકેમ, સરદાર.

મીરઅદલ (ફા). અદ્લ (અરબી) મીરે અદ્લ. ન્યાયાધીશ.

મીરકાસમ (ફા). કાસિમ (અરબી)=વહેંચનાર. મીરકાસિમ બંગાલાવાચક નામ છે.

મીરજીયાગ–યાસ (અ). ગિયાસ, ફર્યાદ સાંભળનાર બંગાલાવાચક નામ છે.

મીરાસી (અ) વંશપરંપરાથી જે ચાલતા આવતા હોય તે, મુસલમાન ગવૈયાની જાત છે.

મુકદર (અ). મુકદ્દર નસીબ. બદોબ્જે કરેલો. કદર=માપ્યું ઉપરથી.

મુકરદમો (અ). મુકદ્દમા. આગળ જનાર. લશ્કરની આગળ ચાલનાર થોડીક ફોજ , દીવાનો, કેસ.

મુકરમ (અ). મુકર્રમ. આબરૂ વધારનાર મુકિમ = મહેરબાની કરનાર. આપનાર.

મુકરરુ (અ). મુકિર=કરાર કરનાર, હા પાડનાર. તેને ફારસી 'ના' ઉપસર્ગ લાગવાથી નામુકિર=ના પાડનાર ઉપરથી ગુજરાતી ક્રિયાપદ = ભૂંડી જવું.

મુકરદમ (અ). મુકદ્દમ. આગળ થનાર, આગેવાન, મુખી૦

મુકાબલ (અ). મુકાબિલ. સામાવાળીઓ, હરીફ, દુશ્મન, શત્રુ.

મુકામ (અ). સ્થળ, જગા.

મુકરર (અ). મુકર્રર=નક્કી કરવું.

મુખ્તેસર (અ). મુખ્તસર=નાનું, ટુંકું, ખસર=તેણે ટુંકું કર્યું ઉપરથી.

મુખ્તીયાર (અ). મુખ્તાર. સત્તા આપેલી હોય તે.

મુખ્તીયારનામું (અ. ફા). નામું (ફા). નામા. મુખ્તારનામા=સત્તા આપેલું કાગળ.

મુગલ (તુ). મુગુલ અથવા મુગોલ. તુર્કસ્તાનની એક ઉંચી જાતના લોક છે. શબ્દાર્થ સાદા. કેટલાક કહે છે કે લાંઠ.

મુચલીગેગમ (તુ). મુચલીગેગુમ ફારસીમાં 'બેગમ.'

મુચરકો (તુ). મુચલકા, કરારનામું.

મુજબ (અ). મુજિબ. પ્રમાણે.

મુજરો (અ). મજરો શબ્દ જુઓ.

મુજહામત (અ). મુજાહમત, રોકવો, અટકાવ કરવો. જહમ=તેણે હાલે ચાલે નહિ તેવો કર્યો ઉપરથી.

મુજાગો (અ). મુજામકા. તંગી, અડચણ, પરવા.

મુજાફત (અ). મુજાઅફ. બમણું, ડબલ.

મુજાવર (અ.) મુજાવિર, પડોશી, દરગાહોમાં કામ કરનાર, રોજામાં કામ કરનાર. જવર=પાસે હતો ઉપરથી.

મુતલક (અ). મુત્લક, સ્વતંત્ર, બાધ.

મુતાબીક (અ). મુતાબિક. માફક, બરાબર.

મુતાલીક (અ). મુતઅલ્લિક. સંબંધી, તલક=લટકવો ઉપરથી.

મુદ્દત (અ). અરસો, સમય.

મુદ્દલ (અ). મુદ્દઅલ. જેના ઉપર દલીલ લાગુ પડી શકે તે. મૂળ નાણું.

મુદ્દામ (અ). મુદ્દઆ. મુદ્દા=જરૂરની વસ્તુ, મુદ્દામ=ખાસ જરૂરી કામ માટે. મુદ્દામ માણસ મોકલ્યો છે=ખાસ એજ કામ માટે માણસ મોકલ્યો છે.

મુદ્દો (અ). મુદ્દઆ, જરૂરની વસ્તુ. દ્રવ=માગવું, બોલાવો ઉપરથી.

મુનકર (અ). મુન્કિર. ના પાડનાર.

મુનશી (અ). મુન્શી. લખે કરનાર, કોઈ વસ્તુ પોતાના મનથી ઉત્પન્ન કરનાર. ઇન્શા = તે થયો, ને ઉંચે ચડયો ઉપરથી. આ શબ્દ હિંદુસ્તાનમાં વપરાય છે. ઇરાનમાં મિરઝા કહે છે.

ભાષણ ૪ થું. આપણો પ્રયત્ન.

(રા. હરરામ એ. દેસાઈ. બી. એ., એલ. ટી. સી.)

૧૯૧૪ ની સાલમાં લડાઈ શરૂ થઈ અને દૂર આવેલા ફ્રાન્સના ઉત્તર ભાગમાં આપણા દુશ્મન જર્મનોનાં રણશીંગડાંઓનો અવાજ સંભળાયો તે પહેલાં આપણા માનવંત શહેનશાહ પાંચમા જ્યૉર્જ આપણા તરફ નજર ફેરવી, અને આપણે એ પૂજ્ય પિતાની આશાને ફળીભૂત કરવા કમર કસવા લાગ્યા.

જ્યારે જર્મનીએ લડાઈ શરૂ કરી ત્યારે તેણે આપણે માટે જાત-જાતના તર્કવિતર્ક કર્યા હતા. તે તો એમજ માની બેઠું હતું કે આપણે ઇંગ્લાંડને મદદ ન કરતાં ઉલટા તેના કામમાં અડચણ નાખીશું, ને એવી ખટપટ જગાડીશું કે આપણું લશ્કર અહીં હિંદુસ્તાનમાં રોકાઈ રહે એટલુજ નહિ, પણ આપણને સાચવવા ને-કબજામાં રાખવા ઉલટું ઇંગ્લાંડથી નવું લશ્કર મગાવવું પડશે. તેનો પોતાનો અનુભવ એવો હતો, અને બીજાં રાજ્યોમાં પણ તેમજ થશે એમ તે અનુમાન કરતું હતું. આફ્રિકાનાં તેના સંસ્થાનોમાં તેણે ઘણો અન્યાય કરેલો, તેણે ત્યાં દરેક પ્રકારનો જુલમ કરેલો, તેથી તો દેશના વતનીઓ તેને ધિક્કારતા હતા, પણ તે જાણતુ ન હતું કે ન્યાયી બ્રિટિશ રાજ્યની શીતળ છાયા તળે આપણે હિંદુ તેમજ મુસલમાનો—બધા પોતાનો ધર્મ બરાબર પાળી શકતા હતા, આપણે સલાહ શાંતિથી થતાં સુખ ભોગવતા હતા, અને આપણને આપણા આ ન્યાયી રાજ્યમાં, બીજા દરેક પ્રકારનું સુખ મળતું હતું, તેથી આપણે બરા પ્રેમથી આ રાજ્યને ચાહતા હતા, અને તેને વફાદાર રહેવા દૃઢનેશ્ચય હતા. જુલ્મી જર્મનોને આપણા મનની આ સ્થિતિનો ક્યાંથી ખ્યાલ હોય!

મહુમ મહારાણી વિક્ટોરિઆનો ઢંઢેરો હજુ આપણા મનમાં ઘુમ્યા કરે છે, તેમની મનોહર પ્રેમાળ છબી આપણી આંખ આગળ તર્યા કરે છે, તેમણે કરેલા હજારો ઉપકારોનું સ્મરણ આપણને તાજું છે, અને તેમના ગુણોનું ગાન ગામડામાં અને શહેરોમાં થાય છે. તેમની પાછળ ગાદીએ આવેલા મહુમ શહેનશાહ એડવર્ડના ભલા કામોની છાપ આપણા હૃદયમાં કોતરાઇ રહી છે, અને તેમનાં માયા, મમતા વગેરે આપણે ભૂલી ગયા નથી. આ આપણી પવિત્ર લાગણીઓમાં નામદાર શહેનશાહ પાંચમા જ્યૉર્જ

વધારો કર્યો છે હિંદી દરબાર વખતે તેમણે કહાડેલા ઉદ્‌ગારો, અને તેમણે આપેલી આશાઓ જે ધીમે ધીમે ફળીભૂત થતી જાય છે, એ સઘળું આપણે કેમ ભૂલી જઈશું?

જ્યારે હિંદુસ્તાન તરફથી મદદની આશા આપણા શહેનશાહે રાખી ત્યારે પોતાનું કાયમનું લશ્કર ત્યાં એકદમ મોકલવા હિંદ તૈયાર થયું. ઠેકાણે ઠેકાણે વફાદારી જાહેર કરનારી સભાઓ મળી. પ્રજાના આગેવાનો અને પ્રજાજનો પોતાની વફાદારી દેખાડવા એક પગે થઈ રહ્યા, અને જે હિંદી લશ્કર ફ્રાન્સ લડવા જાય તે લશ્કરનું બધું ખર્ચ ઉપાડી લેવા આપણે તૈયાર થયા. જુનું લશ્કર ઉપડી ગયું, અને નવા લશ્કરની ભરતી થવા લાગી દેશી રાજ્યકર્તાઓ પણ પોતાની વફાદારી બતાવવા હરિફાઈ કરવા લાગ્યા. પોતાનું સર્વસ્વ લડાઈના કામમાં સોંપવા તેઓએ મરજી દેખાડી.

હિંદીઓનું પહેલું લશ્કર—નાનું પણ ઉમંગ અને ઉત્સાહ ભરેલું કસાએલું બહાદુર લશ્કર—વહાણમાં બેસી સપ્ટેમ્બર માસમાં ફ્રાન્સ પહોંચ્યું. એક નાનો પણ ભવ્ય કાફલો એક દિવસ બંદરમાં દાખલ થયો, અને ૭૦ હજાર હિંદીઓ પોતાના દેશની કીર્તિ વધારવા ખાતર ફ્રાન્સના કિનારા ઉપર ઉતર્યા. તેમને તુરત આગગાડીઓમાં બેસાડી રણભૂમિ તરફ રવાના કર્યા. ૧૯૧૪ના ઓકટોબર માસની ૨૮ મી તારીખે આ આપણા બહાદુર સિપાઈઓએ પોતાનું પાણી જર્મનોને પ્રથમ દેખાડયું.

આ લડાઈ પહેલાં થઈ ગએલી લડાઈઓ કરતાં જુદીજ તરેહની હતી. ખાઈઓમાં રહી લશ્કર લડે, નાની મોટી તોપો રાતદિવસ ફૂટે ને હવાઈ વિમાનો અને જહાજો હવામાં ઊંચે ચક્કર ચક્કર ભૂમી ઉપરથી બોમ્બ ગોળા ફેંકે. આ બધું આપણા લશ્કરને ગુંચવી નાખે એમ હતું, પણ તેથી ન ગભરાતાં તેઓ શાંતપણે લડયા, અને જર્મનોને પોતાની મંગીનોનો સ્વાદ એવો ચખાડયો કે સફેદ દાંતવાળા, નીડર આંખવાળા, બહાદુર અને ચીવટાઈથી લડનારા શ્યામરંગી હિંદીઓથી તેઓ ડરવા લાગ્યા. બહાદુર શીખ લોહાના ઝભ્ભા, રજપુત, જાટ, ડોગ્રા, વગેરે જાતોનું હિંમતથી લડવું, અને અચળ ગુરખા લોકોના રાતના તેમજ દિવસના છાપા, અને પંજાબી મુસલમાન, બલુચીઓ તથા પઠાણ વગેરે જાતોનાં શૂર કામોનાં વખાણ ફ્રાન્સમાં ઠેરઠેર થવા લાગ્યાં. પોતાના દેશથી બે હજાર માઈલ

દૂર આવી ફ્રાન્સની રણભૂમિ ઉપર આવી . બહાદુરીથી લડનાર હિંદરત્નોની તારીફ ફ્રાન્સનાં નરનારીઓ કરવા લાગ્યાં.

હિંદના ટેકા રૂપ ગણાતા હિંદુ તથા મુસલમાન રાજા મહારાજાઓ અને નવાબો પોતાની બહાદુરી દેખાડવા અને મહારાજા જ્યોર્જ તરફ પોતાની વફાદારી બતાવવા આ વખતે તૈયાર થયા. ઈડરના મહારાજા, બિકાનેરના મહારાજા, પતિયાલાના મહારાજા, સચીનના નવાબ સાહેબ વગેરે જાતે રણક્ષેત્રમાં જવા ઉપડયા; આ ઉપરાંત ૭૦ વરસ ઉપરના વૃદ્ધ થએલા જોધપુરના રાજ્યપ્રતિનિધિ-રીજેન્ટ-સર પ્રતાપસિંહજી પણ ફ્રાન્સ તરફ વિદાય થયા. તે વયોવૃદ્ધ હતા પણ રજપુત હતા, અને તેમનું લોહી આ વખતે ઉકળી આવ્યુ. ઘણે ઠેકાણે તેમણે લડીને બહાદુરી દેખાડેલી અને આ વખતે તે કેમ શાંત બેસી રહે! જે રાજા મહારાજાઓ રણક્ષેત્રમાં જાતે જઈ શકયા નહિ તેઓએ પોતાના લશ્કરની અને પૈસાની મરા જીગરથી મદદ આપી. ગુજરાતના અને કાઠિઆવાડના મહારાજાઓએ પણ પોતાનાં લશ્કરો મોકલી આપ્યાં. અંતરના ઉભરાતા ઉમળકાથી રાજાઓ તથા પ્રજાજનોની આ મદદ મળતી જોઈ અંગ્રેજ પ્રજા ખૂશ થઈ, અને જર્મનો આભા બની ગયા.

લડાઈમાં જીતવાને સારૂ ઈગ્લાંડમાં જ્યારે નવા માણસોની ભરતી થવા માંડી, મિલો, કારખાનાં, નિશાળો વગેરે સ્થળેથી હારબંધ અંગ્રેજો પોતાનાં નામ નોંધાવવા સારૂ લડાઈ ખાતાની ઓફીસ આગળ હાજર થયા, ત્યારે હિંદી લશ્કરમાં પણ નવા માણસોની ભરતી કરવા સારૂ તૈયારીઓ થવા લાગી. પંજાબમાંથી ઉંચા, કદાવર, શાંત મુખાકૃતિવાળા શીખ લોકો, હિમાલયના ડુંગરી પ્રદેશમાંથી મજબુત માહસિક ચપળ અને ઠીંગણા ગુરખા લોકો, પશ્ચિમના મુલકોમાંથી મલુચીઓ, મોગલો અને પઠાણો, અસલના નામાંકિત રજપુતોના હાલના શૂરા ફરજંદો, દક્ષિણના ડુંગરોમાંથી શૂરા શિવાજીના શૂર લશ્કરના વશજો, મદ્રાસ ઇલાકામાં આવેલા મદુરાના નામીચા રાજા તીરૂમલ નાયકના લશ્કરમાં રહી લડેલા બહાદુર મદ્રાસી જાતોના હાલના વંશજો, શૂરા નાયર લોકો વગેરે આ જંગમાં ભાગ લેવા, પોતાના બાપદાદાની કીર્તિને ઝળકાવી કરવા, અને પોતાના દેશની, અને રાજાની મેવા કરવા નવાં લશ્કરમાં જોડાવા લાગ્યા. આ ઉપરાંત બંગાળી યુવકો જેઓ નિશાળો અને પાઠશાળામા ભણતા હતા, અને જેમણે લશ્કરી

મેસોપોટેમીઆ, પેલેસ્ટાઈન, આફ્રિકા વગેરે સ્થળે તેમણે કરેલાં કામોને સંભારો. મેસોપોટેમીઆમાં તુર્કસ્તાનની સામે જે લશ્કર હતું તેમાં લગભગ બે તૃતીયાંશ ભાગ આપણા લશ્કરનો હતો. આ આપણા લશ્કરમાં મુસલમાન તેમજ હિંદુભાઈઓ બન્ને હતા.

આપણા આ લશ્કરની બહાદુરીથી તુર્ક લોકોના ટાંટીઆ ઢીલા થયા, અને આખરે તેમને શરણે આવવાની જરૂર પડી. આ જીતનું અર્ધું માન આપણા લશ્કરને છે—આપણા દેશને છે.

હવે આપણી સરકાર અને તેમના મિત્રોએ કરવા માંડેલા મહાન કામની પૂર્ણાહુતિ થઈ ગઈ છે. આપણે બધા ન્યાય અને ધર્મના ઝંડા હેઠળ રહી લડ્યા તેથી મહાન ઈશ્વરે આપણને જય આપ્યો અને અધર્મ અને અન્યાયી જુલ્મી જર્મનોને પાછા પાડ્યા. તેઓ હવે શરણે આવ્યા છે અને તેમના શહેનશાહ કૈસર રાજપાટ છોડી નાસી ગયા છે આ લડાઈમાં સર્વ રીતે આપણો ભાગ બજાવવા આપણે ચૂક્યા નથી, આપણે ખરા પ્રેમથી રાજસેવા અને દેશસેવા બજાવી છે. તેથી આપણે એવી નામના મેળવી છે જે આપણા પછીથી આવનાર પ્રજા પણ આ લડાઈની વાત બડા ગુમાનથી કરી શકશે.

તાર વિનાના સંદેશા.

તાર વિના સંદેશા મોકલવાની રીત વિજ્ઞાનની એક મહાન શોધ છે. તેની મદદથી ઘણા સંદેશા ગયા વિગ્રહમાં અધવચ દુશ્મનો પકડી લેતા, અને તેને પરિણામે ધારેલી યોજના બર લાવવા અસંખ્ય વ્યક્તિઓનો સંહાર પણ તેમણે કર્યો છે

તાર રૂપી સાધન વિના સંદેશા શી રીતે મોકલાતા હશે તે જાણવું આવશ્યક હોવાથી હુકી હકીકત એક "ટીચર્સ એડ્ડ" નામના માસિક-માંથી અહીં ઉતારી છે.

આ વિષયની શરૂઆત કરતાં પહેલાં "ઇથર"ને લગતો વિજ્ઞાનશાસ્ત્રનો મહાન પ્રશ્ન સમજવો પડશે. ઇથર શું છે એ સમજવું ઘણું મુશ્કેલ છે, છતાં વિજ્ઞાનશાસ્ત્રની કેટલીક બાબતોનું સ્પષ્ટીકરણ કરવામાં તે બહુ ઉપયોગી છે. એક બે દૃષ્ટાંત લઈએ —

કોઈ માણસ બહુ દૂર ઉભો છે. તેને બોલાવવો હોય તો કંઈ સાધન વાપરવાની જરૂર પડે છે. કેટલીક વખત બૂમ પાડીએ છીએ, અગર સિસોટી વગાડી તેને બોલાવીએ છીએ. આમાં અવાજ પહોંચાડનાર સાધન શું? આનો ઉત્તર નીચેના દૃષ્ટાંતથી આપી શકાશે. ધારો કે એક ઘડિઆળને કાચની શીશીથી ઢાંકી દીધી છે, તેની તરફ કાન ધરીશું તો અવાજ સાંભળી શકાશે; પરંતુ હવા કાઢી લઈશું તો અવાજ સંભળાતો બંધ થશે. આથી સિદ્ધ થાય છે કે હવા વગરની ખાલી જગામાંથી અવાજનાં મોજાં પસાર થઈ શકતાં નથી, માટે બૂમ કે સિસોટીનું સાધન હવા છે.

બીજી એક બાબત એ લક્ષમાં રાખવાની કે શીશીમાં હવા નથી છતાં ઘડિઆળ જોઈ શકાય છે. પ્રકાશનાં કિરણો જોનારની આંખ ઉપર પડે છે, વચમાં અવકાશ વાળી જગા છે આથી શું એમ માની લેવું કે પ્રકાશ અવકાશદ્વારા પસરી શકે? તેને શું સાધનની જરૂર નથી? ખરેખર અવકાશ છે પ્યારો! વિજ્ઞાનશાસ્ત્રીઓ ખાલી જગા હોય એમ માનતા નથી. તેઓ કહે છે કે કાચના ઢાંકણામાંથી હવા કાઢી લઈએ તો તે ખાલી જગા કંઈક તત્ત્વથી ભરેલીજ છે, અને તે કંઈક તત્ત્વ પ્રકાશનાં કિરણો ફેલાવવામાં સહાયભૂત બને છે. આ તત્વને "અવકાશમાં રહેલું ઈથર" અગર સાદું ઈથર કહે છે. હવામાં વપરાતી ઈથર નામની વસ્તુ સાથે આને સંબંધ નથી એ વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે. આ સાદૃશ્યસૂચક દૃષ્ટાંત ઉપરથી અનુમાન કરી શકાય કે સૂર્યનો પ્રકાશ ઘણે દૂરથી પૃથ્વી ઉપર પડે છે, ઈથરદ્વારાજ. વાતાવરણ માત્ર ૨૦૦ માઈલ સુધીનું છે, સૂર્ય તો ઘણો દૂર છે. તો પ્રકાશ આવવાનું સાધન કંઈક હોવું જોઈએ, અને તે ઈથર છે વિદ્યુતનાં મોજાં ફેલાવવામાં પણ તે સાધન રૂપે પ્રવર્તે છે, વિદ્યુતના એક તણખા સાથે મોજાંઓ ઉત્પન્ન થાય છે. જેમ પાણીમાં પત્થર નાખવાથી પાણીનાં મોજાં ઉત્પન્ન થાય છે તેમ આ વિદ્યુતનાં મોજાં બહાર પ્રસરે છે અને અમુક સંજોગોદ્વારા તેને પાછાં ગ્રહણ કરી શકાય છે.

તાર વિનાના સંદેશા મોકલવા તથા ગ્રહણ કરવા ત્રણ ચીજની જરૂર પડે છે (૧) મોજાં ઉત્પન્ન કરનાર યંત્ર (૨) સાધન કે પ્રવાહક (૩) ગ્રહણ કરનારું યંત્ર. એક છોકરો બીજા છોકરાને બોલાવતો હોય છે ત્યારે આજ વસ્તુસ્થિતિ હોય છે (૧) તેનો અવાજ (૨) હવા રૂપી સાધન અને (૩) કાન. વિદ્યુતનાં મોજાંને અંગે ઉત્પાદક શક્તિ તે પેલો તણખો છે. આ

ચૂક્યું છે; અને તમે સર્વ ભવિષ્યમાં શિક્ષક થવાના છો. એટલે આ પ્રસંગે તમને ભવિષ્યમાં એ વિષય શિક્ષણમાં સહાયભૂત થઈ પડે એવી કેટલીક સૂચનાઓ કરવાની તક હું સાધી લઈશ.

નીતિશિક્ષણમાં તમારે બાળકોને નીતિને રસ્તે ચાલતાં બોધ આપી શીખવવાનું નથી; પણ નીતિ પ્રત્યે તેમને આન્તરિક પ્રેમ ઉત્પન્ન થાય એવું કરવાનું છે. એક બે ઉદાહરણથી એ વાત વધુ સ્પષ્ટ થશે. ધારો કે તમે તમારી શાળાના બે વિદ્યાર્થીઓને લડાઈ ટંટો કરતા જોયા. એ પ્રસંગે તમારો ધર્મ શો છે? લડાઈ ટંટો ન કરવા માટે એક લાંબુ ભાષણ આપી બોધ આપવા બેસી જવાનો કે તેમને શરમાવવાનો કે તેમને ધમકાવવાનો તમારો ધર્મ નથી તમારે એ તકનો લાભ લઈ બાળકોમાં એવી લાગણી ઉત્પન્ન કરવા પ્રયત્ન કરવો જોઈએ, કે જેથી લડાઈ ટંટા પ્રત્યે તેમને તિરસ્કાર ઉત્પન્ન થાય, અને પરિણામે તેઓ કદી તેમ કરેજ નહિ. નીતિશિક્ષણ આપતાં આ મુદ્દો શિક્ષકે હમેશ દૃષ્ટિ સમક્ષ રાખવો જોઈએ.

બીજું ઉદાહરણ લઈએ. કોઈ છોકરો ધારો કે જુઠું બોલતાં પકડાયો. એ પ્રસંગે જો તમે તેને શરમાવો, ધમકાવો, કે શિક્ષા કરો. તો તે વધારે નઠોર થઈ જવા સંભવ છે. એમ ન કરતાં એ પ્રસંગે તમારી મુખ્ય ફરજ એ થઈ પડે છે, કે તમારે એ છોકરાને સત્ય ઉપર પ્રેમ ઉત્પન્ન થાય એવાં પગલાં ભરવાં. જુદાં જુદાં ઉદાહરણોથી તેમનામાં સત્ય માટે પ્રેમ અને અસત્ય ને માટે તિરસ્કાર ઉત્પન્ન કરવો. આમ કરવાથી તે ફરી જૂઠું બોલવાની ટેવ એની મેળેજ મૂકી દેશે; અને તમારો હેતુ સધાશે.

નીતિપાઠ આપતાં શિક્ષકો મુખ્ય દોષ કરે છે, તે એ છે, કે તેઓ ભારોભાર નીતિસૂત્રો બાળકોનાં કુમળાં મગજો ઉપર લાદવા પ્રયત્ન કરે છે. બાળકોનું મગજ તે કંઈ શુષ્ક નીતિસૂત્રો ઠાંસીઠાંસીને ભરવાનો થેલો નથી. એ રીતે ભરવામાં આવેલાં નીતિસૂત્રો તે ભરતાં જેટલો વખત લાગેલો હોય, તેનાથી ઓછા વખતમાં બાળકો વીસરી જાય છે; અને પરિણામે કશોજ લાભ થતો નથી, પરંતુ કાળનો ત્રાસ જરૂર ખુવારેલો જણાય છે. માટે તમારે નીતિસૂત્રો બાળકોનાં મન ઉપર લાદવા પ્રયત્ન કરવો ન જોઈએ; પણ સરળ બાળમન જે સર્વ પ્રકારના વિકાસને યોગ્ય છે, અને જેમાં નીતિના અનેરાં બીજ પ્રભુએ રોપીજ મૂકેલાં હોય છે, તે બીજ વિકસિત થાય અને નીતિમય જીવનનું એક સુંદર વૃક્ષ બની રહે, એમ કરવું એ તમારી ફરજ છે.

મનુષ્યના મનનું પ્રભુએ કંઈ એવું અજાયબી ભરેલું વલણ ઘડેલું છે કે તે સારા કરતાં નઠારા તરફ, સત્ય કરતાં અસત્ય તરફ વધુ ખેંચાય છે. હવે જો તમે નઠારી વસ્તુ દૂર કરી તેની જગાએ સારી વસ્તુ પુરી નહિ પાડો, તો પછી નઠારી વસ્તુઓ આવી ભરાવાનીજ. મનનો એ સ્વભાવજ છે. માટે તમારે બાળકની નઠારું કરવાની વૃત્તિનો ઉચ્છેદ કરવો એટલુંજ નહિ, પણ તત્કાળ સારું કરવાની વૃત્તિને ઉત્તેજન મળે એવું કરવું જોઈએ. દુકમાં નઠારું કરવાના વિચારો દૂર કરી તત્કાળ સારું કરવાના વિચારો તમારે પુરા પાડવા જોઈએ. એજ નીતિસૂત્રોનું છેવટનું અને ખરું સ્થાન છે.

તમે સર્વ ભવિષ્યના શિક્ષકો છો, તમે કૉલેજના શિક્ષકોના જ્ઞાનનો સુલભ્ય લાભ કૉલેજમાં રહી મેળવી રહ્યા છો. હું આશા રાખું છું, કે જે જ્ઞાન તમે પ્રાપ્ત કરી રહ્યા છો, અને જે વિવિધ શિક્ષણશૈલીઓનો અનુભવ મેળવી રહ્યા છો, તે સર્વનો તમે કૉલેજ છોડી શિક્ષક થાઓ ત્યારે ઉપયોગ કરશો. કૉલેજમાં શીખવવામાં આવેલી શૈલીએ શિક્ષકોને ગામડાની સ્કૂલમાં હું કામ કરતાં જોઉં છું ત્યારે મને અપાર આનંદ થાય છે. પરંતુ જ્યારે શિક્ષક કૉલેજમાં જે સઘળું શીખેલો હોય તે સઘળું જતી વખતે કૉલેજનેજ પાછું સોંપી દઈ ગામડામાં જઈ પોતાની પ્રાચીન શૈલીએજ કામ કરતો અને કર્તવ્યનું લેશમાત્ર ભાન રાખ્યા વિના શાળામાં મોડો જતો અને એવી બીજી અનેક રીતે બાળકોને અનીતિનું પ્રત્યક્ષ દૃષ્ટાંત પુરું પાડતો મને જણાય છે, ત્યારે ખરેખર મને અત્યંત ખેદ થાય છે. બલ્કે એવા શિક્ષકની અધમતાને માટે મને તેની દયા આવે છે.

આ પછી સ્કોલર મૂળશંકરને ઉદ્દેશીને તેમણે કહ્યું કે:—તમે ઉત્તમ નીતિપાઠ આપ્યો, તે માટે તમને આ ચંદ્રક આપવામાં આવ્યો છે. એ ચંદ્રકની કિંમત ઉપર તમારે જોવાનું નથી. એ તો માત્ર એક ચિહ્નજ છે. હું આશા રાખું છું કે તમે વિદ્યાર્થી અવસ્થામાં જેમ ઉત્તમ નીતિપાઠ આપ્યો છે, તેમ ભવિષ્યમાં એક ઉત્તમ શિક્ષક તરીકેના તમારા વર્તનથી બાળકોને પ્રત્યક્ષ નીતિપાઠ આપી એક નીતિમાન મનુષ્ય તરીકેનું તેમજ નામદાર સરકારને સંપૂર્ણ વફાદાર શહેરી તરીકેનું એક જવલંત દૃષ્ટાંત તેમને પુરું પાડશો.

આ પછી સ્કોલર મૂળશંકરે પોતાને સુવર્ણચંદ્રક આપવા માટે નામદાર સરકારનો અને મે. એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબનો ઉપકાર માન્યો હતો, અને તે પછી મેળાવડો વિસર્જન થયો હતો.

સાબુ અને સાબુની બનાવટ.

(ટીચર્સ એઇડ નામના મોસિકમાંથી અનુવાદ.)

પાઠ માટે નીચેનાં સાહિત્યોની જરૂર પડશે:—

(ગ્રીઝ) તેલ, પાણી (ગરમ અને ઠંડું), સાબુ, તેલ, વધારે સોડાનું મિશ્રણ, ઘોવાનું ટબ, નાની કીશી વગેરે. પાઠનો વિષય છોકરાને એકદમ કહેવો નહિ; પણ આગળના કેટલાક વિદ્યાના ઓગળી જાય એવા પદાર્થો તથા મિશ્રણના પાઠોના ટુકડાઓમાં આરંભમાં પ્રશ્નો પૂછી પાઠ શરૂ કરવો. નક્કર પદાર્થ જે ઓગળી શકે એવો હોય તેનું નામ દો. તે શેમાં ઓગળશે? ધારો કે પાણીમાં તમે ખાંડ ઓગાળો છો, તો તેનું શું પરિણામ આવશે? આ બાબતમાં પાણીને તમે કયું નામ આપશો? બીજા પદાર્થો કે જેને પાણી ઓગાળી શકે તેનાં નામ દો. ગરમ અને ઠંડા પાણીની ઓગાળી શકવાની શક્તિમાં શો તફાવત છે? જે પદાર્થ પાણીમાં ન ઓગળી શકે તેનું નામ દો. એ પદાર્થ શેની અંદર ઓગળશે?

થોડું તેલ (ગ્રીઝ) આપીને છોકરાને વર્ગ સામે ઉભો કરો. બણી જોઈને તેને તેના હાથ બગાડવા દો. તે છોકરાને તેના હાથ સાફ કરવાનું કહીને પૂછો કે તે શું કરશે. ખરેખર તે તેના હાથ ધોવાનું સૂચન કરશે. તેને ધોવાનું પ્યાલું અને થોડું ઠંડું પાણી આપો. તે તેના હાથ સાફ નહિ કરી શકે. તેને ગરમ પાણી વાપરવાનું સૂચન કરો. આ વખતે તે ફક્ત થોડે અંશે ફાવે છે. તેલી ચીકણો પદાર્થ તેના હાથને હજુ સુધી ચોટેલો છે, અને તેના હાથ સાફ કરવામાં ઠંડુ અથવા ગરમ પાણી વાપરીને કૃતકાર્ય થયો નથી. આમ કેમ? ગ્રીઝ, ચરબી, અને તેલ પાણીમાં ઓગળી શકતાં નથી. ત્યારે છોકરો પોતાના હાથ કેવી રીતે સાફ કરી શકશે? જે વસ્તુની અંદર ગ્રીઝ ઓગળી શકે છે તે વસ્તુનો ઉપયોગ કરવાથી.

ઓગાળવાના ગુણ જેમાં હોય એવા પદાર્થને લગતા જ્ઞાન આપનારા આગળ શીખી ગએલા પાઠની મદદ લઈને વધારે સોડાવાળા મિશ્રણનું કે જેની અંદર ગ્રીઝ ઓગળી જાય છે તેનું—વિદ્યાર્થી સૂચન કરે. જો જરૂર પડે તો તે છોકરાને સોડાબોટલથી હાથ સાફ કરવા દો, પણ આપણી પાસે આપણા ઘરમાં એક એવી તૈયાર વસ્તુ છે કે જે ગ્રીઝને સહેલાઈથી દૂર કરી શકશે; અને તે સાબુ છે. છોકરાને સાબુનો એક ટુકડો આપો અને હાથ ધોવાનું શરૂ કરવા દો. બીજો બાપ છે તે ધ્યાનમાં રાખો. આ

કયાંથી આવે છે? સાબુ પાણીમાં ઓગળી શકે છે. સાફ હાથવાળા બીજા છોકરાને પાણીના બીજા ટબમાં સાબુ વાપરીને ફીણ બનાવવા દો. આ બંને ફીણને સરખાવો. ટબનું ફીણ સાફ છે. પહેલી બાબતમાં તે મેલું દેખાય છે. મેલ કયાંથી આવ્યો? છોકરાનો જે હાથ હાલ સાફ છે, તેમાંથી. આ બધી બાબતોનું તારણ કાઢતાં સમજાય છે કે સાબુને પાણી ઓગાળી શકે છે, તેમાંથી ફીણ બને છે, ચીકટ પદાર્થ તથા મેલને તે દૂર કરે છે. અગાઉ શીખી ગયા હોય તેનું ભાન કરાવવું, કે સોડાવોટર વાપરવાથી મીઠું જેમાં હોય તે શીશી સાફ કરાય છે. આથી અનુમાન તારવી શકે, કે સાબુમાં સોડા હોય છે.

તેલથી અર્ધી ભરેલી અથવા પ્રવાહી ચરબીવાળી એક શીશી લો, અને વર્ગ સામે તેને ટેબલ ઉપર મૂકી રાખો. એક છોકરા પાસે સંભાળથી તેમાં સોડાનું સખત મિશ્રણવાળું પાણી રેડાવી તેને ભરી દો. આ કામ બહુ ધીમે કરાવવું. બાળકોને શું થાય છે તે જોવા કહેવું. બન્ને ભળતાં નથી, પણ તેલ સોડાવોટરની સપાટીએ તરતું નજરે પડે છે. વિદ્યાર્થીને પૂછવું કે આવી રીતે તેલને પાણીની સપાટીએ તરતું કદી જોયું છે? રસ્તામાં ભરાયેલા પાણીના ખાબોચીયામાં કેરોસીન તેલ ઘણી વાર તમને તરતું નજરે પડયું હશે આનું શું કારણ છે? પાણી તેલની સપાટીએ કેમ નહિ તરતું હોય?

શીશીને બૂચ મારી અંદરના તત્વને પુષ્કળ હલાવો. તરતજ તેલ તથા સોડા એક થઈ જશે એ મિશ્રણ પછીથી કેવું દેખાશે? પાણી કે તેલથી તદ્દન જુદીજ જાતનું તે બને છે. શીશીને મેજ. ઉપર મૂકી રાખીશું અને અંદરની વસ્તુઓને ઠરવા દઈશું તો, શીશીને તળીએ પાણી જેવો પ્રવાહી પદાર્થ નજરે પડશે. ઉપર એક ઘટ્ટ બનેલો પદાર્થ દેખાશે, જે તેલ કે પાણીથી તદ્દન જુદોજ છે. કાચની નળી અગર ચમચાની મદદથી તેમાંનો થોડોક ભાગ બહાર વિદ્યાર્થીને હાથમાં લઈ તેની આંગળીઓથી ઘસવા દો. તેને શી લાગણી થાય છે? તે સુંવાળો, નરમ અને ચીકણો જેવો દેખાય છે, તે બરોબર સાબુ છે.

શીશીમાંથી બેભાળીને પાણી જેવો ભાગ કાઢી નાખો. પાછળ રહેલો સાબુ તપાસો. અગાઉ વાપરેલી સાબુની ગોટી સાથે તેને સરખાવવા દો. બન્ને તદ્દન સરખા નથી. સાધારણ વપરાતો સાબુ મીઠું કાઢયું હોય છે. આ બનાવ્યો તે નરમ છે. જેનો સાબુ નક્કર રહેવાનો છે. બીજો પ્રવાહી છે.

પરાંશમાં આવે એવો બનાવવા નવા સાબુને કઠણ કરવાની જરૂર છે. આ સાબુમાં એવું કંઈક છે કે જેથી તે સ્વરૂપમાં પ્રવાહી બન્યો છે. તે પાણીને લીધે છે. પાણીમાં ઓગળે એવાં તત્વોવાળા પ્રવાહી પદાર્થોને નક્કર રૂપમાં આણી શકાય છે. પાણીને તેનાથી જુદું પાડવાથી તેમ થાય છે. આ ક્રિયા ઉકાળવાથી થઈ શકે છે. આથી સાબુમાં રહેલું પાણી અદૃશ્ય થશે.

પ્રવાહી સ્વરૂપના સાબુને એક ઉકાળવાની રકાબીમાં રેડો. ગરમ કરો. પાણી વરાળરૂપે ઉડી જાય છે તેમ તેમ માબુ ઘટ્ટ ને ઘટ્ટ બને છે તે જોતા કહેવું. ઉકાળવાની ક્રિયા સંપૂર્ણ થઈ રહે એટલે ગરમીનું સાધન દૂર કરી રકાબીને ઠંડી પડવા દો. છેવટે સાબુનો એક જાડો કાચ કકડો રહેશે. છોકરાઓને આ કકડાની સાબુની ગોટી સાથે સરખામણી કરવા કહો. બન્ને સરખા સ્વરૂપના નજરે પડશે. માત્ર ફેર એટલોજ રહેશે કે બજારનો ખરીદેલો સાબુ રંગીન હશે. આ નવી સાબુની ગોટી વાપરવા વિદ્યાર્થીને કહો. તેના હાથ સાફ કરી શકશે.

આમ સાબુ બને છે તે કદમાં નાનો છે. આ સાબુનું મિશ્રણ આપણા ઘરમાં કાગળવાળી સ્ત્રીઓ પોતાના સાબુનો જથ્થો સાચવી રાખે છે તેની સાથે મરખાવો કરતાં તે મિશ્રણ કરશે, અને કઠણ બનશે. પછીથી વાપરવામાં પૈસાની દૃષ્ટિએ પણ લાભકારક નીવડશે.

(શાળાપત્ર ઓફીસ.)

બળતું અને ધુમાડો.

(રા. ચદુલાલ કે. અમીન, બી. ઓ. એસ. ટી, સી. ડી., તેલગ હાઈસ્કુલ, ગોધરા.)

यत्र यत्र धूमः तत्र तत्र वह्निः ।

જ્યાં જ્યાં ધુમાડો ત્યાં ત્યાં અગ્નિ.

તર્કસંગ્રહ, તર્કભાષા અથવા એવું કોઈપણ પુસ્તક જે નામી જાય અથવા ઉપરના વાક્ય વિષે કઈક ધ્યાનપૂર્વક વિચાર કરે તેને તેની સત્યતા વિષે શકા ભાગ્યેજ રહે. અગ્નિમાંથી ઉત્પન્ન થઈ ઉંચે ચઢી અદૃશ્ય થ એ ધુમાડાનું લક્ષણ છે. આથી ધુમાડો જોતાંજ કે તરતજ આપણે ક શોધીએ છીએ કે તેને ઉત્પન્ન કરનાર અગ્નિ પાસેજ હોવો જોઈએ. જ્યાં જ્યાં અગ્નિ હોય ત્યાં ત્યાં ધુમાડો હોવો જોઈએ તેમ નથી. કારણ સગડીમાં પાકા કોલસા બળતા હોય છે તો ત્યાં ધુમાડો નથી હોતો.

ધુમાડો, ધુમાડો, ધુમાડો જ્યાં જોઈએ ત્યાં એજ, બપોરના બારેકની બજાર જઈએ તો મિલોનાં ભુંગળાંમાંથી ધુમાડો નીકળતોજ હોય, સવારમાં જોઈએ તો રસોડામાં ને તેની આસપાસના ખંડમાં તેની હયાતી ખરીજ. ઘણે ઠેકાણે ઘરની ભીંતો ને છત તેને લીધે કાળી થયેલી હોય છે. રાતના ફરતા હોઈએ ત્યારે ઘણી વખત તેને લીધે આપણી આંખો બળે છે.

બળતું અને ધુમાડો—કેટલાં સામાન્ય છો છતાં તેઓ વસ્તુતઃ શું છે તે કેટલા થોડા માણસો જાણે છે.

વસ્તુઓ ગમે તેટલી જુદી જુદી જાતની હોય પણ તે બળે ત્યારે તેમાંથી નીકળતો ધુમાડો એકજ જાતનો હોય છે. લેંપ, બત્તી અથવા ગાસનાં દીવામાંથી ધુમાડો નીકળતો દેખાતો નથી તોપણ તેમાં પણ ધુમાડો છે.

એક સફેદ કાર્ડ લો. તે બળી ન જાય તેમ સાચવીને મીણ બત્તીની ટોચ ઉપરથી તેને એકદમ પસાર કરો. તમને માલમ પડશે કે કાર્ડ કંઈક કાળું થયું છે. હવે એજ રીતે પહેલાં કરતાં નીચેથી કાર્ડ પસાર કરો. કાર્ડ પહેલાં કરતાં વધારે કાળું થશે. આ કાળાશ ધુમાડાની છે આથી એમ કહી શકાય કે બત્તીની જ્વાળમાં ધુમાડો છે. પિત્તળની વાડકી દબાવ નહિ માટે લુગડાવતે ઝાલી બત્તી ઉપર ધરો તો થોડીવારે તે ધુમાડાથી કાળી થયેલી માલમ પડશે.

હવે કોઈ પણ વસ્તુ બળે ત્યારે શું થાય છે તે આપણે તપાસીએ. જે વસ્તુ કાર્બનની (રેલ્વે એંજીનમાં બળતો કોલસો લગભગ કાર્બનજ છે; લાકડાનો કોલસો પણ મોટે ભાગે કાર્બન છે.) બનેલી હોય તે ઝટ બળે છે. આપણે લાકડાના છોડીયાંને અથવા એવી કાર્બનવાળી વસ્તુને દિવાસળી ચાંપીએ, અથવા તેલવાળી કરી લુગડાની સળગાવેલી કાકડી ચાંપીએ, કે તરતજ કાર્બનના અણુઓ ગરમ ને ગરમ થતા જાય છે. પછી એક વિચિત્ર બનાવ બને છે. તેઓ હવામાંના ઓક્સિજન (પ્રાણવાયુ) નામના ગેસ-પદાર્થ સાથે મળી જાય છે, અને થોડીજ વારમાં અદૃશ્ય થાય છે.

પણ જેમ જેમ કાર્બનના અણુઓ ઓક્સિજનના અણુઓ સાથે મળે છે તેમ તેમ તે ઘણાજ ગરમ થાય છે—અતિશય ગરમ થઈ ધોળાશ પકડે છે. આમ અદૃશ્ય કાર્બનના ગરમ ધોળા અણુઓ પુવારાની માફક નૃત્ય કરતા કરતા ઉંચે ચઢે છે; અને તેઓ બળતું અથવા જ્વાળા એ રૂપે દેખાય છે. બળતાની ગરમીથી પાસેનાં કાર્બનના અણુઓ ગરમ થાય છે અને તેઓ પણ આ નૃત્યમાં સામેલ થાય છે.

હવે આ બધાનો ધુમાડા સાથે શો સંબંધ છે તે કહીએ. કેટલાક કાર્બનના અણુઓને ઓક્સિજન સાથે મળવાની જોગવાઈ થતી નથી, કારણ કે આજુબાજુનો ઓક્સિજન ખપી ગએલો હોય છે. આથી તેઓ ધોળાશ પકડે તેટલા ગરમ થતા નથી. પરિણામ એ આવે છે કે તેઓ પોતાના કાળા સ્વરૂપમાં ધુમાડા તરીકે ઉંચે ચઢે છે. તેઓ ગરમી કે તેજ સ્વરૂપમાં કંઈ કામ કરતા નથી. જ્યારે અગ્નિ ધુંધવાતો હોય ત્યારે ચોકસ જાનવું કે કાર્બન પોતાનામાં હોય તેટલો તાપ ને અજવાળું આપી શકે તેટલા પુરતો ઓક્સિજન તેને મળતો નથી. આથી ફુંકવાની જરૂર પડે છે. જેથી વધારે હવા એટલે તેમાંનો ઓક્સિજન અગ્નિની સમીપમાં આવે વળી આપણે વીંઝણાવતે વા નાખીએ છીએ, અથવા ચાપીઆવતે દેવતાને તળે ઉપર કરીએ છીએ, તેનું કારણ હવામાંનો ઓક્સિજન અગ્નિની સમીપમાં વધારે આવે તેજ છે.

હવે ધુમાડો ઉંચે કેમ જાય છે? આ સવાલ તમારા મનમાં આવેલો? તેનું કારણ એમ છે કે દેવતા ઉપરની હવા ગરમીથી પાતળી થાય છે અને ઉપર ચઢે છે. તેની જગાએ ઠંડી હવા આવે છે, ને તે પણ ગરમ થાય છે ને ઉંચે ચઢે છે. આમ અગ્નિ હોય ત્યાંસુધી બન્યાજ કરે છે. આ હવાના ઉંચે ચઢતા ચાલુ પ્રવાહ સાથે કાર્બનના કાળા અણુઓ ઘસડાય છે ને આપણને ઉંચે ચઢતા ધુમાડાના રૂપમાં દેખાય છે.

રહ્યો અજનમાંથી નીકળતો ધુમાડો ધોળાશ પર દેખાય છે. આનું કારણ એટલુંજ છે કે ધુમાડો વરાળ સાથે મળેલો હોય છે. દરેક ધુમાડાના અણુએ વરાળનું કપડું પહેરેલું હોય છે, અને તેથી તેનો રંગ ધોળાશ પડતો લાગે છે.

કેટલીક વાર આપણે સવારે કે સાંજે ફરવા જઈએ છીએ ત્યારે ઉપર જુઓ તેવો ધુમાડો-તેમ મોટો સમૂહ આકાશમાં લટકતો માલમ પડે છે. કોઈ વખત તો તે જમીન સુધી પથરાયલો હોય છે. આને આપણે ધુમસ કહીએ છીએ. તે વરાળને ધુમાડાનું બનેલું છે. હવામાં જ્યારે જોર ઘણો હોય છે ત્યારે તે ઘણું ઘાડું દેખાય છે. લંડન, ગ્લાસગો, મેંચેસ્ટર અને એવા બીજાં તે દેશનાં મોટાવાળાં શહેરોમાં ધુમસ એટલું બધું ઘાડું હોય છે કે લોકોને બપોરે પણ ગેસ લાઈટની જરૂર પડે છે. રસ્તા ઉપર તેઓ ધુમસને લીધે દોઢ બે ગજ જેટલે અંતરે પણ બાજોજ જોઈ શકે છે.

સ્લેાઈડનાં સત્યેા.

(રા. પરમાનન્દ ઠી, બ્યાસ. બી. એ., એસ. ટી સી. ઠી)

ગયા અંકથી ચાલુ.

ફુટપટ્ટી અને તેની ઉપરનાં માપેાની ઓળખ.

નોંધ—આ શિક્ષણમાં સ્લેાઈડ અને બીજા વિષયેાને પરસ્પર સંબંધ સિદ્ધ કરવા શિક્ષકે ભૂલવું નહિ.

પદ્ધતિ કે પાઠ આપવાની રીતનાં પગથીઆં શિક્ષકને સુજ્ઞાત હેાવાં જોઈએ.

	પગથીઆં.	મુદ્દાઓ વિષે સ્થૂલ હકીકત.	મુદ્દાઓ.	સામાન્ય સૂચનાઓ.
૧	આરંભ.	વિદ્યાર્થીઓ સુવ્યવસ્થિત છે કે નહિ તે તપાસવું. અને પછી શિક્ષકે પેાતાના હાથમાં ફુટપટ્ટી દેખાય તેવી રીતે ઉંચે ધરવી. અને પ્રશ્નો પૂછી જીજ્ઞાસા ઉત્પન્ન કરવી ન જણતા હેાય તેા ફુટપટ્ટીનું નામ દેવું.	ફુટપટ્ટી અને તેના ઉપર પાડેલા આંકાઓ.	દરેક ફુટપટ્ટી ઉપર ઇંચ અને તેના વિભાગેા, એવાં માપેા જણાવેલાં છે. શરૂઆતમાં નીચલાં ધેારણેામાં ફુટપટ્ટી ઉપરનાં બધાં માપેાની ઓળખ કરાવવાની જરૂર નથી.
૨	મુખ્ય વિષય. પાઠ ૧.	૧. વિદ્યાર્થીઓને ફુટપટ્ટી આપી પાટલી ઉપર મૂકવા કહેવું. કેવી રીતે મૂકે છે તે જુઓ, અને ભૂલ હેાય ત્યાં ધ્યાન ખેંચેા. ૨. દરેક તેમને ફુટપટ્ટી હાથમાં લેવાનું કહેા, અને તેના ઉપર શું છે તે તપાસવાનું કહેા.		શરૂઆતમાં વસ્તુને ઠીક મૂકવામાં વિદ્યાર્થી ઘણીવાર ભૂલ કરશે; શિક્ષકે એમને એમ ભણાવી દેવું નહિ, વિદ્યાર્થી દુરાગ્રહી બને તેા તમારે આગ્રહી બનવું.

૩. પ્રશ્નો પૂછી વિદ્યાર્થીઓનું ધ્યાન ખેંચે કે પૂંઠપટ્ટીના બંને છેડે થેાડી જગા આંકા વિનાની છે અને તેથી માપ લેવામાં ઝે ભાગેા ગણવાના નથી.

૪. ઉપલી બાબત નક્કી થયા પછી શિક્ષકે પેાતાના હાથમાં કાગળની પટ્ટી લઈ ઉંચે ધરી વિદ્યાર્થીઓનું ને તરફ ધ્યાન ખેંચવું: જણાવેા કે એ પટ્ટી ઉપર કશું લખેલું નથી. પછી એ પૂંઠપટ્ટી વહુેચી આપેા; દરેકને (બને તેા જુદા જુદા રંગની) ગેાડવી દેવાનું કહેા, અને આરીકાથી તપાસેા. જ્યાં જોય તેા ત્યાં ધ્યાન ખેંચેા.

પાઠ ૨

કાગળની પટ્ટી લાંબી પૂંઠપટ્ટી અને પૂંઠપટ્ટી ઉપર આકાઓ ઉપર કાગળની પટ્ટી ગેાડવી દેવાનું કહેા. તપાસેા (ફરીને) કે તેઓ તે પ્રમાણે કરે છે, અને પછી પૂંઠપટ્ટી અને કાગળની પટ્ટી દરેક જણ પાસેથી મિલ કરાવેા.

(શિક્ષકે પણ જાતે પેાતાના મેજ ઉપર ઉપર મુજબ પ્રત્યક્ષ દેખાડતા જવું

પાઠ ૩.

ફરીથી એક પટ્ટી હાથમાં લેા, વિદ્યાર્થીઓ પાસે તેમની પટ્ટી લેવરાવેા અને પૂછેા કે આના બે સરખા ભાગ કરવા છે, કાપ્યા વિના કેવી રીતે કરી શકાય? જો આ બાબત વિષે જરાપણ અચેાકસાઈ બતાવવામાં આવશે તેા વિદ્યાર્થીઓ પાસેથી ખરું માપ લેવરાવતાં ઘણી મણી મુશ્કેલીઓ પડશે

પૂંઠપટ્ટી અને કાગળની પટ્ટીઓ એકબીજાને સમાન્તરે ગેાડવણીમાં છે કે નહિ તે જોવું.

દરેક બીજાની વચ્ચે અંતર ઠીક રાખવું.

દ્વિભાજક ભાગ લેવાથી શિક્ષકે અદ્દીઆ પુરતી કાળજી રાખવી કે દરેક વિદ્યાર્થી કહ્યા પ્રમાણે કરે છે.

વિદ્યાર્થીઓ પાસેથી સંતેાષકારક જવાબ ન મળે ત્યાં સુધી શિક્ષકે પ્રયત્ન છેાડી દેવેા નહિ. છેવટે તેણે માત્ર સૂચના આપવી અને જો પ્રમાણે તેમને ત

	વિના, કેવી રીતે થઈ શકે ? પછી, દરેક કાગળની પટીનેા અર્ધો ભાગ ફુટપટ્ટી વડી અર્ધો છે એટલે દરેક વિભાગ અર્ધો ફુટ છે તે વિદ્યાર્થીઓ સમજે છે એ જુએા	મએમાં બે સરખા વિભાગ એ બે વચ્ચેનેા સમબંધ	કરવાનેા પ્રસંગ ઉભેા કરવેા કે
પાઠ ૪.	એવી રીતે કાગળની પટીના બે વિભાગના ચાર સરખા વિભાગ કરાવી તેમનેા ફુટપટ્ટી વાપરીને સમબંધ સમજાવવેા સમજાવેા કે એ પ્રમાણે થયેલા ચાર વિભાગમાના દરેક વિભાગ "પા ફુટ" છે એવા ચાર "પા ફુટ" મળીને એક ફુટ છે	સામાની આખી ફુટપટ્ટી અને કાગળની પટીના ચાર સરખા વિભાગનેા સમબંધ.	
પાઠ ૫	એ પ્રમાણે "પા ફુટ," "અર્ધો ફુટ", "બેાજો ફુટ" "એક ફુટ", વગેરેનેા ખ્યાલ પ્રત્યક્ષપણે દૃઢ થયે બીજી સજાગ પટ્ટી છે તેની ઉપર એવા વિભાગ વાળી પટ્ટી મૂકવાનું કરેલું પરિણામ જોવરાવવું	એક ફુટ અને તેના વિભાગ	એ પ્રમાણમા રાખવા શિક્ષકની પાસે જે પટ્ટી હેાય તેના ઉપર પગ એ પ્રમાણે ધેાડા પહેાળા હેાય
પાઠ ૬.	હવે બાળકોને જાગૃત કરી પૂછેા કે આ "પા ફુટ" (પટ્ટીનેા પાંચમેા ભાગ)ના ત્રણ સરખા ભાગ કરવા છે કોણ કરી દેશે ? જવાબ ન મળે તેા શિક્ષકે જાતે કરી દેખાડવું અને પેાતે કેવી રીતે વાળીને ત્રણ સરખા ભાગ કરે છે	"પા ફુટ" એટલે વણ ઇંચના ત્રણ સરખા ભાગ કરાવી "એક ત્રિ" એટલે કેટલી સમાઈ તે સમજાવવું	ક્રિયા અધરી હેાવાથી વિદ્યાર્થીઓને અર્ધા મિનિટ કે મિનિટ તરફ માટે બાંધી રાખ તેા વધારે સારૂ

	તેના તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન બરાબર ખેંચવું. પછી તેમને તેમ કરવા કહેવું; પોતે જોવું. આ પ્રમાણે છેવટે કાગળની એક પટીના છેડાથી, એક અર્ધા ફુટના છ સરખા ભાગ કરીને બાકીનો અર્ધો ફુટ થેડ વિનાનો છે તેના પણ તેવીજ રીતે વિભાગ થઈ શકે.		
પાઠ ૭.	ફરવે એ પ્રમાણે બાર નાના સરખા વિભાગવાળી કાગળની ફુટપટી સરખાવે. (૧) ફુટપટી. (૨) કાગળની આખી પટી. ની સાથે	લાકડાની ફુટ પટી ઉપરના વિભાગો અને કાગળની પટી ઉપરના બાર સરખા એમનો સંબંધ.	
	આ નાના વિભાગને "એક ઇંચ" કહેવામાં આવે છે.	"એક ઇંચ" ની ઓળખ, તેનો ફુટપટી સાથેનો સંબંધ	
પાઠ ૮	સમજાવેલી બાબતો ઉપર્યથી સામેના સિદ્ધાંતો કઢાવવો.	અ. ળ. ½ફુ=૩ઇં,½ફુ" ¼ફુ=૬,, ¼ફુ" ¾ફુ=૯,, ¾ફુ" ૧ફુ=૧૨,, ૧ ૧૨" એ પ્રમાણે આમળ	આ જગાએ પાટીઆનો ઉપયોગ કરવો. આની પહેલાં પણ યોગ્ય લાગે ત્યાં દિક્ષકે પાટીઆનો ઉપયોગ કરવા ભૂલવું નહિ. પાટીઆ ભરી દેવું નહિ, પણ જોઈતુંજ લખવું.
પાઠ ૯.	પાટીઆ તરફ દૃષ્ટિ ખેંચી વિદ્યાર્થીઓને કહેવું કે "૩ ઇંચ," "૬ ઇંચ" બીજી રીતે પણ લખાય છે. બુઓ આમ.	ઉપર પ્રમાણે ઉમેરી દેવું.	

૭| પ્રશ્નોદ્વારા જ્ઞાનનું દૃઢીકરણ, પુનરાવર્ત્તન. મનોયત્નો.

સૂચના-(૧) પ્રશ્નો પૂછતી વખતે પાઠનો ક્રમ યાદ રાખવો અને એ ક્રમ પ્રમાણે પ્રશ્નોદ્વારા પાઠના અંત સુધી પુનરાવર્ત્તનમાં આવી જવું.

(૨) ક્રિયાત્મક. વિદ્યાર્થીઓની પાસેની વસ્તુઓનાં જુદાં જુદાં માપ લેવરાવા નોંધ કરવાનું કહેવું, અને જુઓ કે તે પાઠ સમજ્યા છે કે નહિ.

એ પ્રમાણે શિક્ષક યોગ્ય લાગે તે તે વસ્તુઓનાં માપ લેવરાવી પદ્ધતિનો ક્રિયાત્મક ભાગ પુરો કરવો.

(૩) પાટીઓ ઉપર જુદાં જુદાં માપની લીટીઓ છેટે છેટે દોરી માપ લેવરાવો.

(૪) ઘેરથી માપ કોઈપણ મોટી વસ્તુનું કાઢી લાવવાનું કહો.

નોંધ:—દરેક પાઠમાં ક્યાં ક્યાં પગથીઓ ઉપર કેવી રીતે સમયને અનુસરી શિક્ષક તૈયારી રાખવી એ કહેવાની જરૂર નથી.

શાલિવાહનની ઉત્પત્તિ અને અદ્‌ભુત શક્તિ.

(ગયા અંકથી ચાલુ.)

(સૌ. માણેકબાઈ કાનજી કવિ.)

હવે શક પ્રવર્તક શાલિવાહન વિષે વિચાર કરીએ:—તેની ઉત્પત્તિ વિષે કથાગ્રંથ લેતાં જણાય છે કે પ્રતિષ્ઠાનપુર નગરમાં સત્કિર્યાવાળા બે વિદ્વાન બ્રાહ્મણો રહેતા હતા. તેને લોલાક્ષી નામે એક અતિ રૂપવતી અને તપસ્વિની વિધવા બેન હતી. એક વેળા નાગપુત્ર સ્વર્ગે જતા હતા, ત્યાં લોલાક્ષીને તેણે વિવસ્ત્ર જોતાં સગર્ભા થઈ! આ વાત તેના ભાઈઓની જાણમાં આવતાં લોકાપવાદથી ડરી શરમના માર્યા પરદેશ ચાલી નીકળ્યા ને વિધવા બેને તે બાદ બારે દિવસે એક પુત્રને જન્મ આપ્યો. તે સ્વરૂપવાન હોવાથી સર્વને અતિપ્રિય લાગવા માંડ્યો. તેનું નામ શાલિવાહન પાડ્યું. "પુત્રનાં લક્ષણ પારણામાંથીજ જણાય." એ કહેવત પ્રમાણે શાલિવાહન પોતાની પાંચ

વર્ણની વય થતાંજ માટીના રથ તથા હાથી ઘોડા બનાવી પોતાના જેવડા છોકરાઓમાં રાજેકાજની રમત રમતો યથાન્યાય ચૂકવવા લાગ્યો. એથી લોકોમાં કીર્તિ ફેલાઈ.

એક વેળા માળવામાં દેવ લોકથી વસાએલુ પુરંદર નામે નગર હતું. ત્યાં ધનપાળ નામના એક મોટા ધનાઢયને ચાર પુત્ર હતા. ધનપાળે પોતાનો અવસાનકાળ નજીક આવતાં વડીલ ધર્મ પ્રમાણે પુત્રોને બોધ કરી કહ્યું:—મેં મેળવેલા ધનના ચાર વિભાગ કરી, જ્યાં હું સુઉંછું ત્યાં ખૂણામાં ચાર કળશ ગુપ્ત વસ્તુથી ભરેલા દાટયા છે, તે પ્રત્યેક ઉપર તમારામાંના એકેકનું નામ લખ્યું છે. તે તમારે શુદ્ધ બુદ્ધિથી ભેદ રાખ્યા વિના લઈ લેવા.

પછી તે શ્રીમંતના મરણ બાદ, ચારે પુત્રો જોગા મળી ઘરકાર્ય કરવા મળ્યા, પણ ધીમે ધીમે તેમની પ્રિયાને યૌવનનો મદ થવા માંડયો, એટલે રાતદિવસ પરસ્પર કલેશ કરતી એક કહે હું મોટી ને બીજી કહે હું. આથી જ્યેષ્ઠ પત્નીનું જ્યેષ્ઠપણું ને દીયરપત્નીનુ દેરાણીપણું ગયું, કેમકે તેઓ પરસ્પર લાજ તજી વિવાદ કરતી મરજી મુજબ બોલવા તથા ખાનપાનનો વ્યવહાર કરવા લાગી. એટલેથીજ વાત અટકી નહિ, પણ પોતપોતાના પતિને ભંભેરતી કહેવા લાગી કે હવે આપણે જુદાં થઈએ. પતિએ ઘણુએ સમજાવ્યું, પણ સ્ત્રી હઠ આગળ નિરુપાય થઈ, કકાસથી કટાળી એવા કરાવ ઉપર આવ્યા કે આના કલેશથી આપણો દેહ, યશ, સુખ, સર્વ નાશ પામશે, માટે જુદાં થવું. પછી ઘરમા બોદીને પેના તાપાના ચાર કળશ ભરેલા ને જે નામથી અંકિત કરેલા હતા તે તેઓએ કાઢયા અને લોકોને સાક્ષી રાખી પોત પોતાના નામવાળા કળશ ઉઘાડવા બેઠા.

પહેલા પુત્રે હર્ષિત થઈ પોતાની પત્ની સમક્ષ કુંભ ઉઘાડવા માંડયો, તો તેમાંથી કેવળ માટી નીકળી. બીજા કળશમાથી કેવળ અંગારા નીકળ્યા; ત્રીજામાં હાડકાં નીકળ્યા, ને ચોથામાં છોતરાં જોવામાં આવ્યાં. સર્વે બધા વિસ્મિત થયા; અને છેવટ ઉજ્જયની જઈ વિક્રમાદિત્યને વિનંતી કરી પોતાની સ્થિતિ કહેવા લાગ્યા. તેણે પણ આ બાબત અગમ્ય જણાવી તેથી પ્રતિષ્ઠાનપુર ગયા. પુરપતિને અરજ કરતાં તેણે પણ આશ્ચર્યચકિત થઈ એવો ઠરાવ કર્યો કે જે કોઈ આ વિષયનો નિર્ણય કરી આપશે, તેને મારી રૂપયૌવનવતી કન્યા આપીશ; પણ કોઈ ઉમેદવાર બહાર પડયો

નદિ. છેવટ આ ચાર જણના મનનો વિવાદ-રાજા શાલિવાહનના કાને આવતાં તેણે તેઓને બોલાવી આવો ન્યાય આપ્યોઃ—

(૧) જેના કળશમાંથી માટી નીકળી છે તેણે ભૂમિમાત્રપર પોતાનો હક સમજી, નગર, ગ્રામ, ક્ષેત્ર તથા હાટ (દુકાન) વગેરે લેવાં

(૨) જેને અંગારા આપ્યા છે, તેણે સુવર્ણ, રૂપું, કનાઈ, તાંબુ તથા લોહ આદિ સપ્ત ધાતુ લેવી.

(૩) જેને હાડકાં મળ્યાં છે, તેણે ગજ (હાથી) અશ્વ, ગાય, બૈંસ, દાસદાસી એ લેવુ.

(૪) જેને છોતરાં આપ્યાં છે તેણે કપાસ, કાષ્ઠ, તથા મજીષ્ઠાદિ ધાન્ય આપ્યાં છે તે લેવું. વણિકપુત્રોને આ ઇન્સાફથી સંતોષ થયો ને ખેર આવી સર્વ વહેંચણી કરી. પ્રતિષ્ઠાનપુરના રાજાએ શુભ લગ્ન જોઈ ઉત્સાહપૂર્વક પોતાની કન્યા શાલિવાહનને આપી પછી ધનપાળના પુત્રોએ ઉજ્જયની જઈ બધો વૃત્તાંત વિક્રમને કહ્યો. શાલિવાહનને બુદ્ધિસાગર જાણી રાજાએ તુંને તેડવા દૂતો મોકલ્યા વિનયપૂર્વક તેણે પોતાની માથે આવવા કહેતાં, શાલિવાહને જવાબ આપ્યો કેઃ—

" હું શું તેનો નોકર છુ કે ગરાસ બાંધ્યું કે તેણે મારી વૃત્તિ બાંધી આપી છે કે મને મરણથી ઉગાર્યો છે કે તે મારા પિતાનો સંબંધી છે, કે મારા પિતાનો સેવક છે ? ! હું ભિક્ષુક નથી, ગર્ધર્વ નથી, દરિદ્ર નથી, ભયભ્રાંત નથી, મારે નૃપનું કઈ કામ નથી. "

દૂત—" હે સર્વજ્ઞાનવિશારદ ! તમને મહા બુદ્ધિસાગર જાણી વિક્રમ રાજા બોલાવે છે, માટે તમે માન્ય છો, ગુણજ્ઞ છો, વિવેકી છો, બાળક છતાં બુદ્ધિમાન્ છો, ને તેથીજ તમારા દર્શનની ઇચ્છા છે.

શાલિવાહન—" તમે તમારે રસ્તે લાગો. જો રાજાને મારૂ કામ હોયતો તેને અહીં મોકલો. જરૂર હશે તો રાજા પોતેજ અહી આવશે. કેતકી પોતાની મેળે જાય જતી નથી, પણ ભ્રમર પોતાની મેળે તેની કને આવે છે."

દૂતદ્વારા આવી ગર્વોક્તિ સાભળી વિક્રમે મનમાં વિચાર કર્યો, કે આ બાળક બહુ ઉદ્ધત જણાય છે. જાતિ, કુળ, ઐશ્વર્ય, બળ, રૂપ તથા વિદ્યાનો જે માણસ મદ કરે છે, તે એ બધાને હલકાં પાડે છે.

પછી વિક્રમ ચતુરંગ સેના તૈયાર કરાવી પ્રતિષ્ઠાનપુર જવા નીકળતાં, ત્યાંનો રાજા મહાભય પામ્યો. વિક્રમે પોતાના અધિકારીઓ મોકલી તેને કહાવ્યું, કે શાલિવાહનને શ્રી માળવાધિપતિ (વિક્રમ) પાસે તુરત મોકલી

તે પર્વતોમાં કેટલાએક જ્વાળામુખી પર્વતો છે. અહીની જમીન રેતાળ અને ખડકવાળી છે. સમુદ્રકિનારો ઉંચી ખડકોવાળો છે, જે ખડકોની સાથે નિરંતર સમુદ્રનાં મોજાં અથડાયા કરેછે. વળી કિનારાની ભૂમિ સપાટ ન હોતાં ઉંચી ખડકોવાળી હોવાથી તથા કિનારાની નજદીકનો સમુદ્ર સદા તોફાની રહેતો હોવાથી ત્યાં વહાણોને જવું દુર્ગમ થઈ પડે છે. આ દ્વીપોની યાત્રાએ આવતાં ઘણાં વહાણોએ તેના ખરાબામાં જળસમાધિ લીધી હશે. આ દ્વીપોની અંદરના ભાગમાં પહાડની તળેટીમાંથી અનેક ઝરા વહે છે. કેટલાક ઝરા તો એવા મોટા છે, કે તેનું પાણી નદી રૂપે વહી સમુદ્રને મળે છે. આ દ્વીપોમાં આવેલી ગિરિમાળા અને તેમાંથી વહેતાં અનેક ઝરણો એ સૃષ્ટિસૌન્દર્યનો એક અનુપમ નમુનો છે. આ મનોહર ઝરાઓમાં અનેક જળચર પક્ષીઓ હમેશાં તરતાં જોવામાં આવે છે; અને તે પોતાના મધુર અવાજની પ્રતિધ્વનિથી, આસપાસની ગિરિમાળાને નિરંતર શબ્દાયમાન કરે છે.

કેટલાંએક પ્રત્યક્ષ જણાતાં ચિન્હો પરથી અનુમાન થાય છે કે—આ દ્વીપસમૂહ જ્વાળામુખી પર્વતદ્વારા ઉદ્ભવ્યો હશે. આ દ્વીપોમાંના કેટલાક દ્વીપની અંદર આજે પણ બળતા જ્વાળામુખી પોતાની અંદરથી નીકળતા ધુમાડા વડે આકાશને છાઈ દે છે. તેમજ કેટલાકમાંથી ભયાનક અગ્નિજ્વાળાઓ નીકળે છે. અહીની જમીન ચીકણી અને સફેદ રંગની હોઈ રસાળ નથી. અહીં મોટાં ગીચ જંગલો નથી. ઘાસ, ફળ, ફૂલ ઈત્યાદિ પણ બહુજ ઓછાં જોવામાં આવે છે. ફક્ત પહાડી ઝરણોની આસપાસ નાનાં નાનાં વૃક્ષો જોવામા આવે છે. અહીંના નિવાસી કૃષિકર્મ બીલકુલ જાણતા નથી, કારણ કે આબોહવામાં વારવાર અત્યંત ફેરફાર થવાને લીધે અહીં ખેતી થવી લગભગ અશક્ય છે. અહીં સફેદ અને ચીકણી છાલનાં બર્ચ (Birch) નામનાં વૃક્ષો બહુ ઊગે છે, તેનું લાકડું મજબુત હોય છે. પણ તે બહુ ઉંચાં હોતા નથી. બીજાં વૃક્ષોમાં વિલો (Willow) અને એલ્ડર નામનાં વૃક્ષો કોઈ કોઈ સ્થળે જોવામાં આવે છે. એકંદર અહીં વનસ્પતિની પેદાશ બહુ ઓછી છે. અહીંના નિવાસી સમુદ્રમાં તણાઈ આવેલ લાકડાં, કિનારા પરથી મેળવી, મકાન બાંધવાના ઉપયોગમાં લે છે.

એલ્યુશિયન લોકો માછલાં પકડવામાં તથા શિકાર કરવામાં ઘણાજ હોશિયાર છે, કારણ કે એ બે ધંધા ઉપર જ તેમનો જીવનનિર્વાહ ચાલે છે. ઉપલા બન્ને ધંધામાં ઉપયોગી થઈ પડે એવાં ઓજારો બનાવવામાં

આ પ્રજા એટલી બધી કુશળ છે, કે તેનાં ઓજારો જોઈ બીજી પ્રજાને આશ્ચર્ય થયા વિના રહે નહિ. ગઈ સદીના અંત સુધી આ લોકો સામુદ્રિક પ્રાણીઓના શિકાર અર્થે કિનારા નજદીકના પહાડો પર છાવણી નાખી વસતા હતા, પરંતુ હાલ એ ઉદ્યમ કંઈક ઓછો થયો છે. હાલમાં નદીની હોડીઓ પરથી માંછલાં પકડવાનો ઉદ્યમ મુખ્ય છે.

અહીંના નિવાસીઓ કામસ્કાટકાના રહેવાસીઓ સાથે ઘણી બાબતમાં મળતા આવે છે. એસ્કિમો લોકો કદમાં ઠીંગણા, પણ શરીરે હૃષ્ટપુષ્ટ હોય છે. તેમનાં શરીર ઘાટીલા, ગર્દન ટુંકી, શરીરનો વર્ણ ભુરો અને આંખો કાળી હોય છે. વાળ કાળા, લાંબા, સીધા હોય છે. આ લોકો ઘણા મહેનતુ અને સાહસિક છે. વિદેશી લોકોનો પગપેસારો થયા પછી એસ્કિમો પ્રજાની સ્વતંત્રતા હવે રહી નથી. તેમજ વિદેશીઓના સહવાસથી તેમનાં રીતરિવાજ અને આચારવિચારમાં પણ ઘણો તફાવત થઈ ગયો છે. શિષ્ટ ગણાતી વિદેશી પ્રજાની સંસ્કૃતિનો પવન, જ્યાં સુધી આ દ્વીપો પર વાયો ન હતો, ત્યાં સુધી આ બિચારી અજ્ઞાન અને ભોળી પ્રજા મૂર્તિપૂજક, સ્વતંત્ર, સુખી અને સાદી જિંદગી ગાળનારી હતી, હવે તો પાશ્ચાત્ય રહેણી કરણી અને સુધારાનું ભોળું આ દ્વીપોમાં પણ ફરી વળતાં અહીની પ્રજા ચાલાક અને આડબન્ધુક્ત બનવા લાગી છે, અને ધીમે ધીમે ખ્રિસ્તી ધર્મનું અવલંબન કરતી જાય છે, તથા મદિરાપ્રિય બનતી જાય છે. જગતમાં કોઈપણ દેશના આચારવિચાર અને રહેણી કરણી સર્વદા એક સરખાં રહેતાંજ નથી. તેમા સમયાનુસાર પરિવર્તન થયાજ કરે છે.

ગણિત સંબંધી એક રીત.

(રા. રા. ગણેશ, એસ. બરે. ભાવનગર)

કઈ સંખ્યાને ૧૧, ૭, અને ૧૩થી નિઃશેષ ભાગી શકાય તે જાણવાની રીત.

આપેલી સંખ્યાના એકમની બાજુથી (જમણેથી ડાબી બાજુએ ગણી) ત્રણ ત્રણ અંકોનો એક એમ ભાગ પાડો.

ડાબી બાજુના એક ભાગમે તેની સાથેના જમણી બાજુના ભાગમાંથી બાદ કરવો. જે બાદબાકી આવે તેને બીજા ભાગમાંથી બાદ કરવો, એમ છેવટ સુધી જમણી તરફના છેલ્લા ભાગમાંથી બાદબાકી કરતાં સુધી ક્રિયા જારી રાખવી. બાદ કરવાની સંખ્યા જેમાંથી બાદ કરવાની છે તેનાથી મોટી હોય તો બાદ કરવાની સંખ્યામાંથી એક બાદ કરવો, અને તે એકની સંખ્યા બદલ ઉપલી સંખ્યાની શરૂઆતમાં ડાબી બાજુ એક મૂકવો અને તે સંખ્યા ચાર અંકની બનાવવી.

જો છેલ્લી બાદબાકીનો જવાબ ૦ (શૂન્ય) આવે તો મૂળ સંખ્યાને ૧૧, ૭, ૧૩ થી નિઃશેષ ભાગી શકાય.

જો શેષ વધે તો બાકી સંખ્યાનો શતકનો અંક અને બીજા બે અંકોનો સરવાળો કરવો. જો ૧૧થી તે સરવાળાને ભગાય તો આખી સંખ્યાને ૧૧ વડે ભાગી શકાય.

જો શતકના અંકને જમણા કરી તેમાં બાકીના અંકો ઉમેરતાં જે આવે તેને ૭ થી ભાગી શકાય તો મૂળ સંખ્યાને પણ ૭ વડે ભાગી શકાય.

જો શતકના ૪ ગણા કરી તેને બાકીના અંકોમાંથી બાદ કરતાં જે જવાબ આવે તેને ૧૩થી ભાગી શકાય, તો આખી સંખ્યાને પણ ૧૩ થી ભાગી શકાય.

દાખલા.

(૧) ૫, ૪૭૩, ૪૧૦, ૯૪૩.
૪૭૩, ૪૧૦, ૯૪૩.
૫ ૧૪૧૦–૯૪૩.
–૪૧૭
૪૧૮ ૯૪૩ ૦

છેલ્લો તદ્દન શૂન્ય (૦) છે માટે મૂળ સંખ્યાને, ૧૧, ૭, કે ૧૩ થી નિઃશેષ ભાગી શકાય.

(૨) ૫, ૨૨૭, ૭૧૧, ૦૨૭.
૨૨૭, ૭૧૧, ૧૦૨૭
–૫ – ૨૨૨ – ૪૮૮
૨૨૨ ૪૮૯ ૫૩૯

છેવટે બાદબાકી ૫, ૩૯ આવે છે. ૫+૩૯=૪૪. ૧૧ થી ભગાય છે માટે મૂળ સંખ્યા પણ ૧૧થી ભગાય.
૫×૨+૩૯=૪૯. આને ૭ થી ભગાય માટે મૂળને ૭ થી ભગાય.
૩૯–૫×૪=૧૯. આને તેરથી ન ભગાય માટે મૂળ સંખ્યાને ૧૩ થી નિઃશેષ ન ભગાય.

(૩) ૮૯૮, ૭૬૫, ૪૧૩,
૧,૭૬૫ ૧,૪૧૩
−૮૯૭ −૮૬૭
૮૬૮ ૫૪૬

બાદબાકી ૫, ૪૬ છે.
૫+૪૬=૫૧. આ ૧૧થી નિઃશેષ ભગાતા નથી માટે મૂળ સંખ્યા ૧૧થી નિઃશેષ ન ભગાય.
૫×૨+૪૬=૫૬, ૭ થી નિઃશેષ ભગાય છે માટે મૂળ સંખ્યાને ૭ થી નિઃશેષ ભાગી શકાય
૪૬−૫×૪=૨૬. આને ૧૩ થી ભાગી શકાય શેષ ન રહે માટે મૂળ સંખ્યાને પણ તેરથી નિઃશેષ ભગાય.

(૪) ૧,૨૩૫, ૯૪૫, ૪૨૫,
૨૩૫ ૯૪૫ ૧,૪૨૫
−૧ − ૨૩૪ −૭૧૦
૨૩૪ ૭૧૧ ૭૧૫

બાદબાકી ૭, ૧૫ છે.
૭+૧૫=૨૨. આને ૧૧થી ભાગતાં શેષ વધતો નથી માટે મૂળ સંખ્યાને ૧૧થી નિઃશેષ ભાગી શકાય.
૭×૨+૧૫=૨૯. ૭ થી નિઃશેષ ભાગી શકાતુ નથી, માટે મૂળ સંખ્યાને પણ નિઃશેષ ૭થી ન ભગાય.
૭×૪−૧૫=૧૩. ૧૩થી ભગાયછે માટે મૂળ સંખ્યાને નિઃશેષ ૧૩ થી ભાગી શકાય.

(૫) ૨,૭૧૪, ૮૧૪, ૯૨૭
૭૧૪, ૮૧૪, ૯૨૭
૨− ૭૧૨ ૧૦૨
૭૧૨ ૧૦૨ ૮૨૫

છેલ્લી બાદબાકી ૮,૨૫ છે.
૮+૨૫=૩૩ મૂળ સંખ્યાને ૧૧ થી ભાગી શકાય.
૮×૨+૨૫=૪૧ મૂળ સંખ્યાને ૭ થી નિઃશેષ ન ભગાય.
૮×૪−૨૫=૭. મૂળ સંખ્યાને ૧૩ થી નિઃશેષ ન ભગાય.

(૬) ૩,૨૭૬, ૦૯૫, ૦૬૭
૨૭૬ ૧,૦૯૫ ૧૦૬૭
−૩ − ૨૭૨ − ૮૨૨
૨૭૩ ૮૨૩ ૨૪૫

બાદબાકી ૨૪૫
૨+૪૫=૪૭. ૧૧થી ન ભગાય.
૨×૨+૪૫=૪૯. ૭ થી ભાગી શકાય.
૮×૪−૨૫=૭ મૂળ સંખ્યાને. ૧૩ થી ન ભાગી શકાય.

મરાઠી શિક્ષક નામના જનસુબારિ કેશુબારિના અંકમાંથી ઉતારો. લેખકના કહેવાથી.

એમ કુલ ચાર આંજણાં છે. સદરહુ બાબત ચર્ચાપત્રમાં છપાવી જાહેર કરવા તથા યોગ્ય જવાબ આપવા મહેરબાની કરશો એજ વિનંતિ. તા.૨૬–૧–૧૯૧૯

રેવાશંકર ઉગરેશ્વર જાની.
વર્ણાંકયુલર શિક્ષક.
ન્યુ. ઈ. સ્કૂલ, ગોધરા.

નં. ૩

સલામ સાથે લખવાનું કે નીચેની શંકાનું સમાધાન થવા વિનંતીછે. જેવી રીતે જર્મન લોકોએ કોલસામાંથી રંગોની શોધ ખોળ કરી છે તેવી રીતે તેઓએ તેમાંથી ખાંડ બનાવવાનો હુનર પણ શોધી કાઢયો છે કે નહિ અને જો કદી એવો હુનર શોધી કાઢયો હોય તો એ ખાંડ બીટરૂટની ખાંડ કરતાં કઈ વધારે ગણી હોય કે નહિ, અને તેની બાબાત હિંદુસ્તાનમાં થાય છે કે નહિ. ઉપરની શંકાઓનું સમાધાન થવા વિનંતિ છે. એજ.

હું છું સાહેબ આપનો સેવક. ૮ (૨)
ગિરજાશંકર હેમરાજ જૈન છે ઉદા૦
નં. ૪ . વર્ણશંકર છે.

શંકા—ગુ. ચોથી ચોપડીના પાઠ ૨૪ ની કવિતા એ પણ ગલતિન લખ્યુ છે કે "સુખે સૂઈ ધૂડ શકે ન માળે," બનજરાતી તે પછીજ પાઠ ૩૮ મા "ઘર, ધુવડ, ને મૂરખ નર સુખે સૂએ" એક ઠેકાણે ધુવડ માળામાં સુખે સૂઈ રહેતો નથી એવો ક્યારે બીજી કુકમા ધુવડ સુખે સૂઈ રહે છે એવુ છે. તો આ બાબત ખુલાસો થવા વિનંતી છે. તા. ૩–૨–૧૮–૧૯

તાલુકે મંજેતી } મોતીરામ લીલારામ પાઠક.
એ રેવાકાંઠા } સ. ગુ નિશાળના મે તરકડા મહુડી

નં. ૫

અ ભૂગોળ ભાગ ૧ લો અમીધરકૃત. પાનું ૫૬ મુ, છઠ્ઠી લાઈનમાં મુખ્ય પાઠ તરીકે અરસાણી લખેલું છે. તો અરસાણી એટલે શુ? અહી અરસાણી થોર થાય છે તે કે બીજી વસ્તુ છે? જો તે હોયતો ક્યા તેનો શો ઉપયોગ કરવામાં આવે છે?

ચ ધધુકામાં ભવાની માતાની વાવ, જે સિદ્ધરાજે બંધાવેલી કહેવાય છે, તથા પાસ જોવાલાયક સ્થળ તરીકે પ્રસિદ્ધ છે તેના પાણીમાં શિયાળે ઉનાળા ને ચોમાસામાં અનુક્રમે ભુરો, લાલ ને લીલો રંગ દેખાય છે. પર

હાથમાં લઈને તપાસી જોતાં કંઈ રંગ જણાતો નથી. તો જાણવા ઘણી ઉત્કંઠા છે તો તે બાબત યોગ્ય ખુલાસો થઈ આવવા નમ્ર વિનતિ છે.

સહી. પોપટલાલ મોનજી યાજ્ઞિક.
પહેલા આસિ. રોજકા તા. ધંધુકા.

નં. ૬.

ગુ૦ પાંચમી ચોપડી પાઠ ૫૧ ચોથી લીટીમાં વિક્રમસવત ઇસ્વીસન કરતાં ૫૬ વર્ષ પૂર્વે છે. શાલીવાહન રાજ ઇસ્વીસનથી ૭૭–૭૮, હીજરી સાલ ૬૨૨, અને પારસી સાલ ૬૩૦ વર્ષ પાછળ છે. આ પ્રમાણે પાઠ શીખવતી વખતે છોકરાઓને આંકડા કાઢી બતાવતાં નીચે પ્રમાણ હીજરી-સાલ મળતી આવતી નથી.

૧ વિક્રમસંવત.	૨ શાલીવાહન	૩ હીજરીસાલ	૪ પારસીસાલ
૧૯૧૯	૧૯૧૯	૧૯૧૯	૧૯૧૯
૫૬	૭૮	૬૨૨	૬૩૦
૧૯૭૫	૧૮૪૧	૧૨૯૭	૧૨૮૯

ઉપર પ્રમાણે તમામ સાલ મેળવતાં ફક્ત હીજરીસાલ ૧૩૩૭ હાલના બાંધે આવે છે, તેને બદલે ૧૨૯૭ આવે છે. બાકીની તમામ સાલના બરાબર મળે છે. જુની પચાંગ જોતાં પણ હીજરી સાલના આંકડામાં ચાલીસ વર્ષનો તફાવત આવે છે, ૫૮૨ પાછળ ગણતાં હીજરી માલ મળી રહે છે. પરંતુ ઈ સ. ૫૬૧ માં હજરત મહમદનો જન્મ છે, અને ૪૦ વર્ષ પછી ઉપદેશ કરેલો જણાય છે એટલે ઈ. સ. ૬૨૨ બરાબર છે. તો ઉપરના આંકડા નહિ મળવાનું કારણ શું હશે તે સમજાતું નથી. તો સત્ય હકીકત કોઈ જણાવવા કૃપા કરશો. તા. ૨૯–૧–૧૯

વલ્લભભાઈ તુળસીભાઇ પટેલ
મદ્રેસાઓ મા. ગુ૦ શાળા.
ગળાના. તા૦ ભાદરણ.

નં. ૭

(લખનાર મી. આદમ ઇસ્માઇલ પટેલ)
મોજે મતુંસર—તા. ભરૂચ—જી. ભરૂચ.

પ્રશ્ન ૧ ગયા જુન, જુલાઈ માસના શાળાપત્રમાં ચર્ચાપત્રના જવાબમાં જણાવ્યું છે કે જુવારમાં ભુકરો બેસવાથી જુવાર મળતી નથી,

પણ ભુકરો ભેળવેલી જુવાર બીના (ઓરવાના) કામમાં આવે કે નહિ તે ખુલાસો થવા વિનંતી છે.

પ્રશ્ન ૨. જે પદાર્થોને ગુજરાતીમાં સ્થિતિસ્થાપક કહીએ છીએ તેને ઉર્દુમાં શું કહે છે?

ઉપરના પ્રશ્નોનો ખુલાસો આવતા માસના શાળાપત્રમાં આપવા વિનંતી છે.

નં. ૮

જબુગામ. ૨૦–૧–૧૯

૧. માર્શ્મન કૃત હિન્દના ઇતિહાસમાં તાજમહાલ વિષે લખતાં પૃ ૧૮૮ માં દર્શાવ્યું છે કે:—"તે બાંધતાં ત્રીસ વર્ષ લાગ્યાં અને ત્રીસ લાખ રૂપીઆ ખરચ થયો. " વળી ગુ. વાચનમાળાની સાતમી ચોપડીમાં પૃ. ૧૧૪માં એજ વિષયે દર્શાવ્યું છે કે:—" તાજમહાલ બાંધવામાં વીસ હજાર કારીગર બાવીસ વરસ સુધી રોકાયા હતા. તેને બાંધવાનો ખરચ ત્રીસ "કરોડ રૂપીઆ થયો હતો " આ બન્ને વાક્યોમાં સત્ય હકીકત કઈ હશે?

૨. ગુ. વાચનમાળાની છઠ્ઠી ચોપડીમાં કોલગેસ વિષેના પાઠમાં લખ્યું છે કે:—"કોલગેસ બનાવતાં જે—કચરો પડી રહે છે તેનો ડામર બને છે." વળી અપીધર કૃત ભૂગોળ ભા. ૨ માં ટ્રીનિડાડ ટાપુના વર્ણનમાં પૃ. ૧૬૯ માં લખ્યું છે કે:—"તેમાં ૧૧૦ એકરનું પીચ (ડામર) નુ સરોવર છે." આ બન્ને વાક્યોમાં ડામરની સત્ય ઉત્પત્તિ સમજાતી નથી તો ડામરની ઉત્પત્તિ જણાવવા મે. કરશો.

ચન્દ્રશંકર અણિશંકર ભટ્ટ.

જબુગામ.

નં. ૯

જ્ઞાનની ઉત્કર્ષ અભિલાષા ધરાવનાર શિષ્યોને શિક્ષણ આપતાં નીચે આપણે કેટલીક શંકાઓ ઉદ્ભવેલી તે શંકાઓનું નિરાકરણ આપ સાહેબ મને આભારી કરશો.

(૧) બાળપોથીમાં "અધો ઘરે મુગટ આખો ઘરે મા આવે ન કદી ઢાલો" આ લીટીમાં ચાંદાને મુગટની ઉપમા આપેલી છે તો તે કોનો મુગટ છે? અને અધો અને આખો મુગટ છોકરાઓને શી રીતે સમજાવવો?

(૨) "તોય મારા આભલામાં નાહ્ય"

તારાઓને દર્પણ અથવા આરસીમાં શી રીતે નાહતાં બતાવવા?

"આકાશે પલકે ને ઝીણું ઝીણું મલકે"

તારા આકાશમાં હાલ્યા કરે છે એ પલકવું હોય તો વળી તારાઓનું આકાશમાં મલકવું શું હશે?

"(૧) અંધારી રાતે એ દેવકેરી આંખો"

"(૨) નાનકડી ઉઘાડે તેજ કેરી પાંખો"

(૧) અંધારી રાતે એ કયા દેવની આંખો હશે? અને તારાને આંખો કહેવાનું કારણ શું? શું દેવને બરી આંખો નહિ હોય અને તારાને નાની તેજની કઈ પાંખો હોય છે?

કદાચ તેજ રૂપી પાંખો છે એમ કહેવામાં આવે તો 'કેરી' ગાળ્યા મૂકવાનું શું પ્રયોજન?

(૩) ઉઘાડી પાંખ માહરી, ઉઘાડ ભાઈ તાહરી."

આ તૂકમાં પોપટે કઈ પોતાની પાંખ ઉઘાડી, અને આપણને કઈ ઉઘાડવાની કહે છે?

ઉપરની શંકાઓમાંની જે યોગ્ય શંકાઓ લાગે તેનો ખુલાસો આપવા કૃપા કરશોજી. તા. ૨૪-૩-૧૯.

છગનલાલ સોમેશ્વર જોષી.
રૂસ્તમપુરા (પંચમહાલ.)
સ્ટેશન બામરપુર.

અમને જણાવતાં અત્યંત ખેદ થાય છે કે અમારી સંસ્થાના સંગીત શિક્ષક રા. લક્ષ્મીરામ એ. વ્યાસ જે તા. ૧-૪-૧૯ ને રોજ નોકરીમાંથી પેન્શન ઉપર જવા નિવૃત્ત થયા હતા તે તા ૧-૫-૧૯ ને રોજ રાતે આ ફાની દુનીયાને તજી એકાએક હૃદય બંધ પડવાથી સ્વર્ગવાસી થયાછે. સરકારી સંસ્થામાં પોતે પોતાના જ્ઞાન તથા હસમુખા સ્વભાવથી લોકપ્રિય હતા, એટલુંજ નહિ પણ પછીથી અહિંની વનિતાવિશ્રામની શાળામાં જોડાયા હતા, ત્યાં પણ તેવીજ લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી. ઈશ્વર તેમના આત્માને શાંતિ આપો.

જાહેર બબર.

રાવસાહેબ માધવલાલ હરિલાલ સ્મારક ઈનામની.

કોઈ નક્કી કરેલા વિષય ઉપર સૌથી સરસ પાઠ આપવા માટે અમદાવાદ ને બેડા જિલ્લો ને બેડા ઓનરરિયમ કોઈ બી શિક્ષકને માધવલાલ હરિલાલ સ્મારક ઈનામ તરીકે રૂ. ૩૦) નાં પુસ્તકો અથવા શિક્ષણવિષયક સાહિત્યો આપવાની ગુજરાત વર્નાકયુલર સોસાયટિએ મોહવણ કરી છે.

પરીક્ષા તારીખ ૧૩ મી ઓકટોબર સને ૧૯૧૯ ને સોમવારને દિવસે મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજ, અમદાવાદની પ્રેકિટસિંગ સ્કૂલમાં, કોલેજનાં લેડિ સુપરિન્ટેન્ડેન્ટ અને પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કોલેજના પ્રિન્સિપલ લેશે.

પાઠનો વિષય અને તે જે વર્ગમાં આપવાનો હશે, તે બેક કલાક અગાઉ કહેવામાં આવશે

સઘળી અરજી તા. ૭મી સપ્ટેમ્બર સને ૧૯૧૯ સુધીમાં પોતાના જિલ્લાના ડેપ્યુટિ એજ્યુકેશનલ ઈન્સ્પેકટર સાહેબ મારફત, મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજનાં લેડિ સુપરિન્ટેન્ડેન્ટ તરફ મોકલવી.

પાંચ વર્ષ ઉપરની અને ૧૫ વર્ષની અંદરની નોકરીવાળાં સ્ત્રી શિક્ષકો આ ઈનામ માટે લાયક ગણાશે.

અમદાવાદ.
તા. ૨૯-૪-૧૯.

M E Chubb.
લેડિ સુપરિન્ટેન્ડેન્ટ.
મહાલક્ષ્મી ટ્રે કો. ફોર વીમેન.

જાહેર બબર.

આથી બબર આપવામા આવે છે, કે આ કોલેજમાં દાખલ થનાર સ્ત્રીઓની પ્રાવેશિક પરીક્ષા તા. ૨૭ મી માહે ઓકટોબર સને ૧૯૧૯ ને સોમવારને રોજ સદર્હુ કોલેજના મકાનમાં સવારના ૧૦ વાગ્યેથી લેવામાં આવશે.

પરીક્ષા કન્યાશાળાના પાયમા ધોરણ પ્રમાણે લેવામાં આવશે, ૧૬ વર્ષથી ઓછી અને ૨૫ વર્ષથી વધારે ઉમરની સ્ત્રીઓને દાખલ કરવામાં આવશે નહિ.

ઉમેદવારોએ પોતાની અરજ છાપેલા ફોરમ ઉપર કરી મોકલવી. છાપેલાં ફોરમ માગેથી ઑફીસથી મોકલવામા આવશે.

ઉમેદવારોએ પોતાની અરજ અમને તારીખ ૨૬મી સપ્ટેમ્બર સને ૧૯૧૯ સુધીમાં પહોંચે એવી રીતે મોકલવી.

ફોરમમાં લાયકાત ને ઉંમર સંબંધી હકીકત છે, તે છેલ્લી નિશાળનાં મહેનાજી કે મહેતીજીએ પૂરી ત્યાં પોતાની સહી કરવી.

જે ઉમેદવારના ધણી ટ્રેનિંગ કોલેજમાં ભણતા હોય, અથવા દાખલ થવા બાબતા હોય તેમણે તે બાબતની હકીકત જણાવવી.

ટર્મના વચલા ભાગમાં આવનાર વિદ્યાર્થીને મહેરબાન એજ્યુ૦ ઈ૦ સાહેબની પરવાનગી વગર દાખલ કરવામાં આવશે નહિ.

અમદાવાદ
તા. ૨૯–૪–૧૯

M E Chubb.
લેડિ સુપરિન્ટેન્ડેન્ટ.
મહાલક્ષ્મી ટ્રે. કો. ફોર વીમેન.

ગે. હિ. પી. આઈ સાહેબના તા. ૧૭–૪–૧૯ના નં ૮૬૩ના હુકમને આધારે.

સેકેન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, મુબઈના પ્રિન્સિપલના ૫–૪–૧૯ના નં, ૬ના કાગળનો પેરા બીજામાં લખેલા ઠરાવનો ખરડો મજુર કરવામાં આવે છે.

સહી. કે. જી. જોષી.
ડિરેક્ટર ઓવ પબ્લીક ઇન્સ્ટ્રક્શન વતી.

ઠરાવ.

સારી તથા સસ્તા નમુનાવાળી સીંગલ ડેસ્ક (એક વિદ્યાર્થી બેસી શકે તેવી) અને નવી છુટી ઈંક્સ (કાગળ મુકવાની ઘોડી) જેમાં ઘણા કાગળ સમાએલા છે, તેવી ડેસ્કો ટ્રેનિંગ કોલેજના મકાનમાં મૂકી રાખી છે, તો ત્યાં આવી જોઈ શકાશે.

મુબઈ.
તા. ૧૫–૪–૧૯.

સહી. એ ગાર્બા.
પ્રિન્સિપલ. સેકન્ડરી,
ટ્રેનિંગ કોલેજ. મુંબઈ.

મે. ઉ. ભાગના એ. ઈ. સાહેબના હુકમથી.

૨૫. છગનલાલ ઠાકોરદાસ મોદી, રિટાયર્ડ એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર, બરોડા સ્ટેટ, ઠે. બાલાજી રોડ સુરતનાને તેમના તા. ૧૦મી એપ્રિલ ૧૯૧૯ના કાગળના જવાબમાં જણાવવામાં આવે છે કે તેમની "નીતિબોધ" તથા "પુત્રીશિક્ષા" નામની બે ચોપડીઓની કિંમત ૭ આના તથા ચાર આના છે તેને બદલે અનુક્રમે વધારી ૦-૬-૦ તથા ૦-૫-૦ આના કરવાની મંજુરી આપવામાં આવે છે; વળી સૂચવવાનું કે આ વધારો નવી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ છે તથા થવાની હોય તેને અંગે મંજુર કર્યો છે.

મહી, ડી. એસ, સાવરકર.
એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર.
ઉત્તર વિભાગ.

જાહેર ખબર.

રાજકોટ આર્ટસ ટ્રેનિંગ કોલેજની સને ૧૯૧૯ ની સાલની પ્રાવેશિક પરીક્ષા.

૧. તમામ નિશાળના માસ્તરો, આસિસ્ટંટો અને સ્ત્રીશિક્ષકોને ખબર આપવામાં આવે છે કે આ કોલેજમાં દાખલ થવાને જે બાઈઓ ઉમેદ રાખતી હોય, તેમની ઉંમર, અભ્યાસ વગેરે હકીકતનું પત્રક સને ૧૮૮૬ ની સાલના ગુજરાત શાળાપત્રના પૃ૪ ૨૬૪ મે છાપેલા નમુના પ્રમાણે બનાવી તેમાં માગેલી હકીકત બરાબર પુરી આ જાહેર ખબર પહોંચે કે જેમ બને તેમ તાકીદથી અમારી તરફ મોકલવું. તા. ૨૦ મી માહે ઓગસ્ટ સને ૧૯૧૯ પછી આવ્યા પત્રકો લેવામાં આવશે નહિ

૨. પ્રાવેશિક પરીક્ષા હરકોઈ ઉંમરની બાઈ આપી શકશે; પરન્તુ જેમની ઉંમર પંદર વર્ષથી ઓછી નહિ હશે, તેમજ ૨૫ વર્ષથી વધારે નહિ હશે, તેમને સ્કોલરશિપ મળી શકશે.

૩. પ્રાવેશિક પરીક્ષા કન્યાશાળાના સને ૧૯૨૦ ના જાન્યુઆરી માસમાં ઈનસ્ટ થએલા ધોરણ ૫ મા પુરાની લેવામાં આવશે. જેઓએ છઠ્ઠા ધોરણનું સર્ટિફિકેટ મેળવ્યુ હશે તેમને પણ આ પ્રાવેશિક પરીક્ષામાં બેસવું પડશે. પ્રાવેશિક પરીક્ષામાં પાસ થયા વગર કોઈને કોલેજમાં દાખલ કરવામાં નહિ આવે.

૪. દાખલ થવા ઉમેદ રાખનાર બાઈઓએ સારી ચાલનું સર્ટિફિકેટ સ્કૂલ કમિટિના મેમ્બરોનુ અથવા સારા જાણીતા ગૃહસ્થોનું ઉપરના પત્રક સાથે મોકલવું. ઉમેદવારમાં શરીર સંબંધી કોઈપણ જાતની ખોડ હોવી ન જોઈએ.

૫. પ્રાવેશિક પરીક્ષા તારીખ ૧ સપ્ટેમ્બર સને ૧૯૧૯ સોમવારને દિવસે સવારના અગિયાર વાગે કોલેજના મકાનમાં શરૂ થશે.

૬. કોલેજમાં દાખલ કરવા યોગ્ય જે બાઈઓ માલુમ પડશે, તેમની તનદુરસ્તી બાબતની ખાતરી હકર સાલ મુજબ કરવામાં આવશે.

૭. જે ઉમેદવારોની કોલેજમાં ઉતરવા મરજી હોય તેમણે પોતાની અરજમાં તે પ્રમાણે અગાઉથી જણાવવું કારણ કે સમાસ થોડો છે. તેથી જેમની અરજ વહેલી મળશે તેમનેજ આ લાભ આપી શકાશે.

રાજકોટ
તા. ૨૨ એપ્રીલ સને ૧૯૧૯

H. M. Fielding.
લેડી સુપરિન્ટેન્ડેન્ટ કાઠિઆવાડ બાર્ટન.
ફ્રીમેલ ટ્રેનિંગ કોલેજ—રાજકોટ.

જાહેર ખબર.

હંટર મેલ ટ્રેનિંગ કોલેજની પ્રાવેશિક પરીક્ષા.

૧. આથી ખબર આપવામાં આવે છે, કે હંટર મેલ ટ્રેનિંગ કોલેજની ચાલુ સાલની પ્રાવેશિક પરીક્ષા તા. ૧૫ માહે સપ્ટેમ્બર સન ૧૯૧૯ સોમવારે સવારના અગિયાર વાગે, અને તે પછીના દિવસોએ રાજકોટ મેલ ટ્રેનિંગ કોલેજના મકાનમાં લેવામાં આવશે. આ પરીક્ષા સાતમા ધોરણમાં બેસે માટે જેમણે સાતમા ધોરણનો અભ્યાસ કર્યો હોય, તેવા વિદ્યાર્થીઓએ હાજર થવું.

૨. મને ૧૮૮૦ ના સપ્ટેમ્બર માસના શાળાપત્રમાં નમુનો છપાયો છે, તે મુજબ મેહેતાજીઓએ સાર્ટિફિકેટ આપતાં જણાવવુ કે ઉમેદવારની ઉંમર ૧૭ વર્ષથી વધારે, અને ૨૨ વર્ષથી ઓછી છે. તેમ કંઈ ખોડ-

આપેલું નથી, ને ચાલચલગત સારી છે. ચાલચલગતની બાબતમાં ખાસ તપાસ કરી પોતાની ખાત્રી કરીને જ મહેતાજીઓએ સર્ટિફિકેટ આપવું.

૩. સર્ટિફિકેટમાં ઉમ્મરનાં વર્ષ, માસ અને દિવસ લખવાની સાથે અંગ્રેજી અને ગુજરાતી જન્મતિથિ લખવા ચૂકવું નહિ.

૪. સત્તર વર્ષ કરતાં નાની ઉમ્મરના ઉમેદવારોને પરીક્ષા આપવા સારૂ મંજૂરી મેળવવાની જરૂર નથી. તે પાસ થશે તોપણ તેને કોલેજમાં દાખલ કરવામાં નહિ આવે.

૫. બાવીશ વર્ષ કરતા મોટી ઉમરના વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવા માટે તેમ પાસ થયા પછી કોલેજમાં દાખલ થવા સારૂ, કાઠીયાવાડ એજન્સિના મેહેરબાન એજ્યુકેશનલ ઓફિસર સાહેબ બહાદુરની ખાસ પરવાનગી મેળવવી પડશે.

૬ જે ઉમેદવારે પરીક્ષા પહેલાં બાર માસમાં એક કરતાં વધારે મહેતાજી પાસે અભ્યાસ કર્યો હોય, તેમણે તે સર્વેનાં સર્ટિફિકેટ લાવવાં. ચાલચલગતની બાબતમાં તો પરીક્ષા પહેલાં એક માસ અગાઉનું સર્ટિફિકેટ ખાત્રી લાયક ગણાશે.

૭. પરીક્ષા થઈ રહ્યા બાદ લાયક જણાયલા ઉમેદવારોને શરીર બંધી તપાસ માટે મેહેરબાન દાક્તર સાહેબ પાસે મોકલવામાં આવશે, માટે તેઓને અહીં વધારે વખત રોકાવું પડશે.

૮. દર વર્ષે પ્રાવેશિક પરીક્ષાની જાહેર ખબર બનતાં સુધી શાળા-પત્રમાં પ્રગટ કરવામાં આવશે, પણ પરીક્ષાની તારીખ ઉતાવળે જણવાની જેની આતુરતા હશે, તેને રાજકોટમાં રહેતા તેના લાગતા વળગતા તરફથી અગર સ્કોલરો તરફથી તે મળી શકશે; કારણ કે, તારીખ મુકરર થયેથી તુર્ત કોલેજના નોટીસ બોર્ડ ઉપર તે જાહેર કરવાનો રિવાજ છે.

રાજકોટ મેલ ટ્રેનિંગ કોલેજ.
તા. ૨૫ એપ્રીલ સને ૧૯૧૯.

B. H. Buch.
પ્રિન્સિપલ.
હંટર મેલ ટ્રેનિંગ કોલેજ, રાજકોટ.

(મિ. ઉ. ભાગના એ. ઈ. સાહેબનાં તા–૧ –૫–૧૯ ના નં. ૧૪૬૧ ના હુકમને આધારે.)

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ, બુકસેલર્સ અને પબ્લીશર્સ. સુરત.

તમારા. તા. ૨૨–૪–૧૯૧૯ના નં. ૧૦૫ના કાગળના જવાબમાં લખવાનું કે મે. ડિરેક્ટર સાહેબે તેમના તા–૨૫–૪–૧૯ ના હુકમ નં. ૧૧૦૪થી " લાવણકરનું મોટુ અંકગણિત" ની નવી આવૃત્તિ મંજુરી કરી છે. હવેથી શાળાઓ તથા લોકોને વેચવાની રજા આપવામા આવે છે.

(સહી) એ. એમ. દિવાનજી.
એડમુકેશનલ ઈન્સપેક્ટર ના. વતી.

જાહેરખબર.

મે. ડિરેક્ટર ઓવ્ પબ્લીક ઈન્સ્ટ્રક્શનના હુકમ નં. ૧૮૧૯ તથા ઉત્તર વિભાગના મે. એ. ઇ. સાહેબના હુકમ નં. ૨૧૩૯ ઉપરથી મી. જીવણલાલ અમરશી મહેતા. પીરમથારોડ અમદાવાદ—ને જણાવવામાં આવે છે કે " દર્પણ સતશાહી " ચોપડીની કિમત ૦–૪–૦ થી વધારીને રૂ. ૦–૫–૦ કરવાની રજા આપવામાં આવી છે.

કિંમતનો વધારો ફક્ત નવી આવૃત્તિને માટેજ છે. સાધારણ સમયમાં છપાયેલી નકલોને તે લાગુ પડતો નથી.

અમદાવાદ. } સહી. એ. એમ. દિવાનજી.
તા. ૧૫ મી મે. ૧૯૧૯ } એજયુ ઇન્સ્પે. ઉત્તર વિભાગની વતી.

(ઉ. ભા. મે. એ. ઈ. સાહેબના હુકમ નં. ૩૫૧૮ તા. ૨૯–૫–૧૯ ઉપરથી.)

મેસર્સ; કરસનદાસ નારણદાસ અને સન્સ નાણાવટ સુરત. તમારા તા. ૧૫–૫–૧૯ ના નં. ૧૪૬ના પત્રના જવાબમાં જણાવવામાં આવે છે કે. " નીતિમાર ભાગ ૧ લા ની " રૂ ૦–૭–૩ ની કિંમત હતી તે વધારીને રૂ. ૦–૯–૦ કરવાની રજા આપવામાં આવે છે. કિંમતમાં વધારો ફક્ત ચોથા વખતને માટે છે.

પૂના. } સહી K. S. Dikshit.
તા. ૨૪–૫–૧૯ } ડિરેક્ટર ઓપબ્લીક ઈન્સ્ટ્રક્શનની વતી.

(ઉત્તર વિભાગના મે. એ. ઈ. સાહેબના તા. ૫-૬-૧૯ ના હુ...
પ્રાથમિક તથા માધ્યમિક નિશાળો અને ટ્રેનિંગ કોલેજો માટે મંજુર કરેલી ચોપડીઓની યાદી સર્વની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

નંબર.	પુસ્તક તથા તેના લેખકનું નામ.	જે ભાષામાં પુસ્તકપ્રકટથયુ હોય તેનું નામ	શા માટે મંજુર કરી તે.	કિંમત રૂ.	આ.	પા.	રિમાર્કસ.
	મિ. ડાહ્યાલાલ વ્રજલાલ પડિત નરસંડા તા. નડીઆદ, જિલ્લે ખેડા.						
૧	"નીતિ વાચનમાળા પુસ્તક ૧ લુ પહેલી અને બીજી આવૃત્તિઓ.	ગુજરાતી	બધી નિશાળોમાં ઈનામ અને લાયબ્રેરી માટે.	૦	૧	૬	
	મિ. મગનલાલ દલપતરામ બબ્બર. રાવ સાહેબ બબ્બરને મકાને, સી. પી. ટેન્ક રોડ મુબઈ.						
૨	"અભિજ્ઞાન શાકુન્તલ નાટક" ૩ જી આવૃત્તિ.	ગુજરાતી	બધી નિશાળોમાં ઈનામ તરીકે અને સર્વ નિશાળોમા અને ટ્રેનિંગ કોલેજોમાં લાયબ્રેરી તરીકે.	૨	૦	૦	
	ધી ઓનરરી સેક્રેટરી ગુજરાત વર્નાકયુલર સોસાયટી, અમદાવાદ.						
૩	"અયામા" ૧ લી આવૃત્તિ.	ગુજરાતી	સર્વ નિશાળો અને ટ્રેનિંગ કોલેજોમાં લાયબ્રેરી માટે.	૦	૧૦	૦	
	મિ. ઈબ્રાહીમ વલીમહમદ લખાની, બી. એ. હેડ માસ્તર મહેબુબત મદ્રેસા, જુનાગઢ.						

૪	"અકબરી અને અસગરી" ૧૯૧૮ ની આવૃત્તિ મિ ગુલાબચંદ વછરાજ મહેતા અમરેલી,કાઠીયાવાડ	ગુજરાતી	સર્વ નિશાળોમાં લાયબ્રેરી માટે અને ઉર્દુ નિશાળોમાં ઇનામમાટે	૦	૧૨	૦
૫	"નદનવનને આંગણે" ૧૯૧૮ ની આવૃત્તિ. મિ. દામોદર હરિલાલ શાહ, બુકસેલર અને પબ્લીશર, અમાત.	ગુજરાતી	બધી નિશાળો અને ટ્રેનિંગ કોલેજોમાં લાયબ્રેરી માટે.	૧	૦	૦
૬	"અબાયત સંસ્થાનની ભૂગોળ" ૫ મી આવૃત્તિ. મિ હરજીવન ઉજમશી, બારાઉદીન પ્લોટ જુનાગઢ.	ગુજરાતી	સર્વ નિશાળોમાં લાયબ્રેરી માટે	૦	૪	૦
૭	"મહિલા-મનોદય" ૧૯૧૮ ની આવૃત્તિ. મિ. સત્યેન્દ્ર ભીમરાવ દીવાટીઆ. પાદરા.	ગુજરાતી	પ્રાયમિક તથા માધ્યમિક નિશાળોમાં તથા વર્નાકયુલર ટ્રે૦ કોલેજોમા લાયબ્રેરી માટે	૧	૪	૦
૮	"આત્મસંયમનું રાજ્ય" ૧ લી આવૃત્તિ.	ગુજરાતી	પ્રાયમિક અને માધ્યમિક નિશાળોમાં ઇનામ માટે અને પ્રાયમિક, માધ્યમિક નિશાળો અને ટ્રેનિંગકોલેજોમાં લાયબ્રેરી માટે.	૦	૮	૦

અમદાવાદ
૧૫ મી જુન ૧૯૧૯

(સહી.) ડી. એસ. સાવરકર.
એકસ્ટ્રેકશનલ ઇન્સ્પેકટર, ઉત્તર વિભાગ.

દેલવાડાકર કિન્ડર–ગાર્ટન સ્ટૉલ.

નાનાં બાળકોને રમત–ગમતથી શીખવવાનો તરેહવાર સામાન દેશી તેમજ વિલાયતી વ્યવસ્થાબંધ તથા છુટક તૈયાર છે. પ્રાઈસ લિસ્ટ માટે ગુજરાત શાળાપત્રનો જુનાઇથી સપ્ટેમ્બર સુધી અંક જોવો.

શાળોપયોગી સામાન

કિન્ડરગાર્ટનની બક્ષિસો, પદાર્થ પાઠનાં સાહિત્ય, પશુ, પ્રાણીઓના નકશા, ચિત્રો, બોર્ડમો. તેમજ તરેહવાર શાલોપયોગી સામાન અને કિન્ડર ગાર્ટન વગેરેના પુસ્તકો [સરકારી શાળાઓ માટે મંજુર થયલા] કમીશનથી મળશે. કિન્ડરગાર્ટન બાળ ગ્રંથાવળી ન. ૧ થી ૨૦ સુધી આખો સટ, એકજ પુસ્તકમાં તૈયાર છે

'દેલવાડાકર' [સચિત્ર] વાર્તામાળા.

સરકારી રિપોર્ટમાં વખણાયલી 'નવલ–ગંગા' વડોદરા વગેરે સ્ટેટમાં મંજુર થયની 'નીલમ માણેક' તેમજ બીજા બોધક પુસ્તકો નવી ત્રણ, ચાર અને પાંચ આવૃત્તિઓ થયલી છે, તે પણ મળશે.

કિન્ડરગાર્ટન સ્ટૉલ–માણેકજી બીલ્ડીંગ } ગોપાળજી કલ્યાણજી દેલવાડાકર.
ગિરગામ બેકરોડ–મુંબઈ. } [કિન્ડરગાર્ટન–નીસ્ટ

ગુજરાત શાળાપત્ર.

પુસ્તક ૫૮મું. ઓગસ્ટ સને ૧૯૨૯. અંક ૮ મો.

વર્ગમાં શિક્ષણ.

વર્ગ સાથે સંબંધ ધરાવતી મુખ્ય બે વ્યક્તિઓ શિક્ષક તથા શિષ્ય છે. વર્ગમાં શિક્ષણ આપવાનું કાર્ય શિક્ષકને કરવાનું હોવાથી શિક્ષક શિષ્યોના ગુણ દોષ માટે કારણરૂપ મનાય છે. આમ હોવાથી શિક્ષકે વર્ગમાં શિક્ષણ આપતી વખતે કેટલીક બાબતો લક્ષમાં રાખી પોતાનું કર્તવ્ય બજાવવું જોઈએ. વર્ગના વિદ્યાર્થીને માત્ર વિષયજ્ઞાન આપ્યું એટલે કર્તવ્યમાંથી મુક્ત થયા એમ ઘણા માને છે, અને કદાચ વર્તતા હશે, પરતુ વર્ગની બીજી વ્યક્તિ શિષ્ય પણ છે, માટે શિષ્યને લગતી દરેક બાબત (જ્ઞાન ઉપરાંતની) લક્ષમાં રાખી કાર્ય થવું જોઈએ; આ વિષયને આમ શિક્ષક તથા શિષ્ય સાથે સંબંધ હોવાથી બન્નેને લગતી કેટલીક બાબતોનો વિચાર કરીએ.

શિક્ષકે વર્ગમાં શિક્ષણ આપતી વખતે ઘણી બાબતોનો વિચાર કરવાનો છે. પોતે વર્ગમાં ક્યાં ઉભા રહેવું, પોતાનો અવાજ કેવો જોઈએ; વર્ગવ્યવસ્થા કેવી રીતે જાળવવી, અને પોતાની તૈયારી તથા રીતભાત કેવાં જોઈએ તે બાબતો વર્ગશિક્ષણમાં અગત્યનું સ્થાન ભોગવે છે આ દરેક ગુણથી અલકૃત, અગર દરેક ગુણને ખ્યાલમાં રાખી કામ કરનાર કર્તવ્યનિષ્ઠ શિક્ષક શું ન કરી શકે ? મુખ્યત્વે કરીને કેટલાક માત્ર વિષય શીખવવામાં જેવાં તલ્લીન થઈ જાય છે, અગર લક્ષ દે છે કે વર્ગની બીજી ઝીણી બાબતો તેમની ધ્યાન બહાર રહી જાય છે. વિદ્યાર્થીઓ કેવી રીતે બેઠા છે, પ્રત્યેકનું ધ્યાન કેવું છે, પ્રશ્નનો ઉત્તર દેવા ઉભો થતો વિદ્યાર્થી કેવી રીતે ઉભો છે, ઉત્તર કેવી રીતે આપે છે, વગેરે ઝીણી બાબતો કેટલાકને નજીવી લાગે છે, પણ વખત જતાં તે કટેવો ઘણી રૂઢ થઈ જવાથી ભવિષ્યમાં તે વિદ્યાર્થીઓને હાનિકારક નીવડે છે. શિષ્યોને વર્ગમાં કેવી રીતે બેઠવવા એ પણ અગત્યની બાબત છે. સૌથી નબળા કે સુસ્તને પોતાની સમીપ કે સામા આગલી હારમાં બેસાડવા જોઈએ. કોપી લખવાના વિષયને અંગે એક મોટી ખામી અક્ષર સંબંધી ઘણા અધિકારીઓ કાઢે છે. અક્ષર બરાબ

હોય તો તેને માટે શિક્ષકને જવાબદાર ગણે છે. આ આક્ષેપ એક દૃષ્ટિએ સત્ય છે કાપી લખવનાર શિક્ષક વર્ગમા વિદ્યાર્થીઓએ ક્રમવાર કમ જાતની, સારા અક્ષર કોને કહે છે એ બાબતો ઉપર પુરતુ ધ્યાન આપવુ જોઈએ. વિદ્યાર્થીઓ પાટલી ઉપર ગમે તેમ બેસી અમુક સમય કાપીના અક્ષરો ઘુંટે, શિક્ષક ક્યાં તો ફરતા રહે, અગર પોતાનું બીજુ કામ કરે તેથી કાપી લખાવવાનો ઉદ્દેશ કદિ સિદ્ધ નહિ થાય. "પેન્સિનડ્રિન' જેને કહે છે એ કૃતિ સંપૂર્ણ કરાવ્યા બાદ લખવાનું કામ શરૂ કરાવવુ આમ આવી ઘણી ઝીણી તથા નજીવી દેખાતી, દરેક વિષયને લગતી બાબતો છે તે ઉપર ધ્યાન આપી કામ કરાય તેનેજ 'વર્ગમા શિક્ષણ' એ નામ આપી શકાય સાતમી વિભક્તિનો પ્રત્યય 'વર્ગ' શબ્દને લગાડવામા બહુજ ઉંડો અર્થ સમાયેલો છે 'વર્ગને શિક્ષણ' આવુ કેટલેક ઠેકાણે સહેલુ હોઈ શકે પરતુ 'વર્ગમાં શિક્ષણ'નુ કામ દુષ્કર છે કેટલાક નિયમો યોગ્ય લાગવાથી અત્રે આપ્યા છે.

શિક્ષકે વર્ગમાં શિક્ષણ બહુધા ઉભા રહી આપવુ જોઈએ બાજરમા પુરેતા સિંહની મુજબ વર્ગમાં વારવાર આંટા મારવાની જરૂર નથી ચિત્ત ધ્યાનમા રાખી હીંચાલ કરવી વર્ગવ્યવસ્થા પોતે લાયનો ઉપયોગ કરીને નહિ, પણ આખની ચપળતાથી રાખવી જોઈએ કેટલીક શાળાઓમાં હજી પણ નેત નો ઉપયોગ બારી છે એ ખેદની વાત છે વર્ગ કબાટનો આગે ત્યાજ વચ્ચે ટિપ કરાવવી વર્ગ કબાટનો હોય છતા વિષયનુ શિક્ષણ જુદી જાતનુ વર્ગ છે શિક્ષકે પોતાને બારને નિર્ણીત થયેલા સમયમા કઈ ક્ષણે કયુ કામ કરવુ એ બાબતની તદ્દન જાગૃત રહેવુ જોઈએ આખની ચપળતા આ કાર્યસિદ્ધિનું ઉત્તમ સાધન છે બાકીના ટાળે એમને કોઈને વશ વર્તી ચાલી બધાથી વર્તી વ્યવસ્થિત કરવા જેવુ ઉત્તમ સાધન
શિક્ષકે પોતાની લાગણીઓ કેળવી મનને જીતેલુ હોવુ જોઈએ

ફ્રિડરગાર્ટનની સ્થાપના બાળસ્વભાવને ઉદ્દેશી થયેલી છે માટે શિક્ષક બાળસ્વભાવનો પુરો અભ્યાસી હોવો જોઈએ પોતે બાળકોની અજ્ઞાનું પાલન કેટલે અંશે થયુ છે તે તરફ પુરતુ લક્ષ તેણે દેવુ જોઈએ ઉપનો વિષય વિચારીએ તો જણાશે કે એમા આજ્ઞાસૂચક શબ્દો ઘણા વપરાય છે એ મુખ્ય કૃતિ થાય છે કે નહિ તે તપાસ્યા વિના એમ્બ્રમ ફીજ મુદ્દાઓ શીખવવાની રીત દોષયુક્ત છે માટે દરેક વિષયપરત્વે જે આજ્ઞાઓનુ સૂચન થયું હોય તે આજ્ઞાનુ સંપૂર્ણ પાલન થયુ કે નહિ તે જોતા રહેવુ વિદ્યા

ચીનો દેહ પવિત્ર છે, તે પણ એક મનુષ્યદેહ છે, એમ માની કામ કરવું જોઈએ. વિદ્યાર્થીને હાથેથી ખેંચવો કે ધક્કો ન મારવો જોઈએ. આ એક રીતભાતનો પ્રશ્ન છે. પોતાનો અવાજ અનુકૂળ તથા ધીમો જોઇએ. મન્દ કે અરાડાવાળો નહિ. કેટલીક વખતે શિક્ષકો શિક્ષણ આપતી વખતે ઉચ્ચાર બગાડે છે, અગર મુખના કે શરીરના ચાળા કરે છે એ ઈષ્ટ નથી. માત્ર વાર્તા અગર વાચનના વિષયમાં અવાજ બદલવો પડે અગર ક્રોધ, શોક, કે શૌર્ય સૂચવનારી કૃતિ કરવી પડે ત્યારે તેમ કરવું આવશ્યક છે. અતિશયપણું, ન્યૂનત્વ છે. આ બધી બાબતોને શિષ્યો સાથે આડકતરી રીતે સંબંધ છે. છતાં બીજી કેટલીક જે બાબતો શિષ્યોમાંજ દૃશ્યમાન થાય છે, તેનો હવે વિચાર કરીએ.

વિદ્યાર્થીઓમાંના ઘણા વર્ગમાં એક દમથી બેસી રહેતા નથી કેટલાક વાંકા બેઠેલા હોય છે તો બીજા કેટલાક પગ લાંબા કરીને બેસે છે. પ્રશ્ન પૂછવામાં આવે એટલે તરત વિદ્યાર્થીઓ ઉત્તર દેવા ત્વરા બતાવે છે, હાથ હલાવે છે એવી કેટલીક ખોટી ટેવ તથા રીતભાત પ્રદર્શિત કરે છે. તેમને સ્પષ્ટ આજ્ઞા આપવી જોઈએ કે જેને ઉભો કરવામાં આવે તેણેજ ઉત્તર દેવાનો છે. પ્રશ્ન આખા વર્ગને પુછાય છે, તોપણ ઉત્તર તો અમુકનેજ આપવાનો હોય છે. વર્ગમાં શીખવતી વખતે કોઈ વિદ્યાર્થી કામ વિનાનો બેઠેલો ન જોઈએ. ઉત્તર દેવા ઉભો રહેલો વિદ્યાર્થી કેવી રીતે ઉભો રહ્યો છે તે પણ પ્રથમ જોવું જોઈએ. વાચન કે લેખન બન્ને વિષયમાં બાળકો કેમ ઉભા છે, અગર કેમ બેઠા છે તે જોયા બાદ શિક્ષકે પોતાના વિષયની શરૂઆત કરવી.

શિષ્યોની ઉપર વર્ણવેલી બાબતો વર્ગવ્યવસ્થા સાથે ગાઢ સંબંધ ધરાવે છે. આ બાબતો વર્ગને શિથિલ બનાવે છે, અને શિક્ષકનું કાર્ય કઠિન થાય છે. વિષય સાથે આ બાબતોને સીધો સંબંધ નથી, છતાં આડકતરો તો છેજ. વિષયજ્ઞાન એ કેળવણીનો એકજ ઉદ્દેશ નથી ચારિત્રના બંધારણવાળો એટલે સંપૂર્ણ ગુણવાળો મનુષ્ય, ભવિષ્યનો બાળક થાય એ પણ બીજો હેતુ છે. આ ચારિત્ર પ્રાપ્ત કરાવનારું કે ઘડનારું સાધન માત્ર વિષયશિક્ષણ નથી. પરંતુ નજીવી મનાતી તથા શિક્ષકોનાં ધ્યાનના વિષયમાં જેણે દૃષ્ટ જોઈએ તેવું સ્થાન પ્રાપ્ત કર્યું નથી તે ઉપર વર્ણવેલી અગત્યની બાબતો છે. એ બાબતોને સ્મૃતિમાં રાખી વર્ગમાં શિક્ષણ આપનારનું શિક્ષણકાર્ય સર્વથા તથા સર્વદા સફળ થાય છે.

શબ્દલેખન.

(લેખક-રા. રતનશી પુરુષોત્તમ અનડા—અમદાવાદ.)

બારાક્ષરીના બાર કે અક્ષરસમૂહ, જેનો કંઈક અર્થ સમજાય છે તે શબ્દ કહેવાય છે. લખાણમાં શબ્દેશબ્દ છુટો લખાય છે, તેથી શબ્દ ઓળખવા એ બાળકોને માટે મુશ્કેલ કામ નથી. હવે શબ્દલેખન શરૂ કરતાં પહેલાં શબ્દવાચન ને શબ્દોચ્ચાર શીખવવાં જોઈએ. જેમ શુદ્ધ વાચન ને શુદ્ધ ઉચ્ચાર હશે તેમ શબ્દલેખન ઉત્તમ પ્રકારનું થશે. ઉત્તમ પ્રકારનું શબ્દલેખન કયું ને કહેતા પહેલાં શબ્દલેખનમાં કયા કયા દોષ થાય છે, ને પ્રથમ દર્શાવીએ, જો જાણીને શિક્ષક પોતાના વિદ્યાર્થીઓ તેવા દોષ ન કરે તેની કાળજી રાખે તો સ્વાભાવિક રીતે બાળકોનું લેખન શુદ્ધ ને સારું થશે

શબ્દલેખનમાંના સામાન્ય દોષ ને તેનું નિવારણ.

૧. મૂળાક્ષરોનું અજ્ઞાન. ઘણાં બાળકોને બાળપોથીમાં મૂળાક્ષરનું જ્ઞાન બરાબર થયું હોતું નથી, કે થએલું વિસ્મૃત થઈ ગયું હોય છે, તેથી એકને સ્થાને બીજો અક્ષર લખી દે છે. આવી ભૂલ ન કરે માટે મૂળાક્ષરો બરાબર પાકા કરાવવા.

૨. મૂળાક્ષરો લખવાની રીતનું અજ્ઞાન. એટલે 'ક' આમ લખવાને બદલે 'ક' આમ લખે, 'હ' આમ લખવાને બદલે કંઈક લખે. આવો દોષ ન થાય માટે શિક્ષકે પહેલેથીજ દરેક અક્ષર લખવાની રીત બરાબર શીખવવી.

૩. અક્ષરોના બીજા ભેદોનું અજ્ઞાન. એટલે 'ખ' ને 'ખ', 'પ' ને 'ય', 'ચ' ને 'ભ', વગેરેના બે બાળકોના મનમાં બરાબર ઠસેલા હોતા નથી, તેથી 'ખ' ને સ્થાને 'ય' અને 'ય' ને સ્થાને 'ખ' લખે છે, આવી ભૂલો ન થાય માટે મળતા અક્ષરોના બીજા ભેદની છાપ બાળકોનાં મગજ પર બરાબર પાડવી.

૪. ઉચ્ચારભેદનું અજ્ઞાન. એટલે 'ચ, છ, જ, ઝ, શ,' વગેરેનો; 'ડ ને ઢ'નો; 'જ ને ઝ' નો; 'ઇ ને ઈ' નો; તથા 'ઉ ને ઊ' નો ઉચ્ચારભેદ બાળકોના મગજમાં ઠસેલો હોતો નથી, તેથી એકને સ્થાને બીજો લખી દે છે, ને લેખન અશુદ્ધ થાય છે. બાળકો આવી ભૂલો ન કરે માટે શિક્ષકે તેવા અક્ષરોનો ઉચ્ચારભેદ બરાબર સમજાવવો.

૫. **અક્ષરોનું અસમાન કદ.** બાળકો શબ્દ લખે છે ત્યારે કોઈ અક્ષર મોટો ને કોઈ નાનો કરે છે જેમકે, 'અહમદાબાદ'. આ દોષ ઘણો સામાન્ય છે. શિક્ષક તેને દરકાર કરેલો નહિ. બાળકોના લેખનમાં આ દોષ ન થાય માટે સૌથી ઉત્તમ ઉપાય એ છે કે શરૂઆતમાં બાળકોને બે લીટીની વચ્ચે લખાવવાનો મહાવરો કરાવવો. તેનો નમુનો આ નીચે છે.

બિલાડી, તીણા, નહોર.

૬. **અક્ષરોનાં પાંખડાંનું અસમાન કદ.** ઘણીવાર બાળકો અક્ષરોનાં પાંખડાંનાં કદ માપ પ્રમાણે કરતાં નથી, તેથી અક્ષરો ઘણા બેડોળ લાગે છે. જેમકે 'ક, ત, છ, ધ' વગેરે. બાળકો આવી ભૂલો ન કરે તેનો ઉત્તમ ઉપાય એ છે કે શરૂઆતમાં બાળકોને નીચેની રીતે બે તથા એક વચમાં એમ ત્રણ લીટી દોરીને લખવા કહેવું.

ક, ત, છ, ધ, દ, ભ, અ, ન.

૭. **અક્ષરો સીધી લીટીમાં ન લખવા.** ઘણી વાર બાળકો અક્ષરો સીધી લીટીમાં લખવાને બદલે ત્રાંસી કે વક્ર લીટીમાં લખે છે, જેમકે 'અમદાવાદ' આ દોષ દૂર કરાવવા બાળકોને લીટીઓ અંકાવીને લખાવવું.

૮. **બહુ નાના અથવા બહુ મોટા અક્ષરો લખવા.** આ દોષ ઘણો સામાન્ય છે. કેટલીક વાર બાળવર્ગ કે પહેલા ધોરણનાં છોકરાં સાતમા ધોરણનાં વિદ્યાર્થીઓ કરતાં પણ નાના અક્ષરો લખે છે જેવા કે, 'મગન' આવા લખાણથી તેમની આંખને નુકસાન થાય છે, શિક્ષકથી અક્ષરના દોષ પકડાતા નથી, ને વાંચનારને પણ મુશ્કેલી પડે છે. આથી ઉલટું કેટલાંક છોકરાં બહુજ મોટા અક્ષરો લખે છે. જેવા કે. 'ટોપી'. આવા લખાણથી સ્લેટમાં જોઈએ તેટલું લખી શકાતું નથી, ને અવયવોનું પ્રમાણ જળવાતું નથી. આમ હોવાથી બાળવર્ગ તથા પહેલા ધોરણમાં સામાન્ય કદના ઓટલે આશરે ના ઇંચ લંબાઈના અક્ષરો લખાવવાની ટેવ પાડવી; પછી જેમ જેમ ધોરણ ચડતાં જાય તેમ તેમ લંબાઈ ઓછી કરાવતા જવું.

૯. **જોડણીનું અજ્ઞાન.** કેટલીક વાર બાળકોને જોડણી આવડતી નથી, તેથી 'ભુ' આમ લખવાને બદલે 'જુ' આમ લખે છે. 'છ' આમ લખવાને બદલે 'જો' આમ લખે છે. આ ભૂલો શિક્ષકે જવા દેવી નહિ.

૧૦. **સ્વરનાં નિશાનો વ્યંજન પર કયાં ને કેવી રીતે કરવાં**

તેનું અજ્ઞાન. આ ભૂલ ઘણી ભારે છે, ને બાળકો તે માટે ઘણાં બેદરકાર રહે છે. આ બાબતમાં બાળકો કેવી ભૂલો કરે છે તે નીચેના નમુનાથી સમજાશે.

િક, કી, કુ, કૂ, ેક, ૈ ક, કો, કૌ, ંક, ક: વગેરે. આમાં કયાં કેવી ભૂલો છે તે સહેજ સમજાય તેવું છે. શિક્ષકે આ દોષ મટાડવા બારાક્ષરી શીખવતી વખતેજ સ્વરનાં નિશાનો કયાં અડાડવાં, ને કેવી રીતે કરવાં તે પર બાળકોનું લક્ષ બરાબર ખેંચવું, ને એવી ભૂલો બાળકો કરે તે જતી કરવી નહિ.

૧૧. **'કુ' ને 'કૂ' ના ભેદનું અજ્ઞાન** ઘણાં બાળકો આ ભૂલ કરે છે, માટે શિક્ષકે તેનો ભેદ બરાબર બારાક્ષરી વખતેજ કસાવવો.

૧૨. **હ્રસ્વ 'ઉ' ને દીર્ઘ 'ઊ' નાં નિશાનો લીટીવાળા વ્યંજનને લગાડવાનું અજ્ઞાન.** જેમકે, 'ખુ, ખૂ' આવી ભૂલો પણ શિક્ષકે જવા દેવી નહિ ને 'ખુ, ખૂ' આમ લખતાં શીખવવું.

૧૩. **અનુસ્વારનું અજ્ઞાન.** ઘણીવાર બાળકો અનુસ્વાર મૂકવાની જગાએ મૂકતાં નથી ને નહિ મૂકવાની જગાએ મૂકે છે. જેમકે, 'આંધળાં' ને બદલે 'આધળા' અને 'જાયુ' ને બદલે 'જાયું' લખે છે. આવી ભૂલો મટાડવા ઉચ્ચાર તરફ બાળકોનું લક્ષ ખેંચવું એજ ખરો ઉપાય છે.

૧૪. **જુદા જુદા શબ્દો સાથે લખવા.** આ દોષ બહુ સામાન્ય છે. કેટલાંક બાળકો શબ્દો એક પાસે પાસે લખે છે કે એક શબ્દ બીજાથી જુદો દેખાતો નથી. જેમકે, 'પેલાછગને મારીચોપડી ફાડી.' લખનારને પોતાને ફરી વાર, કે બીજાને આ લખાણ વાંચવુ હોય તો ઘણું મુશ્કેલ પડે છે.

આ દોષ મટાડવા શબ્દો છુટા છુટા લખવાની બાળકોને ખાસ સૂચના કરવી.

૧૫ **એક શબ્દના અક્ષર બીજા સાથે લખવા.** જેમકે, 'હું દુકા નમાહું' આવા દોષ મટાડવાને કયા અક્ષરો સાથે બોલાય છે તે પર બાળકોનું લક્ષ ખેંચવું.

૧૬. **શબ્દના અક્ષરો છુટા લખવા.** ઘણી વાર બાળકો જે અક્ષરોનો શબ્દ બનેલો હોય તે યોગ્ય અંતરે પાસે પાસે લખવાને બદલે બહુ દૂર દૂર લખે છે. જેમકે, 'તે ર વા ર' આ દોષ મટાડવા અક્ષરો કેટલે દૂર કરવા તે તરફ બાળકોનું ધ્યાન ખેંચવું.

૧૭. **સંધાન રાખવાનું અજ્ઞાન.** બાળકો શબ્દ લખતાં હોય ત્યારે લીટી પૂરી થાય, ને શબ્દ અધુરો રહેતો હોય તેવે વખતે અધુરા શબ્દનો

આપનો ભાગ બીજી લીટીમાં લખવો પડે છે, ત્યારે તે વૂરેલા શબ્દની પછી ' — ' આવી લીટી કરવાનો રિવાજ છે તે બાળકો નહિ જાણવાથી તેવી રેખા કરતાં નથી બાળકો આવી ભૂલ ન કરે માટે શબ્દ પૂરે ત્યારે ભંગાનરેખા કરવાની સમજ આપવી.

૧૮. જોડાક્ષરના અવયવ જોડવાનું અજ્ઞાન. પડેલા તથા બીજા ચોરણનાં બાળકો આ બાબતમાં ઘણીજ ભૂલો કરે છે, ને તે બાબતમાં શિક્ષક બેદરકાર રહે તો શરુઆતથીજ ખોટી રીતે અક્ષરો જોડવાની બાળકોને ટેવ પડી જાય છે, જે મોટી ઉંમરે પણ કાયમ રહે છે. આ દોષથી બાળકો બચે તે માટે શિક્ષકે પોતે જોડાક્ષરના ભાગો લક્ષપૂર્વક તપાસવા ને યોગ્ય રીતે બધા જોડાક્ષર બરાબર શીખવવા. બાળકોએ સહેજ પણ ખોટી રીતે જોડેલા અવયવોને પણ ચલાવી લેવા નહિ.

(અપૂર્ણ.)

"સુદામે દીઠી દ્વારામતી."

(લેખકઃ—રા. સાકરલાલ અમૃતલાલ દવે. બી. એ.)

ગુજરાતના મહાકવિ પ્રેમાનન્દ વિષે શિક્ષક જેટલું જાણે તેટલું ઓછું છે, અને તેમનો કાવ્યનો રસાસ્વાદ શિષ્યોને ચખાડે તેટલો ઓછોજ છે. પાંચમી ચોપડીના ૩૯ મા પાઠમાં પ્રેમાનંદ સંબંધે મુખ્ય હકીકત આપેલી છે; શિક્ષકે તેની પુરવણીરૂપે 'પ્રેમાનંદની પ્રસાદી' એ ગ્રન્થનો ઉપોદ્ઘાત વાંચવો. કવિનાં સુવિખ્યાત કાવ્યોમાં 'સુદામાચરિત્ર' સરળ છે, અને તે રીતે તેની વાનગી શિષ્ય આગળ ધરાઈ છે. કાવ્ય જેટલું સહેલું છે તેટલું રસમય છે. અનેક વચનો તો બહુ વાર સંભળાય છે, અને માણભટ્ટની કથાની સુચોટ અસર દર્શાવે છે; ઉદાહરણ તરીકે,

(૧) એ જ્ઞાન મને ગમતું નથી, ઋષિરાયજીરે;
રુએ બાળક જાનો અન્ન, લાયું પાયજી રે.

(૨) જળા વહી જયે શી શોચના, સુણ સુન્દરી રે;
જે સમય ન જાંખી પાળ, ઘેરી ઝાલે ફરી રે.

(૩) જેવો ઉગે તેવો આથમે.

(૪) જન્મથી દુઃખ મરણ.

(૫) તૂટી સરખી ઝુંપડી, લૂંટી સરખી નાર,
મળ્યાં સરખાં છોકરાં, ન મળ્યાં બીજી વાર.

પ્રાકૃત કાવ્ય શીખવતાં પહેલાં ગુજરાતના નકશામાં પોરબંદર (સુદામાપુરી), દ્વારકા (શ્રીકૃષ્ણની નગરી), અને અરબી સમુદ્ર તથા તેમાંથી દ્વારકા આગળ થઈને જતી ગોમતીની ખાડી શિક્ષકોને બતાવવાં જોઈએ. પોરબંદરથી દ્વારકા, લગભગ ૫૦ માઈલનું અંતર, સુદામા ચાલીને ગયા હતા એ વાત પર ભાર દઈ દ્વારકાનું કવિએ વર્ણન કર્યું છે તે તરફ વળવું.

સુદામાખ્યાન મૂળ સંસ્કૃતમાં શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના ૮૦મા અધ્યાયમાં વર્ણવેલું છે. વેદવ્યાસના પુત્ર શુકદેવજીએ અર્જુનના પૌત્ર પરીક્ષિત્ રાજાને કહી સંભળાવી તેને શાન્તિ પમાડી હતી એ પ્રસંગ જાણવો જોઈએ.

૧ 'ઋષિ કહે સાંભળ નરપતિ;' ઋષિ તે શુકદેવજી, અને નરપતિ તે પરીક્ષિત્ રાજા.

'કનકકોટ ચળકારા કરે, મણિમય રત્ન જડ્યાં કાંગરે.' એમ કહેવાય છે કે શ્રીકૃષ્ણના સમયમાં દ્વારિકા તે સુવર્ણમય દ્વારિકા હતી. સોનાની દ્વારકા—એ કલ્પના હો કે સત્ય હો; પરન્તુ સૂર્યાસ્ત સમયે અરબી સમુદ્રનાં મોજાંની આસપાસ સંધ્યાના સોનેરી રંગ તો ખરેખર દર્શનીય છે. મુંબઈ આગળનો દરિયો જોઈ સંતોષ માનનાર દ્વારકાનિવાસ અરબી સમુદ્ર જુએ, ત્યારે આશ્ચર્ય પામે છે.

ત્યાં તો ગોમતી સંગમ થાય' પ્રેમાનન્દ કવિ દ્વારકા ગયા નહિ હોય. ગોમતી એ નદી નથી, પણ સમુદ્રની એક નાની થોડે સુધી જતી ખાડી છે. 'ગોમતી સંગમ' એ ભૌગોલિક ભૂલ છે.

૨ 'પછી પુરમા પેઠા ભગવાન', અહીં 'ભગવાન' વિશેષણ તેના સંસ્કૃત અર્થમાં સુદામા ઋષિને લગાડેલું છે. ભગવાન સુદામા = પવિત્ર સુદામા. 'ભગવાનના પુરમાં પેઠા' એ અર્થ તદ્દન ખોટો છે.

'કીધાં હશે વ્રત તપ અપાર, તે સ્ત્રી પામી હશે આ ભરથાર'—સ્ત્રીઓને મુખેથી આવી સુઘટિત મશ્કરી કેટલી રસિક લાગે છે!

૩ 'વિકરાળ'; સંસ્કૃત નહિ જાણનાર ગુજરાતી લેખક સંસ્કૃત જાણવાનો વિશેષ ઢોંગ કરે છે એ સામાન્ય અનુભવની વાત છે. એવા લોકો મુદ્દ 'વિકરાળ' ને બદલે તેમની દૃષ્ટિએ વધારે સંસ્કૃત ભાસતું 'વિકાળ' લખે છે. વિકરાળ=વિ+કરાળ=વિશેષ ભયંકર.

'સૂણી સુદામો હસતા જાય'—'ઋષિજી હરિ હરિ મુખથી ભાખે' એ સુદામાનું જ્ઞાનીપણું દર્શાવે છે.

'પાડે તાળી વળગે ગાલ, પૂંઠે ફરી વળ્યાં નાનાં બાળ'

એ સ્વભાવોક્તિ છે. નાનાં બાળક તાળીઓ પાડે, પોતાના ગાલ ફુલાવી તે પર તમાચા મારી અવાજ કરે, અને વિચિત્ર દેખાતા સુદામાની આસપાસ વીંટળાઈ વળે, એ કેવું સ્વાભાવિક ચિત્ર છે!

૪ 'ઋખિ'=ઋષિ. સંસ્કૃત ષ્નો ગુજરાતીમાં 'ખ' થાય છે; ઉદાહરણ તરીકે, વિખ, ઝખ, ભાખવું, અભિલાખ, મોખ.

૫ 'ઉભા રસ્તે ચાલ્યું નવ જાય.'

રાજમહેલ આગળની શોભા એવી આકર્ષક હતી કે સુદામાથી તે નીરખીને જોયા વિના રહેવાયું નહિ, એમ કહી પ્રેમાનન્દ પોતાની વર્ણનશક્તિ દર્શાવે છે. આપણા કવિઓની એક ખોડ હતી કે જેનું વર્ણન કરવું તે ખૂબ અતિશયોક્તિભર્યું કરવું. 'નળાખ્યાન' માં નળનું તથા દમયન્તીનું વર્ણન આનાં ઉદાહરણ છે. સ્વ. દલપતરામનું 'ભોજન આજ જમ્યા જે અમો તેનું વર્ણન સૂણજો તમો;' એ કાવ્ય વાંચી (વાસ્તવિક દૃષ્ટિએ) હસવું જ આવે છે. કવિતાનો ઉપયોગ જ્યાં ત્યાં ન જ થઈ શકે.

હાટ, ચૌટાં, ચોક; છજ્જાં, ઝરૂખા, બારી, મોખ; અટારી, જાળી, મેડી, આળ;—આ બધાનો અર્થ સ્પષ્ટ થવો જોઈએ. હાટ = દુકાનો; ચૌટાં=અન્દર; ચોક=ચકલું; છજ્જાં=દીવાલને ઉપલે માળે બહાર પડતી રવેશ; ઝરૂખો=બધારે મોભીવું છજ્જું, (સુરત તરફ 'છજ્જા' ને બદલે 'ઝરૂખો' વધારે વપરાય છે.); મોખ (सं-गवाक्षः) = ઝરૂખામાંથી આગળ પડતો અર્ધ ગોળાકાર ભાગ; અટારી = દીવાલના ઉંચા ભાગમાં રસ્તા પર પડતી રવેશ; જાળી = અટારીમાં જાળી ભરીને સ્ત્રીઓને માટે ખાસ રાખેલો ભાગ, ત્યાં બેસી સ્ત્રીઓ રસ્તા પર જોઈ શકે, છતાં રસ્તે જનાર તેમને જોઈ શકે નહિ.

૬ 'અમરાપુરી નાખું ઓવારી;' આ શબ્દોમાં અદ્‌ભુત મિઠાશ અને ચમત્કાર રહેલાં છે. શ્રીકૃષ્ણની દ્વારિકા નગરી, ઈન્દ્રપુરી અમરાવતી કરતાં પણ ચઢિયાતી છે એમ કવિ કહે છે. ઓવારવું = ફેંકી દેવું; દ્વારકાં આગળ હું ઇન્દ્રપુરી ફેંકી દઉં, પશ્ચાદ ના કરું. (ઓવારણાં લેવાં = દુઃખ હરી લેવું; દુઃખ લઈને અન્યત્ર ફેંકી દેવું.)

મૃદંગ—બે બાજુએ (બે હાથથી) વગાડવાનું ઢોલ; પખવાજ અથવા પખાજ.

ઉપંગ—એક પ્રકારનું ઢોલ.

તો એમના આનંદનો પાર રહેતો નથી એટલુંજ નહિ, પણ એમની એ વૃત્તિ એટલી ઉત્તેજક થઈ જાય છે કે તે સંબંધી ઉંડો અભ્યાસ કરવાને તેમનું મન સર્વ વૃત્તિઓને એકાકાર કરી કામે લાગે છે. આમ કરવું એ સર્વ શિક્ષકનો પરમ ધર્મ હોવાથી મારા વિદ્યાર્થીઓ માટે વીજળીના દીવાનો જે પ્રયોગ મેં યોજ્યો હતો, અને જેમાં મને તથા મારા શિષ્ય મંડળને પૂરી કૃતેદ મળી ચૂકી છે તે સર્વ શિષ્ય શિક્ષકના લાભ અર્થે નીચે મુજબ વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવ્યો છે.

(આ પ્રયોગ સમજવા માટે પાસેની આકૃતિ લક્ષપૂર્વક નિહાળવાની ખાસ વિનંતી કરવામાં આવે છે.



પ્રયોગનાં મુખ્ય સાધનઃ—

૧ (અ) મજબુત બિલોરીકાચની બરણી ચોરસ, (દવાખાનાના મેકર ગ્લાસ પેઠે ઉપરના એક છેડા તરફ બોલંબુવાળી.)

૨ (ચ) નળાકાર ચિનાઈ માટીનું (છિદ્રાળુ) લેકલેન્ચી સેલ.

૩ (ક) જસતનો નક્કર સળીઓ મથાળે નરમ લોટાનો તાર ડ ન્હોડેલો.

૪ (ફ) તથા (ફ) તાંબાના પાતળા તાર. ઉપર અરતરવાળા.

૫ (ઇ) મોઢીયાવાળો કાચનો ગ્લોબ.

પ્રયોગ ચાલુ કરવાની રીત.

પ્રથમ ચોકખો નવસાર ૧॥ પાશેર ઝીણો વાટી બિલોરી કાચની બરણી અ માં ભરો પછી તરતજ ૧ રતલ (આશરે) પાણી અ માં રેડો. નવસાર પાણીમાં પુરેપુરો પીગળી રહે પછી લેકલેન્ચી સેલ ચ બરણીની મધ્યોમધ્ય ગોઠવો.

પછીથી જસતનો સળીઓ ક ડાબી તરફની બોબણમાં ગોઠવો, એવી રીતે કે તેને ન્હોડેલો નરમ લોટાનો તાર ડ બરણીની બહાર બરણીને અડ્યા સિવાય લટકતો રહે લગભગ આવી સ્થિતિમાં ચ તથા ક ને ૨૫ થી ૩૦ મિનિટ રહેવા દો.

ત્યારબાદ ડ પાસેના બોળી નાકામાં તાંબાનો તાર ભેરવીને વાળો, અને ચ ના મોઢીયા ઉપર મથાળે સ્ક્રુ ધાતુનો લગાડેલો છે તે બુદો માડો. તેને તાંબાના તાર ફ સાથે ન્હોડો. પછી ફ તથા ઇ તારના બન્ને છેડા ઇ ગ્લોબના મોઢીયામાં પીત્તળના બે સ્ક્રુ સાથે ન્હોડી દો. પ્રથમ એક ન્હોડવો. ત્યાંસુધી કશી અસર થશે નહિ, પણ બીજો તાર સ્ક્રુ સાથે જોડતાંજ ઇ ગ્લોબમાં ગ વીજળીનો દીવો થશે, અને નવસારનું દ્રાવણ પુરતી શક્તિવાળું રહેશે ત્યાંસુધી દીવો બળ્યા કરશે.

બેટરીમાં વીજળી શીરીતે ઉત્પન્ન થાય છે ?

નવસારના દ્રાવણમાં ચિનાઈ માટીનું છિદ્રાળુ લેકલેન્ચીસેલ જ્યારે મૂકવામાં આવે છે ત્યારે નવસારના દ્રાવણનું શોષણ તે સેલ (ચ) કરવા માંડે છે, અને સેલના મથાળે સ્ક્રુની નીચે બે ઝીણાં ખુલ્લાં મોઢાનાં છિદ્ર હોય છે તે વાતાવરણની અંદરનો વાયુ અંદર દાખલ કરે છે. આ વાતાવરણનો વાયુ અને નવસારના દ્રાવણનું શોષણ એકત્ર થવાથી પોઝિટિવ વિદ્યુત્ પ્રવાહ ઉત્પન્ન થાય છે. સેલના પ્રાણીમાં કુદેલા ભાગથી સેલના ઉપ-

રાંધેલો નવસાર, અને બીજો શુદ્ધ નવસાર. આ પ્રયોગમાં શુદ્ધ નવસાર વાપરવો એ વધારે જરૂરનું છે.

(૧૦) ૬ ગ્લોબ (કાચનો) મોઢીયાવાળો મુખ્ય ચાર ભાગનો બનેલો હોય છે. ગ્લોબ, મોઢીયું, પેચ અને ચિનાઈ માટીનું ગોળ પોલું ચકતું. આ ચારે સાધનો વારે વારે છુટાં પાડવાં નહિ. નહિ તો પેચ ખરાબ થઈ જશે.

(૧૧) તાંબાના તાર જોડવામાં સમાણુનો ઉપયોગ કરવાથી સરળતા વધશે. આ પ્રયોગથી નીચે મુજબ સરળતા સચવાય છે.

(૧) બેટરી ફક્ત નવસાર નાખવાથીજ વીજળી ઉત્પન્ન કરે છે. નવસાર વસ્તુ નિર્ભય છે. એમીડ ઉપયોગમાં આવે એવી બેટરી કરતાં આ વધારે પસંદ કરવા લાયક છે. કારણ કે વિદ્યાર્થીઓ પાસે એસીડનું કામ કરાવવું જોખમ ભરેલુ છે.

(૨) નાનામાં નાના ગામડામાં પણ નવસાર મળી શકે.

(૩) દર પ્રયોગ વખતે માત્ર ૩ થી ૪ આનાનુંજ ખર્ચ થાય.

(૪) લેકલેન્ચી સેલવાળી બેટરીના સાહિત્યો ટકાઉ ને મજબુત હોય છે.

(૫) ઘણી જુજ કિમતમાં બેટરી, તાંબાના તાર, મોઢીયાં સહિત ગ્લોબ તૈયાર મળે છે. હાલમાં તે ૫ થી ૬ રૂપીઆ સુધીમાં મળી શકે છે, અને એક વખત લીધેલાં સાધન વર્ષો સુધી ચાલે છે.

(૬) આ પ્રયોગ કોઈ પણ વિદ્યાર્થી કે કોઈ પણ શિક્ષક ઘણીજ નિર્ભયતા અને સહીસલામતી સાથે કરી શકશે.

(૭) નાનામાં નાની પ્રાથમિક શાળામાં પણ આ પ્રયોગ થઈ શકશે.

આ પ્રયોગ બધી ઉપર મુજબની મારી અંગત માહીતી છે. દરેક શિક્ષક પ્રયોગ વખતે પોતાને અનુકૂળ મગવડ અને વધારે અનુભવ કાર્ય કરવાથીજ મેળવી શકે, અને તેમાં તે સ્વતંત્ર પણ રહી શકે, અત્યાર સુધીની સર્વ બેટરી ડેનીયલ ગ્રોવ્ઝ વગેરે કરતાં આ બેટરી મને વધારે સુગમ પડવાથી મારો અનુભવ માત્ર જણાવ્યો છે. મનુષ્ય માત્રના અંગત અનુભવમાં કદાચ ખામી પણ હોય, તેવીજ રીતે આ પ્રયોગમાં આનાથી પણ વધારે અનુભવ જેમ જેમ થાય તેમ તેમ અનુકૂળતા વધે. ઉત્સાહી શિક્ષક બંધુઓ આવો કાંઈક અનુભવ લેતા અને દેતા થશે તો લીધેલો શ્રમ સફળજ થશે.

કેળવણીખાતાની જાહેરખબર.

મ. એ. ઈ. સાહેબના તા. ૬-૬-૧૯. ના હુકમ નં. ૩૮૮૩ ઉપરથી.

મેસર્સ કરસનદાસ નારણદાસ અને સન્સ. નાણાવટ, સુરત.

તમારા તા. ૫ મી મે ૧૯૧૯ ના કાગળ નં. ૧૪૧ ના જવાબમાં જણાવવામાં આવે છે કે મ. ડિરેક્ટર સાહેબે તેમની ઓફિસના તા. ૨૭-૫-૧૯ ના હુકમ નં. ૨૭૩૬ થી "મેસર્સ દેસાઈ અને દિવાનજી કૃત ભૂગોળનાં મૂળતત્વો ભાગ ૨ જા" ની કિંમત ૦-૭-૬ ને બદલે વધારી ૦-૮-૬ કરવાની મંજુરી આપી છે. આ વધારો કામ ચલાઉ છે.

(સહી) એ. એમ. દિવાનજી
એડયુકેશનલ ઇન્સ્પેક્ટર. ઉ. ભાગ વતી

જમા થયેલાં પુસ્તકો વગેરે.

(૧) મ. એ. ઈ. સાહેબના તા. ૧૨-૬-૧૯ ના હુકમ નં. ૪૦૬૧.

મુંબઈ સરકાર, ન્યાયખાતું.

હુકમ નં. ૨૦૮૧. કિલ્લે મુંબઈ, ૧૮ મી માર્ચ ૧૯૧૯.

તા. ૨૮મી જાન્યુઆરિનો સંયુક્ત પ્રાન્તની સરકારનો ઠરાવ નં. ૨૧૫૪૯.

અને ૧૯૧૦ ના ઇન્ડિઅન પ્રેસ એક્ટની કલમ ૧૨ ની પેટા કલમ ૧ થી મળેલી સત્તાને આધારે આગ્રા તથા આઉધના સંયુક્ત પ્રાંતના લેફ્ટનન્ટ ગવર્નર સાહેબ ફરમાવે છે કે "ઓમ્ આર્ય કેલેન્ડર (પંચાંગ) ૧૯૧૯" નામનું હિંદી પંચાંગ સદર્હુ કાયદાની કલમોમાં વર્ણવેલા મુદ્દાવાળું હોવાથી જ્યાં જડી આવે ત્યાં જમા કરવામાં આવે છે.

(સહી) એમ. વેબ.
એક્ટિંગ ઉ. સેક્રેટરી ટુ. ગવર્નમેન્ટ.

(૨) કિલ્લે મુંબઈ ૧૮ મી માર્ચ, ૧૯૧૯.

નં ૨૭૫૬, વેપાર ઉદ્યોગખાતાનો હિંદી સરકારનો નીચેનો ઠરાવ ફરી અસિદ્ધ કર્યો છે.

ફરટ્રમ્સ ડયુરિઝ. (જકાત)
નં. ૨૨૧૬ ડ દિલ્હી ૮-૩-૧૯૧૯.

સને ૧૮૭૮ ના દરિઆઈ માલને લગતી જકાતનો કાયદો તથા ૧૯૧૪ના એક્ટ ૧૨ થી સુધરેલી કલમ ૧૯ થી મળેલી સત્તાને આધારે નામદાર ગવર્નર જનરલ ઈન કૌંસિલ ફરમાવે છે કે " ઈસ્લામ, આફ્રીનને આવ્હાન-Islam a challenge to Faith. એસ. એમ. ઝવેમરકૃત-નામના પુસ્તકની કોઈ પણ નકલ દરીઆ કે જમીન માર્ગે બ્રિટિશ હિંદુસ્તાનમાં લાવવા મના છે.

(સહી) એ. એચ. લે.
સેક્રેટરી, ઈન્ડિઆ સરકાર.

(૩) ઠરાવ ન ૩.

મુંબઈ સરકાર ન્યાયખાતું હુકમ નં. ૨૬૭૯.
કિલ્લે મુબઈ. ૪થી એપ્રિલ ૧૯૧૯.

ઉપર વર્ણવેલા ઠરાવમાં લખેલું "સેમ્યુએલ એમ. ઝવેમરનું ઈસ્લામ-આફ્રીનને આહવાન "-જપ્ત કરવામાં આવે છે.

(સહી) એ. એફ્. ફિન્ડલર્સ્ટી.
એક્ટિંગ સેક્રેટરિ ટુ. ગવર્નમેન્ટ.

(૪) ઠરાવ ૪ થો.

મુંબઈ સરકાર ન્યાયખાતું ન. ૩૫૬૦.
જજિરે મુબઈ. ૮મી મે ૧૯૧૯.

ઠરાવ.

મેસર્સ શૌકતઅલી અને મહમદઅલીએ તા. ૨૪ મી એપ્રિલ ૧૯૧૯ નો ચિન્દવારા મધ્યપ્રાતથી લખેલો, અને મુંબઈના 'બહેર' એ-નીમરોઝ' નામના, ધર્મશાળા રોડ ઉપર આવેલા છાપખાનામાં છાપેલો હિંદુસ્તાનના નામદાર વાઈસરોય અને ગવર્નર જનરલને મોકલેલો કાગળ સીધી કે આડકતરી રીતે, અનુમાન, સૂચના, સંબંધ, રૂપક કે તેવા કોઈ અર્થથી બ્રિટિશ સરકારની તરફ તિરસ્કાર ઉત્પન્ન કરાવનારો છે, માટે ૧૯૧૦ ના એક્ટ ૧ની પેટા કલમ ૪ માં લખ્યા મુજબ તે કાગળ તેમજ તેના તરજુમાની બધી નકલો જ્યા મળી આવે ત્યાં જપ્ત કરવાનું ફરમાવવામાંઆવે છે.

સહી જે. ક્રેરર.
સેક્રેટરિ ટુ ગવર્નમેન્ટ.

(૫) મુંબઈ સરકાર ન્યાયખાતું. નં. ૩૭૨૪.
બંગલે મુંબઈ, ૧૩ મી, મે ૧૯૧૯.

ઠરાવ.

અફઘાનિસ્તાનના અમીરે બહાર પાડેલું ફરમાન જેની શરૂઆતમાં "હું આ હુકમ મોકલું છું" અને છેવટે "અલ્લા મદદ કરો" એવા શબ્દો લખેલા છે તે ૧૯૧૦ ના ઇન્ડિઅન પ્રેસ એક્ટની કલમ ૪ ના પેટા કલમ ૧માં લખેલા શબ્દોવાળું છે, તેથી નામદાર મુંબઈના ગવર્નર સાહેબ તે અને તેમજ તરજુમા જ્યાં મળે ત્યાં જપ્ત થયેના જાહેર કરે છે

સહી જે. ક્રેરર.
સેક્રેટરિ ટુ ગવર્નમેન્ટ.

ઠરાવ ૬.

મુંબઈ સરકાર. ન્યાયખાતું. હુકમ નં. ૩૯૧૩.
દિલ્હે મુંબઈ, ૧૯ મો મે ૧૯૧૯

તા. ૨૮ મી એપ્રિલ ૧૯૧૯ ના નં. ૨૫૦૪ હોમ ડિપાર્ટમેન્ટના દિલ્હીના ચીફ કમિસ્નર સાહેબનો ઠરાવ

સને ૧૯૧૮ ના પ્રેસ એક્ટની કલમ ૧૨ થી મળેલી સત્તાને આધારે દિલ્હીના ચીફ કમિશ્નર સાહેબ તા. ૨૮ મી એપ્રિલ ૧૯૧૯ ના દૈનિક પત્ર 'અખબાર'ની લખનૌમાં ઉર્દુમાં પ્રસિદ્ધ થયેલો બધી નકલો તથા ઉતારા જપ્ત થયેલા જાહેર કરે છે. તેમાંનુ લખાણ વાંધા ભરેલું છે.

(સહી) એ. મોન્ટગોમરી.
એસિસ્ટંટ ડેપ્યુટિ સુપ્રીન્ટેન્ડન્ટ ટુ ગવર્નમેન્ટ.

મ. એ. ઇ સાહેબનો તા. ૧૫-૭-૧૯ નો હુકમ નં. ૫૬૫૭.

નીચેનો મ. ડિરેક્ટર ઓવ પબ્લીક ઇન્સ્ટ્રકશન સાહેબનો હુકમ નં. ૪૭૭૨ તા. ૧૨-૭-૧૯ નો શિક્ષક વર્ગની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતી વાચનમાળા પુસ્તક ૫ માનો પાઠ ૫૪ મે છાપેલી કવિતાની પહેલી ત્રણ કડીઓ એક કાવ્યની ગણવી, પછીની ત્રણ બીજા કાવ્યની છે, બન્ને જુદાં આવ્યા છે એમ સમજી લેવું. યોગ્ય સુધારો તે પુસ્તકની નવી આવૃતિમાં થશે.

પુના
તા. ૧૨-૭-૧૯

(સહી) કે. એમ. દીક્ષિત.
ડિરેક્ટર ઓવ પબ્લીક ઇન્સ્ટ્રકશન વગે.

જાહેરખબર.

અમદાવાદ ગ્રે૦ રા૦ ટ્રેનિંગકોલેજની વાર્ષિક પરીક્ષા.

અમદાવાદ. પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કોલેજની પહેલા, બીજા તથા ત્રીજા વર્ષની તેમજ ઉર્દુક્લાસના ૧ લા તથા ૨ જા વર્ષની વાર્ષિક પરીક્ષા તા. ૧ લી ઓક્ટોબર ૧૯૧૯ ને બુધવાર તથા તે પછીના દિવસોમાં સદરહુ કોલેજના મકાનમાં લેવામાં આવશે.

K. A. Bala.
પ્રિન્સિપલ,
ગ્રે૦ રા૦ ટ્રેનિંગ કોલેજ—અમદાવાદ.

જાહેરખબર.

પ્રાવેશિકપરીક્ષા.

અમદાવાદ પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગકોલેજની પ્રાવેશિક પરીક્ષા તા. ૨૮ મી ઓક્ટોબર ૧૯૧૯ ને મંગળવાર તથા તે પછીના દિવસોમાં સદરહુ કોલેજના મકાનમાં લેવામાં આવશે.

પરીક્ષામાં લેવાના વિષયઃ—અંકગણિત, ભૂમિતિ, ભાષા અને વ્યાકરણ, વાચન તથા નિબંધ.

K. A. Bala.
પ્રિન્સિપલ,
ગ્રે૦ રા૦ ટ્રેનિંગકોલેજ—અમદાવાદ.

શુદ્ધિપત્ર.

પુસ્તક ૫૭ મું	પાનું.	પંક્તિ	
	૩૪૦	૪	કિંમત છપાઇ છે તે ગણવાની નથી.
પુસ્તક ૫૮ મું	૧૫૨	૧૨	'મુજાહમત' ને બદલે મુનાહિમત.
,,	,,	,,	૨૩ મુદાને બદલે મુદ્દા
,,	,,	૧૭૦ થી	પહેલું પાઠને બદલે પાદ
		૧૭૨	આસન
,,	પુરુ	વિષય	૮ 'ઉત્તર' ને બદલે ઉત્તમ
,,	૧૨૯	૨૭ તથા ૪ થી	'સિંધ' શબ્દ શરૂઆતમાં મૂકવો.

(મું. મા. ના. મે. એ ધ્ર. આદેશનો તા. ૭-૫-૧૯ ના હુકમ નં. ૩૧૪૮ ઉપરથી.)

જાહેર ખબર.

પ્રાથમિક નિશાળો માટે મંજુર કરેલી ચોપડીઓની યાદી સર્વની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

નંબર.	ચોપડીનું નામ.	જે ભાષામાં છપાઇ હોય તેનું નામ.	જ્યાં માટે મંજુર થઈ	કિંમત. રૂ.	આ.	પા.	રિમાર્ક.
૧	ખોપાળના શાહજાદા હમીદુલ્લાના બેગમ સાહેબ મુબારક. [શાહેબા.	ઉર્દુ	ઉર્દુ નિશાળોમાં ચલાવવા માટે.				
૨	ભાર્ગવ રામકૃષ્ણદાસ, હુજરતગંજ-લખનૌ બચ્ચોં કો બાગ પ્હેલી કીઆરી	ઉર્દુ	એજન્ટ	૦	૦	૯	
૩	" દુસરી કીઆરી			૦	૧	૩	
૪	અજબસીલાલ, એસિસ્ટંટ ઇન્સ્પેક્ટર ઓવ્ સ્કુલ્સ, કમાઉન ડિવિઝન. ભૂગોળનો નકશો દોરવા વિષે ચોપાનીયું.	ઉર્દુ	ઉર્દુ નિશાળોમાં જાયફેરી માટે.				
૫	હિંદુસ્તાનની ભૂગોળને લગતી સમાપ્તિ (Finis)	"	"	૦	૧	૦	[જરૂરનો
૬	ઉર્દુ બારાખડીનો નકશો.	"	"	૧	૧૦	૦	કપડા ઉપર
				૦	૧૦	૦	સારો (જરૂરનો નહિ)
૭	નકશો નં ૪. બે બાજુનો (Two-eyed)	"	"	૧	૦	૦	કે. ઉ. જરૂરનો
				૦	૬	૦	જરૂરનો નહિ
૮	નકશો નં. ૫ શુદ્ધ બેખન સંબંધી નિશાનીઓના જુદા જુદા વર્ણોચ્ચાર	"	ઉર્દુ નિશાળોમાં ચલાવવા માટે.	૧	૦	૦	કે ઉ. જરૂરનો
				૦	૬	૦	જરૂરનો નહિ.

૯	હિંદુસ્તાનની ભૂગોળ	}	,,	ઉર્દુ નિશાળોમાં ચલાવવા માટે	૦	૧૮	૦
૧૦	ઋતુ વિષયવાળી ભૂગોળ		,,		૦	૪	
	ધ્રુવ કે એચ અમદાવાદ.						
૧૧	સાચું સ્વપ્ન		ગુજરાતી	ટ્રેનિંગ કોલેજોમાં ચલાવવા માટે	૧	૮	૦
	ઓનરરી સેક્રેટરી અંજુમને ટરક્કી ઉર્દુ, ઔરંગાબાદ (દક્ષિણ)						
૧૨	અય–કમર, કર્તા, મૌલવી હુસેન.	}		ઉર્દુ નિશાળોમાં લાયબ્રેરી માટે.	૦	૧૨	૦
૧૩	પ્રીય સફાએ–જઝબાત, કર્તા, અબદુલ મજીદ				૧	૮	૦
૧૪	નેપોલીઅન–એ–આઝમ–પાંચ ભાગોમાં.			,,	૧	૬	૦ ઉત્તમ જાત
	કર્તા સૈયદ મહમદ મોઈનુદ્દીન જલાલુદ્દીન એમ. એચ મુખ્ય મૌલવી. સરાકરી હાઈસ્કૂલ, કાનપુર.		ઉર્દુ	,,	૧૨	૦	૯ મધ્યમ જાત.
૧૫	સારા અક્ષર ઉપર એક નાનું ચોપાનીયું.		,,	,,	૦	૧	૦
૧૬	ગજ્જના–એ–ઉર્દુ.		,,	ઉર્દુ નિશાળોમાં ઈનામ તથા લાયબ્રેરી માટે.	૮	૧૦	૦
૧૭	અક્ષરનો નકશો નં. ૧	}	,,	ઉર્દુ નિશાળોમાં ચલાવવા માટે.			
૧૮	,, ,, નં. ૨			,,			
૧૯	,, નકશો નં ૩		,,	,,			
૨૦	,, ,, નં. ૪		,,	,,			
૨૧	અઝીન–એ–ઉર્દુ		,,	ઉર્દુ નિશાળોમાં ઈનામ અને લાયબ્રેરી માટે.	૦	૧૨	૦
૨૨	નવી ઉર્દુ કાપી રીડર. નં. ૧	}			૦	૦	૯
૨૩	,, ,, નં. ૨				૦	૦	૯
૨૪	,, ,, નં ૩		,,		૦	૦	૯

૨૬	ઉર્દુ દસ્તૂર ખરીઝબાળા	ન. ૧	ઉર્દુ	ઉર્દુ નિશાળોમાં ચલાવવા માટે.	૦	૧	
૨૭	" " "	ન. ૨	"		૦	૧	૦
૨૮	" " "	ન. ૩	"		૦	૧	૦
૨૯	" " "	ન. ૪	"		૦	૧	૦
૩૦	ઉર્દુ અક્ષરની કાપી	ભાગ. ૧ લો.			૦	૧	૩
૩૧	"	ભાગ. ૨ જો.			૦	૧	૩
૩૨	"	ભાગ. ૩ જો.			૦	૧	૩
૩૩	"	ભાગ. ૪ થો.			૦	૧	૪
	લાલા શિવદયાળ એમ. એ. રિટાયર્ડ ઈન્સ્પેક્ટર ઓવ સ્કૂલ્સ, લાહોર						
૩૪	ઉર્દુકા નયા કાઇદા,	ભાગ ૧ લો	ઉર્દુ	ઉર્દુ નિશાળો લાયબ્રેરી માટે.	૦	૦	૯
૩૫	"	ભાગ ૨ જો.			૦	૦	૩
૩૬	" તરીક-એ-તાલીમ.				૦	૦	૩
૩૭	લોંગમેન્સ ગ્રીન એન્ડ કંપની, મુંબઈ. તરીક-એ-સગાદત ભાગ ૧ લો. કર્ત્તા મોલવી સૈયદ મહમદ ઝમીન કસ્તુરી		ઉર્દુ	ઉર્દુ નિશાળોમાં ઇનામ અને લાયબ્રેરી માટે.	૦	૮	૬
૩૮	"	ભાગ ૨ જો		"	૦	૮	૦
	કર્ત્તા મોલવી સૈયદ મહમદ ઝમીન-કસ્તુરી.						
૩૯	મેકમીલન એન્ડ કંપની મુંબઈ મેકમીલનના ઉર્દુ વાચનના પાના. પ્રાથમિક નિશાળો માટે (૧૩ નકશાનો સમૂહ)		ઉર્દુ	ઉર્દુ નિશાળોમાં ચલાવવા માટે.	૧૦	૦	૦
૪૦	ઓમ ફીરોઝુદ્દીન એન્ડ સન્સ, લાહોર. દોસ્ત-એ-દાનીશ્વા.		"	"	૫	૮	૦

	મેસર્સ, લાહોર.					
૪૧	'કિસાએ-અલી-ઉલ-મુર્તઝા' ઉર્દૂ 'હદેયત-એ કામીય' કર્તા અબદુલ વાહિદ મહમદ	ઉર્દૂ	ઉર્દૂ નિશાળોમાં ઇનામ અને લાયબ્રેરી માટે.	૧	૧૦	૦
	મૌલવી નાઝીર અલી, રિટાયર્ડ એસિસ્ટંટ ઇન્સ્પેકટર ઓવ્ સ્કુલ્સ, લાહોર.					
૪૨	લોર્ડ રોબર્ટસ કી કહાણી	ઉર્દૂ	ઉર્દૂ સ્કુલોમાં લાયબ્રેરી માટે.	૦	૪	૦
	પ્રોપ્રાઇટર, ધી ઝમાના પ્રેસ કાનપુર					
૪૩	ખયાલાત-એ-અઝીઝ કર્તા, મૌલવી મહમદ અઝીઝ મીરઝા બી. એ.	"	ઉર્દૂ નિશાળોમાં લાયબ્રેરી માટે.	૧	૦	૦
૪૪	સયર-એ-દરવેશ કર્તા મુનશી પ્રેમચંદ.		"	૦	૪	૦
૪૫	તારીફ-એ. દૌલતમંડી કર્તા હકીમ બાંકીલાલ		"	૦	૫	૦
૪૬	ઉર્દૂ મજમુઅ નવીસી કર્તા બાબુ નાનકપ્રસાદ બી. એ.	ઉર્દૂ		૦	૧૦	૦
	મુદ્રિ-ટેન્ડન્ટ, નવલકિશોર પ્રેસ લખનૌ.					
૪૭	ઉર્દૂ કોપી સ્લીપ નં. ૧	ઉર્દૂ	પ્રાથમિક નિશાળોમાં ચલાવવા માટે.			
૪૮	" નં. ૨					
૪૯	ઉર્દૂ-તખ્તી સ્લીપ નં. ૧		"			
૫૦	" નં. ૨		"			
	તિલોકચંદ મહેરચંદ, બીજા શિક્ષક એંગ્લો વર્નાકયુલર સ્કૂલ ઇસાખેલ જિલ્લા પંજાબ					
૫૧	કલમ-એ-મહેરમ	ઉર્દૂ	ઉર્દૂ નિશાળોમાં લાયબ્રેરી માટે.	૦	૧૨	૦

ઓફિસ ઓવ્ ધી ડિરેક્ટર ઓવ્ પબ્લિક ઇન્સ્ટ્રકશન,

સહી. K. S. Dikshit,

ડિરેક્ટર ઓવ પબ્લિક ઇન્સ્ટ્રકશનની વતી

ગુજરાત શાળાપત્ર.

પુસ્તક ૫૮મું. સપ્ટેમ્બર સને ૧૯૨૯. અંક ૯ મો.

માબાપ, શિક્ષક અને બાળક.

આજકાલ નિશાળમાં ભણતાં બાળકોની નીતિ કે ચારિત્ર જેવી બીજી કોઈ જાતની ન્યૂનતાને અંગે કોણ જવાબદાર ગણવું જોઇએ એ પ્રશ્ન ચર્ચાનું સ્થાન થઈ પડયો છે. માબાપ પોતાનાં બાળકોના દોષને માટે શિક્ષકને જવાબદાર ગણે છે; શિક્ષકો માબાપનો દોષ કાઢે છે. આ સંબંધે ઇંગ્લાંડના નીતિ તથા કેળવણીને લગતા મંડળે એક નાનું ચોપાનીયું છાપી કેટલાક વિચારો દર્શાવ્યા છે તે મનન કરવા યોગ્ય હોવાથી નોંધીએ છીએ.

કેટલાક એમ માને છે કે શિક્ષક એકલોજ બાળકોને કેળવવાનું સઘળું કામ કરી શકે. આ વાત સત્ય નથી ઘર કરતાં શાળાનું કેળવણીમાં ઉતરતું સ્થાન છે. શાળામાં બાળકોને એક સમગ્ર વર્ગમાં શિક્ષણ લેવાનું હોય છે. શિક્ષકો ધારે તોપણ વ્યક્તિપરત્વેનું ધ્યાન પુરું ન આપી શકે. દરેકને સામાન્ય વિષયો શીખવાના હોય છે. જે શીખવાનું હોય તેજ શીખવું પડે છે. એ બધું જ્ઞાન ઉપયોગી તથા આવશ્યક છે; પરન્તુ દરેકને જુદું, તેમજ અંગત ધ્યાનનો વિચાર કરી કેળવવું અનુકૂળ નથી થતું. કેળવણીનો હેતુ માત્ર જ્ઞાન આપવાનો હોઈ શકે નહિ. બાળકોની શક્તિઓનો વિકાસ એજ કેળવણીનો મુખ્ય ઉદ્દેશ છે. આ શક્તિઓનો વિકાસ કરવાનું કાર્ય શાળામાં કે શાળા બહાર નિરન્તર ચાલ્યા કરે છે. શાળા બહાર તે વધારે બને છે કેમકે વિદ્યાર્થીઓને શાળા બહારનાં સ્થળોએ પુરતી સ્વતન્ત્રતા અને ઓછા અંકુશ હોય છે. બાળક પોતે પોતાની ગમતી વસ્તુઓ આનંદથી ભોગવે છે.

વિચારવાની બાબત એ ઉપસ્થિત થાય છે કે બાળકમાં આશ્ચર્યજનક શક્તિઓ છે. તેનો ભાગ્યેજ વિકાસ થવા દઈએ છીએ. શાળાનું જીવન શરૂ થતાં પહેલાં તેનો વિકાસ થવો જોઈએ શાળા શરૂ કરતાં પહેલાં શાળામાં અને મોટી ઉંમરે–એટલે દરેક સમયે–માબાપે બનતો યત્ન કરી આ વિકાસમાં સાહાય્યભૂત થવું જોઈએ.

કેળવણીના બે મુખ્ય મુદ્દા ચારિત્ર તથા જ્ઞાન છે. તેમાં ચારિત્ર વિશેષ અગત્યનો વિષય છે. જ્ઞાન જીવનવ્યવહાર સરળ કરે છે. તેના વિના કેટલીક વખતે કાર્યપરિપૂર્ણતા અટકે છે. જ્ઞાન શિક્ષક આપે છે. ચારિત્ર એ આત્માનો ગુણ છે, જીવનનું સત્ત્વ છે. માબાપજ તેની ઉચ્ચતા [illegible] ક્ષકો પણ બનતું કરે છે. ઉમદા ચારિત્રવાન પુરુષોનાં જીવનદૃષ્ટાંત તેમની સમીપ રજુ કરે છે. ઇતિહાસ તથા સાહિત્યના વિષયોદ્વારા બાળકોને સારું ચારિત્ર પ્રાપ્ત કરવા પ્રેરે છે, બળ આપે છે. ધાર્મિક ગ્રંથોના વિષયો પણ તેવીજ ઉપયોગિતાવાળા છે. શિક્ષક આટલું કરે છે છતાં ચારિત્ર ઘડવાનું મુખ્ય સ્થળ ઘર છે, અને તેમાંજ માબાપે શિક્ષકની સાથે રહી સહાનુભૂતિ દર્શાવી સક્રિય સાહાય્ય આપવાની છે. માબાપની મુશ્કેલીઓ સુવિદિત છે. બાળકો વહાણમાં જાગ્રત્ થાય તે પહેલાં તો પોતાને ધંધે તેમને ચાલ્યા જવું પડે છે, રાતે થાકયાપાકયા આવે એટલે પોતાનાં બાળકો સાથે બેસી નીતિ કે ધર્મની બાબતોનો બોધ આપી શકવા જેટલી શક્તિ કે અવકાશ તેમને હોતો નથી. માતાને ઘરકામ તથા પોતાના પતિને વખતસર જમાડી નોકરી ઉપર મોકલવાના કાર્યમાં બધો વખત વ્યતીત કરવાનો હોય છે. વસ્તુસ્થિતિ આવી છે, છતા કહી શકાય કે બાળકોની કાળજી રાખવી એ માતાનું પ્રથમ કર્તવ્ય છે. તમારા બાળકો ભવિષ્યમા મહાન થાય એ ઉમેદ તમે રાખો. બાળકના આત્મામા ભવિષ્યની મહત્તાના જે અંકુરો છુપા હોય તેનો વિકાસ થવામા શિક્ષકના મદદગાર બનો. ગૃહજીવનજ આ ભવિષ્યના ઉમદા છોડને ઉછેરવામા સૂર્યના પ્રકાશરૂપે છે. આશા છે કે નીચેના નિયમો ઉપયોગી થઈ પડશે.

(૧) બાળકના શિક્ષકને મળો. (૨) બાળક સાથે મિત્રભાવ રાખો (૩) તમારા બાળક સાથેના દરેક કાર્યમાં સ્પષ્ટ તથા શુદ્ધ પ્રેમ દર્શાવો. (૪) શાળાને ઉતારી પાડશો નહિ (૫) બાળકોની રમત તથા મોજમજીઓ ઉપર દેખરેખ રાખો. (૬) બાળકોને સ્વાશ્રયી બનવામાં તેમજ બીજાને મદદ આપવાને ઉત્તેજન.

આ નિયમો આવશ્યક છે. સરકાર કાયદારૂપે આવી ફરજો નાખી શકે નહિ, માટે માબાપો રાજ્યને કર્ઇ પણ લાભ આપી શકે તો માત્ર આવી રીતે બાળકોના ચારિત્રને ઘડવામા ધ્યાન આપે ત્યારેજ. આવી સારી પેઢી ઉત્પન્ન થશે, અને માબાપ તથા શિક્ષકના સંયુક્ત ઉદ્યોગથી ઉત્તમ પાર ઉતરેલા વિદ્યાર્થીઓ ઉત્તમ જ્ઞાન તથા ચારિત્રવાળા નીવડશે એ નિર્વિવાદ છે.

શબ્દલેખન.

(લેખક—રતનશી પુરુષોત્તમ અનડા—અમદાવાદ.)

(ગયા અંકથી ચાલુ.)

શબ્દલેખન.

શબ્દલેખનમાં થતા સામાન્ય દોષો ને તેના નિવારણના ઉપાય બતાવ દર્શાવ્યા પછી હવે સારું શબ્દલેખન કયું ને તેને માટે વિશેષ શું કરવાની જરૂર છે તે અત્રે દર્શાવવામાં આવે છે.

સારું શબ્દલેખન.

જે લેખન શુદ્ધ, સ્વચ્છ, સારા મરોડદાર અક્ષરવાળું ને લેખનના દોષો વગરનું હોય તે સારું લેખન કહેવાય.

શુદ્ધ ને સારું શબ્દલેખન કરાવવાના ઉપાય.

૧. લેખનમાં થતા સામાન્ય દોષો શિક્ષકે ધ્યાનમાં રાખવા, ને તેવા દોષો બાળકો ન કરે તેની તેણે સતત કાળજી રાખવી.

૨. શિક્ષકે પોતે શુદ્ધ ઉચ્ચારે ને સ્પષ્ટ બોલવું.

૩. શિક્ષકે પોતે દોષરહિત ને નમુનાદાયક લખવું.

૪. બાળકોના હાથ, કપડાં ને સ્લેટો સ્વચ્છ રખાવવાં.

૫. દરેક બાળક પાસે લખવાની પેન મોટી રખાવવી.

૬. સ્લેટમાં કુટપટી કે એવા બીજા કોઈ સાધનથી લીટીઓ દોરાવવી. દોરેલી લીટીઓ બધાની લગભગ એક સરખા છેટાની હોવી જોઈએ. સારું આંકતાં આવડ્યા પહેલાં લખાવવાની ઉતાવળ કરવી નહિ.

૭. આંકેલી લીટીઓમાં શબ્દો કેવી રીતે લખવા તેનો નમુનો શિક્ષકે કાળા પાટીયા પર આપવો, ને બાળકો પાસે તેની નકલ કરાવવી. (નકલ કરવામાં ભૂલ ન કરે તે પહેલાં નકલ કરાવવાનું બંધ કરવું નહિ.)

૮. જે શબ્દો બાળકોએ વાંચ્યા હોય કે સાંભળ્યા હોય તેજ લખાવવા. તદ્દન નવા ને અપરિચિત શબ્દો હોય તે રીતસર કાળા પાટીઆ પર શીખવ્યા સિવાય કદી લખાવવા નહિ.

૯. લખાવતી વખતે બાળકો સમજી શકે તેવી રીતે ઉચ્ચાર કરવો, ને તેમ કરતાં જોઈએ તેથી વધારે ઉતાવળ કે વિલંબ કરવી નહિ.

૧૦. કોઈ પણ શબ્દ એકથી વધારે વાર બોલવો નહિ.

૧૧. લખાવતી વખતે બાળકોને વચ્ચે બોલવા દેવાં નહિ, કેમકે તેમ કરતાં તે ધ્યાનથી સાંભળતાં નથી ને બીજાંને હરકત થાય છે.

૧૨. લખાવી રહ્યા પછી બાળકોને પોતાનું લખાણ વાંચી જવા કહેવું. તેથી તેમને પોતાની ભૂલો શોધવાની ટેવ પડશે.

૧૩. લખાવેલું જોતી વખતે સામાન્ય દોષો પૈકીનો કોઈ પણ દોષ કર્યો હોય તે જવા દેવો નહિ.

૧૪. જોઈ રહ્યા પછી થએલી ભૂલો બાળકો પાસે જ સુધરાવવી ને તેમ કરતાં તેમણે શી ભૂલ કરી છે તે પર તેમનું બરાબર લક્ષ ખેંચવું.

૧૫. ભૂલો કરેલા શબ્દો બાળકો પાસે ફરીને લખાવવા.

૧૬. થોડી ભૂલો ને સારા અક્ષર લખનારને નંબર આપવા.

શબ્દલેખનને વખતે વિદ્યાર્થીની સ્થિતિ.

૧. વિદ્યાર્થીઓની આગળ ઢળતી ટેબલો રાખવી, તેવી ટેબલો પંક્તિ સ્લેટો રાખી ને બાળકો લખે તેમ કરવું, પણ જો તેવી સવડ ન હોય તો ખોળામાં સ્લેટો રખાવવી.

૨. સ્લેટો આંખની બહુ નજીક તેમ બહુ દૂર રાખવા ન દેવી.

૩. સ્લેટો ડાબા હાથમાં પકડાવવી. તેમ કરતાં તે હાથની ૪ આંગળીઓ નીચે ને અંગુઠો ઉપર રાખે તેમ કરવું.

૪. પ્રકાશ ડાબી બાજુએથી આવે તેમ બાળકોને બેસાડવાં.

૫. બાળકો એક બીજામાં જોવાને લલચાય નહિ તેવી રીતે બેસાડવાં.

૬. પેન જમણા હાથમાં પકડાવવી તે એવી રીતે કે પેન અંગુઠા ને તેની પાસેની આંગળી વચ્ચે રહે.

૭. લખતી વખતે બાળકો બહુ ઉતાવળ કે વિમાશ ન કરે તે ધ્યાનમાં રાખવું.

૮. બાળકોને અંદર અંદર વાત કરવા ન દેવી.

૯. બાળકોનું ધ્યાન શિક્ષકના અવાજ પર હોવું જોઈએ.

૧૦. લખતી વખતે બાળકો બહુ વાંકાં ન વળે, પનનો અવાજ ન કરે, પેન પર બહુ ભાર ન દે, વગેરે પર ધ્યાન રાખવું.

SUMMARY OF THE TERMS OF PEACE WITH GERMANY.

જર્મનિ સાથે કરેલી સુલેહની શરતોનો સારાંશ.

"દેશ પરદેશની નીતિ અને કોલકરારોની પવિત્રતા સામે એક ગુન્હો" કરવા માટે માજી કૈસર ઉપર મિત્રરાજ્યોએ જાહેર તોહમત મૂક્યું છે.

તેને સોંપી દેવા માટે હોલ્લાન્ડ પાસે માગણી કરવામાં આવશે.

લડાઈના કાયદા અને નિયમોનો જે શખશોએ ભંગ કર્યો હોય તેમનો ઈન્સાફ કરવા સારૂ મિત્રરાજ્યો તરફથી લશ્કરી અદાલતો સ્થાપવામાં આવશે.

જે શખશો ઉપર એવું તોહમત મૂકવામાં આવ્યું હોય તેમને જર્મનિએ સોંપી દેવા.

બેલ્જીયમ.

મિત્રરાજ્યો સને ૧૮૩૯ના કોલકરારોને બદલે જે કોઈપણ કન્વેન્શન કરે તેને જર્મનિએ અગાઉથી મંજુરી આપવી.

મોરેસ્નેટ ઉપરની બેલ્જીયમની સંપૂર્ણ રાજ્યસત્તાનો જર્મનિએ સ્વીકાર કરવો.

યુપેન તથા માલ્મેડી ઉપરના સર્વ હક્કો જર્મનિએ છોડી દેવા.

લક્સેમ્બર્ગ.

૧ લી જાન્યુઆરિ સન ૧૯૧૯ થી લક્સેમ્બર્ગની ગ્રાંડ ડચી જર્મન ઝોલેવેરિનનો ભાગ તરીકે ગણાતી બંધ પડશે.

રહાઈનનો ડાબો કિનારો.

રહાઈનની પૂર્વે ૫૦ કિલોમિટરની અંદર કોઈ પણ કિલ્લેબંધી રાખવી નહિ, અથવા બાંધવી નહિ. તે પ્રદેશમાં કોઈ પણ હથિયારબંધ લશ્કર રાખવું નહિ.

ધી સારે બેઝિન.

સારે ખાતેની કોલસાની ખાણોની સંપૂર્ણ માલકી ફ્રાન્સને આપી દીધી છે.

તેની કિંમત રેપેરેશન કમિશન નક્કી કરશે અને તે જર્મનિની જવાબદારી પેટે જમે કરવામાં આવશે.

લીગ ઓફ નેશન્સ (પ્રજા સંઘ) તરફથી નિમાયલા પાંચ જણનું કમિશન સદરહુ મુલકનો રાજ્યાધિકાર ચલાવશે, અને તેને સ્થાનિક હેતુઓ માટે કર નાખવાની સંપૂર્ણ સત્તા રહેશે.

સદરહુ મુલકને ફ્રેન્ચોની કરટમ્સ પદ્ધતિ લાગુ પડશે.

ત્યાંના લોકો ફ્રાન્સ સાથે કે જર્મનિ સાથે રહેવા માગે છે તે પંદર વર્ષ પછી કોમ્યુનદ્વારા પ્રજામતથી નક્કી કરવામાં આવશે.

જર્મનિને પાછા સોંપવામા આવેલા કોઈ પણ ભાગમાંની ફ્રેન્ચ માલ્યની કિંમત કરાવીને તે ખરીદી લેવામાં આવશે.

આલ્સેસ લોરેઈન.

સને ૧૮૭૧ માં સોંપેલા મુલકો, જાહેર દેવાથી મુક્ત, ફ્રાન્સને પાછા સોંપી દેવા.

રેલ્વેઓ તથા ટ્રામ્વેના છુટછાટો ફ્રાન્સને પ્રાપ્ત થશે.

રહાઈનના પૂલો ફ્રાન્સને મળશે.

જર્મન-ઓસ્ટ્રિઆ.

જર્મનિએ જર્મન-ઓસ્ટ્રિઆનું " કુલ સ્વતંત્રપણું " સ્વીકારવું.

ઝેકો—સ્લોવાકિઆ.

રૂથેનિયનોના સ્વરાજ્ય સત્તાવાળા મુલકોસુદ્ધાં, ઝેકો સ્લોવાકિઆની સંપૂર્ણ સ્વતંત્રતા સ્વીકારવામાં આવી છે.

પોલેન્ડ.

જર્મનિએ પોસન તથા વિસ્ચુલાની પશ્ચિમ તરફનો વેસ્ટ પ્રશિઆનો મુલક પોલેન્ડને આપવો. પણ પોમેરાનિઆ તથા વેસ્ટ પ્રશિઆ વચ્ચેની ઐતિહાસિક સરહદ માન્ય રાખવી જોઈશે. અને પોલેન્ડના અઢાઉના રાજ્યની બહારનો જર્મનિનો કોઇ પણ ભાગ પોલેન્ડને આપવામાં આવશે નહિ. પોલેન્ડને સિલિસિઆ આપી દેવાના પ્રશ્નનો ફ્રેન્ચો મિત્રરાજ્યોના નિર્ણય હેઠળ પ્રજામતથી કરવામાં આવશે. જર્મનિની પૂર્વ સરહદ બાબતના પ્રશ્ન ઉપર મિત્રરાજ્યો ખુશીથી ફરી વિચાર ચલાવશે.

ઈસ્ટ પ્રશિઆ.

ઈસ્ટ પ્રશિઆની દક્ષિણ અને પૂર્વ સરહદો પ્રજામતથી નક્કી કરવામાં આવશે.

સુલેહના પંદર દિવસની અંદર જર્મન લશ્કર અને અધિકારીઓએ ઈસ્ટ પ્રશિઆ છોડી ચાલ્યા જવું.

ઈન્ટરનેશનલ કમિશને, "સ્વતંત્રપણે, વાજબી રીતે અને ગુપ્ત રીતે મત" લેવાની ગોઠવણ કરવી.

વિસ્ચુલા ઉપર જવા આવવાનો અને પુરેપુરો રસ્તો હક્ક ઈસ્ટ પ્રશિઆને ખાત્રીપૂર્વક મળે એવા નિયમો પાચ રાજ્યો ઘડી કાઢશે.

લિથુનિયન મુલકોનો હજીસુધી નક્કી થયો નહીં હોવાથી મેમેલ આગળનો ઈસ્ટ પ્રશિઆનો પ્રશાન ખુણો એગેશિએટેડ પાવર્સને આપી દેવો.

ઈસ્ટ પ્રશિઆ અને જર્મનિના બાકીના મુલક વચ્ચે આવજા કરવાની છુટ છે.

ડેન્ઝીગ.

ડેન્ઝીગનું સ્વતંત્ર શહેર, લીગ ઓફ નેશન્સની બાંયધરી હેઠળ, પોલેન્ડની કસ્ટમ્સ સરહદની અંદર દાખલ કર્યું છે.

ડેન્માર્ક.

આખા ઉત્તર શ્લેસ્વીગમાં અને સેન્ટ્રલ શ્લેસ્વીગના કેટલાક ભાગોમાં પ્લેબ્સુનદ્વારા મત લઈને ડેનિશ જર્મન સરહદ નક્કી કરવામાં આવશે.

સુલેહ પછી દશ દિવસની અંદર જર્મન લશ્કર તથા અધિકારીઓ એ પ્લેબ્સ પ્રદેશો છોડી ચાલ્યા જવું.

મત લેવાનું કામ ચાલે તે દરમિયાન સદરહુ પ્રદેશ ઈન્ટરનેશનલ કમિશનના હવાલા હેઠળ રહેશે અને તે કમિશનના બે મેમ્બરો નોર્વે તથા સ્વીડન નીમશે.

જે મુલકો ડેન્માર્કની તરફેણમાં મત જણાવે તે મુલકોમાંથી જર્મનિએ સાર્વભૌમસત્તાના હક છોડી દેવા.

હેલિગોલેન્ડ

હેલિગોલેન્ડ તથા ડ્યુનની સઘળી ફિટલેબંદીઓ, લશ્કરી થાણાંઓ અને બંદરોનો મિત્રરાજ્યોની દેખરેખ હેઠળ જર્મનિના ખર્ચે અને જર્મનિના મજુરો દ્વારે લઈને નાશ કરવામાં આવશે.

એવાં કોઈ પણ ક્રિલેખંધી વગેરે કામો ભવિષ્યમાં પાછાં કરવા દેવામાં આવશે નહિ.

રશિયા.

અગાઉના રશિયન રાજ્યમા જે સ્વતંત્ર મુલકો સમાયલા હતા તેનું પૂર્ણ સ્વતંત્રપણું જર્મનિએ સ્વીકારવું.

સને ૧૯૧૭ના નવેમ્બર મહિના પછીની બ્રેસ્ટ-લિટોવ્સ્કની સંધિ અને રૂસોજર્મન કોલકરારો રદ કર્યા છે.

આ સુલેહના સિદ્ધાતો ઉપરથી રશિઆએ જર્મનિ પાસેથી જે પાછું મેળવવાનું હોય તે ઉપર મિત્ર રાજ્યોએ સઘળા હક પોતાને સ્વાધીન રાખ્યા છે

સંસ્થાનો તથા દરિયાપારના મુલકો.

સંસ્થાનો તથા દરિયાપારના મુલકોપરના જર્મનિના સઘળા હકો તથા દાવાઓ મિત્રરાજ્યો તથા એસોશિએટેડ પાવર્સની તરફેણમાં છોડી દીધા છે.

એવા દરેક સંસ્થાન તથા મુલકમાં અધિકાર ચલાવનાર નવી સરકારને જર્મન સરકારની મીલકત સ્વાધીન થશે.

યુદ્ધસામગ્રીની મર્યાદા.

લશ્કર.

સુલેહના બે મહિનાની અંદર જર્મન લશ્કર વીખેરી નાખવું.

કરજિયાત લશ્કરી નોકરી કાઢી નાખી છે.

લડાઈમાં નોકરી કરી હોય એવા અમલદારો રિઝર્વમાં રાખવા નહીં.

લડનારૂં લશ્કર વત્તામાં વત્તા ૧,૦૦,૦૦૦ રાખવું અને તેમાં ૪,૦૦૦ કરતાં વધારે અમલદારો રાખવા નહિ.

ઝેરી વાયુ અથવા બળતો પ્રવાહી તૈયાર કરવો નહિ અથવા આયાત કરવો નહીં. તેમજ ટેન્કો અથવા આર્મર્ડ કાર બનાવવી નહિ અથવા આયાત કરવી નહિ.

દારૂગોળો આયાત કરવા દેવામાં આવશે નહિ.

હરરી કવાયત વગેરે કરવી નહિ.

લશ્કર ધીમે ધીમે વિખેરી નાખવું તે મિત્રરાજ્યોને કબુલ છે. ત્રણ મહિનાની અંદર લશ્કર ઘટાડીને વધારેમાં વધારે ૨,૦૦,૦૦૦ માણસ રાખવાં, અને બને તેટલું જલદી ઠરાવેલું ૧,૦૦,૦૦૦ માણસનું લશ્કર થઈને રાખ તેટલા સારૂ લશ્કર કયા પ્રમાણમાં ઘટાડવું તે મિત્રરાજ્યોના લશ્કરી મનુષ્યો નક્કી કરશે.

કાફલો.

બે મહિનાની અંદર જર્મનિની દરિયાઈ ફોજ હેઠળ જણાવેલા પ્રમાણ કરતાં વધારે રહેવી જોઈએ નહિ:—

૬ બેટલ-શિપ (લડાઈનાં વહાણ).

૬ લાઈટ-ક્રુઝરો.

૧૨ ડિસ્ટ્રોયરો.

૧૨ ટોર્પીડો-બોટ.

સબ-મરિનો રાખવી નહિ.

બે મહિના પછી દરિયાઈ લશ્કર ૧૫,૮૦૦ સિપાઈઓ અને ૧,૫૦૦ અમલદારોથી વધારે રહેવું જોઈએ નહિ.

મિત્રરાજ્યોનાં અથવા તટસ્થરાજ્યોનાં બંદરોમાં પરહેજ કરેલાં પાણીની સપાટીપર રહેતાં લડાયક વહાણો છેવટે આપી દેવાં.

જર્મન બંદરોમાં જે વધારાનાં વહાણો હોય તે સઘળાં મિત્રરાજ્યોના બંદોબસ્તે સોંપી દેવાં. જે વહાણો બાંધવામાં આવતાં હોય તે છુટાં કરી નાખવાં.

ઉત્તર સમુદ્ર તથા બાલ્ટિક સમુદ્ર વચ્ચેના દરિયાઈ માર્ગ ઉપર તોપોનો મારો ચલાવી શકાય તેવી રીતે તોપ ગોઠવવી નહિ.

ચૌદ જર્મન સબ-મરિન ફેરબદલો પાછા મળશે નહિ.

વિમાનો.

લશ્કરી વિમાનો અથવા દરિયાઇ વિમાનોનો કાફલો રાખવો નહિ.

તેને લગતુ સઘળું લશ્કર વીખેરી નાખવું. માત્ર ૧ લી ઑક્ટોબર સુધી મોણસો તથા અમલદારો મળી ૧,૦૦૦ જુજ લશ્કર રાખવું.

વિમાનો અથવા વિમાનોના ભાગો બનાવવાની ૬ મહિના સુધી બંધી છે.

બદલો તથા કબજે કરેલું પાછું આપવા બાબત.

"લડાઈને લીધે મિત્રરાજ્યોને તથા તેની પ્રજાને જે નુકસાન તથા હાનિ થએલ છે તે સર્વની જવાબદારી" સ્વીકારવા જર્મનિ કબુલ કરે છે.

સઘળા બીનલશ્કરી પ્રજાને કરેલાં સઘળાં નુકસાનનો બદલો જર્મનિએ સાત મુખ્ય વર્ગો હેઠળ આપવો.

ઈન્ટર-એલાઈડ રેપેરેશન કમિશને મોડામાં મોડું ૧૯૨૧ ના મે મહિનાની ૧ લી તારીખ સુધીમાં જર્મનિને તેની કુલ જવાબદારી જણાવવી. નાણું ત્રીસ વર્ષની મુદતમાં ભરપાઈ કરવું. એ કમિશનનો સંપૂર્ણ અધિકાર કોઈ પણ વાંધો લીધા સિવાય જર્મનિએ સ્વીકારવો.

તાત્કાલિક પગલાં તરીકે જર્મનિએ બે વર્ષની અંદર ૨૦,૦૦૦,૦૦૦,૦૦૦ માર્ક (એટલે કે, ૧,૦૦૦,૦૦૦,૦૦૦ પાઉંડ) આપવા અને એ રકમ નાણાંના, માલના, વહાણોના અથવા બદલો આપવા માટે બીજા કોઈ ઠરાવેલા રૂપમાં આપવી.

ઈન્ટર-એલાઈડ કમિશન પેરિસ ખાતે રહેશે અને સઘળા બદલા ઉપર તથા તેની વટેચણીના ઉપર નિર્ણય રાખશે. (આ કમિશનમાં યુનાઈટેડ સ્ટેટસ, બ્રિટન, ફ્રાન્સ, ઈટલી અને બેલ્જમનો અનુક્રમે પ્રતિનિધિ તથા બીજા રાજ્યોના હક ઉપર વિચાર ચલાવવામાં આવે ત્યારે તેમનો પ્રતિનિધિ રહેશે).

બાંયધરી તરીકે જર્મનિએ ૫,૦૦૦,૦૦૦,૦૦૦ પાઉંડના બોન્ડો આપવા.

વહાણ.

જેટલા ટનનાં અને જે જે વર્ગનાં વેપારી વહાણો તથા માછલાં પકડવાના મછવાઓ લડાઈમાં ગુમ કરવામાં આવ્યા હોય અથવા તેને નુકસાન કરવામાં આવ્યું હોય તેટલા ટનના અને તે તે વર્ગના વેપારી વહાણો તથા માછલાં પકડવાના મછવાઓ ભરી આપવાનું બોરણ જર્મનિએ સ્વીકારવું.

તેણે મિત્રરાજ્યોને, એકદર ૬,૫૦૦ ટન અથવા તેથી વધારે વજનનાં વેપારી વહાણો, એકદર ૧,૦૦૦ અને ૧,૫૦૦ ટન વચ્ચેના વહાણોમાંનાં અડધા વહાણો અને ટ્રોલરો અને ટ્રેનિંગ બોટોનો એક ચતુર્થાંશ ભાગ આપી દેવા.

આવતાં પાંચ વર્ષ દરમિઆન તેણે દરવર્ષે એકંદર બે લાખ ટનનાં વેપારી વહાણો મિત્રરાજ્યોને સારૂ બનાવવાં.

પાયમાલ થયલો મુલક.

જે મુલકોમાં હુમલો લઈ જવામાં આવ્યો હોય તે મુલકોને પાછા

અસલ સ્થિતિએ લાવવા માટે જર્મનિએ પોતાનાં સાંપત્તિક સાધનો કામે લગાડ્યાં.

પાયમાલ થએલા પ્રદેશોની તપાસ કરીને તેમના દાવા નક્કી કરવાની સૂચનાઓ કરવાને જર્મનિ શક્તિમાન થાય તેટલા સારૂ તેને સઘળી વાજબી સગવડો મિત્રરાજ્યો આપશે.

મિત્રરાજ્યોના રેપેરેશન કમિશનની સાથે મળી કામ કરવા માટે એક કમિશન નીમવાની જર્મનિએ કરેલી સૂચના મિત્રરાજ્યો સ્વીકારે છે.

ફ્રાંચનેન્સ.

જે જે રાજ્યોને જર્મનિના મુલક આપવામાં આવે તે તે રાજ્યો જર્મનિના લડાઈ પહેલાંના દેવાનો હિસ્સો પોતપોતાને ભાગે આવે તે પ્રમાણે માથે લેશે.

પણ, ફ્રાન્સ અથવા બેલ્જેડ અથવા કોઈ પણ મેન્ડેટરી પાવર્સ, જર્મન સંસ્થાનોના સંબંધમાં કાંઈ પણ દેવું આપશે નહિ.

આર્મિસ્ટીસની તારીખથી જે જે લશ્કર જર્મન મુલક ઉપર મૂકયું હોય તેનો સગવડો ખરચ જર્મનિએ આપવો. તેનાં સાધનોપર આ પ્રથમ બોજો ગણાશે અને નુકસાનીના અદાનની રકમ ત્યારપછીનો બોજો ગણાશે.

ટર્કી તથા ઓસ્ટ્રિઆ હંગેરીએ જર્મનિમાં અનામત રાખેલી સઘળી રકમ જર્મનિએ મિત્રરાજ્યોને આપવી, તેમજ લડાઈ દરમિઆન કરેલાં કરારનામાઓના સંબંધમાં એ રાજ્યો સામાના તથા બલ્ગેરિયા સામાના જર્મનિના સઘળા દાવાઓ જર્મનિએ મિત્રરાજ્યોને તબદીલ કરવા.

કીલ કનાલ.

જર્મનિની સાથે સુલેહ હોય એવી સઘળી પ્રજાના લડાઈના તથા વેપારી વહાણોને છૂટથી ઉપયોગ કરવા માટે કીલ કનાલ ખુલ્લી રહેશે.

બાંયધરીઓ.

સુલેહની શરતો પાળવામા આવે તેની બાંયધરી સારૂ રહાઈનની પશ્ચિમના જર્મન મુલકો તથા પૂલ ઉપરની તટબંધીઓ ૧૫ વર્ષ સુધી કબજે રાખવામાં આવશે.

જો જર્મનિ સુલેહની શરતો પાળશે તો, કોલોન સુધા કેટલાક મુલકો પાંચ વર્ષની આખરે ખાલી કરવામાં આવશે, બાકીના સુધા બધા મુલકો

દસ વર્ષે ખાલી કરવામાં આવશે, અને મેઈનસુદ્ધાં બાકીના મુલકો ૧૫ વર્ષે ખાલી કરવામાં આવશે

જો સુલેહની શરતો પાળવામાં નહિ આવશે તો એ મુલકો સખ્ત અથવા તેના કોઈ ભાગો પાછા કબજામાં લેવાનો મિત્રરાજ્યોએ હક રાખ્યો છે.

જો જર્મન સરકારી જવાબદારી ૧૫ વર્ષની પહેલાં પૂર્ણ કરશે તો તેના મુલક ઉપર મૂકેલું લશ્કર એકદમ ખેંચી લેવામાં આવશે.

(True translation)

M. K. SHAIKH,

Oriental Translator to Government.

નોંધ.

યુરોપી દારૂણ વિગ્રહ સમાપ્ત થયાની નોંધ અમે અગાઉ લીધી છે તે વિગ્રહ પુરો થયો એટલે કાર્ય પરિપૂર્ણ થયુ મનાય નહિ, પરાજિત પ્રજા નિયમને વશ રહે અને ભવિષ્યમાં આવા વિગ્રહ ઉત્પન્ન ન થાય તથા પૃથ્વી ઉપર વસતા મનુષ્યોના સંહારનુ કારણ કોઈ પ્રજા નીવડે નહિ એ હેતુથી આપણી બ્રિટિશ સરકાર તથા ફ્રાન્સ અને અમેરિકાના સ્વતંત્ર રાજ્યના પ્રમુખો તથા નેતાઓએ એક કોન્ફરન્સ (નાની પરિષદ) ભરી સંધિના કોલકરાર ઘડી કાઢયા. દરેક મહાન રાજ્યના પ્રતિનિધિઓ તેમાં હાજર હતા. આ સરતો જર્મન પ્રજાને બતાવવામાં આવી અને તેની કબુલાત તેમના પાસેથી માગવામાં આવી. કેટલીક રગઝગ પછી દુનીઆના સુખના સાધનરૂપ વિગ્રહનો નાશ કરી તેનું ભવિષ્યમાં પુનરાવર્તન ટાળનાર, અને અનીતિને માર્ગે ચાલી નિર્દોષ મનુષ્યોનો સંહાર કરનારી પ્રજાને દંડરૂપ આ ન્યાયી તથા આવશ્યક કોલકરાર ઉપર જર્મન પ્રજાએ નીમેલા પ્રતિનિધિઓએ સહી કરી છે, અને તે સુલેહના ઉત્સવ નિમિતે હિંદુસ્તાનમાં તા. ૧૯ મી જુલાઈનો દિવસ તહેવાર રૂપે મનાયો છે. આ અંકમાં અમે સરકારે પ્રસિદ્ધ કરેલી કોલકરારોની સરતો જે કોઈની જાણમાં ન આવી હોય તેમને જાણવા માટે પ્રસિદ્ધ કરી છે. નીતિને રસ્તે ચાલનાર વિજયી નીવડે છે એ મહાન સૂત્ર આ સદીમાં પણ સિદ્ધ થયું છે. કૃપાળુ ઈશ્વર સત્ય તથા ન્યાયને સદા જય આપે છે.

તંત્રી.

વિજય-ગીત.

(રા. માણેકલાલ કાલિદાસ ભટ્ટ.)

રાગ માઢ.

થયો વિજય વિજય, પ્રભુ-પ્રતાપે મિત્ર-રાજ્યનોઃ
થયો વિજય વિજય, ધર્મ અને સત્યના સિદ્ધાંતનોઃ
થયો વિજય વિજય.

સ્વારથને કરી આગે કૈસરજી, કપટકળાએ પૂરા;
ધર્મ અને નીતિને બાજુએ મૂકતાં, ચાખ્યાં છે કેવાં
કટુના ભરેલાં ફળો! પ્રભુ.

ફ્રેન્ચ અને બ્રિટિશ સિંહ કેરા સાથમાં, ઝૂઝયા હિંદીઓ શૂરા;
થઈ રણુધેલા વીર રંગ રાખ્યો, કેવી હતી તે
અણુની અનિષ્ટ પળો! પ્રભુ.

ધાંધા અમેરિકન સ્વાતંત્ર્ય-પૂજક, કીધો અધર્મ-ચૂરો;
તાર્યો તાર્યો સત્ય બેડલાને પૂડતો, લીધો ધણેરો
અનેરો યશ તો રૂડો. પ્રભુ.

ધર્મ તહીં જય અને પાપ તહીં ક્ષય એ, પાઠ તો યશેલ પૂરો;
શાંતિ-સામ્રાજ્ય વિભુ વિશ્વમાં યાચીએ, વાધો યશ શ્રી
પંચમ જયોર્જ તણો. પ્રભુ.

વિજયહર્ષ.

(રા. સાકરલાલ પુરુષોત્તમ શુકલ.)

રાગ કાનડો.

ઉર વિજયહર્ષ ઉભરાયે. (૨)
सत्यमेवजयते અંતે છે,
સિદ્ધ કર્યું જગરાયે. ઉર.

અડગ ટેક શુભ મિત્રરાજ્યનો,
સફળ થયો પરિણામે;
અધઃપાતનો અનુભવ મળ્યો,
કૈસરને અભિમાને. ઉર.

બ્રિટિશ, ફ્રેન્ચ, હિંદી વીર આદિ,
રણધીરા રણ ઘૂમ્યા;
ગ્રહાત કર્યા જુલમી જર્મનને,
પાપ પુજ ક્ષય થાયે. ૭૨.
અસ્તવ્યસ્ત કરવા દુશ્મનને,
મિત્રરાજ્ય પરવરીયાં;
ન્યાયપથ નિષ્કંટક બનીયો,
વિઘ્ન ભસ્મ થઈ જાયે. ૭૨.
વિજયમાળ ઝળહળતી આજે,
મિત્રરાજ્યને કંઠે;
વિજયઘોષ ગાજ્યો દશ દિશમાં,
સુજશગાન જગ ગાયે. ૭૨.

નોંધ.

યુરોપના કેટલાક દેશોનાં પરિવર્ત્તન.

યુરોપના મહાન વિગ્રહને પરિણામે એક નવી સંસ્થા અસ્તિત્વમાં આવી છે જેનો મુખ્ય હેતુ ભવિષ્યમાં વિગ્રહોના સંભવ તદન નાબુદ કરવાનો છે. એ સંસ્થાનું નામ "લીગ ઓવ ધી નેશન્સ" (પ્રજાઓનું સંયુક્ત મંડળ છે) અને તેનો સ્થાપક અમેરિકાના પ્રમુખ મિ. વિલ્સન છે. યુરોપની ભૂગોળ રચના આ મંડળોના ઉદ્દેશોને અનુસરી એટલી બધી બદલાશે કે ભવિષ્યમાં યુરોપખંડનું જુનું સ્વરૂપ પણ ભૂલી જવાશે. પવનમાં વાદળાની સ્થિતિ માફક યુરોપખંડ બદલાતો જાય છે. વિગ્રહરૂપી પ્રબળ વાયુએ આમ વીખેરવાનું કામ શરૂ કર્યું છે. પરિણામે ઓસ્ટ્રિઆ સાથે જોડાયેલું જર્મનિ હવે તે સ્થિતિમાં રહ્યું નથી. આમ આ બે દેશ લુપ્ત થતા જાય છે ત્યારે બીજા પ્રજ્યાતિમાં આવવા લાગ્યા છે. બોહીમીઆ પ્રેગના જુના શહેરની આસપાસ વિસ્તારમાં વધતું જાય છે. પાસેની પ્રજા સાથે મિત્ર ભાવનો સંબંધ દર્શાવવા લાગ્યું છે. તેની ખાણો, જંગલો, તથા હોશિઆર કારીગરોને લીધે મળેલી સમૃદ્ધિ તથા મહાન પદ ઓસ્ટ્રિઆના કબજામાં જતા પહેલા હતા તેજ પાછાં પ્રાપ્ત કરશે. આ માટે દરિઆ કિનારો કે કોઈ બંદરને જોડતી રેલ્વેના સાધનની જરૂર પડશે.

જુની કાલ્પનિક કથાઓથી વિખ્યાત પોલેન્ડ દેશ આબાદ થવાનો સંભવ છે. સ્વતંત્ર દેશ બન્યો છે. ક્રેકાવ અગર વોરસોમાંથી એકાદને રાજધાની તરીકે સ્વીકારવાની મંજુરી મળી છે. વિસ્ટુલા નદી દરિઆને મળે છે ત્યાં આગળ આવેલા ડેન્ઝીગ બંદરનો અધિકાર પ્રાપ્ત કર્યો છે. પોલેન્ડ સ્વતંત્ર તથા આબાદ થશે તેમજ સૃષ્ટિસૌન્દર્યનું સ્થાન બનશે. રશીઅન બળવાખોરની સામે થઈ નવું જીવન પ્રાપ્ત કરવા પ્રયાસ કરી રહેલા કેટલાક નાના દેશો પોલેન્ડની ઉત્તરે આવ્યા છે તે પણ અસ્તિત્વમાં આવવા લાગ્યા છે. બાલ્ટિક સમુદ્રને કાંઠે આવેલા આ નાના દેશો રશિઆ કે પોલેન્ડની દેખરેખ નીચે સ્વતંત્ર સ્વરાજ્ય ભોગવશે કે નાની નિરાળી પ્રજા બનશે તે કહી શકાય નહિ.

યુરોપની દક્ષિણનો વિચાર કરીએ તો મોન્ટીનીગ્રો હયાતીમાંથી અસ્ત થતું જાય છે. તેવીજ રીતે સર્વીઆની દશા થઈ છે. મોન્ટીનીગ્રોના લોકો સર્વીઆના વતની સાથે જોડાઈ ગયા અને તે લોકો ઓસ્ટ્રિઆ તથા હંગરિના સર્બ ભાષા બોલનાર લોક સાથે ભળી જવા લાગ્યા છે, અને નવા રાજ્યનું નામ કે હદ નિશ્ચિત થયાં નથી. કેટલાક તેને જુગો સ્લેવીઆ અગર દક્ષિણ સ્લેવિઆ કહે છે, પરતુ આશા છે કે જુનું રમુજી નામ યુગોસ્લેવીઆ સ્વીકારાશે. તેમાં સર્વીઆ, મોન્ટીનીગ્રો, બોઝનીઆ, હર્ઝીગોવીના તથા બીજા કેટલાક નાના દેશોનો સમાવેશ થશે. અત્યારે ઈટાલીઅનો તથા યુગોસ્લેવીઅનો પ્રદેશો તથા બંદરોની વહેંચણી માટે રગઝગ કરી રહ્યા છે, પરંતુ એ નિર્ણય પ્રજાઓનું સંયુક્તમંડળ કરશે.

આ મંડળને એક બીજી અગત્યની બાબત એ વિચારવાની છે કે મેસિડોનિઆની જુની પ્રખ્યાત ભૂમિ જેણે યુગોસ્લેવીઆથી હિન્દુસ્તાન સુધીના પ્રદેશો જીત્યા હતા તેને ફરી અસ્તિત્વમાં આણવી કે નાશ પામતી સ્થિતિમાં રહેવા દેવી. ગ્રીસ, સર્વીઆ અને બલ્ગેરિઆની વચમાં આવેલી, તથા ભૂમધ્ય સમુદ્ર ઉપર આવેલા કેવેલા બંદરની આજુબાજુની ફળદ્રુપ જમીન તે મેસીડોનીઆનો ભાગ છે, આને ફરી અસ્તિત્વમાં આવવાની જરૂર છે કેમકે એ પ્રદેશ એક કાયમનું ખજાનાનું સ્થાન છે.

આમ યુરોપખંડના દેશોનું પરિવર્તન થવાનો સંભવ છે.

(અનુવાદક.)
ચાણાપત્ર ઓફિસ.

સોયકામ અને ભરત-ગુંથણ શીખવવાના વર્ગો સ્થાપન કરવાની જરૂરિઆત.

(લેખક-સૌ. કૃષ્ણાગૌરી હિરાલાલ વિદ્યારામ રાવળ, મુખ્ય શિક્ષક, વિક્ટોરિઆ જુબિલિ કન્યાશાળા, મુંબ-રામપુર-રેવાકાંઠા.)

(ગીતી.)

ચૂકેલાં જનને જે, સુબોધ આપી સુમાર્ગ બતલાવે;
ધન તેનાં તન મનને, અન્ય ન તેની બરોબરી આવે.

(હિ. વિ. રાવળ.)

જુના ઈતિહાસો તથા વાર્તા વગેરે ઉપરથી સર્વને સુવિદિત છે કે ઇરાન તથા દિલ્હીના પહેલાંના મોટા બાદશાહો અને બીજા સુલતાનોની માનવતી બેગમો અને કુમારિકાઓ પોતાની ફુરસદનો વખત ઉત્તમ પ્રકારનાં શીવણ વગેરે હુન્નરકળાનાં કામ કરવામાં નિર્ગમન કરતી હતી, અને આજે પણ નાના મોટા પગારના અંગ્રેજ આદિ અમલદારોને ત્યાં જોઈશું તો જણાશે કે તેમની ધર્મપત્નીઓ પાંચ મિનિટ પણ નકામા ન બેસી રહેતાં શીવણ અને ભરત-ગુંથણનાં કામ કરવામાં અહોનીશ મડ્યાં રહે છે. આ ઉપરથી કહેવાની મતલબ એવી નથી, કે માત્ર મુસલમાન બાનુઓ અને યુરોપીઅન બેનોજ આવાં હુન્નરકળાનાં કામ કરે છે. મેં ઘણીવાર આપણા દેશી ગૃહસ્થ અને મોટાં કુટુમ્બોમાં જોયું છે કે હિન્દુ અને પારસી ડેપ્યુટિ કલેક્ટરો, દિવાનો અને તેવાજ ઉંચી સ્થિતિના ગૃહ—મન્દિરે સાધન અને સુખી કુટુમ્બોની દેવી જેવી સન્નારીઓ અને બેનો હમેશાં પોતાની નવરાશનો વખત ભરત—ગુંથણ વગેરે કામમાં આનંદથી નિર્ગમન કરે છે. આ ઉપરથી સારી રીતે સાબીત થાય છે કે જ્યારે પૈસેટકે સુખી કુટુંબોની સ્ત્રીઓ પણ પોતાની નવરાશનો વખત પાડોશી બેનો સાથે નકામી વાતો કરવામાં ગુમાવતી નથી, તો પછી યુરોપીય વિગ્રહને લીધે હાલની અત્યંત મોંઘવારીના સમયમાં સામાન્ય વર્ગની સ્ત્રીઓએ તો 'એ સર્વના કરતાં હુન્નર કળાનાં કામ શીખવા પાછળ વિશેષ ખંત અને ઉત્સાહથી મંડ્યા રહેવાની જરૂરિઆત છે. જે કુટુંબોની સ્થિતિ ગરીબ અથવા મધ્યમ પ્રકારની છે તેમણે બાસ કરીને કપડું ફારીને, બાગકું મારતાં, તથા સારી રીતે ઉંચા

પ્રકારનું વેતરતાં અને સીવતાં શીખવા ઉપર વધારે ધ્યાન આપવું એ હાલના સમયે તેમને બહુ લાભકારક છે. જેઓના ઉપર પરમાત્માની કૃપાને લીધે લક્ષ્મી દેવી પ્રસન્ન રહેતાં હોય તેમણે ઉપર જણાવેલું વેતરવા સાથે સોયકામ શીખવા ઉપરાંત પોતાના ગૃહસંસારને અનુકૂળ થઈ પડે તેવું ઉપયોગી રેશમી અને ઝીક ટીકી વગેરેનું ભરતકામ તથા ઊન અને દોરાનું ઉત્તમ ગુંથણ કામ વગેરે શીખવા હોંશ રાખવી જોઈએ.

આપણે અહિંઆ કન્યાશાળાઓમાં આ ઉપયોગી વિષય નામદાર સરકારે બહુ ડહાપણ વાપરીને દાખલ કરેલો હોવાથી બાળાઓને એ વિષયનું કેટલુંએક જ્ઞાન શાળાઓમાં મળે છે એ ખરૂં છે; તથાપિ સોયકામ અને વેતરકામનું વિશેષ જ્ઞાન તો ઉપરનાં ધોરણોમાં શીખવવાનું છે, અને તે ધોરણમાં દાખલ થતાં વિશેષે કરી સામાન્ય અને નિર્ધન (અથવા ગરીબ) સ્થિતિનાં કુટુંબોની સ્ત્રીઓ પોતાનાં નાનાં બાળકોને સાચવવામાં તથા બીજાં ગૃહકાર્યોમાં મદદ કરવા (છોકરાઓને ન રાખતાં) કન્યાઓને ઘણી વાર ઘેર રોકી રાખે છે, તેથી તેમની હાજરી બહુ અનિયમિત થઈ પડે છે. એવી સ્થિતિમાં તેમનો ચોડો વખત નીકળી ગયા પછી આપણા ગુજરાતી તથા હિન્દુ લોકોમાં ઘણે ભાગે બાળલગ્ન થતાં હોવાથી તથા પ્રિય પુત્રીઓને નાની વયમાં સાસરે મોકલવાની દુઃખદાયક અને અનેક પ્રકારે નુકશાનકારક-નાપસંદ રૂઢિથી દીકરીઓને જલદીથી શાળા છોડાવી દે છે, એટલે સોયકામનું જોઈએ તેટલું વિશેષ અને ઊંડું જ્ઞાન મેળવવા તેઓ ભાગ્યહીન બને છે. આ મુખ્ય કારણોને લીધે દરેક નાનાં મોટાં સ્થાનમાં મ્યુનિસિપાલિટી તથા લોકલબોર્ડ જેવી સંસ્થાઓ અને સંસાર સુધારાની સમાન્તે તથા મુમ્બઈ, સુરત, વડોદરા, અને અમદાવાદ જેવાં મોટાં શહેરોના ધીમંત અને શ્રીમંત–શેઠીઆઓ વગેરે તરફથી, સ્ત્રીઓ પોતાના ગૃહ-કાર્યોથી નિવૃત્ત થઈ રહે તે વખતે, એટલે દિવસના લગભગ ત્રણથી પાંચ વાગતા સુધીના દરમ્યાનના બે કલાક સમયે ચલાવવા સારૂનાં શીવણકામ તથા ભરત અને ગુંથણ કામ શીખવવા વર્ગો કાઢવા જોઈએ, તથા તેમાં હોશિયાર અને ઉત્સાહી બહેનોને સંચાની મદદથી બેસ તથા ભાતાં, ગંજીફાક વગેરે તૈયાર કરવાનો હુનર પણ શીખવવો જોઈએ.

આ વર્ગો ગામના ખૂણેખાંચરે–દલદલી વસ્તીવાળા કે નબળી હવાવાળા સ્થળે ન કાઢતાં ઉજળી વસ્તીવાળા મહોલ્લામાં સ્વચ્છ હવાનો લાભ મળે

એવી સારી જગાએ રાખવા જોઈએ, અને વિશેષે કરી કોઈ પ્રતિષ્ઠિત કુટુંબના મકાનમાં આવી સગવડ થઈ શકતી હોય તો ત્યા શીખવાને માટે ચાહીને વિશેષ સ્ત્રીઓ આવવા સંભવ રહે છે. આવી રીતે ગોઠવણ કર્યા પછી સીવણ, ભરત અને ગુંથણ કામમાં વિશેષ કુશળતા ધરાવનાર અમદાવાદ અને બીજા શહેરોની કોલેજોમાં કે મોટી શાળાઓમાં રહી કામ શીખેલાં અથવા શહેરનાં સારાં કેળવાએલાં અને પ્રતિષ્ઠિત કુટુંબોના સહવાસથી આ કામમાં કુશળતા મેળવનાર હરકોઈ અનુભવી (અથવા સરકારી પેન્શનર) અને સદ્‌ગુણી બેનને પુરતો પગાર આપી શિક્ષકની જગાએ નીમવાં જોઈએ, અને તેમને કેળવાએલાં શ્રીમંત કુટુંબો તરફની સંપૂર્ણ મદદ-આશ્રય-અને ઉત્તેજન જોઈએ તે વિના આવી સંસ્થાઓ લાંબા વખત સુધી સારી રીતે ચાલી શકશે નહિ. આવા વર્ગોના નિભાવ અને મદદ માટે તેમજ સારી રીતે દેખરેખ રાખવા અને સલાહ આપવા સુજ્ઞ અને સુકીર્ત્તિમાન ભાઈઓની તથા સુનીતિમાન, અનભવી અને ઉત્સાહી વિદ્વાન ભાઈઓની એક "સ્ત્રીજ્ઞાનવર્ધક કમિટિ" નીમવી જોઇએ, અને તેમાં પુરુષો કરતાં સ્ત્રીઓનું તત્વ વધારે જોઈએ.

આવી રીતે સીવણ, ભરત અને ગુંથણકામ શીખવવાના વર્ગોમાં અમદાવાદમાં એકાદ બે વખત 'પત્રપદ્ધતિ' એટલે ઘરના પત્રો લખવાનું કામ પણ શીખવી શકાય. તેમજ આ વર્ગો શહેરમાં અથવા તેવાજ કોઈ મોટા તાલુકા કે સંસ્થાનમાં કાઢેલા હોય અને ઉચ્ચવર્ણની તથા સુધરી કુટુંબની તરણ વયની બાળાઓ તથા સન્નારીઓ તેનો લાભ લઈ શકતી હોય તો 'સ્ત્રીજ્ઞાનવર્ધક કમિટિ'ની ઇચ્છાનુસાર અમદાવાદમાં એકાદ બે વખત હારમોનીઅમ વગેરે વાદ્ય સાથે થોડું સંગીત પણ શીખવી શકાશે.

રવિવાર કે શનિવારને દિવસે સાંજે આ વર્ગોમાં કામ શીખનારી એનો ઉપરાંત બીજી મોટી વયની વિશેષ સ્ત્રીઓને આમંત્રણ કરી કોઈ વખત સુબોધક "નીતિસાર" વાર્તાઓ કહેવા માટે સ્ત્રી ઉપયોગી વિષયો ઉપર સારા ઉપદેશક પાસે વ્યાખ્યાન અપાવી શકાય, અને સારા વ્યાખ્યાનકારના અભાવે (તેઓ ન મળે તો) કોઈ કેળવાએલી બેન કે કન્યાશાળાની શિક્ષિકા પાસે 'સુન્દરીસુબોધ', 'સ્ત્રીબોધ,' વગેરે ઉપયોગી માસિકો તથા સ્ત્રીઓને બાસ ઉપયોગી પુસ્તકોમાંથી રસમય પ્રકરણો, તથા અન્ય લેખો વાંચી સંભળાવવા. એ રીતે સ્થળની જરૂરિઆત પ્રમાણે વિષયો શીખવવાનું નક્કી કરી તેનું 'વખતપત્રક' બનાવવું.

રવિવારે અથવા કોઈ તહેવારને દિવસે ફેનોગ્રાફ વગેરેની ગમ્મત આપવી, તથા મેજીક લેન્ટર્નની મદદથી પ્રદર્શન સાથે વિશેષ જ્ઞાન આપવું.' તથા પૃથ્વી ઉપરનાં પ્રાચીન તથા અર્વાચીન પ્રસિદ્ધ સ્થળો સૂક્ષ્મદર્શક કાચની મદદથી બતાવવાં. તેમજ કોઈ વિદ્યાવિલાસી–શ્રીમંત બેનને ત્યાં મંગળ–પ્રસંગ હોય, અથવા તેઓનું મન પ્રસન્ન હોય તે વખતે સર્વેને આમંત્રણ કરી સૂક્ષ્મ–ફલાહાર અથવા જમણ આપી મંપ તથા આનંદમાં વધારો કરતાં રહેવું.

નવરાત્રી વગેરેના સારા દિવસોમાં બની શકે તો હારમોનીઅમ સાથે "ગરબા" ગાવાના મેળાવડા કરવા. આવા પ્રસંગે ગાનારી બહેનોને ઉત્તેજન આપવા નાના પ્રકારનાં ઉત્તમ ધાતુપાત્ર, તથા મિઠાઈ મેવા વગેરેનાં પડીકાં વગેરે યોગ્ય લાગે તેવી વસ્તુની લ્હાણી કરવી. અર્થાત્ દરેક રીતે તરૂણ બેનોને ગમ્મત સાથે જ્ઞાન આપતાં ઉત્તેજનથી આનંદની વૃદ્ધિ કરવી.

કેથી સિવાય પ્રમાણે કાંઈક વયમાં આવવાથી કે હિન્દુ સંસારની દુષ્ટ રૂઢિને સ્વાધીન થઈ અજ્ઞાન માબાપ કે સામાન્ય અક્કલનાં સાસુ સસરા વગેરેની મરજીને સ્વાધીન થઈ દીકરીઓ સાસરે જવાથી કન્યાશાળાનાં ધોરણો ન શીખતાં ઉતાવળે ગૃહમંસારમાં પડેલી તરૂણ બેનોને, તથા પ્લેગના ત્રાસથી દુખિયારી બનેલી યુવાન વિધવાઓ વગેરેને ઘણી રીતે ઉપયોગી થઈ પડે તેવું વેતરકામ તથા સોયકામ, તથા "બાંદાની માવજત" વગેરે સ્ત્રી ઉપયોગી વિષયો શીખવવા, નાનાં મોટાં સર્વે સ્થાનમાં–શહેરોમાં અને ગામોમાં–"સોયકામ અને ભરતગુંથણ શીખવવાના વર્ગો" સ્થાપન કરવાની ઘણી જરૂર છે.

જેવી રીતે નામદાર સરકાર પ્રજાવર્ગના હિતમાટે કન્યાશાળાઓ, તથા સ્ત્રીશિક્ષણ શાળાઓ (અથવા ટ્રેનિંગકોલેજ ફોર વીમેન) વગેરે સ્થાપન કરી તેનો સઘળો ખર્ચ પૂરો પાડે છે, એજ રીતે હવે દરેક જિલ્લા, અને એજન્સિઓના તાલુકા તથા સંસ્થાનોમાં–પ્રથમ મોટે મોટે સ્થળે "સોયકામ તથા ભરતગુંથણ શીખવવાના વર્ગો" સરકારે સ્થાપન કરવાનો સમય હેક નજીક આવી લાગ્યો છે. તેમજ દેશના પરોપકારી શ્રીમંત વર્ગે પોતાની ઉદાર સખાવતનો હસ્ત હવે ઉપરનું કાર્ય સિદ્ધ કરવા લંબાવવો જોઈએ. ઓછવણી વધારવાની હોંશ રાખનાર શ્રીમંત બહેનો જેવાં કે માનવન્તા ઉદાહરણસ્વરૂપ લેડિ સુલોચના બેન, બેરોનેટ ચીનુભાઈ સી. આઈ. ઈ.ના પત્ની, તથા

શ્રીમંત વર્ગની વિશેષ કેળવાએલી, મોટા પ્રવાસો કરી નામના મેળવી પરોપકારનાં કામો કરવા તરફ ઉત્સાહ રાખનાર દરેક માનવન્ત બેન આ તરફ લક્ષ આપવાની તસ્દી લેવા કૃપા કરશે તો તેથી આપણી સ્ત્રીકેળવણીને તથા ગૃહ્યસંસારને લાભ થયા વિના રહેશે નહિં.

ઉપર પ્રમાણે નામદાર સરકાર તરફથી, તથા દેશના 'કેળવણીમંડળ,' મુંબઈ ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળ, ભગિનીસમાજ વગેરે જનહિતકારી પરોપકારી સંસ્થાઓ તરફથી આ કાર્યની ઘટતે સ્થળે સ્થાપનાઓ કરવા યોગ્ય સહાય અને ઉત્તેજન આપવામાં આવશે તો તેઓ આ દેશની અનેક તરુણ બેનો તરફની શુભાશિષો મેળવી શકશે.

ઉમેદ રાખવામાં આવે છે કે આપણા પ્રાન્તની કન્યાઓ અને સ્ત્રીવર્ગમાં કેળવણી અને હુનરકળા સાથે સંસાર સુખના જ્ઞાનરૂપી સૂર્યનો પ્રકાશ વધતાં ઘણે ભાગે હાલનાં કલેશમય કુટુંબોમાં સંપની વૃદ્ધિ થતાં વિદ્યા અને હુનરકળાના પ્રતાપથી પોતાનાં રહેવાનાં સ્થાનને તેઓ એક 'સ્વર્ગીય સદન' બનાવી પોતાના જીવનને સુખી તથા આનંદમય કરી શકશે. જગન્નિયંતા પરમ કૃપાળુ પરમાત્મા તેવો શુભ સમય સર્વ સ્થાન ઉપર જિજ્ઞાસુ બેનોને સત્વર બતાવે. ભવતુ

કેળવણીખાતાની જાહેર ખબર.

મ. એ. ઈ. સાહેબના તા. ૨૯–૭–૧૯ ના હુકમ નં. ૧૫૭૬ ઉપરથી.

મે. ડિરેક્ટર સાહેબે તા. ૨૩–૭–૧૯ ના હુકમ નં. ૫૩૫૦ થી

મેસર્સ કરસનદાસ એન્ડ સન્સ–સુરત. વાળાની ભૂગોળવિદ્યા ભાગ ૨ જા"ની છઠ્ઠી આવૃત્તિ મંજુર કરી છે.

મ. એ. ઈ. સાહેબના ૩૧–૭–૧૯ ના હુકમ નં. ૧૨૮૯ ઉપરથી.

મેસર્સ કરસનદાસ એન્ડ સન્સ–સુરત. વાળાની ભૂગોળવિદ્યાનાં મૂળતત્વો ભાગ ૧"ની સાતમી આવૃત્તિ, મ. ડિરેક્ટર સાહેબે તા. ૨૬ મી જુલાઇ ૧૯૧૯ ના હુકમ નં. ૫૫૬૩ થી મંજુર કરી છે.

શુદ્ધિપત્ર.

પુસ્તક	પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫૮ મું.	૧૩૧	૨	ઉપરની	ઉપરથી
»	»	૬	નં. ૧૬૦૦	$\frac{૧૯૦૦}{૬૬૨}$
»	૧૩૨	૪	ન. ૧૩૯	ન. ૧૨૯
»	૧૩૩	વીગત ૧૧મી	કિંમત ૯–૧–૬	૯–૦–૬ જોઇએ.
»	૧૩૪	૩ જું ખાનું વીગત ૧૪ મી	ઉર્દુ નિશાળોમાં ટેક્સ્ટબુક તરીકે	ઉર્દુ નિશાળોમાં ઇનામ તરીકે
»	»	વીગત ૧૫ મી ખાનું બીજું	શેખ આદીમ	શેખ ખાદીમ.
»	૧૩૫	વીગત ૫ મી ખાનું ત્રીજું	માધ્યમિક નિશાળો માટે	માધ્યમિક ઉંચા ધોરણો શીખવનારી નિશાળો માટે
»	૧૬૦	ઠરાવ ૧ લો		તા. ૨૯–૪–૧૯ના હુકમ નં. ૧૮૫૩થી ૧૯૧૯
»	૧૬૫	૨૩	૯૧૯	

પુસ્તક	પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫૮	૪૧	૨૬	માનિસિક	માનસિક
»	»	૩૨	વટોદ્ન	વડોદરા
૫૮	૨૧૭	૧૪	૧૮મી માર્ચ	૧૪મી માર્ચ.
»	૨૨૧	આસન ૩ તથા ૪		ન ૬ તથા ૭ સામે એજનનાં ચિહ્ન છે તે ન ગણવાં.
	૨૨૨	ખાનું ૪		'નિશાળોમાં' પછી 'પુસ્તકાલયો ઉમેરો.'
	૨૨૩	»	નિશાળો	નિશાળોમાં.
	૨૨૪	»	પ્રાથમિક	ઉર્દુ.

સૂચના.

લોકલબોર્ડ તથા મ્યુનિસિપાલિટિના જે શિક્ષકો ઇનામ વગેરેની બાદી શાળાપત્રમાં છાપવા મોકલે તે ઉપરી અધિકારી મારફત મોકલશે તોજ છાપવામાં આવશે.

તંત્રી.

ઇનામપત્રક.

ખેડા જિલ્લો—

અડોલે—શા છોટાલાલ ગોરધનદાસ, રૂ. ૫૦) સ્કૂલ જમાડી. પટેલ શીવાભાઈ કુંવરભાઈ રૂ ૫૦) સ્કૂલ જમાડી તથા રૂ. ૧૫) ચોપડીઓ વહેંચી. રામજી મેઘજી રૂ. ૫૦) સ્કૂલ જમાડી.

આંકલાવ—ગાંધી નરોત્તમદાસ હાંમોદરદાસ રૂ. ૧૫) પરબ બેસાડી. પટેલ જીવાભાઈ અજબભાઈ રૂ ૧૦) મિઠાઈ વહેંચી.

ગોરજ—પટેલ વાધજીભાઈ સામળભાઈ રૂ.૧૧-૪-૦ મિઠાઈ વહેંચી પટેલ નાથાભાઈ ગંગાદાસ રૂ ૧૦) ફંડમા આપ્યા. આંકલાવ—ગોસાઈ મોતીગર મયાગર રૂ.૧૩) પટેલ જીવાભાઈ પુનમભાઈ રૂ. ૩) પટેલ કાશીભાઈ બાપુજી રૂ. ૫) પટેલ શંકરભાઈ દેસાઈભાઈ રૂ ૨) એ બધાએ મળી ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરી નાપાડ—રણા મોતીભાઈ રણછોડભાઈ રૂ ૨૫) કન્યાશાળામા ઈનામ વહેંચ્યુ સીંભાસી—રા રા દાદુભાઈ પુરુષોત્તમદાસ દેસાઈ રૂ. ૧૦) મિઠાઈ મહમદપુરા—પટેલ દાસભાઈ તળશીભાઈ રૂ ૨૧) ઈનામ વહેંચ્યુ પટેલ વાધજીભાઈ તળશીભાઈ રૂ. ૫) સ્કૂલ ફંડમા પટેલ હરમાન પુનમભાઈ પટેલ ભુલા કીશોરભાઈ દરેકે સ્કૂલ જમાડી. સૈજપુર—કકર મંગળદાસ રણછોડદાસ રૂ ૪-૯-૦ ઈનામ કન્યશાળામા વહેંચ્યુ. બદરપુર—શાહ મનસુખરામ ગણેશજી રૂ ૭) સ્કૂલ જમાડી આસરમા—છોટાલાલ ભુમેદચંદ, મણિલાલ ભુમેદચંદ પરશોતમ પીતાંબર, શોભાભાઈ મણીદાસ, કુલાભાઈ કાળીદાસ એ બધાએ મળી રૂ ૧૫) સ્કૂલ જમાડી. પીપળાવ—ગામના સદ્‌ગૃહસ્થો ૬૨-૮-૦ ઈનામ ઈસણાવ—ગામ લોક રૂ ૭) ઈનામ. લપાલ તા. માતર—શિવાભાઈ રૂ ૧) મિઠાઈ જીવરભાઈ રૂ ૨૧) ઓતણીઓ નંગ ૧૨ વહેંચી ખેડા ન્યુ ઉર્દુ સ્કુલ—કાજી પીર સાહેબ મીઆ ખેરદીન રૂ. ૮) ધાર્મિક પુસ્તકોના ઈનામ ઈસ્માઈલ મહેમુદજી રૂ. ૨) મિઠાઈ.

ભરૂચ જિલ્લો—

જબુસર—શેઠ ગોરધનદાસ અમથાભાઈ પરબમા વાસણ ધર્યાના કર્યા. સુજોવ—પટેલ કાળા ભીખા રૂ ૩) ઈનામ ગામલોક રૂ ૧૩) ઈનામ સ્કુલના બેગ્બરો રૂ ૬) ઈનામ અંકલેશ્વર—ભાણાભાઈ દેવજી રૂ ૧૭) બ્રહ્મિણ આમોદ—વેણીભાઈ ગલાબભાઈ રૂ ૫૦૦) તાલુકાની બધી સ્કુલો જમાડી દેહજ તા. વાધરા—ગામ લોક રૂ ૧૦૦) સંચો શીવવાનો રહાડ તા. વાગરા—નગશેઠભાઈ લાલદાસ રૂ. ૧૦૦) બ્યાજમાથી ઈનામ વહેંચવા જંબુસર મ્યુનિસિપાલિટિ પુરસા તા. આમોદ—કાછીઆ નરેર પરબુદાસ રૂ ૪) મિઠાઈ

સુરત જિલ્લો—

ઓરગામ—શેઠ મોરાબજી અરદેશર રૂ ૭) ઈનામ વહેંચ્યુ. કોપરલી—ગામલોક રૂ ૬-૧૦-૬ મિઠાઈ તથા ઈનામ વહેંચ્યા લાખલપુર—ગામલોક રૂ.

૨૮) ઈનામ. ભાઠા—કોળી હિતવર્ધક મંડળ ૨૬-૧૦-૯ ઈનામ. બરસાડ—બાઈ લક્ષ્મીકુંવર બેહુબાઇ એંદ્રજી વેરમાકરની વિધવા ૨૩-૧૨-૦ સ્કોલરશીપ આપી મઢી તા. બારડોલી—શિવાભાઈ જીવાભાઈ રૂ. ૩૦) નિશાળ જમાડી. મઢી જીનિંગ ફેક્ટરી તરફથી રૂ. ૫) ગરીબોને ચોતડી નં. ૮. શા. ગુલાબચંદ હાનજી તરફથી રૂ. ૫) પતાસાં તથા પેન. દેસાઈ જમનાદ પ્રાણશંકર રૂ. ૩૫ દરેકને દેસાઈ હિસાબ નં. ૪૦. ચંદ્રમલ ચતુરભુજ રૂ. ૧૧ પતાસાં. ગામ તરફથી રૂ. ૫) છીંટના કકડા. મજીગામ તા. ચીખલી—શેઠ ગંગારામ વરજદાસ ભરતીઆ રૂ. ૫૧) પ્યાલા, કાપડ મિઠાઈ વગેરે. રા. મણીલાલ ઠાલાભાઈ જગીરદાર બી. એ. રૂ. ૧૦) ટોપીઓ. રૂ.૫) મિઠાઈ. લાખણપુર તા. બારડોલી—ગામલોકો રૂ. ૧૫) પુસ્તકો રૂ. ૧૩ છીંટ. સુરત ગ્રા. સ્કુલ નં ૧ શેઠ છગનલાલ રણછોડ રૂ. ૪-૦-૦ ઈનામ ખાતે રોકડા. નં. ૨ મિ. પીરોજશાહ ફરામજી પાવરી રૂ. ૪-૮-૦ ઈનામ ખાતે રોકડા નં. ૬ રા. ગોરધનદાસજી રૂ. ૫) મિઠાઈ. નં. ૭ શેઠ પ્રાણજીવનદાસ કુબેરદાસ રૂ. ૮) મિઠાઈ. નં ૯ શેઠ ઓટુભાઈ ઠાકોરદાસ ચકાવાળા સુમારે રૂ. ૬ મિઠાઇ નં. ૧૧ શેઠ કેશવલાલ જેગાદાસ રણછોડપુરવાળા રૂ. ૫) મીઠાઈ નં ૧૪ મીર હુસ્નુલમ આલમ મહીરૂદીન રૂ. ૫) ધર્મરીતિની ચોપડીઓ. નં ૧૬ નવાબ સૉહેબ મીરમસુદ આલમખાન (સુમારે) રૂ. ૮) મિઠાઈ. ન. ૧૭ શેઠ દામોદરદાસ ચુનીલાલ દલાલ રૂ. ૧૦) મિઠાઈ. નં ૨૨ શેઠ માણેકલાલ ચુનીલાલ મથુરાવાળા રૂ. ૬) મિઠાઈ. નં. ૨૪ શેઠ ઈશ્વરભાઈજી મરકતીવાળા રૂ. ૪) મિઠાઈ શેઠ મોગલ સાહેબ મહમદઅલી રૂ ૩) મિઠાઈ. નં. ૨૬ સૈ. કમળાઝોરી ગણપતરામ રૂ. ૫) રા. વકીલ વીરેશ્વરાનન્દ ઇન્દ્રાનન્દ રૂ. ૫) મિઠાઈ. સરદાર જનાર્દન વીરભદ્ર પાઠકજી રૂ. ૫) મિઠાઈ. નં ૧૮ શેઠ હીણાભાઇ નાગરશા રૂ. ૬) મિઠાઈ. નં. ૩૦ શેઠ નાગરજી વસનજી રૂ. ૪-૪-૦ નં. ૩૧ શેઠ લાલચંદ કુલચંદ રૂ. ૫) મિઠાઈ.

પાલનપુર—તાલુકદાર રૂ. ૪) પુસ્તકો. વારાહી—સાહેબ રૂ. ૧) મિઠાઈ મહીકાંઠા—

કટોસણ—માસ્તર શિવલાલ શંકરલાલ રૂ. ૨૦ સ્કુલ જમાડી. રાજપીપળા. બહાદરપુર—દેસાઈ જીવાભા નરસિંહભાઈ રૂ. ૨૦) છીંટના કકડા. મંડાળા—પરોત્તમ મોરારજી રૂ. ૮૦) સ્કુલ જમાડી તથા પિત્તળના રકાબી પ્યાલા આપ્યા. બહાદરપુર—દેસાઈ શંકરભાઈ વિઠ્ઠલ ભાઈ રૂ. ૧૫) કન્યાઓને પિત્તળના પ્યાલા આપ્યા. મોટા કરાળા—રા. ત્રિભોવનભાઈ રૂ. ૨૧) પિત્તળના પ્યાલા નંગ ૮૫) તા. સિનોર—રા. ત્રિભોવનભાઇ શંકરભાઈ રૂ. ૬૫) સાડી નંગ ૨) ૩ ૨૧ પિત્તળના પ્યાલા વરસોડા તા. સાદરા—ભટ નારાયણરાય, અમૃતરાય રૂ. ૧૦) સાકર બદેંથી તથા રૂ. ૩૦)= પોતાનું ફુગ્ગુ. પાણેઠા—દેસાઈ ઝવેરભાઇ શંકરભાઈ રૂ. ૩૦) સ્કુલ જમાડી. લાછરવ—પટેલ દેવજીભાઈ કુબેરભાઇ રૂ. ૬૦) પિત્તળના પ્યાલા રકાબીની જોડ ૮૮.) રૂ. ૧૫) ત્રણ સાડીઓ. રૂ. ૨) મિઠાઈ.

અપૂર્ણ.

જાહેરખબરો.

બાળ અંક પોથી ૩. ૦-૨-૦ કાઠિ. એજન્સિમાં ટેકસ્ટ, ઈ૦ લા૦; અને પાલણપુર રાજ્યમાં ઈ૦ લા૦ માટે મજુર થઈ છે, સરકાર અને અન્ય સ્થળે મંજુરી માટે મોકલેલ છે, એ બાળવર્ગમાં શરૂના શિક્ષણ માટે શિક્ષક અને વાલીઓને ખાસ ઉપયોગી, ગમ્મત સાથે જ્ઞાન મળે, અવલોકનદ્વારા બુદ્ધિ ખીલવે, તેવી સરળ સપ્રાયોગિક અને આનુભવિક સંકળનાથી નમુનેદાર આલેખાયું છે. કેળવણીના હિમાયતી વાનપ્રસ્થ વિદ્વાન અધ્યાપકો રા. બ. કે. પી. ત્રિવેદી, રા. બ. જ. ગી, શાસ્ત્રી, રા. બ હ. દ્વા. કાંટાવાળા વગેરેના ઉત્તમ અભિપ્રાયો મળ્યા છે. કર્તા બા. ૨. શાહ. અને ભા. પું. શાહ.

બાળગીત સંગ્રહ કિ. ૩૦)ક્ર કા૦ ગ્રે૦; રાધનપુર, ગેંડળ, પાડર, રાજકોટ, મહીકાંઠા વગેરેમાં ઈ૦ લા૦ માટે મંજુર. પુષ્કળ વધારા સુધારા સાથે બમણા કદની નવીન આવૃત્તિ તૈયાર થાય છે.

પાલણપુર એજન્સિની સા૦ ભૂગોળ ૩. ૦-૪-૬, પાલણપુર સંસ્થાનની સા૦ ભૂગોળ ૩. ૦-૨-૬ અને રાધનપુર સંસ્થાનની સા. ભૂગોળ ૩. ૦-૧-૬ ગ્રે. કાઠિ. એજન્સિ પાલણપુર અને રાધનપુર રટેટોમાં ઈ૦ લા૦ માટે મંજુર અને પાલ. એજન્સિમાં મંજુરી માટે લખાણ ચાલુ છે. મહિકાંઠા અને ઈડરની ભૂગોળો મંજુર છે, તે અને તેના રંગીન નાના નકશા તૈયાર થાય છે પુરતો અમદાવાદમાં જીવણલાલ અમરશી મહેતા અને સુખલાલ નાથાલાલ શાહને ત્યાંથી મળશે.

(કર્તા) ભાઈચંદ પુંજાદાસ શાહ.
હેડમાસ્તર, તાલુકા સ્કૂલ સાદરા (મહીકાંઠા.)

---

૧. સરલ દેશીનામાની પદ્ધતિ-ટેકસ્ટ બુક, આ. ૨૯મી ૦-૪-૬ સરલ ગુજરાતી બાળ વ્યાકરણ-લાઈ૦ બુક, ઘણે ઠેકાણે ટેકસ્ટ, આ. ૨૩મી ૦-૪-૬. ૩. સરલ વ્યુત્પત્તિ જ્ઞાનપ્રકાશ (૫-૬-૭ મી ચોપડીના પાઠવાર શબ્દોના કોષ સહિત) લા. પ્રા. બુક, આ. બીજી ૦-૬-૦, ટ્રે. કો. પ્રા. ૫. ના ઉમેદવારોને ખાસ ઉપયોગી; ૪. નવું સરલ મુખગણિત (બાળવર્ગથી ધો. ૫ સુધી એકજ બુકમાં) ઘણે ઠેકાણે ટેકસ્ટ, આ. ૬ ઠ્ઠી ૦-૨-૩; ૫. ગુજરાત પ્રાંતની ભૂગોળવિદ્યા-આ. ૮ મી, ૦-૧-૩ કમિશન આપું કરશે. મુખ્ય એજંટ-અમદાવાદ એસ. બી. શાહની કંપની, રાજકોટ બહેચરભાઈ મેઘજી, ભાવનગર અબદુલહુસેન આદમજી, ધોરાજી એલેકટી. વાઢેર, જામનગર હેમરાજ જાદવજી, જુનાગઢ વૃંદાવન દામોદર, મુંબઇ એન. એમ. ત્રિપાઠી, કચ્છ-માંડવી લાલજી શંકરલાલ, ઈત્યાદિ. પ્રેમચંદ કરમચંદ શાહ, માજી ટે. ઓ. ઈ. ગેંડળ સ્ટેટ, મુ. કપડવંજ.

ગુજરાત શાળાપત્ર.

પુસ્તક ૫૮મું. ઓક્ટોબર સને ૧૯૨૯. અંક ૧૦મો.

મુખપાઠ.

ગદ્ય કે પદ્યના જે સુંદર ફકરા મોંએ કરાવવા હોય તે સંબંધે નીચેની પદ્ધતિ લક્ષમાં રાખવા જેવી છે.

પ્રથમ જોઇ તે ફકરાનો સારો અભ્યાસ કર્યો હોય તેણે વર્ગ સમક્ષ મોટેથી તે ફકરો વાંચવો. તેને દરેક શબ્દ કે શબ્દસમુદાયના અર્થનું ગૌરવ પુરેપુરું માલીત હોવું જોઈએ. પછી વિદ્યાર્થીઓએ શિક્ષકના ઉચ્ચાર મુજબ, અને ત્યાં સુધી લગભગ તેવાજ ઉચ્ચારથી, તે બોલી જવો. પછી ફકડે ફકડે નોટબુકમાં ઉતારવો. દરેક વિભાગનું પ્રથમ વિવરણ કરાવવું, તે પછી પૃથક્કરણ. આ ક્રિયા મોંએ અગર લખીને કરાવવી. શંકા ઉત્પન્ન કરનારા, અગર અઘરા શબ્દોનું પદચ્છેદ કરાવવું આમ કર્યા પછી માલમ પડશે કે ફકરો એટલો સંપૂર્ણ રીતે બાળકના મન ઉપર ઠસી ગયો છે કે મોંએ કરાવતાં બહુ બૂજ સમય હવે લાગશે. આમ પસંદ કરેલા ફકરાનું શિક્ષણ જે લાભ આપે છે તે મદાન અને કાયમનો હોય છે, ત્યારે સમજમાં વિના ગોખેલા મંત્રોએ નિષ્ફળ નીવડે છે. ઉપરની રીતથી બાળકોને ભાષાનું ગૌરવ તથા લાલિત્ય કેવું છે તેનો ખ્યાલ આવશે, અને બુદ્ધિની શક્તિનો વિકાસ થશે. ગોખણપટ્ટીની દુષ્ટ રીત તજી વિદ્યાર્થીઓ એવા ફકરા સમજીને મોંએ કરશે તેથી તેમની સ્મરણશક્તિ શાસ્ત્રીય રીતે કેળવાશે.

સૂચના—આવતો અંક છુટો પ્રસિદ્ધ નહિ થાય. નવેમ્બર, ડિસેમ્બરનો બેગો અંક પ્રસિદ્ધ કરીશું.

ચાલુ વર્ષ પુરું થવા આવ્યું છે, તેથી જે બાહકોએ લવાજમ ન મોકલ્યું હોય તેમણે તાકીદે મોકલી આપવું.

તંત્રી.

પાઠની નોંધ.

(રા. રા. માણેકલાલ કાળિદાસ ભટ્ટ.)

ધોરણ ૭મું. શિક્ષક—

સાતમા ચોપડી, પાઠ— સમય—૫૦ મિનિટ.

વિષય—વિદ્યા.

હેતુ—'પ્રવાહીના ધર્મ' શીખી તે દ્વારા પ્રાકૃતિકવ્યાપ્તના વિષયમાં રસ લેતા કરવાનો.

સાહિત્ય—પાણીની ડોલ, કુવારો, જુદા જુદા આકારની નળીઓ, એક બાજુએ કરેલું દબાણ સર્વ બાજુએ પ્રસરે છે તે દર્શાવનાર યંત્ર, સપાટીદર્શક યંત્ર વગેરે

પ્રારંભ.

(અ) પદાર્થ કેટલી જાતના છે, તથા તેમનાં મુખ્ય લક્ષણ કયાં છે તે સંબંધે પ્રશ્નો પૂછવા.
(બ) એક પેઢીના 'પ્રવાહી'ના કેટલાક આમ ધર્મ આજે આપણે શીખવાના છે એમ કહી વિષયપર આવવું.

પેટા ભાગ.	મુદ્દા પ્રયોગ.	પરિણામ, અને શિક્ષણ-શૈલી.
૧ પ્રવાહી પદાર્થોને પોતાનો આકાર હોતો નથી.	પ્રથમ પ્યાલામાં પાણી, પછી તેજ પાણી રકાબીમાં, અને વળી તેજ પાણી લોટામાં ભરો.	પ્યાલામાં પ્યાલાનો, રકાબીમાં રકાબીનો, અને લોટામાં લોટાનો આકાર પાણી ધારણ કરે છે. જેવા વાસણમાં ભરીએ તેનો આકાર થાય. એને પોતાને કોઈ આકાર નથી.
૨ પ્રવાહી પદાર્થોની સરખી સપાટીએ રહે છે.	જુદા જુદા ઘાટની નળીઓમાં પાણી રેડો, અને આમ તેમ નમાવી, સીધી રાખી અવલોકન કરાવો. ઉંચે એક ડોલ ભરી, તેને તળીએ	ગમે તેમ નમાવીએ છતાં પાણી સરખી સપાટીએજ રહેશે, 'સરખી સપાટી'નો અર્થ બરાબર સમજાવવો; એનો અર્થ તે નળીના સંબંધમાં સરખી ઉંચાઈએ નહિ, એમ દર્શાવી એ અર્થ દૃઢ કરાવવો. જેટલી ઉંચાઈએ પહેલી ડોલમાં પાણી હશે, તેટલીજ ઉંચાઈએ બીજી ડોલમાં પાણી ચઢશે. એ ઉપરથી શહેરમાં

		કરો; એક ડોલમાં પાણી ભરો.	તેમજ મુખ્યના તાનસા, વિહાર છે ને સમજવો. છતાં શહેરના દબાણ ઉપરમા પાણીના બૂમ કેમ પડતી હશે તે પણ દર્શાવી રાખને પાણી ઉંચે ઉડે છે. કેટલું ઉડે છે તે પણ. ટાંકીનું મોઢું સાંકડું કે પહોળું હોય તેના પર પણ એનો આધાર છે, તથા પાણીના જથ્થાના દબાણ પર પણ આધાર છે તે સમજવવુ.
	(ઘ) ફુવારા.	ઉપરનો પ્રયોગ કામ આવશે. સહજ ફેરફાર કરી ટાંકી ચઢાવી ફુવારો ઉડાવો. મોટા કાણાવાળી, અને વળી નાના કાણાવાળી ટાંકી ચઢાવી ફુવારો ઉડાવો	
	(ક) સપાટીદર્શક યંત્ર.	(અ) નમુનો બતાવો. (બ) અમુક પદાર્થો એકજ સ પાટીએ છે કે નહિ તે શોધી બતાવો.	(અ) બનાવવાની રીત કહો કેમાં શું ભરવામાં આવે છે, અને પાણી કેમ ભરવામાં નહિ આવતુ હોય તે દર્શાવો. પાણી ભરીએ તો ચાલે કે નહિ? મધ્યમાં આડો સા માટ પાડયો છે એ પણ કહેવાશે. (બ) જે બાજુ ઉંચી હોય છે તે તરફ પરપોટો રહે છે. રહેવો જોઈએ મધ્યમા. તેમ રહે તે માટે શું કરવું તે કહેવો. રેલ્વેના પાટાનું દિવાદરણ. મધ્યી સપાટીએ ન રહે તો તેથી શું નુકશાન થાય તે કહેવો. રેલ્વે પર વચ્ચે વચ્ચે કોદાળા પાવડાવાળા માણસો કામ કરતા હોય છે તે તરફ ધ્યાન ખેંચો. એ શેજ કામ કરે છે.
૩	પ્રવાહી પર ઓક બાજુએ કરેલું દબાણ બધી બા- જુએ પ્રસરે છે.	આણેલા સાહિત્યમાં પાણી ભરી પ્રયોગ કરો.	(અ) પાણી બધી બાજુએ ઉડે છે (બ) મારો સરખે અંતરે જામ છે; એ તરફ ધ્યાન ખેંચો.
૪	એ દબાણ સપા- ટીના ક્ષેત્રફળના પ્રમાણમાં થાય છે	દડામાં એક કરતાં બીજું કાણું બમણું મોટું પાડો, અને પછી પાણી ભરી દબાવો.	(અ) બમણું પાણી નીકળે છે તે દર્શાવો. (બ) આ ઉપરથી 'ઘામાલ જળમંદોચન યંત્ર' ઉપર આવો.

વિજ્ઞાનના પાઠો સંબંધી સૂચના.

(લેખક રા. રા. પુરશોત્તમ જી. પંડ્યા)

અનુસંધાન–જુઓ પુસ્તક ૫૭ મું પૃષ્ઠ ૧૪૪ થી.

પાઠ ૮૯ મો. હવામાંની ભિનારા.

આ પાઠમાં નીચેના મુદ્દાઓ લઈ શકાય—

૧ ઋતુપરત્વે બાષ્પલવન ઓછુંવત્તું થાય છે.

૨ વાતાવરણમાં ભેજ છે.

૩ ઋતુપરત્વે હવામાં ભેજનું પ્રમાણ વધે ઘટે છે.

૪ ભેજનું પ્રમાણ જાણવાનાં જુદાં જુદાં સાધનો છે.

પહેલા મુદ્દામાં તાપથી પાણી સુકાય છે, ઓછામાં ઓછા ઉષ્ણતામાને પણ બાષ્પલવનની ક્રિયા થાય છે, અને થએલી વરાળનું શું થાય છે તે પૂછી વિદ્યાર્થીઓની જિજ્ઞાસા સતેજ કરી બીજા મુદ્દા ઉપર આવવું. તેમજ જીનાં ધુમ્મસ ઉનાળામાં જલદી સુકાઈ જાય છે, શિયાળામાં વધારે વખત લે છે, અને ઘર ચોખ્ખાં કેમ કર્યાં સુકવવાં નથી તે જાણીતી બાબત સાથે સમજાવવી.

હવામાં ભેજ છે તે સાબીત કરવા મીઠું, ખાંડ, નવસાર, ફટકડી, સંચળ વગેરે પદાર્થો કઈ ઋતુમાં વધારે હેલળે છે, ક્યારે ઘોડા હેલળે છે, અને કઈ ઋતુમાં નથી હેલળતાં તે પર લક્ષ દોરવવું. ઉપલા ક્ષારો જ્યારે નથી હેલળતા તે વખતે પણ કળીચુનો, કાસ્ટિક સોડા, કાસ્ટિક પોટાશ, મધકનો નેજબ, રાતી ફોરફરસ, કેલ્શિયમ ક્લોરાઈડ વગેરે પદાર્થો હવામાંથી ભેજ ચૂસી લેછે, તે કરી બતાવવું. કાસ્ટિક સોડા અને પોટાશ તાપરતો બાસ ગંધાળ રાખવી કે તે શરીરની ચામડીને લાગે નહિ, કારણ કે તે બન્નેમાં તેજાબ ચોડે અંશે કળીચુનામાં અને મધકના તેજાબમાં પણ દાહક ગુણ છે. કાસ્ટિક સોડા અને પોટાશ લાગવાથી ચામડી બળી જાય છે. કળીચુનાથી પણ ફોલ્લા પડે છે, અને મધકના તેજાબના સહેજ સ્પર્શથી સુતરાઉ કપડાં બળી જાય છે એટલે બવાઈ જાય છે. ભેજશોષક પદાર્થો જુદી જુદી ઋતુઓમાં ઓછાવત્તા હેલળે છે એ જાણીતી બાબત ઉપરથી બીજા મુદ્દા ઉપર આવવું.

શિયાળામાં ભેજ ઘોડો છે, તેથી ઠોળાએલું પાણી જલદી સુકાઈ

નથી, બીનાં લુંગડાં જલદી સુકાતાં નથી, કાગળ, ચામડાં, શરીરની ચામડી વગેરે બરછટ બને છે, અને કેટલાક લોકોના હાથ, પગ, હોઠ- વગેરે ફાટે છે, પરસેવો ઓછો થાય છે, વગેરે જણીતી બાબતો પર લક્ષ દોરવવું; અને ભેજનો ઉપયોગ બતાવવો. વનસ્પતિનાં પાંદડાં સુકાય છે, તે પણ બતાવવું. ઉનાળામાં ભેજ વધારે હોય છે, પરસેવો વધારે થાય છે, પાણી જલદી સુકાઈ જાય છે. શિયાળામાં જે જે વસ્તુઓ ભેજને અભાવે બરછટ બનતી હતી તે ઉનાળામાં સુંવાળી રહે છે.

શિયાળા કરતાં ઉનાળામાં જે કે હવામાં ભેજ વધારે છે તેમ છતાં કપડાં જલદી સુકાઈ જાય છે. તે વખતે હવાનું ઉષ્ણતામાન શિયાળા કરતાં ઘણું વધારે છે. તે સમજાવી સૂકી અને ભીની હવા કોને કહેવી તે સમજાવવું.

હવામાં ભેજ કેટલો રહેવો જોઈએ તે સંબંધી પાઠમાં આપેલી હકીકત પરથી છેવટે હવામાં ભેજ વધારે છે કે ઓછો તે શી રીતે જાણી શકાય, તે પૂછી છેલ્લા મુદ્દા ઉપર આવવું.

હવામાં ભેજ કેટલો છે, તે જાણવા સારૂ પાઠમાં આપેલા યંત્રનું ચિત્ર બરાબર જોવાથી સમજી શકાય તેમ છે. આવો યંત્રો ઘણીખરી સરકારી દવાખાનાંઓમાં ભીંતે ટાંગેલાં હોય છે, તે સ્વરૂપ બતાવી શકાશે, અગર તેના ચિત્રથી પણ કામ સારી લેવું. આ યંત્રમાં બે ઉષ્ણુત માપક યંત્રો છે, તેઓમાના પારાના ગોલની બાદબાકી કરવી. તે બાદબાકીની રકમ જેમ મોટી તેમ હવામા ભેજ ઓછો સમજવો, અને તે રકમ જેમ નાની તેમ ભેજ વધારે જાણવો. જોકે હવામા સંપૂર્ણ ભેજ તો ભાગ્યેજ હોયછે, પણ જ્યારે બન્ને ઉષ્ણુતામાપક યંત્રોમા પારો સરખી ઉંચાઈએ હોય, ત્યારે બેના ગોલની બાદબાકી શૂન્ય થાય તે વખતે હવામાં ભેજનો જથ્થો લગભગ સંપૂર્ણ જાણવો. આવો વખત બે ચાર દિવસ ઝરમર ઝરમર વરસાદ વરસ્યા કરે છે, ત્યારે આવે છે; અને તેવે પ્રસંગે વધારે મોટો વરસાદ થવાની શક્યા પણ રહે છે.

આવાં યંત્રો તો હાલમાં જોવામાં આવ્યાં, પણ દેશી લોકો હવામાં ભિનાશ કેટલી છે તે અડસટે જાણવા સારૂ ગાંધીની દુકાને રાખવાની માટલીઓ તપાસીને પણ જાણી શકતા. જ્યારે માટલીનાં ઠીકરાં વધારે પલળેલાં જણાય ત્યારે ભેજનો જથ્થો વધારે, અને વરસાદ પાસે આવતો જાણવો. જેમ ઠીકરાં કોરાં તેમ ભેજ ઓછો, એટલે વરસાદની વાર સમજવી.

વીરમગામ અને બીજાં ઘણાં ગામોમાં એ ત્રણ કારી માટલીઓ પાણીથી ભરી ઢાંકીને જે જગાપર હોળી પ્રગટવાની હોય તે જગાની નીચે ઉભરપુર ઉંડી સવારથી દાટી મૂકે છે. બીજે વર્ષે પાછા સવારે તે ખોદી જુની માટલીઓ કાઢી લઈ નવી દાટે છે. કાઢેલી માટલીઓમાં કેટલું પાણી છે, તે ઉપરથી ત્યારપછીનું ચોમાસુ કેવું નીવડશે તેનો અંદાજ કાઢે છે. માટલીઓમાં જેમ પાણી વધારે રહ્યું હોય, તેમ વરસાદની તંગી વધારે સમજે છે,

ઉપરથી પરીક્ષા કરવા માટે ચૈત્ર માસમાં માટીની, લાલ રંગની, અંકુર્યા મોંની સરખા વજનની છ કારી કુલડીઓ લઈ મીઠું, સુરેખાર, નવસાર, સાકર, કળીચુનો, મોણની છાલ, એ દરેક સરખે વજને લઈ તે દરેકમાંથી એક કુલડીમા નાખી, ઉપર તે નામની નાની ચિઠ્ઠી ચોંટાડી ખુલ્લી મેલવા દીધી. તે દરેક કુલડીનું પદાર્થ માથે વજન પ્રથમથી કરીને નોંધી લેવું. પછીથી પંદર પંદર દિવસને અંતરે તે કુલડીઓને જોખતાં જવું. આમ કરવાથી કયો પદાર્થ વધારે ભેજ ચૂસે છે, અને કયો ઓછો ચૂસે છે તે જણાશે. તેમજ જેમ જેમ ભેજનો જથ્થો હવામાં વધતો જશે, તેમ કુલડીનાં ઠીકરાં બહારથી ભીનાં થતાં જણાશે.

ચોમાસું ઉતરતા જ્યારે કરોળીયાની જાળો નવી બંધાતી જોવામાં આવે છે, અથવા ઝાકળ પડવા માંડે છે, ત્યારે જેઠુતો વરસાદ આવવાની આશા છોડે છે. તેમજ આ કુલડીઓના ઠીકરાં બીલકુલ ભિનાશ વગરનાં જણાય, અથવા અંદરના પદાર્થને બહાર કાઢીને જોતાં તે સુકો નીકળે તો પણ હવે વરસાદ આવવાનો નથી એમ જાણવું. ચોમાસુ આવવાનુ થાય છે, તેવે પ્રસંગે અમુક પક્ષીઓ [illegible] ચોમાસું ઉતરતાં પાછાં વે પક્ષીઓ હાજરી આપે છે. [illegible] પક્ષીનો બારીકાઈથી કરવામાં આવે, તો કેટલાક હાલનાં મત્રોની [illegible]

ચર્ચાપત્ર.

સાહેબ,—સત્યપ્રેમી અને ન્યાયપરાયણ નામદાર બ્રિટિશ સરકારની મુંબાઈ સરકારે હાલમાં ચાલી રહેલી અસહ્ય—સખ્ત મોંઘવારી તથા આજુ-આજુની પરિસ્થિતિ ધ્યાનમાં લઈ પ્રાયમિક શાળાના તમામ શિક્ષકોના પગા-રમાં વધારો કીધો છે, અને એક નવી રફ્તાગ બહાર પાડી છે. તે મુજબ તમામ લોકલબોર્ડ તેમજ મ્યુનિસિપલ શાળાના શિક્ષકોને ફેબ્રુઆરિ-સને ૧૯૧૯ થી પગાર આપવામાં આવ્યો છે. જ્યારે કેટલીક મ્યુનિસિપા-લિટિના તાબાના શિક્ષકો નવા સ્કેલ મુજબના પગાર માટે ફાંફાં મારી રહ્યા છે! નામદાર સરકારના હરાવ મુજબ બિચારા ગરીબ શિક્ષકો હજુ સુધી નવા સ્કેલ મુજબ પગાર ન મેળવે એ એક નવાઈનીજ વાત કહેવાય!!

મે સને ૧૯૧૯ના શાળાપત્રના પૃષ્ઠ ૧૨૮–૧૨૯ માં નવા સ્કેલની જાહેરખબર પ્રસિદ્ધ છે, અને તે આધારે નામદાર સરકારના તાબાની સરકારી શાળામાં જોડાએલ શિક્ષક એક સરખો હકદાર છે, છતાં દીલગીરી એ ઉપજે છે કે હજી સુધી અમો નવા સ્કેલ મુજબ પગાર મેળવવા ભાગ્યશાળી થયા નથી.!

ચાલી રહેલી સખ્ત–ભયંકર મોંઘવારીથી પસાર થવામાં લાભ મેળવી શકે કિંવા સહાય મળે એ હેતુથીજ નામદાર દયાળુ સરકારે કૃપા કરી શિક્ષકોના પગારમાં વધારો કરી આપ્યો છે, એટલુંજ નહિ, પરંતુ લડાઈ કે મોંઘવારી ચાલુ રહે ત્યાં સુધી વોર એલાવન્સ પણ આપવા ઠરાવ્યું છે. ઘણીખરી જગાએ નવી સ્કીમ પ્રમાણે પગાર તથા વોર એલાવન્સ આપી દેવામાં આવ્યું છે, છતાં અમારા જેવા કમનશીબ શિક્ષકોના ભાગ્યમાં ચાલુ મુશ્કેલીઓમાંથી પસાર થવું લખ્યું હશે, જેથી પગારનાં નાણાં ચઢેલાં જોવા છતાં અનેક અવનવી અડચણો એક પછી એક પસાર કર્યે જઈએ છીએ, એટલુંજ નહિ પણ ધૈર્ય અને સહનશીલતા રૂપી લગામને મૂર્ખ રવાધીન થવામાંજ લાભ છે એમ સમજી બેસી રહ્યા છીએ. તો આશા છે કે મહેરબાન ઉપરી અધિકારી સાહેબો આ બાબત ઉપર સત્વર ધ્યાન આપી ગરીબ શિક્ષકોને મ્યુનિસિપાલીટીઓ પાસેથી નવા સ્કેલ મુજબ પગાર અપાવવા કૃપા કરશે એવી આશા છે. એજ.

લિ० તાબેદાર०
આસ્તર "આબિદ"

(ઉ ભા. ના મે. ઝો. ઈ સાહેબના તા. ૬-૯-૧૯ ના હુકમ નં. ૭૮૫૪ ઉપરના.)

જાહેર ખબર.

સને ૧૯૧૯ માં ઉત્તર વિભાગમાં લેવાએલી વર્નાકયુલર ફાઈનલ પરીક્ષામાં પાસ થએલા ઉમેદવારોની યાદી. (લાયકાત પ્રમાણે)

નંબર.	નામ, બાપનું નામ અને અટક.	કુલ મળેલા માર્ક.
	અમદાવાદ, મધ્યસ્થળ.	
૧	ભોગીલાલ રેવાચંદ મહેતા.	૪૨૭
૨	વલ્લભાઈ ઈશ્વરલાલ પડયા	૪૦૦
૩	બ્રહ્મચર કાળીદાસ શાહ.	૩૯૮
૪	કેશવ નીમા રબારી	૩૮૮
૫	જગન્નાથ મોહનલાલ ત્રવાડી.	૩૮૩
૬	ચુનીલાલ નરસિંહ શાહ.	૩૬૬
૭	ચંદ્રવદન છગનલાલ ભટ્ટ.	૩૬૪
૮	માણેકલાલ મગનલાલ પડયા.	૩૬૪
૯	ગફલ કુંવરભાઈ ઠક્કર.	૩૬૦
૧૦	રાનાલાલ બાલચંદ શાહ.	૩૬૦
૧૧	કેશવલાલ છોટાલાલ શાહ.	૩૬૦
૧૨	હરજીવન હરિભાઈ પટેલ.	૩૫૪
૧૩	હરગોવન ફૂલચંદ ચેકડી.	૩૫૩
૧૪	કુંવરજી રતનજી રાઠોડ.	૩૫૩
૧૫	ગોરધનદાસ ચુનીલાલ પારેખ.	૩૫૩
૧૬	ત્રિભોવનદાસ ગોકળદાસ શાહ.	૩૫૨
૧૭	દયાશંકર જમીઅતરામ પડયા.	૩૪૬
૧૮	ગૌરીશંકર બાળકૃષ્ણ પડયા.	૩૪૬.
૧૯	ડાહ્યાભાઈ ચતુરભાઈ પટેલ.	૩૪૫
૨૦	દુર્લભજી મલાશકર મહેતા.	૩૪૩
૨૧	શકરલાલ છોટાલાલ શાહ	૩૪૦
૨૨	કેશવલાલ ભગવાનલાલ ઠક્કર પુંજરા.	૩૩૯
૨૩	જીવાભાઈ કુબેરદાસ ગઢવી.	૩૩૯
૨૪	કેશવલાલ કાશીરામ અધ્યારૂ.	૩૩૧
૨૫	ભોગીલાલ બેચર શાહ.	૩૨૫
૨૬	ફકીરચંદ ધનમચંદ ભાવસાર.	૩૨૨
૨૭	મોહનલાલ કલ્યાણદાસ સુતાર.	૩૧૬
૨૮	મણીલાલ ભોગીલાલ શાહ.	૩૧૬
૨૯	શામળભાઈ ઝવેરભાઈ પટેલ	૩૧૫
૩૦	ગીરજાશંકર મગનલાલ જોષી.	૩૦૮
૩૧	હરિશંકર નાગેશ્વર વ્યાસ	૩૦૮
૩૨	રમણલાલ જમનાદાસ શાહ.	૩૦૬
૩૩	ગોરધનદાસ [illegible]લાલ પારેખ.	--

૩૫	ભવાનીશંકર જીવરામ પાધ્ય.	૨૬૩
૩૬	પાનાચંદ મોપટલાલ શાહ.	૨૬૭
૩૭	ધરિરલાલ આત્મારામ પટેલ.	૨૬૬
૩૮	ભુમખરામ ધરિરલાલ શાહ.	૨૬૪
૩૯	ભુનાભાઈ ધનાભાઇ પટેલ.	૨૬૨
૪૦	ભોગીલાલ સોમનાથ પટેલ.	૨૮૯
૪૧	શકરલાલ ગીરજાશકર રાવળ.	૨૮૯
૪૨	મગનભાઈ રેવાભાઈ પટેલ,	૨૮૮
૪૩	રમણલાલ મગનલાલ ભટ્ટ.	૨૮૮
૪૪	બેચર મોકમ પારેટ.	૨૮૬
૪૫	પરશોતમ છબાભાઈ પટેલ.	૨૮૬
૪૬	ઓટાભાઇ ખાખરભાઈ પટેલ.	૨૮૩
૪૭	રતીલાલ જીવણલાલ જોષી.	૨૮૩
૪૮	ફુલચદ દામોદરદાસ શાહ	૨૮૩
૪૯	કચરાભાઈ ચકુભાઈ ગાંધી.	૨૮૨
૫૦	મણીલાલ છગનરામ દીક્ષિત.	૨૮૧
૫૧	મુળજીભાઈ ધેલાભાઈ પટેલ.	૨૮૦
૫૨	વનુભાઇ ગટાર્મગજી રાણા	૨૮૦
૫૩	અમીભાઈ ખરમાલભાઈ પીંજારા	૨૭૪
૫૪	*રસુલમીયાં વલીમીયા કુરેશી.	૨૭૮
૫૫	અમૃતલાલ મોહનલાલ મહેતા.	૨૭૮
૫૬	આણંદરામ દયાશંકર જાની.	૨૭૭
૫૭	ચંદુલાલ નાથમલાલ શાહ.	૨૭૭
૫૮	શકરલાલ કાળીદામ પટેલ.	૨૭૭

* ઉર્દુ ઉમેદવારો.

૫૯	મયાશકર રાજારામ વ્યાસ.	૨૭૭
૬૦	અલીમીયાં પીરમીયાં કુરેશી.	૨૭૫
૬૧	*અકમખાન અબદુલમતીફખાન પઠાણ.	૨૭૫
૬૨	વરલાભાઇ મલ્હાદદાસ પટેલ.	૨૭૩
૬૩	હીરાલાલ આદરભાઈ પટેલ.	૨૭૧
૬૪	ગોગાભાઈ કાનીભાઈ પટેલ.	૨૭૧
૬૫	કેશવલાલ ઉમેદચંદ શાહ.	૨૭૧
૬૬	ખોડાભાઈ હીરાભાઇ પટેલ.	૨૭૧
૬૭	દલસુખ જયશકર જોષી.	૨૭૦
૬૮	ડાલાભાઈ મોતીભાઈ પટેલ.	૨૬૮
૬૯	જેઠાલાલ કચરાભાઇ પારીઆ.	૨૬૮
૭૦	સોમાભાઈ મનોરદાસ પટેલ.	૨૬૭
૭૧	દાદુભાઇ પુજાભાઈ વહોરા.	૨૬૬
૭૨	માણેકલાલ હરિલાલ ત્રિવેદી.	૨૬૬
૭૩	વિઠ્ઠલભાઈ લલ્લુભાઈ કાયસ્થ.	૨૬૬
૭૪	ગોવિન્દ નરસિહ પારેખ.	૨૬૫
૭૫	સોમાભાઇ દયાજી મકવાની.	૨૬૩
૭૬	રામશકર ભગવાન ગોર.	૨૬૩
૭૭	સોમેશ્વર વસ્તારામ ભટ્ટ.	૨૬૨
૭૮	ડાહ્યાભાઈ કીસોરદાસ સુતાર.	૨૬૨
૭૯	ચીમનલાલ ભાઈચદદાસ શાહ.	૨૬૧
૮૦	શંકરલાલ માધવરામ પંડયા.	૨૬૧
૮૧	તુલજાશંકર જયશંકર જોશી.	૨૬૧
૮૨	શંકરલાલ નાનજીભાઇ પંડયા.	૨૬૦

*ઉર્દુ ઉમેદવારો.

નંબર.	નામ, બાપનું નામ, અને અટક.	કુલ મળેલા મારૂં.
૮૩	નારણભાઈ જુલાભાઈ પટેલ.	૨૫૭
૮૪	જાદવજી મણીલાલ મહેતા.	૨૫૭
૮૫	શાન્તિલાલ વિશ્વનાથ ત્રવાડી.	૨૫૫
૮૬	સોમાભાઈ ઉત્તમરામ વ્યાસ.	૨૫૫
૮૭	કેશવલાલ મગનલાલ શાહ	૨૫૪
૮૮	જમનાદાસ દામોદરદાસ લીંબુચિયા.	૨૫૩
૮૯	સરદાર છગુજી વાઘેલા.	૨૫૩
૯૦	મંગળભાઈ રખાભાઈ પટેલ.	૨૫૩
૯૧	બેન્જામીન સેમ્યુએલ દેસાઈ.	૨૫૦
૯૨	પ્રાણભાઇ ઘાભાઈદાસ પટેલ.	૨૫૦
૯૩	મણીબેન મહાશંકર જાની.	૨૫૦
૯૪	વિઠ્ઠલભાઇ પરશોત્તમભાઇ પટેલ.	૨૪૯
૯૫	મોતીબાઇ નાગરભાઈ પટેલ.	૨૪૬
૯૬	અબ્દારખાં રસુલભાઈ મનસુરી.	૨૪૬
૯૭	માણેકલાલ મગનલાલ શાહ.	૨૪૫
૯૮	મહીજી બાપુજી કોટવાળ,	૨૪૩
૯૯	નંદલાલ જયશંકર મહેતા.	૨૪૩
૧૦૦	શોભાલાલ ધરમચંદ શાહ.	૨૪૩
૧૦૧	ડાહ્યાભાઇ ચોત્તમભાઈ પટેલ.	૨૪૨
૧૦૨	જયચંદ ગણપતલાલ કોઠારી.	૨૪૨
૧૦૩	મોહનલાલ ઉગરચંદ શાહ.	૨૪૧
૧૦૪	પુરશોતમ મૂળશંકર મહેતા.	૨૪૦
૧૦૫	બાબાભાઇ મલકચંદ બાવભાર	૨૩૯

નંબર.	નામ, બાપનું નામ, અને અટક.	કુલ મળેલા મારૂં.
૧૦૭	ચતુરભાઈ રણછોડભાઇ વણકર.	૨૩૭
૧૦૮	કેશરીસિંહ હરિભાઈ વાઘેલા.	૨૩૭
૧૦૯	હરિલાલ લીખાભાઈ પંડ્યા.	૨૩૭
૧૧૦	બાદરમીયાં કાલુમીયાં મીરજા.	૨૩૬
૧૧૧	કેશરભાઇ હરિભાઇ પટેલ.	૨૩૬
૧૧૨	મણિલાલ મગનલાલ કાટપીટીઆ.	૨૩૬
૧૧૩	ચીમનલાલ વેણીચંદ શેઠ	૨૩૫
૧૧૪	પ્રેમાભાઇ બેકારભાઇ પટેલ.	૨૩૫
૧૧૫	મોમેશ્વર ખંભારામ ભટ્ટ.	૨૩૪
૧૧૬	અહમદમીયાં ઉસમીયાં સુવાણ.	૨૩૨
૧૧૭	ડાલાલાલ લલ્લુભાઇ શાહ.	૨૩૨
૧૧૮	ઓંકારજી તખ્તગંગ મથરોલા.	૨૩૨
૧૧૯	શંકર પુન્ન મગર.	૨૩૦
૧૨૦	મથુરભાઈ બહેચરભાઈ પટેલ.	૨૨૯
૧૨૧	છોટાલાલ ચુનીલાલ દેસાઈ.	૨૨૫
૧૨૨	અભરામ નુરભાઈ પેપારી.	૨૨૩
૧૨૩	શિવધરલાલ નરોત્તમ ચોકસી.	૨૨૨
૧૨૪	*અમીરભાઈ અલેકભાઈ બટર્ક.	૨૨૨
૧૨૫	બંબાલાલ છગનબાઇ રાવળ.	૨૧૯
૧૨૫	ભોગીલાલ હરગોવિંદ ઉપાધ્યાય.	૨૧૮
૧૨૭	વખતચંદ જીવરામ મહેર.	૨૧૭
૧૨૮	*ગનીભાઈ નાથુભાઈ વહોરા.	૨૧૫
૧૨૯	હરિસિંગ રતનસિંગ પરમાર.	

૧૩૦ મોદનભાઇ ભાલુશંકર મહેતા. ૨૧૦

નડિયાદ મધ્યસ્થળ.

૧ પરમાર નારણજી માધવજંગ. ૪૭૮
૨ હરમાનભાઈ શિવાભાઇ. ૪૩૯
૩ પટેલ પુરુશોતમ લલ્લુભાઈ. ૪૨૪
૪ પટેલ ડાહ્યાભાઈ કુલાભાઈ. ૩૯૫
૫ ત્રેશી ભાઈલાલ મણિલાલ. ૩૯૩
૬ સાધુ સીતારામ ગિરધારી. ૩૯૦
૭ કુંભાર ગોવિંદભાઈ દામોદરદાસ. ૩૮૬
૮ પટેલ ધુળાભાઈ છોટાભાઈ. ૩૭૮
૮અ પટેલ સોમાભાઈ દાજીભાઈ. ૩૭૮
૯ પરમાર મોતી સોમા. ૩૭૭
૧૦ પટેલ હાકરભાઈ આદિતભાઈ. ૩૭૬
૧૧ વહોરા મહમદ રસુલ. ૩૬૪
૧૨ બારોટ છગનલાલ ત્રીકમભાઈ. ૩૫૯
૧૩ પગી ભિખાભાઈ ઝીણાભાઈ. ૩૫૭
૧૪ પટેલ અંબાલાલ સોમાભાઈ. ૩૫૬
૧૪અ રાવળ મોદનલાલ છોટાલાલ. ૩૫૬
૧૫ મહમદી અબદુલા કેગીન ગુલામમહમદ ૩૪૯
૧૬ પટેલ છોટાલાલ રાનાભાઈ. ૩૪૭
૧૬અ પટેલ મંગળભાઈ શંકરભાઈ. ૩૪૭
૧૭ પટેલ છોટાલાલ અંબેરભાઈ. ૩૪૫
૧૭અ પટેલ રણછોડભાઈ ધાભાઈ. ૩૪૫
૧૮ પટેલ હરમાનભાઈ દાજીભાઈ. ૩૪૪
૧૯ પટેલ કુલાભાઈ લલ્લુભાઈ. ૩૪૩
૨૦ પટેલ બકોરભાઈ તળશીભાઈ ૩૩૯
૨૦અ પટેલ ભગવાનભાઇ રણછોડભાઈ. ૩૩૯
૨૧ દલવાડી ચતુરભાઈ રેવનદાસ. ૩૩૬
૨૨ ભોઈ લલ્લુ રણછોડ. ૩૩૦
૨૨અ પટેલ ભાઈલાલ પ્રભુદાસ. ૩૩૦
૨૨બ શાહ ભિખાભાઈ અંબેરભાઈ. ૩૩૦
૨૩ ખ્રિસ્તિ ગોહાન પેટ્રિક ૩૨૬
૨૩અ પટેલ મકીજી શંકરભાઈ. ૩૨૬
૨૪ પટેલ હનુમાન નાનાભાઈ. ૩૨૫
૨૫ પટેલ જીવાભાઇ નરોત્તમ. ૩૨૩
૨૬ ખલીફા ગુલામહુસેન ફકીરમહમદ. ૩૨૨
૨૬અ સુતાર શંકર પીતામ્બર. ૩૨૨
૨૭ ભટ્ટ માણેકલાલ વાસુદેવ. ૩૧૯
૨૭અ રબારી નાથાભાઇ નારણભાઇ. ૩૧૯
૨૮ પટેલ ડાહ્યાભાઇ પ્રભુદાસ. ૩૧૮
૨૯ પટેલ મંગળભાઇ સોમાભાઇ. ૩૧૭
૩૦ શાહ ગોવર્ધનદાસ જગજીવનદાસ. ૩૧૬
૩૧ પટેલ છોટાભાઇ નાગરભાઇ. ૩૧૫
૩૨ બારોટ છોટાલાલ બાપુજી. ૩૧૨
૩૨અ શાહ ચકુલાલ મણિલાલ. ૩૧૨
૩૩ પટેલ કુબેરભાઈ ભુલાભાઈ. ૩૧૧
૩૪ બ્રહ્મભટ્ટ કૃષ્ણલાલ રણછોડ. ૩૧૦
૩૪અ પટેલ મોતીભાઈ રામદાસ. ૩૧૦
૩૪બ પટેલ સોમાભાઈ ખુશાલભાઈ. ૩૧૦
બારોટ રઘુનાથ અંબાલાલ. ૩૦૯

નંબર	નામ, બાપનું નામ, અને અટક	કુલ મળેલા માર્ક.
૩૬	પટેલ છોટાભાઇ ધોરીભાઇ.	૩૦૪
૩૬અ	પટેલ ગલાભાઇ રેવાદાસ	૩૦૪
૩૭	પગી પુલાભાઇ ઝીણાભાઇ.	૩૦૩
૩૮	ભટ્ટ મગનેશ્વર સોમેશ્વર.	૩૦૨
૩૯	દેસાઇ પ્રભુદાસ જીવણલાલ,	૩૦૧
૩૯અ	પટેલ ઇશ્વરભાઇ લલ્લુભાઇ.	૩૦૧
૩૯બ	વ્યાસ ભોળાનાથ મૌજીલાલ	૩૦૧
૪૦	પટેલ છોટાભાઇ મરઘાભાઇ.	૩૦૦
૪૦અ	પટેલ હાથાભાઇ નાથાભાઇ,	૩૦૦
૪૧	પટેલ ગલાભાઇ શામળભાઇ	૨૯૮
૪૨	જોશી શિવશંકર દલસુખરામ.	૨૯૭
૪૩	પગ્મા૨ યુસફ બાભાઇ.	૨૯૬
૪૩અ	પટેલ ભિખાભાઇ પેસનભાઇ.	૨૯૬
૪૩બ	પટેલ મણિલાલ સોમાભાઇ.	૨૯૬
૪૩ક	પટેલ પુનમભાઇ છગનભાઇ	૨૯૬
૪૪	પઠાણ મહમદખાન અમીનખાન	૨૯૫
૪૫	બાજેટ રામચંદ્ર કાળિદાસ.	૨૯૪
૪૬	પુરોહિત ગોરધન શિવરામ	૨૯૩
૪૭	પટેલ જેઠાભાઇ મયુરભાઇ.	૨૯૨
૪૮	ભટ્ટ વિષ્ણુપ્રસાદ છગનલાલ.	૨૯૧
૪૮અ	ગોસાઇ શુખવન ઉમરાવવન.	૨૯૧
૪૯	પગી જીણાભાઇ રવાભાઇ	૨૯૦
		૨૯૦

નંબર.	નામ, બાપનું નામ, અને અટક.	કુલ મળેલા માર્ક.
૫૦	જાની ચીમનલાલ મગનલાલ	૨૮૮
૫૧	બાજેટ રામનાથ મોહનલાલ	૨૮૭
૫૧અ	પટેલ છગનભાઇ જીજીભાઇ.	૨૮૭
૫૨	પટેલ શિવાભાઇ ચતુરભાઇ	૨૮૬
૫૨અ	મુકર હિમતલાલ મણિલાલ.	૨૮૬
૫૩	બાબા સત્રખ યુસુફ.	૨૮૫
૫૩અ	પગ્મા રમણલાલ નાથજી.	૨૮૫
૫૩બ	પટેલ મરઘાભાઇ બકોરભાઇ.	૨૮૫
૫૪	પગ્મા૨ મોતી મુકર.	૨૮૪
૫૪અ	કુકર શંકરલાલ ભાઇશંકર.	૨૮૪
૫૫	ખ્રિસ્તિ યોસેફ પ્રેમા.	૨૮૩
૫૫અ	કુભાર નારણભાઇ હીરાભાઇ.	૨૮૨
૫૫બ	પટેલ બોગાભાઇ દેસાઇભાઇ.	૨૮૨
૫૬	પઠાણ સમસ્તખાન કાલેખાન	૨૮૦
૫૭	પટેલ બોગાભાઇ અબાઇદાસ.	૨૭૯
૫૭અ	મુનાર મુનિલાલ નાથજી.	૨૭૯
૫૭બ	ત્રિવેદી માણેકલાલ છોટાલાલ	૨૭૯
૫૮	રાજ રામમગ જીભાઇ.	૨૭૮
૫૮અ	ત્રિવેદી ચદુલાલ ભાનીશકર	૨૭૮
૫૯	ખ્રિસ્તી પુરુષોત્તમ રત્ના	૨૭૭
૫૯અ	દોશી ગટુલાલ મગનલાલ.	૨૭૭
૬૦	પટેલ જગનભાઇ લલ્લુભાઇ.	૨૭૬
૬૧	ભટ્ટ ચીમનલાલ હરિપ્રસાદ	૨૭૫
		૨૭૫

૬૧ધ પટેલ બેચરભાઈ મંગળભાઈ. ૨૭૫
૬૧ક્ક પટેલ મનોરભાઈ ત્રિકમભાઈ. ૨૭૫
૬૨ ભાંટ બેચરભાઇ ચુથાભાઇ. ૨૭૪
૬૨ અ પંડ્યા રણછોડભાઈ સોમેશ્વર. ૨૭૪
૬૨ધ પટેલ અંબાલાલ ધોરીભાઈ. ૨૭૪
૬૩ પટેલ ગોકળભાઈ રેવનદાસ. ૨૭૩
૬૩અ પટેલ શંકરભાઈ અજુભાઈ. ૨૭૩
૬૩ધ વાઘેરા રૂપાએલ ભગવાન. ૨૭૩
૬૩ક્ક વાળંદ પુરશોતમ ખુશાલભાઇ ૨૭૩
૬૪ ગોસાંઈ કલ્યાણપુરી મોતીપુરી. ૨૭૨
૬૫ શાહ કેશવલાલ છગનલાલ. ૨૭૧
૬૬ પટેલ મંગળભાઈ નાથુભાઈ ૨૭૦
૬૭ ખ્રિસ્તિ જોસફ જેરામ. ૨૬૯
૬૭અ પટેલ જેઠાભાઈ ઝવેરભાઈ. ૨૬૯
૬૮ પટેલ દામોદર જીવરામ. ૨૬૮
૬૮ધ પટેલ સોમાભાઈ ધરમાભાઈ. ૨૬૮
૬૯ પટેલ અંબાલાલ દ્વારકાદાસ. ૨૬૬
૬૯અ પઠાણ કાસમખાં લાલખાં. ૨૬૬
૬૯ધ ઉપાધ્યાય અંબાલાલ દામોદર. ૨૬૬
૭૦ કુંભાર રતનાભાઈ નાથાભાઈ. ૨૬૫
૭૧ પંડ્યા રમનકર રવિશકર. ૨૬૪
૭૧અ પંડ્યા રવિશંકર દલપતરામ. ૨૬૪
૭૧ધ ત્રિવેદી શકરલાલ પુરશોત્તમ. ૨૬૪
૭૨ પટેલ જગનભાઈ ખુશાલભાઇ. ૨૬૩
૭૩ પટેલ મગળભાઈ અમથાભાઈ. ૨૬૨
૭૩અ વાળંદ ડાહ્યાભાઈ લલ્લુભાઈ. ૨૬૨
૭૪ બારોટ ઉમ્મર ગુલામ. ૨૬૧
૭૪અ પટેલ જીવાભાઈ મંગળભાઈ. ૨૬૧
૭૪ધ નવાડી છોટાલાલ જેઠાલાલ. ૨૬૧
૭૫ બારૈયા કાળાજી ગલાજી. ૨૬૦
૭૫અ મલેક હુસેનમીયાં અજમતમીયાં. ૨૬૦
૭૫ધ શાહ મણિલાલ મગનલાલ. ૨૬૦
૭૬ પટેલ ધુળાભાઈ મોતીભાઈ. ૨૫૯
૭૬અ પટેલ ઈશ્વરભાઈ નારણભાઈ. ૨૫૯
૭૭ જોશી ચીમનલાલ અનોપરામ. ૨૫૭
૭૭અ પટેલ રામભાઈ શંકરભાઈ. ૨૫૭
૭૮ જાની છોટાલાલ મણિશકર. ૨૫૬
૭૮અ જોશી રાનિવાલ મોમેશ્વર. ૨૫૬
૭૮ધ મલેક હિમતમીયાં ફેજુમીયાં. ૨૫૬
૭૮ક્ક પટેલ નારણભાઈ રામદાસ. ૨૫૬
૭૮ક્ક પઠાણ અકબરખાં રહીમખાં. ૨૫૬
૭૯ ગાંધી રતિલાલ સોમાભાઈ. ૨૫૫
૭૯અ પાટણવાડીઆ ધુળા જીણા. ૨૫૫
૭૯ધ પટેલ ભાઈલાલભાઇ શંકરભાઇ. ૨૫૫
૮૦ પટેલ ચતુરભાઇ ઇશ્વરલાલ. ૨૫૪
૮૦અ શાહ મણિલાલ નગીનદાસ. ૨૫૪
૮૦ધ વાળંદ મોતીભાઇ બેચરભાઇ. ૨૫૪
૮૦ક્ક વ્યાસ છોટાલાલ મનસુખરામ. ૨૫૪
૮૧ ભટ્ટ ચુનિલાલ હીરાલાલ. ૨૫૩
૮૧અ ત્રિવેદી જગન્નાથ મંગળભાઇ. ૨૫૩

નંબર.	નામ, બાપનું નામ, અને અટક.	કુલ મળેલા ભાર્ક.
૮૨	પટેલ મંગળભાઇ લલ્લુભાઇ.	૨૫૨
૮૨અ	પટેલ મણિલાલ દેસાઇભાઇ.	૨૫૨
૮૨બ	પટેલ શિવાભાઇ રણછોડભાઇ.	૨૫૨
૮૨ક	શેખ બાપુલાલ હસનભોંઇ.	૨૫૨
૮૩	પટેલ છોટાલાલ ગોકળદાસ.	૨૫૧
૮૩અ	પટેલ ખુશાલભાઇ સોમાભાઇ.	૨૫૧
૮૪	બારૈયા ચતુરભાઇ સુખાભાઇ.	૨૫૦
૮૪અ	દવે મણિલાલ ઇશ્વરલાલ.	૨૫૦
૮૪બ	ગોસાઇ મૂળગર ગંતોકગર.	૨૫૦
૮૪ક	કુંભાર અંબાલાલ રામભાઇ.	૨૫૦
૮૫	ધારાળા રામભાઇ હાથીભાઇ.	૨૪૯
૮૬	બારૈયા સોમાજી ગોડાજી.	૨૪૮
૮૬અ	મલેક રસુલ ઉમરાવ.	૨૪૮
૮૭	પગી દાના નાના.	૨૪૭
૮૭અ	પડયા મુળજીરામ દામોદર.	૨૪૭
૮૭બ	પરમાર કેસરીસંગ હિંમતસંગ.	૨૪૭
૮૭ક	વ્યાસ ગૌરીશકર ગણપતરામ.	૨૪૭
૮૮	ભટ્ટ રસિકલાલ મોહનલાલ.	૨૪૬
૮૮અ	શાહ મોતીલાલ બાપુજી.	૨૪૬
૮૯	બારોટ આશારામ કાશીરામ.	૨૪૫
૮૯અ	મકવાણા ઐસણ ખાનભાઇ.	૨૪૫
૮૯બ	શાહ મોહનલાલ છોટાલાલ.	૨૪૫
૮૯ક	વ્યાસ વિદ્યાવિલાસ મોમેશ્વર	૨૪૫

નંબર.	નામ, બાપનું નામ, અને અટક.	કુલ મળેલા ભાર્ક.
૯૦અ	પટેલ ભિખાભાઇ લલ્લુભાઇ.	૨૪૪
૯૦બ	પટેલ લલ્લુભાઇ મથુરભાઇ.	૨૪૪
૯૦ક	શાહ મંગળદાસ નાનાલાલ.	૨૪૪
૯૧	બારોટ નાથાલાલ છગનલાલ.	૨૪૩
૯૨	શાહ નગીનદાસ ચુનીલાલ.	૨૪૧
૯૩	કોટવાળ દોલતસંગ રતનસંગ.	૨૪૦
૯૩અ	પટેલ છોટાભાઇ નાથાભાઇ.	૨૪૦
૯૩બ	પટેલ મરઘાભાઇ મયુરભાઇ.	૨૪૦
૯૪	પટેલ પુનમભાઇ શનાભાઇ.	૨૩૯
૯૫	સાધુ માણેકલાલ ચચળદાસ.	૨૩૮
૯૬	વાળંદ મોમાભાઇ વિઠ્ઠલદાસ.	૨૩૬
૯૭	ખ્રિસ્તિ વિતુસ ગોવિંદ.	૨૩૫
૯૮	ખ્રિસ્તિ રૂડોલ્ફ રાગા.	૨૩૪
૯૮અ	નેસ્તી હીનલાલ રાયચંદ.	૨૩૪
૯૮બ	પઠાણ આમજેખાં દાદૂખાં.	૨૩૪
૯૯	પટેલ ગોપાળભાઇ ત્રીકમભાઇ.	૨૩૩
૯૯અ	પટેલ મણિલાલ ઉમેદભાઇ.	૨૩૩
૯૯બ	પટેલ શંકરભાઇ ભકોરભાઇ.	૨૩૩
૯૯ક	પુરોહિત જવેરલાલ બાણરભાઇ.	૨૩૩
૯૯ડ	વાળંદ શનિલાલ નાનાલાલ.	૨૩૩
૧૦૦	ખોખર ડોસુભાઇ ભિખુભાઇ.	૨૩૨
૧૦૦અ	પટેલ હરમાનભાઇ બચરભાઇ.	૨૩૨
૧૦૧	બારોટ નાગરદાસ છોટાલાલ	૨૩૨

...૨૭	...૨૭ નથુભાઇ ઉમાશંકર.	૨૩૦
૧૦૩	પઢાણ જાફરમીયાં નાથુમીયાં.	૨૨૯
૧૦૩અ	ડાકર લિંમતલાલ નારણજી.	૨૨૯
૧૦૪	પંડયા અંબાલાલ નરસિંદરામ.	૨૨૮
૧૦૪અ	શાહ શકરચંદ નાનચંદ.	૨૨૮
૧૦૫	પટેલ સોમાભાઇ રણછોડભાઇ.	૨૨૭
૧૦૬	સાધુ શકરલાલ છગનલાલ	૨૨૫
૧૦૬અ	સેવક રણછોડલાલ કેશવલાલ.	૨૨૫
